
હરિઃ ૐ આશ્રમ પ્રેરિત-મોતીભાઈ અમીન જીવનચરિત્રમાળાઃ ૨

# પ્રેરણાનાં ઝરણાં









લેખક
મુકુલ કલાર્થી



ચરોતર એજ્યુકેશન સોસાયટી • આણંદ

હરિઃ ૐ આશ્રમ પ્રેરિત મોતીભાઈ અમીન જીવનચરિત્રમાળા–૨

# પ્રેરણાનાં ઝરણાં

(પાંચ પ્રેરક જીવનચરિત્રો)

મુકુલભાઈ કલાર્થી

ચરોતર એજ્યુકેશન સોસાયટી
આણંદ

: પ્રકાશક :
મગનભાઈ ઓઝા
મંત્રી, ચરોતર એજ્યુકેશન સોસાયટી
આણંદ

પ્રત : ૧૦૦૦

કિંમત : રૂ. ૩=૦૦

: મુદ્રક :
મનુભાઈ ગોરધનદાસ શાહ
( ભાગીદાર )
શીલા પ્રિન્ટિંગ પ્રેસ
૧૮, સિટી મિલ કમ્પાઉન્ડ
કાંકરિયા રોડ, અમદાવાદ

# પ્રકાશકનું નિવેદન

ગુજરાતના લોકશિક્ષક સ્વ. મોતીભાઈ નરસિંહભાઈ અમીનની શતાબ્દિનું આ વર્ષ. મોતીભાઈ સાહેબને પ્રિય એવો સાહિત્યવિષય જીવનચરિત્રનો. જગતભરના મહાનપુરુષોનાં જીવનચરિત્રો વંચાવવાં, લખાવવાં, પ્રકાશિત કરવાં અને વાંચવા માટે ભલામણ કરવાં એ એમનો અંતરઊર્મિનો આનંદ. એટલે એક દિવસ પૂ. મોટા અને શ્રી નંદુભાઈ સાથેની વાતચીતમાં આ વિષય મેં છેડયો અને જીવનચરિત્ર પ્રકાશન માટે કંઈક વ્યવસ્થા વિચારવા વિનંતી કરી. લોકઘડતર ને નવી પેઢીના ઘડતરમાં અદમ્ય ઉત્સાહ ને રસ ધરાવનાર પૂ. મોટાને આ વાત ગમી ગઈ અને તેમણે ચરોતર એજ્યુકેશન સોસાયટીને જીવનચરિત્રો પ્રકાશિત કરવા રૂ. ૨૫,૦૦૦ નું હરિૐ આશ્રમ પ્રેરિત મોતીભાઈ અમીન જીવનચરિત્ર ટ્રસ્ટ સોંપ્યું.

આર્થિક વ્યવસ્થા આટોપતાં લેખનની વ્યવસ્થાનો વિચાર આવ્યો નંદુભાઈએ ખાસ પરિશ્રમ લઈ મુકુલભાઈ કલાર્થી સાથે ગોઠવણ કરી. આથી મહર્ષિ કર્વે, જમશેદજી તાતા, વિઠ્ઠલભાઈ પટેલ, લાલબહાદુર શાસ્ત્રી અને શ્રી રામકૃષ્ણ પરમહંસ પર અમારી પસંદગી ઊતરી. એ પાંચેય મહાપુરુષોના પ્રસંગાત્મક ને પ્રેરણાદાયી ચરિત્રકથા સંક્ષિપ્તમાં શ્રી મુકુલભાઈએ લખી આપી એ આ માળાનું સદ્ભાગ્ય રહ્યું.

પ્રકાશન પ્રસંગે કાગળની અછત ઘણી વરતાતી હતી સોસાયટીની દાદાભાઈ નવરોજી હાઈસ્કૂલના ભૂતપૂર્વ વિદ્યાર્થી પ્રફુલ્લચંદ્ર ચંદુલાલ શાહે કાગળ મેળવી આપી મુદ્રણકાર્યની જવાબદારી ઉપાડી લઈ, અમારો ભાર હળવો કર્યો. અને આ પુસ્તક સંકલ્પ બાદ ત્રણ માસના ટૂંકા ગાળામાં અમે આપી શકયા.

ભગવદ્કૃપા હોય તો આવા સુભગ સંયોગો સર્વત્ર પ્રાપ્ત થાય. પૂ. મોટાનો આશીર્વાદ એ અમારે મન ભગવદ્કૃપાનું વર્ષણ છે. એમની પ્રેમમય શ્રદ્ધાને પણ અમે સૌ નીવડતાં રહીએ એવી પ્રાર્થના સહ પૂ. મોટાનો, ભાઈ નંદુભાઈનો, ભાઈ મુકુલભાઈનો તથા પ્રફુલ્લભાઈનો હું આભાર માનું છું.

આશા રાખું છું કે ચરિત્રમાળાનું આ બીજું પુષ્પેય ગુજરાતી વાચકોને ગમશે અને આવાં અનેક પુષ્પો આપવાની પ્રેરણા આ પુષ્પોને વસાવી, ગુજરાતની ગુણજ્ઞ પ્રજા અમને આપતી રહેશે.

ચરોતર એજ્યુકેશન સોસાયટી
આણંદ તા. ૧–૧૦–૭૪

ઈશ્વરભાઈ પટેલ
અધ્યક્ષ

## અનુક્રમણિકા


| પ્રકરણ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | મહર્ષિ કર્વે | ૧ |
| ૨ | જમશેદજી તાતા | ૨૮ |
| ૩ | વિઠ્ઠલભાઈ પટેલ | ૫૦ |
| ૪ | લાલબહાદુર શાસ્ત્રી | ૭૬ |
| ૫ | શ્રીરામકૃષ્ણ પરમહંસ | ૯૯ |

## ૧. મહર્ષિ કર્વે

'અદ્વેષ સર્વ ભૂતોનો, મિત્રતા, કરુણા, ક્ષમા,
નિર્મમ, નિરહંકાર, સુખદુઃખે સમાનતા;
યોગી સદાય સંતોષી, જિતાત્મા, દઢ નિશ્ચયી,
મન-બુદ્ધિ મને અર્પ્યાં, તે મદ્‌ભક્ત મને પ્રિય.
હર્ષ-ક્રોધ-ભય-ક્ષોભે છૂટ્યો......
ન કરે હર્ષ કે દ્વેષ, ન કરે શોક કે સ્પૃહા,
શુભાશુભ ત્યજ્યાં જેણે,
સમ જે શત્રુ ને મિત્રે, સમ માનાપમાનમાં;
ટાઢે-તાપે, સુખે-દુઃખે સમ, આસક્તિહીન જે,
સમાન સ્તુતિ-નિંદામાં, મૌની, સંતુષ્ટ જે મળે,
સ્થિર બુદ્ધિ, નિરાલંબ,.........................'

'ભગવદ્‌ગીતામાં દર્શાવેલા આ આદર્શને મેં મારા જીવન-આદર્શ તરીકે અપનાવ્યો છે. આકાશે પહોંચવાની નેમ રાખવામાં આવે, તો ઝાડ સુધી તો નિશાન તાકી શકાય, એ કહેવત પ્રમાણે મેં આવો આદર્શ રાખ્યો છે, જેથી એ દિશામાં મારા પ્રયત્નો થતા રહે.

'આના કરતાં ઊતરતા પ્રકારના આદર્શથી મારા મનને સમાધાન થાય એમ નથી. જોકે, આ ઉચ્ચ આદર્શને હજી હું પૂરેપૂરો જીવનમાં ઉતારી શક્યો નથી, એનો મને સતત વસવસો રહે છે ખરો. છતાં એ દિશામાં ગતિ કરવાનો મારો હમેશાં પ્રયત્ન રહ્યો છે અને વર્ષોથી હું એ પ્રમાણે કરતો આવ્યો છું.

'ઉપર દર્શાવેલા ધ્યેયથી હું કેટલોય દૂર ભલે હોઉં, પણ એ માટે જ સદા તાલાવેલી અનુભવ્યા કરવી અને એ દિશામાં બુદ્ધિપુરઃસર પ્રયત્ન કરતા રહેવું, એટલાથી જ મારા જીવનની સાર્થકતા થયેલી હું માનીશ. એ દિશામાં મારો ક્રમિક વિકાસ થતો રહે એટલી જ મારી ઇચ્છા છે.'

આવો ઉચ્ચ આદર્શ નજર સામે રાખીને ૧૦૪ વર્ષનું લાંબું જીવન જીવી જનાર મહર્ષિ ધોંડો કેશવ કર્વેનું પુરુષાર્થી જીવન આપણને ઘણું બધું શીખવી જાય છે. મહારાષ્ટ્રના એક નાનકડા ગામમાં અકિંચન બ્રાહ્મણ કુટુંબમાં જન્મીને સ્વપુરુષાર્થથી ધોંડોપંત કર્વે કેવી ઉન્નતિ સાધી શક્યા એ બધું જાણીને આપણને પણ જીવી જાણ્યાનો ઉત્સાહ મળ્યા વિના રહેતો નથી.

૨

## નિષ્ઠાવાન માતાપિતાને ત્યાં જન્મ

ધોંડોપંત કેશવ કર્વેનો જન્મ મહારાષ્ટ્રમાં દક્ષિણ કોંકણમાં સમુદ્ર કાંઠે આવેલા મુરુડ ગામથી પંદર માઈલ દૂર શેરવલી ગામમાં એમના મોસાળમાં થયો હતો. પરંતુ એમનો ઉછેર મુરુડમાં એમના પિતાને ઘેર થયેલો.

એમનો જન્મ ૧૮મી એપ્રિલ ૧૮૫૮ ને રોજ થયો હતો.

મહર્ષિ કર્વે પોતાના જન્મ વિશે પોતાની આત્મકથામાં લખે છે : 'સુચરિત અને ઉદ્યમશીલ માતાપિતાને ત્યાં જન્મ લેવો, એના જેવું બીજું સદ્ભાગ્ય કયું ? એ સદ્ભાગ્ય મને પૂર્વજન્મનાં પુણ્યોથી પ્રાપ્ત થયું, એ વિચાર કરતાં મારું મન ઘણી વાર આનંદથી એકદમ ભરાઈ જાય છે.'

ધોંડોપંતનાં ભાઈભાંડુઓમાં પહેલાં ત્રણ નાનપણમાં જ અવસાન પામ્યાં હતાં. એટલે એ ત્રણ પછી જન્મેલા પુત્રનું નામ ભિકુ અને ત્યાર પછીના પુત્રનું નામ ધોંડુ પાડવામાં આવ્યાં હતાં. આપણામાં પણ એકના એક પુત્રનું નામ ભીખો, કચરો, ગાંડો એવું પાડે છે, જેથી કોઈની નજર ન લાગે એમ મનાય છે. સૌથી નાની બહેનનું નામ અંબા હતું.

પિતા કેસોપંત—કેશવનો સ્વભાવ અતિશય શાંત. ગુસ્સો કેમ કરવો એ એમને આવડતું જ નહિ. તે ઘણા મહેનતુ હતા.

ઘરમાં ગરીબાઈ હતી, એનો માતાપિતાએ સમજપૂર્વક સ્વીકાર કરી લીધો હતો. એ બાબતમાં તેઓએ એનો દોષ પોતાનાં કુટુંબીજનો કે બીજા કોઈ ઉપર ન ઓઢાડતાં શાંતિથી એની સામે ઝઝૂમી લેવાનું નક્કી કર્યું હતું. પિતા બહુ કરકસરથી ઘરકારભાર કરવા લાગ્યા અને કુટુંબનું દેવું ધીમે ધીમે ભરપાઈ કરી દીધું.

માતાનો સ્વભાવ ખૂબ પ્રેમાળ અને મળતાવડો હતો. ક્યાંય પણ રહેવાનું થાય તો ત્યાંના લોકોનું મન તે જીતી લેતાં હતાં. પતિને અનુકૂળ રહી એમને તે પૂરેપૂરો સહકાર આપતાં. પોતાની ગરીબાઈ કોઈની નજરે ન ચડે એવી રીતે તે રહેતાં. ગરીબાઈમાં પણ સ્વાભિમાની હતાં. એ અંગેનો એક પ્રસંગ પૂરતો થશે.

વડોદરાના મહારાજાએ ગામેગામના પ્રત્યેક બ્રાહ્મણ કુટુંબને દશ રૂપિયા આપવાનું ઠરાવ્યું હતું. પિતા ઘેર ન હોવાથી મોટાભાઈ ભિકુએ બાને કહ્યું : 'બા, હું જઈને દશ રૂપિયા દક્ષિણામાં લઈ આવું કે ?'

એ સાંભળીને બા બોલ્યાં : 'દીકરા, દક્ષિણા માટે હાથ લાંબો કરવો પડે એવા કુળમાં તું જન્મ્યો નથી. તારા મામા દશગ્રંથી બ્રાહ્મણ છે, છતાં તેમણે

આજ લગી કોઈ પણ પ્રકારનું દાન લીધું નથી. તારા પૂર્વજો પણ એવા જ ખમીરવાળા હતા. ભલે આપણા ઘરની સ્થિતિ સાવ ગરીબ છે, છતાં તારા પિતા કુલાભિમાન ભૂલ્યા નથી. દીકરા, આપણાથી આવી દાન–દક્ષિણા ન લેવાય.'

પિતાને આ વાતની ખબર પડી, ત્યારે તે ખૂબ રાજી થયા હતા.

માતા બહુ મોટાં મનનાં હતાં. કોઈ કદી કલહ ઊભો કરે, તો તે ગમ ખાઈ જતાં અને સમો સાચવી લેતાં. એ વિશેનો એક પ્રસંગ જોઈએ.

ધોંડોપંતનાં લગ્ન વખતે કન્યાગૃહે જતી વેળાએ માતા અમુક વસ્તુ લેવાનું ભૂલી ગયાં. કન્યાનાં ઘરડાં દાદીમા એ જોઈને ગુસ્સે થઈ બોલી ઊઠ્યાં : ' આજકાલનાં બૈરાંઓનો કંઈ ઢગ છે! આવી સીધીસાદી બાબત પણ ખ્યાલમાં રહેતી નથી અને દીકરો પરણાવવા નીકળી પડયાં! ' એમ બડબડ કરતાં કેટલાંક મહેણાં મારવા લાગ્યાં.

આમ જોઈએ તો, કર્વેનાં માતા વરપક્ષનાં ગણાય. અને સામાન્ય રીતે હિંદુ સમાજમાં વરપક્ષનો હાથ ઊંચો રહે છે. એ મોંઘાં માણસોને મનાવતાં અને ખુશ રાખતાં કન્યાપક્ષનો દમ નીકળી જતો હોય છે. વળી વરપક્ષ રિસાઈ ને આડુંઅવળું ન કરી બેસે એ માટે કન્યાપક્ષને હંમેશાં ફફડાટ રહ્યા કરતો હોય છે.

કન્યાનાં દાદીએ આવાં મહેણાં માર્યાં એ બીજાં કોઈ વેવાણ હોત તો સહન જ ન કરત. ભારે ઝઘડો ઊભો થાત. પરંતુ ધોંડોપંતનાં બાએ પોતાના જ ગાલ પર મારીને કહ્યું : ' માફ કરજો! મારી ભૂલ થઈ ગઈ! '

આ સાંભળીને આજુબાજુ ઊભેલી સ્ત્રીઓ છક થઈ ગઈ! અને આખો કાર્યક્રમ નિર્વિઘ્ને પાર પડયો.

ઘણીવાર એવું બને છે કે, આવું કંઈ અપમાન જેવું થાય તો એની ચીડ વહુ પર કાઢવામાં આવે અને અવારનવાર તક મળતાં સાસુ મહેણાં મારે. પરંતુ કર્વેનાં બાએ એવું કશું કર્યું નહિ અને આ વાત કદી ઉખાળી પણ નહિ.

ધોંડોપંત કર્વેનાં માતાપિતા ભક્તિશીલ હતાં. એમના પિતાશ્રીએ ગુરૂપદેશ સ્વીકાર્યો હતો તેથી ગુરુજીએ ઉપદેશેલાં વચનો–ભજનોનું મનમાં રોજ પારાયણ કરીને જ તે સૂઈ જતા. માતા પણ રોજ વહેલી સવારે સ્નાન કરીને બે કલાક પૂજાપાઠ કરવા બેસતાં.

ધોંડોપંતના મોટાભાઈ ભિકુ સરળ અને સમજુ હતા. ઘરના કામકાજમાં મદદ કરતા અને ધોંડોપંતના શિક્ષણ માટે સારી કાળજી રાખતા. બહેન અંબાતાઈ

માતાના જેવા જ સ્વભાવનાં હતાં. કોઇ ને ત્યાં જઈ ને ગપ્પાં મારવાનું કે નિંદા કરવાનું તેમને ગમતું નહિ. આખો દિવસ કંઈ ને કંઈ કામ કરતાં જ હોય. કામ કરતાં કરતાં પોતાને જે ભજનો આવડતાં હોય એ ધીમે ધીમે ગાતાં.

## પ્રારંભિક વિદ્યાભ્યાસ

ધોંડોપંતનું પ્રાથમિક શિક્ષણ મુરુડ ગામમાં થયું હતું. પ્રારંભનું શિક્ષણ શેણવી પંતોજીની શાળામાં થયું. ત્યાં છએક મહિના ભણીને ધોંડોપંત સરકારી શાળામાં જવા લાગ્યો. એ શાળામાં વિનાયક લક્ષ્મણ નામના એક શિક્ષક હતા. એ શિક્ષકે એમના શિક્ષણમાં પ્રેમભર્યો રસ લીધો. એથી ધોંડોપંત ઉમંગથી ભણવા લાગ્યો.

મુરુડમાં અંગ્રેજી શાળા ન હતી. ત્યાંથી છ માઈલ દૂર ડાપોલી નામનું ગામ હતું. ત્યાં અંગ્રેજી શાળા હતી. ધોંડોપંત ત્યાં ભણવા જવા માગતો હતો. પરંતુ એમના મોટાભાઈ ત્યાં ભણતા હતા અને ઘરની એવી સ્થિતિ ન હતી કે પરગામમાં બે છોકરાઓને ભણવા મૂકી શકાય. એટલે ધોંડોપંતને ભણવાનું છોડી દેવું પડ્યું. થોડા વખતમાં એ અંગ્રેજી શાળા પણ બંધ થઈ ગઈ, એટલે હવે એ વિચાર હંમેશને માટે છોડવો પડ્યો.

## શાળાંત પરીક્ષાની રામાયણ !

એ જમાનામાં પ્રાથમિક શાળાંત પરીક્ષા છઠ્ઠા ધોરણ પછી લેવાતી હતી અને તે પાછી સપ્ટેમ્બર માસમાં આવતી હતી. આ પરીક્ષા મોટાં શહેરોમાં જ લેવાતી હતી. એટલે વરસાદમાં પરીક્ષાના સ્થળે જવાનું અઘરું થઈ પડતું. વળી આ પરીક્ષા આપવા માટે વિદ્યાર્થી ઓછામાં ઓછી સત્તર વર્ષની ઉંમરનો હોવો જોઈએ.

ધોંડોપંત સત્તર વર્ષનો થયો ત્યારે તેણે આ પરીક્ષા આપવાનો વિચાર કર્યો. મુરુડથી રત્નાગિરિ પિસ્તાળીસ માઈલ જેટલું દૂર હતું. વરસાદના દિવસોમાં ત્યાં ચાલતા જવું બહુ મુશ્કેલ હતું. તેથી મુરુડના વિદ્યાર્થીઓ પરીક્ષા માટે મુંબઈ જતા.

મુંબઈ જવા માટે વરસાદના દિવસોમાં હોડીમાં જવાનું થતું. આગબોટ એ દિવસોમાં બંધ થઈ જતી હતી. ધોંડોપંત અને બીજા વિદ્યાર્થીઓ હોડી દ્વારા જવા માટે ખાડી પાસે આવીને ત્યાંની એક ધર્મશાળામાં ઊતર્યા. હોડી રાતે બાર વાગે ઊપડવાની હતી.

પરંતુ એ રાતે વરસાદ જોરથી પડવા લાગ્યો અને થોભવાનાં ચિહ્ન દેખાતાં ન હતાં. હોડી એ રાતે જઈ શકી નહિ! એટલે તેઓ બધા બીજે દિવસે સવારે વરસાદમાં ભીંજાતા છ માઈલ ચાલીને પાછા ઘેર આવ્યા.

હવે શું કરવું ? મુંબઈ સુધી ચાલતા જવું એ રત્નાગિરિ જેટલું જ મુશ્કેલી-ભર્યું હતું. છેવટે સતારા જવાનો વિચાર કર્યો. જેમ તેમ સત્તાવીસ માઈલ કાપીને ચિપળૂણ પહોંચાય તો પછી સતારા જતાં મુશ્કેલી ન આવે, કારણ કે ત્યાં બધે નદીનાળાં પર પુલ બાંધેલા હતા.

સતારામાં પરીક્ષા લેવાવાને ચાર દિવસ બાકી હતા અને આ વિદ્યાર્થીઓને ચાર દિવસમાં કાદવકીચડ ખૂંદતા, વરસાદમાં પલળતા મુરુડથી ચિપળૂણ ૨૭ માઈલ, ચિપળૂણથી પાટણ ૨૭ માઈલ અને પાટણથી સતારા ૨૭ માઈલ આટલું બધું અંતર ચાલીને પસાર કરવાનું હતું.

છેવટે મહામહેનતે તેઓ સતારા પહોંચી ગયા. ત્યાં તો ધોંડોપંતનું નસીબ બે ડગલાં આગળ ને આગળ હતું !

સતારા પહોંચીને બીજે દિવસે સવારે દશ વાગે, ધોંડોપંત પરીક્ષાના સ્થળે નામ નોંધાવવા બીજા સાથીદારો સાથે ગયો. કમિટીએ બીજા સાથીદારોનાં નામ નોંધી લીધાં. કર્વેનું નામ નોંધવાની તે લોકોએ ના પાડી !

ધોંડોપંત શરીરે દૂબળા-પાતળા હતા. વળી તે ઠીંગણા હતા. એટલે આવું દુર્બળ શરીર જોઈને એ લોકોએ કહ્યું : 'તારી ઉંમર સત્તર વર્ષની લાગતી નથી. પરીક્ષા આપવા માટે તું જૂઠું બોલે છે. તારી ઉંમર બહુ બહુ તો પંદરેક વર્ષની હશે.'

ધોંડોપંત જન્મતારીખનો દાખલો સાથે લઈ ગયો હતો, એ તેણે બતાવ્યો. પણ કોઈ એ જોવા તૈયાર ન થયું ! પરીક્ષકોને પરીક્ષા શરૂ કરવાની ઉતાવળ હતી, એટલે એ લોકોને એની તરફ જોવાની પણ પડી ન હતી ! તેઓ બોલ્યા : 'તને પરીક્ષામાં બેસવા નહિ દેવામાં આવે. નકામી માથાફોડ ન કર.' એમ કહીને તેઓ પરીક્ષા-ખંડમાં ચાલ્યા ગયા

આ પ્રસંગ વર્ણવતાં કર્વે લખે છે : 'હું સાવ ડરપોક અને માયકાંગલો હતો, એટલે મને પરીક્ષામાં બેસાડવામાં ન આવ્યો. મારું આ ડરપોકપણું અને માયકાંગલાપણું મને મારી જિંદગીમાં અનેક વાર નડ્યું છે !'

નિરાશ થઈને ધોંડોપંત પાછો ઘેર આવ્યો.

બીજે વર્ષે ધોંડોપંતના પિતરાઈ ભાઈ ગંગાધરપંત શાળાંત પરીક્ષા આપવા તૈયાર થયા. તે મોટી ઉંમરના હતા અને મુરુડમાં શિક્ષક હતા. ધોંડોપંત એમની સાથે કોલ્હાપુર પરીક્ષા આપવા જવા તૈયાર થયો.

ગયા વખતનો અનુભવ યાદ કરીને આ વખતે તેઓ પરીક્ષા પહેલાં ઘણા દિવસ અગાઉ નીકળ્યા. પોતપોતાનો સરસામાન પીઠ પાછળ બાંધી દીધો. તેઓ રોજ આશરે પચીસ માઈલનો પ્રવાસ ખેડતા હતા.

આ વખતે પરીક્ષા હેમખેમ પતી ગઈ. પગે ચાલતા તેઓ પાછા મુરુડ આવ્યા.

## ધાર્મિક સંસ્કાર

ધોંડોપંતને બાળપણથી સંસ્કૃતનું શિક્ષણ ઘરઆંગણે મળ્યું હતું. એના નાના રામવિજય, હરિવિજય વગેરે ગ્રંથ રોજ રાતે વાંચતા. કુટુંબમાં એવો રિવાજ જ ચાલ્યો આવતો હતો. ધોંડોપંતનાં બા બહુ સુસંસ્કારી હતાં. ભલે તે ભણ્યાં નહોતાં. તે જમાનામાં સ્ત્રીકેળવણી જેવું હતું જ નહિ. આમ હોવા છતાં ઘરમાં જે ધાર્મિક સાહિત્ય વંચાતું એની ઊંડી છાપ બા ઉપર હતી. પોતાનાં સંતાનોમાં પણ એ સંસ્કાર ઊતરે એવી તેમની ઇચ્છા હતી. એટલે આ નિત્યપારાયણ તેમણે પોતાના ઘેર પણ ચાલુ કર્યું.

શરૂમાં ધોંડોપંતના મોટાભાઈ વાંચતા. પછી ધોંડોપંત પણ વાંચતો. દેવ-પૂજાની માફક જ આ દેવપોથીઓનું વાચન શ્રદ્ધાભક્તિથી થતું. પોથી વાંચવી એ પુણ્ય કાર્ય છે, એમ તેઓ સૌ માનતાં.

શિવલીલામૃતનું પારાયણ સૂર્યોદયથી તે સૂર્યાસ્ત સુધીના સમયમાં એકવાર કરવું અને ગુરુચરિત્રનું વાચન પણ સાત દિવસ કરવું, એ ધોંડોપંત ભક્તિભાવથી કરતો. સાંજે પણ દેવની પૂજા તથા આરતી કર્યા પછી જ બધાં જમવા બેસતાં

ધોંડોપંતના પિતાને આજીવિકા માટે કોરેગાંવ રહેવું પડતું હતું. બા જ બધો ઘરકારભાર ચલાવતાં હતાં. એટલે બાળકોમાં સંસ્કારનું અને ધર્મનું સિંચન માતાને હાથે જ થયું. સંસ્કૃતમાં એક શ્લોક છે :

'उपाध्यायान् दश आचार्यः ।
आचार्याणाम् शतं पिता ।
सहस्रं तु पितॄन् माता
गौरवेण अतिरिच्यते ॥'

—દશ ઉપાધ્યાય બરોબર એક આચાર્ય; સો આચાર્ય બરોબર એક પિતા; હજાર પિતા કરતાં પણ માતાનું ગૌરવ ચડી જાય.

એ જ રીતે ધોંડોપંતનું પણ પરમ સદ્‌ભાગ્ય હતું કે આવાં સુશીલ માને હાથે તે સંસ્કારસિંચન પામ્યો.

ઘોંડોપંતના ઘરની નજીક જ વૈશ્વદેવ, પુરુષસુક્ત વગેરે ગ્રંથો શીખવા માટે એક વૃદ્ધ વેદશાસ્ત્રીએ પોતાના ઘરમાં વ્યવસ્થા કરી હતી. આ ઉપરાંત વેદશાળા પણ હતી. વિદ્યાર્થીઓ સવારની નિશાળમાંથી છૂટીને ઘેર આવી જમી લેતા અને પછી શાસ્ત્રીજીને ત્યાં અધ્યયન કરવા જતા. ઘોંડોપંત પણ ભિકુની સાથે ત્યાં જતો.

આમ, નાનપણમાં ઘોંડોપંતને સારું ધર્મશિક્ષણ મળ્યું અને સંસ્કૃત ભાષા પણ શીખવા મળી.

## અંગ્રેજીનું શિક્ષણ

અંગ્રેજ સરકારના એ જમાનામાં અંગ્રેજીનું ઘણું મહત્ત્વ હતું. હાઈસ્કૂલ અને કૉલેજમાં અંગ્રેજી માધ્યમ દ્વારા જ શિક્ષણ અપાતું. માટે આગળ અભ્યાસ કરવા માટે અંગ્રેજી જરૂરી હતું.

ઘોંડોપંતને ગામડા ગામમાં અંગ્રેજી શીખવાનું ક્યાંથી મળે ? એ માટે તો રત્નાગિરિ કે મુંબઈ જવું પડે. ઘરની એવી સ્થિતિ નહોતી કે એટલું ખર્ચ કરીને ભણાવે. એટલે ઘોંડોપંતે એની આશા જ છોડી દીધી હતી.

પરંતુ એ માટે પણ સંજોગવશાત્ માર્ગ મોકળો થઈ ગયો. મુરુડમાં પાંડુરંગ દાજી બાળ નામના ગૃહસ્થ રહેતા હતા. એમના દીકરાને અંગ્રેજી ભણાવવા માટે એક શિક્ષકને મુંબઈથી લઈ આવવામાં આવ્યા. એ છોકરાની સાથે ગામના બીજા છોકરાઓને પણ અંગ્રેજી શીખવવાની વ્યવસ્થા એ ગૃહસ્થે કરી આપી.

સતારાથી આવ્યા પછી બે એક મહિનામાં અંગ્રેજી વર્ગની જોગવાઇ થઈ ગઈ હતી. એટલે ઘોંડોપંત અગ્રેજી ભણવા લાગ્યો. એમાં બે વર્ષ સુધી તેણે અભ્યાસ કર્યો.

આ તક જો ઘોંડોપંતને સાંપડી ન હોત, તો તે કોઈ પ્રાથમિક શાળાનો શિક્ષક બન્યો હોત અને તેનું જીવન સામાન્ય માણસની માફક ગામડામાં પૂરું થઈ ગયું હોત. પરંતુ અંગ્રેજી ભણવાની તક મળતાં એના જીવનને નવી દિશા મળી. ઘોંડોપંત પણ ગમે તેવી અગવડો વેઠીને બહારગામ ભણવા તૈયાર થયો.

પિતાશ્રીને આ વાતની જાણ થતાં એમણે એક સંબંધી પાસેથી નાણાં ઉછીનાં લઈને ઘોંડોપંતને રત્નાગિરિ મોકલીને અંગ્રેજી ભણવા માટે જોગવાઈ કરી આપી.

ઘોંડોપંતના આનંદનો પાર ન રહ્યો. તે પગપાળો ચાલીને રત્નાગિરિ ગયો અને શાળામાં દાખલ થયો. ઘોંડોપંત શાળામાં દાખલ થયો એ પછી બે જ

મહિને વાર્ષિક પરીક્ષા આવતી હતી. એમાં તે ઊંચે નંબરે પાસ થયો. તેને દર મહિને બે રૂપિયા શિષ્યવૃત્તિ પણ મળી.

રત્નાગિરિમાં તેના કોઈ સંબંધી હતા નહિ એટલે એક ઓરડી રાખી તે રહેતો હતો અને કોઈને ઘેર વીશી જેવું ચાલતું હતું, ત્યાં જમી લેતો હતો.

એવામાં ધોંડોપંતને તાવ લાગુ પડ્યો તેથી થોડા દિવસ બગડ્યા. પછી તો ચોથિયા તાવ જેવું લાગુ પડ્યું. ત્રણ દિવસ સારા જાય અને ચોથે દિવસે તાવ આવે. એટલે એને ભણવાનું છોડીને મુરુડ આવવું પડ્યું.

ધોંડોપંતે હવે આગળ અંગ્રેજી ભણવાની આશા છોડી દીધી. તેણે મુરુડમાં જ શિક્ષકની નોકરી મેળવી. માસિક પાંચ રૂપિયા મળતા હતા. થોડા વખત પછી મુરુડમાં જ અંગ્રેજીનો અભ્યાસ આગળ વધારવાની તક ઊભી થઈ. ધોંડોપંત મંડલિક નામના એક ભાઈ બી. એ. નાપાસ હતા. એમની તબિયત બગડી ગઈ હતી. એટલે તે ત્યાં આવીને રહ્યા હતા. એમની પાસે તે ભણવા લાગ્યો.

આ પછી થોડા સમયે મુંબઈથી આવેલા કેટલાક મિત્રોએ ધોંડોપંતને પોતાની સાથે મુંબઈ લઈ જવાની તૈયારી બતાવી. એટલે તે ત્યાં જવા તૈયાર થયો. આમ તો તેણે મુરુડમાં રહ્યે રહ્યે અંગ્રેજીનાં મળી શકે એટલાં પુસ્તકો મેળવીને વાંચી લીધાં હતાં. એટલે મુંબઈમાં અંગ્રેજી શાળામાં દાખલ થવામાં મુશ્કેલી આવે એવું ન હતું.

## ભણવા માટે મુંબઈ ગયા

મુરુડ ગામમાં ઘેર અંગ્રેજીનો અભ્યાસ કરીને ચોથી શ્રેણી પૂરી કરી. મુંબઈની રોબર્ટ મની સ્કૂલમાં ધોંડોપંતનો એક સહાધ્યાયી ભણતો હતો. ધોંડોપંત પણ મુંબઈ જઈ એ સ્કૂલમાં પાંચમા ધોરણમાં દાખલ થયો.

મુરુડના ઘણા રહેવાસીઓ મુંબઈમાં હતા. મુરુડના વિદ્યાર્થીઓએ મળીને એક ઓરડી રાખી હતી. મુરુડના નાગોપંત દાતાર વીશી ચલાવતા હતા, એમાં તે જમવા માટે જતા.

થોડા દિવસ પછી ધોંડોપંત મુરુડના એક ઓળખીતા પરશુરામ દામલેને ત્યાં રહેવા ગયો. દામલે, એમનાં પત્ની અને બે ભાઈઓ તથા ધોંડોપંત એટલાં પાંચ જણ નાનકડી બે ઓરડીમાં રહેતાં હતાં. એક ઓરડી ભોજનગૃહ તરીકે વપરાતી. રાતે બહારના વરંડામાં ધોંડોપંત વગેરે સૂઈ જતા.

રોબર્ટ મની સ્કૂલમાં થોડા વખત પછી ધોંડોપંતને શિષ્યવૃત્તિ મળવા લાગી. પરંતુ એ માટે તેણે ભારે પરિશ્રમ ઉઠાવ્યો. એના અક્ષર બહુ ખરાબ હતા.

એને સુધારવા માટે ધોંડોપંતે ખૂબ જ પ્રયત્નો કર્યા. તે વખતે કૉપીબુકમાં સારા અક્ષરે જે કોઈ લખે એને વધારે ગુણ આપવામાં આવતા. ધોંડોપંતે અક્ષર સુધારવામાં મહેનત લઈને ઘણી પ્રગતિ કરી હતી. એક વાર તેણે ખૂબ મહેનત કરીને ધીરજથી સારા અક્ષરે કૉપી લખીને શાળાએ લઈ આવી શિક્ષકને બતાવી. શિક્ષકે એમને સારા ગુણ આપ્યા.

આ જોઈને વર્ગના કેટલાક પ્રતિસ્પર્ધી વિદ્યાર્થીઓને એની અદેખાઈ આવી. એ વર્ગમાં પરશુરામ દામલેનો ભાઈ પણ ભણતો હતો. એના અક્ષર ઘણા સારા હતા. એ વિદ્યાર્થીઓએ એની કૉપી બુક અને ધોંડોપંતની કૉપીબુક શિક્ષક જેકસન સાહેબને બતાવીને કહ્યું : 'સાહેબ, ધોંડુએ આ કૉપી લખી નથી. તેણે દામલે પાસે લખાવી છે. જુઓ, આ બે કૉપીબુક. એ પરથી આપને માલૂમ પડશે.'

જેકસન સાહેબ બહુ કડક હતા. તેમણે ધોંડોપંતને ઊભો કર્યો તેમને પણ શંકા ગઈ હતી. તે જમાનામાં વર્ગમાં સૌએ અંગ્રેજીમાં બોલવાનું હતું. શિક્ષકે દામલેને પણ ઊભો કરીને પૂછ્યું : 'તેં ધોંડુને કૉપી લખી આપી છે ?' તેણે સાફ ના પાડી દીધી.

છતાં શિક્ષકને એની વાત સાચી લાગી નહિ. ધોંડોપંતનો સ્વભાવ ડરપોક પહેલાંથી હતો જ, એટલે તે ખૂબ ગભરાઈ ગયો હતો. તેને શિક્ષકે પૂછ્યું, પણ તે એક શબ્દ પણ બોલી શકયો નહિ !

જેકસન સાહેબે હાથમાં સોટી લીધી અને ગુસ્સામાં ધોંડોપંતને પોતાની પાસે બોલાવી હાથ ધરવા કહ્યું.

ધોંડોપંતની તે વખતે એકવીસ વર્ષની ઉંમર હતી. પોતે નિર્દોષ હતો, છતાં આમ સજા ભોગવવાનો વારો આવ્યો એ જોઈને એનું દિલ રડી ઊઠયું. તેણે વ્યગ્ર બની જઈ પોતાના નસીબને દોષ દેતો હોય એમ પોતાનો હાથ કપાળે લગાડયો અને પછી સોટી ખાવા એ જ હાથ આગળ ધર્યો.

જેકસન સાહેબને એના આવા હાવભાવ જોઈને મનમાં થયું કે, આ છોકરો કદાચ નિર્દોષ હશે. એટલે તેમણે ધીરા પડી જઈને કહ્યું : 'તું ફરીથી કૉપી લખીને મને બતાવશે કે ?'

ધોંડોપંતે જવાબમાં કહ્યું : 'હા જી.' એમ કહીને તે લખવા બેઠો. પરંતુ ગભરાટમાં ને ગભરાટમાં તે બહુ સારા અક્ષરે લખી શકયો નહિ શિક્ષકને અમુક અક્ષરોના મરોડ મળતા આવેલા જોઈને ખાતરી થઈ કે, ધોંડુએ જ કૉપી લખી છે.

ધોંડોપંત સંકટમાંથી ઊગરી ગયો.

## ભણતાં ભણતાં સ્વાવલંબન

ધોંડોપંતના ઘરની સ્થિતિ સારી નહોતી. એમાં વળી એક મોટી કૌટુંબિક આફત આવી પડી. મુંબઈ આવવાને હજી સાત આઠ મહિના જ થયા, ત્યાં તો એના પિતા કેસોપંત ટૂંકી માંદગી ભોગવીને નાગપંચમીને દિવસે અવસાન પામ્યા.

વરસાદના દિવસ હોવાથી જો મુરુડ જવું હોય તો ચાલતાં જવું પડે. એટલે પિતાશ્રીની બીમારીના સમાચાર ધોંડોપંતને આપ્યા નહોતા. એમના દુઃખદ અવસાનના સમાચાર એકાએક મળતાં ધોંડોપંતને ખૂબ દુઃખ થયું. અંતકાળે પિતાજીનું મોં જોવાનું ન મળ્યું, તેથી એને ખૂબ મનદુઃખ થયું.

પિતાશ્રીના અવસાનથી ઘરનો વ્યવહાર ચલાવવાનો પ્રશ્ન આવીને ઊભો. રજામાં ધોંડોપંત ઘેર ગયો. ધોંડોપંત, ભિકુ મોટાભાઈ અને બા ત્રણે જણ એ વિશે વિચારવા બેઠાં. છેવટે નક્કી થયું કે, મોટાભાઈએ બાણકોટમાંથી બદલી કરીને મુરુડની શાળામાં શિક્ષક તરીકે આવી જવું અને ઘરનો વ્યવહાર સંભાળવો; ધોંડોપંતે ભણવાનું ચાલુ રાખવું.

મુરુડના સદ્‌ગૃહસ્થ મંડલીકજીને કર્વે કુટુંબની આર્થિક સ્થિતિનો ખ્યાલ હતો. એટલે તેમણે કહ્યું : 'મુંબઈમાં મારા કેટલાક ઓળખીતાઓ સ્થિતિસંપન્ન છે. એ લોકોને હું લખીશ, એટલે ધોંડુને તેઓ પૈસાની મદદ કરશે. તેથી તે મુશ્કેલી વગર નિરાંતે ભણી શકશે.'

આ સૂચના અંગે વિચારવા ધોંડોપંત, મોટાભાઈ અને બા પાછાં બેઠાં. બાએ કહ્યું : 'આપણાથી આવું ન થાય. તમારા બાપુનું પણ દિલ દુભાશે!'

એટલે મોટા ભાઈએ અને બાએ નક્કી કર્યું કે, દર મહિને હવે માત્ર ચાર રૂપિયા ધોંડુને મોકલવા અને જરૂર પડે તો મામા પાસેથી ઉધાર લેવા.

આવી પરિસ્થિતિ હોવાથી ધોંડોપંતને થયું, ભણતાં ભણતાં મારે મારો થોડો ઘણો ખર્ચ કાઢી લેવો રહ્યો જ્યારે ધોંડોપંત અંગ્રેજી પાંચમી ચોપડીમાં હતો, ત્યારે તેના વર્ગના એક છોકરાએ કહ્યું : 'મારા નાના ભાઈને શીખવશે કે?' ધોંડોપંતે હા પાડી અને કશું નક્કી કર્યા વગર તે ભણાવવા જવા લાગ્યો.

એક મહિનો થયો એટલે ધોંડોપંતને એક રૂપિયો આપવામાં આવ્યો. એથી તે જરા નિરાશ થઈ ગયો. એને એમ કે મહિનાના બે રૂપિયા તો ઓછામાં ઓછા મળશે જ. આમ છતાં મુંબઈ આવ્યા પછી પોતે મહેનત કરીને મેળવેલો એ પહેલો રૂપિયો હતો, એટલે તેને બહુ આનંદ થયો.

પછી તો પરશુરામપંત દામલે શિક્ષક હોવાથી એમના દ્વારા ઘોંડોપંતને બેત્રણ રૂપિયા મળે એટલાં ટ્યૂશન મળી રહેતાં. એમાંનું એક નાનકડું ટ્યૂશન મૅટ્રિકમાં ઘોંડોપંત આવ્યો ત્યાં સુધી ચાલુ રહ્યું હતું.

આમ તે મુંબઈનું થોડું ઘણું ખર્ચ કાઢી લેતા.

## પરોપકારનો પહેલો પાઠ

શિષ્યવૃત્તિની અને ટ્યૂશનની જે રકમ ઘોંડોપંતને મળતી, એમાંથી રૂપિયે એક પૈસો તે ધર્માદા માટે કાઢવા લાગ્યો. એ સિવાય પણ ખાસ કારણને લીધે અચાનક કંઈ મળતું એ પણ એમાં જમા કરતો.

આવી કલ્પના ઘોંડોપંતને શા કારણે આવી એ તેને પણ સમજાયું નહોતું, પણ પહેલી શિષ્યવૃત્તિ તેને મળી ત્યારથી તેણે એ નિયમ અમલમાં મૂક્યો હતો.

આ રીતે ત્રણ રૂપિયા ભેગા થયા ત્યાં સુધી તેણે એમાંથી એક પાઈ સુધ્ધાં ઉપાડી નહોતી.

ત્રણ રૂપિયા એકઠા થયા એટલે એક સારી તક સાંપડી. જે વીશીમાં ઘોંડોપંત જમતો હતો તે નાગોપંત દાતાર ક્ષયરોગમાં પટકાઈ પડ્યા. એ છેવટે વીશી બંધ કરીને બધું સમેટી લઈને મુરુડ ચાલ્યો ગયો. એ માંડ એક મહિનો કાઢશે એમ સૌને લાગતું હતું.

નાગોપંતે ઘોંડોપંત પાસેથી પાંચ રૂપિયા ઉધાર લીધા હતા, પણ હવે તે આપી શકે તેમ લાગતું ન હતું.

રજામાં ઘોંડોપંત મુરુડ ગયો. એક દિવસ તે નાગોપંતની તબિયત જોવા એને ઘેર ગયો.

ઘોંડાપંતને ઘેર આવેલો જોઈને નાગોપંતને લાગ્યું કે, તે જરૂર તેના ઉછીના પાંચ રૂપિયા માગવા આવ્યો હશે! ઘરમાં તેનાં બા અને પત્ની ઉદાસીન બની બેઠાં હતાં નાગોપંતે અકળાઈને મૂંઝાઈને કહ્યું: 'ઘોંડુ, તું પૈસા માગવા આવ્યો છે કે?'

ઘોંડોપંતને એવો વિચાર સુધ્ધાં આવ્યો ન હતો. તેણે એને આશ્વાસન આપતાં કહ્યું: 'અરે ભાઈ, એ પૈસા મને મળી ગયા છે એમ માનજો. તમને આ આપત્તિ–કાળમાં થોડીઘણી મદદ થાય એ માટે તમને આ ત્રણ રૂપિયા આપવા આવ્યો છું.' એમ કહીને તેણે નાગોપંતના હાથમાં ત્રણ રૂપિયા મૂક્યા.

આ જોઈને નાગોપંતની આંખમાં આનંદનાં અને આભારનાં આંસું ઊભરાઈ આવ્યાં.

## ઉત્સાહના ઝરણા સમો મિત્ર મળ્યો

ધોંડોપંત મૅટ્રિકના વર્ગમાં આવ્યો, ત્યારે તેના વર્ગમાં આવેલા નરહરપંત જોશી નામના એક વિદ્યાર્થી સાથે એને મિત્રતા થઈ.

નરહરપંત હોશિયાર વિદ્યાર્થી હતો. તે હિંમતવાન પણ ખૂબ હતો. કેવાય વિકટ સંજોગમાં તે સાનુકૂળ રસ્તો કાઢ્યા વિના રહેતો નહિ. ધોંડોપંત કર્વે પોતે ડરપોક સ્વભાવનો નાનપણથી હતો. નરહરપંતની આવી નીડરતા અને હિંમત જોઈને એને ખૂબ નવાઈ લાગતી.

નરહરપંતના ઘરની સ્થિતિ ધોંડોપંત કરતાં પણ ગરીબ હતી. તે હિંમત કરીને એકલો મુંબઈ ભણવા આવ્યો હતો. ગરીબી હોવાને કારણે ઘરનો એક પૈસો સુધ્ધાં લીધા વિના તે અંગ્રેજી ભણવા મુંબઈ આવ્યો હતો. તેના ગામના એક ઓળખીતા ભાઈ મુંબઈની હાઈકોર્ટમાં સારી નોકરીએ હતા. તેમની પત્ની બીમાર રહેતી હોવાથી, તેમણે નરહરપંતને રસોઈમાં મદદ કરવા તથા શાકભાજી વગેરે લાવવા–મૂકવાનું કામ કરવા પોતાને ઘેર રાખ્યો. પછી એ ભાઈની પત્ની સુવાવડ માટે ગામ ગઈ, ત્યારે નરહરપંત પેલા ભાઈની રસોઈ વગેરે પણ કરતો અને એમની સાથે જમતો–રહેતો.

તે બહુ મક્કમ નિર્ણય કરનારો હતો. તેણે એવો નિશ્ચય કર્યો હતો કે, મૅટ્રિકની પરીક્ષામાં પાસ થયા વિના ગામમાં પગ નહિ મૂકું; અને એ નિર્ણયને તે બરાબર વળગી રહ્યો હતો.

મૅટ્રિકના વર્ગમાં ધોંડોપંતને જોઈને એને થયું કે, એની દોસ્તી કરવા જેવી છે વળી ધોંડોપંતને પણ લાગ્યું કે, વર્ગમાં એ સારો છોકરો છે એટલે બન્ને વચ્ચે દોસ્તી થઈ અને બંને સાથે અભ્યાસ કરવા લાગ્યા.

તે જમાનામાં મૅટ્રિકની પરીક્ષા બહુ અઘરી ગણાતી અને આ બંનેને શાંતિથી અભ્યાસ કરવાની કશી સગવડ ન હતી. નરહરપંતે એનો પણ ઉપાય શોધી કાઢ્યો.

રોબર્ટ મની સ્કૂલમાં રેવરન્ડ જોની અલ્લી કેટલાક વર્ગોમાં બાઈબલ શીખવતા હતા. તે પહેલાં મુસ્લિમ હતા, પણ પાછળથી તે ખ્રિસ્તી થયા હતા. તે ખ્રિસ્તી છોકરાઓ માટે હૉસ્ટેલ પણ ચલાવતા હતા. નરહરપંતે હિંમત કરીને રેવરન્ડ સાહેબને પોતાની મુશ્કેલી કહી અને અભ્યાસ માટે હૉસ્ટેલમાં થોડા મહિના સગવડ કરી આપવા વિનંતી કરી.

રેવરન્ડ સાહેબ ઉદાર હતા. તેમણે એને માટે મોટો ઓરડો કાઢી આપ્યો. એમાં ખાટલો, ખુરશી-ટેબલ, બત્તી વગેરેની સગવડ પણ કરી આપી. આ જગ્યાએ નરહરપંતે ધોંડોપંતને પણ અભ્યાસ કરવા બોલાવ્યો અને એને માટે પણ ટેબલ, ખુરશી, ખાટલો વગેરેની વ્યવસ્થા કરાવી આપી.

બંને જણ જમીને રાતે ત્યાં જતા. મોડે સુધી સાથે વાંચતા. સવારે પણ વહેલા ઊઠીને એક બે કલાક અભ્યાસ કરીને પોતાના નિવાસસ્થાને જતા.

મૅટ્રિકમાં તેઓ બંને સારા નંબરે પાસ થયા. નરહરપંત બધા વિદ્યાર્થીઓમાં ત્રીજો આવ્યો અને ધોંડોપંત સોળમો આવ્યો.

## કૉલેજ-જીવન

મૅટ્રિક પાસ થયા પછી ધોંડોપંત અને મનહરપંત વિલ્સન કૉલેજમાં દાખલ થયા ત્યાં એક વર્ષ કરીને તેઓ એલ્ફિન્સ્ટન કૉલેજમાં દાખલ થયા.

નરહરપંત આ વખતે પોતાની પત્નીને પણ મુંબઈ લઈ આવ્યા. વળી એમના નાના ભાઈ વામનરાવને પણ લઈ આવ્યા હતા. એને આગળ ભણાવવાની તેમની ઇચ્છા હતી. ધોંડોપંત પણ હવે એમની સાથે રહેવા આવી ગયા. એક નાનકડી ઓરડી લઈને તેઓ બધાં રહેતાં હતાં.

નરહરપંતને શિષ્યવૃત્તિના પૈસા મળતા હતા. વળી તે એક બે ટ્યૂશન પણ કરવા લાગ્યા. ધોંડોપંતને આઠ રૂપિયા દર મહિને શિષ્યવૃત્તિના મળતા હતા. તે પણ ટ્યૂશન જેવું કરતા. એટલે બંનેને પૈસાની થોડી ઘણી સગવડ થઈ ગઈ હતી.

હાઈસ્કૂલના અભ્યાસ દરમિયાન થોડું થોડું કરતાં ધોંડોપંતને મામા પાસેથી બસો રૂપિયા લેવા પડ્યા હતા. કર્વેએ એ દેવું વાળી દેવાનો નિશ્ચય કર્યો. દર મહિને થોડું થોડું બચાવીને તેમણે મામાનું દેવું ભરપાઈ કરી આપ્યું.

નરહરપંત અને કર્વે ખૂબ કરકસરથી રહેતા હતા. નકામો ખર્ચ એક પણ કરતા નહિ. જે કંઈ ખર્ચ થાય એનો બરોબર હિસાબ રાખતા.

કૉલેજમાં જવા-આવવા માટે પણ તેઓ એકાદ સ્ટેશનનો ઓછો રેલવે પાસ કાઢતા અને એટલું ચાલીને થોડું ઘણું બચાવતા.

છેલ્લા વર્ષમાં નરહરપંત વધારે સારી રીતે અભ્યાસ થઈ શકે એટલા માટે હૉસ્ટેલમાં રહેવા ગયા. તેમણે પોતાની પત્નીને ગામ મોકલી દીધી.

એટલે કર્વેએ પોતાની પત્ની રાધાબાઈને મુંબઈ તેડાવી લીધી. એની સાથે અઢી વર્ષનો પુત્ર રઘુનાથ પણ હતો.

કર્વે ગણિત વિષય લઈને બી. એ.માં સારા નંબરે પાસ થયા. ગણિત વિષયમાં તે પહેલા આવ્યા હતા.

## જીવન-નિર્વાહની મથામણમાં

ઈ. સ. ૧૮૮૪માં બી. એ. થયા પછી કર્વેની આગળ ઉદર-નિર્વાહનો સવાલ આવીને ઊભો રહ્યો. તેમને સરકારી ખાતામાં કારકુન વગેરેની નોકરી પસંદ નહોતી. તેમને તો શિક્ષક થવું હતું.

તે વખતે એલ્ફિંસ્ટન હાઈસ્કૂલમાં બે જગ્યા ખાલી હતી. નરહરપંત અને કર્વેએ એ જગ્યા માટે અરજી કરી. હાઈસ્કૂલના આચાર્ય વામન આબાજી મોડક હતા. નરહરપંતના જવાબો અને તરવરાટ જોઈને એમની નિમણૂક થઈ ગઈ.

આચાર્ય મોડક કર્વેને ઓળખતા હતા. કર્વે સ્વભાવે ખૂબ રાંક અને ડરપોક છે એવી છાપ આચાર્ય ઉપર પડી હતી. કર્વે પણ એમની પાસે જતાં ડરતા હતા. એક દિવસ હિંમત ભેગી કરીને કર્વે એમની પાસે ગયા અને ડરતાં ડરતાં તેમણે આચાર્ય આગળ પોતાને શિક્ષક તરીકે રાખવાની વિનંતી કરી.

આચાર્યે કહ્યું : 'તું બહુ નાનો દેખાય છે, એટલે તને વર્ગને સંભાળતાં આવડશે નહિ. તેથી તને શિક્ષક તરીકે રાખી શકાય એમ નથી.'

સત્તાવીસ વર્ષના કર્વેને આ સાંભળીને બહુ ખોટું લાગ્યું. પરંતુ તેમણે પ્રયત્ન છોડયો નહિ. એલ્ફિંસ્ટન કૉલેજના ગણિતના પ્રોફેસર ભલા અંગ્રેજ હતા. તે પોતાના વિદ્યાર્થીઓ માટે ભલામણ કરવામાં ઉદાર હતા. કર્વે તેમની પાસે ગયા અને બધી વાત કહી. એમની ભલામણથી આખરે કર્વેને શિક્ષકની એ જગ્યા મળી.

વળી સૈન્યના ઑફિસરોને અમુક અમુક વખતે પરીક્ષા આપવાની આવતી. એ માટે શિક્ષકની જરૂર પડતી. આ અંગ્રેજ પ્રોફેસરની ભલામણથી કર્વેને એવાં ટ્યૂશન પણ મળવા લાગ્યાં.

એલ્ફિંસ્ટન હાઈસ્કૂલમાં મળેલી નોકરી એક વર્ષ પૂરતી જ બદલીની હતી. કર્વેનું કામકાજ જોઈને આચાર્ય મોડકે એમના વિશેનો અભિપ્રાય બદલ્યો હતો. તેમણે કર્વેને કહ્યું : 'આમ એક બે બદલી પછી તમને કાયમી જગ્યા અપાવીશ.' પરંતુ સરકારી તંત્રમાં કાયમ થવાની તેમની ઇચ્છા ન હતી, એટલે તેમણે એ નોકરી છોડી દીધી.

પછી બે ત્રણ હાઈસ્કૂલમાં થોડા થોડા કલાકની શિક્ષકની નોકરી તેમણે લીધી. મુરુડના ઘરનું પણ આર્થિક પાસું બરોબર ગોઠવવાની તેમની ઇચ્છા હતી. એટલે બીજાં થોડાં ટ્યૂશન પણ તેમણે કરવા માંડયાં. સવારે છ વાગ્યાથી તે સાંજે મોડે સુધી તેમને કામ કરવું પડતું. તેમને વહેલી સવારે સાડાચાર વાગે ઊઠવું પડતું હતું.

એ અરસામાં રાજારામ રામકૃષ્ણ ભાગવત શાસ્ત્રીજીએ ખાનગી હાઈસ્કૂલ શરૂ કરી. એમાં ઘણાખરા શિક્ષકો ઓછા પગારે સેવાભાવી નોકરી કરતા હતા. કર્વેએ પણ જૂજ પગાર લઈને પાર્ટ-ટાઈમ કામ કરવા માંડ્યું હતું.

## નવા પ્રકારનું સંયુક્ત કુટુંબ

ભાઈ-ભાઈ પોતાનાં બૈરીછોકરાં સાથે સંયુક્ત કુટુંબમાં એકસાથે રહેતા હોય એવાં ઉદાહરણો જોઈએ તેટલાં મળી રહે, પરંતુ સગાંસંબંધી ન હોય એવા ગૃહસ્થો, એક કુટુંબ બનાવીને રહે, એવા દાખલા બહુ ઓછા જોવા મળે છે. કુટુંબનાં માણસોમાં એકબીજા સાથે જરા મન ઊંચા થઈ જાય, તો એ સહી લેવાની તૈયારી સહજ રીતે બધાંમાં હોય છે. પરંતુ બીજાં માણસો સાથે એ રીતે ચલાવી લેવાની મનની તૈયારી હોતી નથી.

વાસ્તવિક રીતે જોતાં જેમની સાથે કુટુંબનો નાતો નથી હોતો એવાં માણસો સાથે રહે તો એ બહુ ફાયદાકારક અને સગવડભર્યું થઈ પડે છે. એકબીજાની થોડીક આડાઈ સહન કરી લેવામાં આવે, તો એકબીજાની પરસ્પરની કેટલીયે અગવડ દૂર થઈ શકે છે. ખર્ચની વહેંચણી પરસ્પર વિચારીને પોતાપોતાના હિસ્સા પ્રમાણે કરી શકાય. ઘણાં માણસો સાથે રહે એટલે થોડુંઘણું ઘર્ષણ થયા વિના રહે તો નહિ જ. કોઈ કોઈ વાર વાસણ પણ ખખડે. પરંતુ એને બહુ મહત્ત્વ આપવા જેવું નથી. આવા સંબંધોથી એક પ્રકારનું શિક્ષણ જ મળતું હોય છે.

બી. એ. થયા પછી નરહરપંત અને કર્વે એ બંનેને સાચા અર્થમાં ગૃહસ્થાશ્રમ માંડવાનો થયો. નરહરપંતના ફળદ્રુપ ભેજામાં એક નવો વિચાર સ્ફુર્યો. તેમણે કર્વેને કહ્યું : 'અભ્યાસકાળ દરમિયાન આપણે એક જ ઘરમાં રહ્યા છીએ. મારાં પત્ની પણ એ રીતે ટેવાયેલાં છે. તમારાં પત્ની છેલ્લા વર્ષમાં એ રીતે આવીને આપણી સાથે રહ્યાં છે. તો હવે પણ આપણે બધાં સંયુક્ત કુટુંબની માફક રહીએ તો ?'

કર્વેને આ વિચાર ગમી ગયો. નરહરપંત અભ્યાસકાળ દરમિયાન રજાઓમાં કર્વેને ઘેર મુરુડમાં આવીને એક મહિનો રહ્યા હતા અને કુટુંબનાં સૌ માણસોની સાથે કુટુંબીજનની માફક ભળી ગયા હતા. કર્વે પણ નરહરપંતના ઘેર દેવરુખ ગયા હતા અને બધાંની સાથે હળીમળી ગયા હતા. મુંબઈમાં પણ એક ઘરમાં તેઓ રહ્યા હતા. અવશ્ય બંનેનાં પત્ની સાથે રહ્યાં નહોતાં. એટલે આ નવા પ્રયોગમાં તેઓ પણ સહયોગ આપે એ ઇષ્ટ છે, એમ વિચાર કરીને કર્વેએ તરત જ તૈયારી બતાવી. અને તેઓ સંયુક્ત કુટુંબ બનાવી રહેવા પણ લાગ્યાં.

આમ એક ઘરમાં બારથી પંદર જેટલાં માણસો રહેવા લાગ્યાં. જે કંઈ ખર્ચ આવે તે વહેંચી દેવામાં આવતું. આ રીતે રહેવાથી બધાંને લાભ જ થયો.

એ લોકોએ પરસ્પર કામની પણ વહેંચણી કરી નાખી હતી. નરહરપંત અથવા એમના ભાઈ બજાર વગેરેનું સંભાળતા. કર્વે હિસાબ રાખતા. બહેનો રાંધવા કરવાનું ચલાવતાં. ભાઈઓ તો ઘણો બધો વખત બહાર જ રહે. સ્ત્રીઓને આખો વખત ઘરમાં રહેવાનું થાય. એટલે આવા કુટુંબની સફળતાનો આધાર તેઓ પર અવલંબે છે.

આ કુટુંબમાં કેટલાક વિદ્યાર્થીઓને પણ રાખવામાં આવ્યા હતા. કર્વેનાં જ આઠનવ માણસો હતાં. કર્વેના મામાનો દીકરો રઘુનાથ પણ ત્યાં રહીને ભણવા જતો હતો. જે મોટપણે આખા દેશમાં મહાન ગણિતશાસ્ત્રી તરીકે પ્રસિદ્ધ થયા. ડૉ. આર. પી. પરાંજપેનું નામ મોટા રેંગલર તરીકે મુંબઈમાં અને મહારાષ્ટ્રમાં ખૂબ જાણીતું છે. તેમણે સંસ્મરણો લખેલાં છે. એમાં કર્વે વિશે તે લખે છે :

'ઘણા મહાપુરુષો દૂરથી જ મહાન લાગે છે. પણ એમની સાથે નિકટના પરિચયમાં આવનારને એ મહાન લાગતા નથી. મહર્ષિ કર્વે વિશે હું આવું વિધાન કરી શકું નહિ. જેમ નિકટતા વધે તેમ જેમને માટે માન અને પ્રેમ વધે એ વિરલ પ્રકારના પુરુષોમાં એમની ગણના થાય.

'અમારા શિક્ષકોમાંથી ભાગ્યે જ કોઈ ઠઠ્ઠામશ્કરીમાંથી બચ્યો હશે. અમે અંદરોઅંદર એ બધાની મશ્કરી કરતા. પણ અણ્ણા ( મહર્ષિ કર્વે ) વિશે હળવી રીતે કે તોફાની રીતે કોઈ અછડતો ઉલ્લેખ કરવો એને અમે પાપ સમજતા હતા. એમને ખોટું લાગે અથવા દુઃખ થાય એવું કંઈ કરવાનો વિચાર સરખો પણ અમે કરતા નહિ.

'યુવાનોમાં પ્રેમ અને માન ઉત્પન્ન કરવાની જે શક્તિ અણ્ણામાં છે તેમને મહાન બનાવનારાં લક્ષણોમાં ખૂબ મહત્ત્વની છે. અણ્ણાની સાથે અમે રહેતા હતા, એ વખતે પણ અમને લાગતું હતું કે, મહાન બનવાનાં લક્ષણો તેમનામાં છે. પછી આગળ જતાં એમની સુકીર્તિ દેશભરમાં ફેલાઈ, ત્યારે અમે — તેમના શિષ્યો ગૌરવ અનુભવતા હતા અને આનંદ પામતા હતા. પણ અમને એ વાતની નવાઇ લાગતી ન હતી, કારણ કે અમે જાણતા જ હતા કે, અણ્ણા મહાન થવા જ સર્જાયેલા છે.'

આ સંયુક્ત કુટુંબ સારી રીતે ચાલતું હતું. ઘણાં માણસો ભેગાં થાય, એટલે કોઈ વાર વાસણ ખખડે પણ ખરાં. પરંતુ એથી કશો વિખવાદ ઊભો થતો

નહિ. પછી તો નરહરપંત બીજે નોકરીએ ગયા અને કર્વેને પૂના જવું પડ્યું. એટલે સાત વર્ષ પછી સંયુક્ત કુટુંબની સમાપ્તિ થઈ.

કર્વે આ સંયુક્ત કુટુંબની સફળતાનો યશ સ્ત્રીવર્ગને આપતાં કહે છે:

'પુરુષો પોતપોતાના કામકાજ અંગે ઘણું કરીને બહાર રહેતા હોવાથી અને તેઓનાં કામ પણ જુદાં જુદાં હોવાથી તેઓ એકબીજાના ખૂબ નિકટના સંબંધમાં આવતા નહોતા. જે થોડો ઘણો સંબંધ થતો એમાં ઘર્ષણ ઉત્પન્ન થાય એવું નહોતું. પરંતુ એક મોટા સંયુક્ત કુટુંબમાં રહેનારી સ્ત્રીઓનો સંબંધ પદે પદે થતો હતો. તેઓનાં બધાં કામ એક જ ઠેકાણે કરવાનાં હતાં. એમાંય મુંબઈ જેવા શહેરમાં સાંકડી જગ્યામાં તો એ વધારે મુશ્કેલીભર્યાં બને. આવી સ્થિતિમાં સાત વર્ષ અમે લહેરમાં પસાર કર્યાં. એનો બધો યશ અમારા સ્ત્રીવર્ગને ફાળે જાય છે. એ લોકોએ જો પરસ્પરની કચાશ ચલાવી લીધી ન હોત, મોટું મન કર્યું ન હોત, તો આ સંયુકત કુટુંબનો પ્રયોગ કદી સફળ થયો ન હોત.'

## ગોપાળકૃષ્ણ ગોખલે સાથે

કર્વેનાં ધર્મપત્ની રાધાબાઈ મુંબઈમાં બીમાર પડ્યાં, એટલે તેમને હવાફેર માટે મુરુડ મોકલવામાં આવ્યાં. પરંતુ વરસાદના દિવસોમાં નાગપંચમીને દિવસે જ એમનું પણ અવસાન થયું! બાર વર્ષ પહેલાં આ જ દિવસે કર્વેના પિતાશ્રીનું અવસાન થયું હતું. તે વખતની માફક જ કર્વેને રાધાબાઈના અવસાનના સમાચાર મુંબઈમાં મળ્યા.

રાધાબાઈના અવસાનથી કર્વેને આઘાત લાગ્યો. કર્વે પંદર વર્ષના હતા ત્યારે છ વર્ષની રાધાબાઈ સાથે એમનાં લગ્ન થયાં હતાં. રાધાબાઈનો સ્વભાવ પ્રેમાળ, મળતાવડો અને મહેનતુ હતો. એટલે કર્વેનું આજ સુધીનું જીવન કલહકંકાસ વિના સુખેથી પસાર થયું હતું. રાધાબાઈ જતાં એમને એકલા પડી ગયા જેવું લાગ્યું.

રાધાબાઈના અવસાન પછી થોડા સમય સુધી તો કર્વેએ પોતાની બધી પ્રવૃત્તિ પહેલાંની જેમ જ ચલાવી. એવામાં એક દિવસ એમના ઉપર ગોપાળકૃષ્ણ ગોખલેજીનો પત્ર આવ્યો!

પત્ર મળતાં જૂની સ્મૃતિ તાજી થઈ. એલ્ફિંસ્ટન કૉલેજમાં કર્વે ભણતા હતા, ત્યારે ગોખલેજી એમના સહાધ્યાયી હતા. એ બંનેનો ગણિત જ ઐચ્છિક વિષય હતો. કૉલેજમાંથી નીકળ્યા પછી તેઓ બંને ભાગ્યે જ મળ્યા હશે. ત્યાં તો આટલે વર્ષે ગોખલેજીનો પત્ર આવ્યો.

વાત એમ હતી કે, લોકમાન્ય ટિળક, આગરકર વગેરેએ ‘ ડેક્કન એજ્યુકેશન સોસાયટી ’ સ્થાપી હતી. એ સોસાયટીએ ‘ ફર્ગ્યુસન કૉલેજ ’ શરૂ કરી હતી. એમાં ગોખલેજી ગણિતના પ્રાધ્યાપક હતા. ઈ. સ. ૧૮૯૧માં લોકમાન્ય ટિળક મહારાજ આ સંસ્થામાંથી છૂટા થયા. એટલે ગોખલેજીને ગણિત ઉપરાંત અંગ્રેજી પણ લેવું પડ્યું. તેથી ગણિતના પ્રાધ્યાપકની જરૂર ઊભી થઈ. ગોખલેને કર્વે યાદ આવ્યા અને એમને પત્ર લખ્યો.

પત્ર વાંચી કર્વેને થયું કે, ‘ હું તો બી. એ. જ થયો છું, પછી બી. એ.ના વિદ્યાર્થીઓને ગણિત શી રીતે શીખવી શકીશ ? ’ પરંતુ એમના એક જૂના શિક્ષક રાજારામ શાસ્ત્રીજીએ એમને સલાહ આપી કે, ગોખલેનું નિમંત્રણ સ્વીકારી લેવું.

એટલે કર્વે મુંબઈ છોડીને ફર્ગ્યુસન કૉલેજમાં પ્રાધ્યાપક તરીકે જોડાયા. ત્યાં ૧૯૧૪ સુધી રહ્યા.

## વિધવા-વિવાહના હિમાયતી

તે જમાનામાં દેશમાં ઘણે સ્થળે વિધવા–પુનર્લગ્નનું આંદોલન ચાલી રહ્યું હતું. કર્વે પણ એ રંગે રંગાયા. વિધવાઓની સમાજમાં કેવી કરુણ અને દુઃખદ સ્થિતિ હતી એ કર્વે જોતા આવ્યા હતા. એમના દિલ પર આ આંદોલને એવી ઊંડી અસર કરી કે, પોતે પણ વિધવા સાથે લગ્ન કરવું એવા વિચાર પર તે આવ્યા.

અને એ માટે પણ ભૂમિકા તૈયાર થઈ ગઈ. દેવરુખ ગામના બાલકૃષ્ણ કેશવ જોશીને ગોદુબાઈ નામની કન્યા હતી. એનાં લગ્ન આઠ વર્ષની વયે થયાં હતાં. પરંતુ થોડા વખતમાં જ એના પતિનું અવસાન થયું અને બિચારી ગોદુબાઈ બાળ–વિધવા બની ! એમના સંબંધમાં કર્વે આવ્યા. કર્વેના મિત્ર નરહરપંતની જ એ બહેન થતી હતી. સંયુક્ત કુટુંબ જ્યારે ચાલતું હતું ત્યારે ગોદુબાઈ થોડો વખત ત્યાં આવીને રહી હતી. એટલે કર્વેના પરિચયમાં તે આવી હતી.

જ્યારે કર્વે પૂનામા હતા, ત્યારે પંડિતા રમાબાઈ નામનાં વિદુષીએ પોતાની ‘ શારદાસદન ’ સંસ્થા મુંબઈથી પૂના ખસેડી હતી. એ સંસ્થામાં ગોદુબાઈ પણ હતી. ગોદુબાઈના પિતા આ અરસામાં પૂનામાં આવીને રહ્યા. કર્વે સાથે એમને પરિચય પહેલાંથી હતો જ.

એક દિવસ વાત પરથી વાત નીકળતાં કર્વેએ એમને કહ્યું : ‘ મેં તો એવો નિશ્ચય કરેલો છે કે, હું જો ફરીથી લગ્ન કરું તો તે વિધવા સાથે જ કરું.’

એ સાંભળીને ગોદુબાઈના પિતાએ ગોદુબાઈને ખ્યાલમાં રાખીને કહ્યું : ‘ એમ જ હોય, તો તમારે વધૂની શોધમાં ક્યાંય જવું પડે એમ નથી. તમે તૈયારી બતાવો તો એ તૈયાર જ છે.’

આ વચનો સાંભળી કર્વે સ્તબ્ધ થઈ ગયા ! એમણે પૂછ્યું : 'બાબા, તમે સાચે જ ગંભીરતાપૂર્વક વાત કરો છો ?'

પિતા કહે : 'મેં જીવનમાં કયારેય બિનજવાબદાર વાત કરી નથી.'

કર્વેએ કહ્યું : 'તમારી એવી ઇચ્છા હોય તો તમે ગોદુબાઈને પૂછી જોજો.'

અને છેવટે ઈ. સ. ૧૮૯૩ના માર્ચની ૧૧ મી તારીખે કર્વે અને ગોદુબાઈનાં લગ્ન થઈ ગયાં. લગ્ન પછી ગોદુબાઈને આનંદીબાઈ એવું નામ આપવામાં આવ્યું. આ લગ્નથી સમાજમાં ભારે ઊહાપોહ થયો. પણ બંનેએ ધીરજથી એ બધું સહન કરી લીધું.

## સ્ત્રી-કેળવણીના પ્રખર પુરસ્કર્તા

કર્વેએ સમાજસુધારાની દિશામાં એક વિધવા સાથે પુનર્લગ્ન કરીને પગરણ માંડયાં. પછી તેમણે 'વિધવા પુનર્લગ્ન ઉત્તેજક મંડળ'ની સ્થાપના કરી. પરંતુ આગળ જતાં કર્વેને આ નામ વધારે ઉગ્ર લાગ્યું. એટલે તેમણે નામ ફેરવીને 'વિધવા-વિવાહ-પ્રતિબંધ નિવારક મંડળ' એવું નામ રાખ્યું.

પછી જેમ જેમ અનુભવ થતો ગયો, તેમ તેમ કર્વેને લાગવા માંડયું કે, ઘણી બધી વિધવાઓ પુનર્લગ્ન કરવા ઇચ્છતી નથી હોતી. પણ જો તેમને કેળવણી મળે, તો તેઓ સ્વતંત્ર રીતે પોતાના પગ પર ઊભી રહેતી થઈ જાય. આ વિચારમાંથી કર્વેએ ઈ. સ. ૧૮૯૯માં પૂનામાં અનાથ બાલિકાશ્રમની સ્થાપના કરી. પણ થોડા વખત પછી પૂનામાં મરકી ફાટી નીકળતાં એ આશ્રમને પૂના નજીક હીંગણે નામના ગામમાં ખસેડવામાં આવ્યો. પછી ત્યાં હીંગણેની પ્રસિદ્ધ વસાહત ઊભી થઈ.

કામ જેમ જેમ વિકસતું ગયું, તેમ તેમ કર્વેને સહાયક બહેનો પણ મળતાં ગયાં. એમાંનાં પાર્વતીબાઈ આઠવળે ભણેલાં ન હતાં, છતાં તેમણે સારો વિકાસ કર્યો. પછીથી તો તે અમેરિકા અને ઇંગ્લેંડ પણ ગયાં હતાં. બીજાં કૃષ્ણાબાઈ મુંબઈ યુનિવર્સિટીનાં એમ એ. હતાં.

પછી તો કર્વેને લાગ્યું કે, વિધવાના પ્રશ્નના ઉકેલ માટે કેળવણી અને પુનર્લગ્ન એ બંને ભલે જરૂરી સુધારાઓ છે, પણ એમાં વધુ જરૂરી કેળવણી જ છે. એટલે તેઓ પુનર્લગ્નના વિચારને બહુ મહત્ત્વ આપવા લાગ્યા નહિ અને તેમનો બધો ઝોક કેળવણી ઉપર રહ્યો.

શરૂઆતનાં આ વર્ષોમાં દેશભરમાંથી અનેક આગેવાનો હીંગણે સંસ્થા જોવા આવવા લાગ્યા. એ રીતે આફ્રિકાથી દેશમાં આવી દેશભરમાં પરિભ્રમણ કરવા નીકળેલા મહાત્મા ગાંધીજી પણ આ સંસ્થાની મુલાકાતે આવ્યા હતા.

આ સંસ્થાએ સ્ત્રી–કેળવણીનું આશીર્વાદરૂપ પુણ્ય કાર્ય કર્યું છે. આ આશ્રમમાંથી સેંકડો બહેનો તાલીમ પામીને નીકળી છે અને સામાજિક, શૈક્ષણિક, રાજકીય અને બીજાં ક્ષેત્રોમાં ખૂબ ઉપયોગી સેવા બજાવી છે.

## એક ડગલું આગળ

આશ્રમ ધીમે ધીમે વિકસતો જતો હતો, પરંતુ કર્વેને એક પ્રશ્ન મૂંઝવતો હતો. અનાથ બાલિકાશ્રમની સ્થાપના ખાસ કરીને વિધવા બહેનોને કેવળણી આપવા માટે થઈ હતી. પણ એમાં કોઈ કોઈ વાર અપવાદ કરીને કન્યાઓને પણ દાખલ કરવામાં આવતી હતી. એટલાથી બધી સ્ત્રીઓનો પ્રશ્ન ઊકલતો નહોતો. માટે આવો કશો ભેદભાવ ઊભો કર્યા વિના બધી જ બહેનો માટે કેળવણીનાં દ્વાર ખુલ્લાં થાય એવી પ્રવૃત્તિ પણ કરવી જોઈએ.

આ વિચારના ફણગા રૂપે ૧૯૦૭માં માર્ચની ચોથી તારીખે છ પરિણીત સ્ત્રીઓને દાખલ કરીને કર્વેએ 'મહિલા વિદ્યાલય' નામની સંસ્થા શરૂ કરી.

ઈ. સ. ૧૯૧૪માં કર્વે ડેક્કન એજ્યુકેશન સોસાયટીમાંથી મુક્ત થયા. કુટુંબની એમને ચિંતા ન હતી. એમનો મોટો પુત્ર રઘુનાથ મૅટ્રિકની પરીક્ષામાં પહેલે નંબરે પાસ થયો હતો. અને એ પછી કૉલેજમાં પણ તેની કારકિર્દી તેજસ્વી હતી. આનંદીબાઈનો પુત્ર શંકર પણ અભ્યાસમાં એવો જ સારો હતો. તેણે દાક્તરી વિદ્યાનો અભ્યાસ શરૂ કર્યો હતો. પછીનો દિનકર કૉલેજમાં હતો અને સૌથી નાનો શાળામાં ભણતો હતો. આમ હોવાથી કર્વેએ વાનપ્રસ્થ ધર્મ સ્વીકારીને બને એટલી સમાજોપયોગી સેવા કરવાનો નિર્ણય કર્યો.

## એક પુસ્તિકાએ નવી દિશા બતાવી.

ઈ. સ. ૧૯૧૫ના ઑગસ્ટમાં એક દિવસ કર્વેને ટપાલમાં એક પુસ્તિકા મળી. કોઈ અજાણ્યા અનામી ગૃહસ્થે એ મોકલી હતી.

એ પુસ્તિકામાં જાપાનની મહિલા વિદ્યાપીઠ વિશે માહિતી હતી.

મહિલાઓ માટે સ્વતંત્ર વિદ્યાપીઠ હોવી જોઈએ એ ખ્યાલ કર્વે માટે નવો ન હતો. સ્ત્રીઓ માટે વિશિષ્ટ સ્વરૂપની કેળવણી હોવી જોઈએ. એવી એમની

માન્યતા હતી. માતૃભાષા દ્વારા કેળવણી આપતી મહારાષ્ટ્ર મહિલા વિદ્યાપીઠની સ્થાપના થવી જોઈએ, એમ કર્વે માનતા હતા. આ વિચાર એમના મનમાં દશેક વર્ષથી ઘોળાતો હતો. પરંતુ એ વિચારને વ્યવહારમાં ઉતારવાની એમની હિંમત ન હતી. એટલે આ પુસ્તિકા હાથમાં આવતાં ઉપર ઉપરથી પાનાં ફેરવી ટેબલના ખાનામાં મૂકી દીધી. પછી તેઓ એ પુસ્તિકાની વાત જ વીસરી ગયા.

હવે એવું બન્યું કે, એ જ વર્ષે રાષ્ટ્રીય કૉંગ્રેસનું અધિવેશન મુંબઈમાં ભરાવાનું હતું. એની સાથોસાથ સામાજિક પરિષદ પણ યોજવામાં આવી હતી. પરિષદના મુખ્યમંત્રી વિદ્વદ્વર્ય શ્રી નારાયણ ગણેશ ચંદરવાકરજી હતા. તેમણે આ પરિષદનું પ્રમુખસ્થાન સ્વીકારવા કર્વેને આગ્રહભરી વિનંતી કરી. કર્વે પોતાને આવા મોટા સ્થાન માટે યોગ્ય માનતા નહોતા. એટલે તેમણે નમ્રતાપૂર્વક ના પાડી દીધી. પરંતુ ચંદરવાકરજી કર્વેની સામાજિક સેવાથી સુપરિચિત હતા. એટલે તેમણે પોતાનો આગ્રહ જારી રાખ્યો. છેવટે કર્વેને સ્વીકાર્યા વિના છૂટકો ન રહ્યો.

પછી એ પરિષદ માટેનું વ્યાખ્યાન તૈયાર કરવાનો વિચાર કરતાં કર્વેને પેલી પુસ્તિકા યાદ આવી. એ પુસ્તિકા તેઓ ધ્યાનપૂર્વક વાંચી ગયા. એ પરથી પ્રેરણા મેળવીને અને પોતાના મનમાં ઘણા વખતથી ઘોળાતા વિચારોને વણી લઈને કર્વેએ મહારાષ્ટ્ર મહિલા વિદ્યાપીઠનું સ્વરૂપ ઘડી કાઢ્યું.

૩૦ મી ડિસેમ્બર ૧૯૧૫ ને રોજ સામાજિક પરિષદનું અધિવેશન મળ્યું. કર્વેએ પ્રમુખ તરીકેના પોતાના પ્રવચનમાં સ્ત્રી–કેળવણી વિશે કહેતાં બે સિદ્ધાંતોનું પ્રતિપાદન કર્યું. એક તો શિક્ષણનું માધ્યમ માતૃભાષા જ હોવી જોઈએ; બીજું એ કે સમાજજીવનમાં સ્ત્રીનાં કર્તવ્યો પુરુષનાં કર્તવ્યોથી ભિન્ન છે એ વાત નજર સમક્ષ રાખવી જોઈએ એનો અર્થ એવો નથી થતો કે પુરુષો જે ક્ષેત્રમાં પ્રવૃત્તિ કરે છે એમાં કોઈ પણ સ્ત્રીએ પ્રવેશ ન કરવો. જેમને એવા કામમાં અભિરુચિ હોય એ જરૂર એવા કામમાં પડે. પરંતુ સામાન્ય રીતે સ્ત્રીઓની કેળવણી વિશિષ્ટ અને ભિન્ન હોવી જોઈએ.

જાપાનની મહિલા વિદ્યાપીઠમાં ગૃહજીવન ઉપર જે ભાર મૂકવામાં આવ્યો હતો, એ કર્વેને ખૂબ ગમી ગયો હતો. સ્ત્રીઓ પણ રાષ્ટ્રના ઘડતરની પ્રવૃત્તિમાં મહત્ત્વનો ભાગ ભજવી શકે એ વાતનો જાપાનની મહિલા વિદ્યાપીઠે સ્વીકાર કર્યો હતો. સ્ત્રીના સ્વતંત્ર વ્યક્તિત્વનો વિકાસ થાય, એ સુશીલ પત્ની અને આદર્શ માતા બને, રાષ્ટ્ર–ઘડતરમાં એ પોતાનો ફાળો આપે એ ત્રણ પાયાના સિદ્ધાંતોનો એમાં સ્વીકાર થતો હતો.

વળી કર્વેને એક બીજી વાત એ ગમી ગઈ કે, જાપાનમાં મહિલા વિદ્યાપીઠ સરકારને આધીન નહોતી.

આ વિચારોને પણ કર્વેએ આપણા દેશના વાતાવરણને સાનુકૂળ થાય એ રીતે વણી લીધા હતા.

કર્વેના આ શકવર્તી પ્રવચને લોકોને ઠીક ઠીક વિચારતા કરી મૂકયા. એમનું પ્રવચન ઠેર ઠેર પહોંચી ગયું. ઇંગ્લેંડમાં સ્ત્રી–પ્રવૃત્તિ કરતાં એક બહેને આ પ્રવચનની દોઢસો નકલ પ્રચારાર્થે મગાવી.

મુંબઈથી પાછા ફર્યા પછી કર્વેએ ફર્ગ્યુસન કૉલેજમાં પોતાના કેટલાક વિદ્વાન મિત્રોની સભા બોલાવી. એમાં તેમના આ વિચારોની ઠીક ઠીક છણાવટ થઈ. એક મિત્રે તો સભા પૂરી થઈ કે તરત જ ત્રણસો રૂપિયા ફાળામાં નોંધાવી દીધા.

પછી કર્વે પોતાના વિચારો બરોબર છે કે નહિ એની ખાતરી કરવા દેશના આગેવાન વિચારકો, કેળવણીકારો અને મહાનુભાવોને મળવા લાગ્યા. મહાન વિદૂષી એની બેસેન્ટે એમને આ કામની સફળતા ઇચ્છી અને દોઢસો રૂપિયા દાનમાં આપ્યા. શાંતિનિકેતનના પ્રાણસમા ગુરુદેવ રવીન્દ્રનાથ ઠાકુરે કર્વેની પીઠ થાબડી. વિદેશી વિદ્વાનો અને શિક્ષણશાસ્ત્રીઓએ પણ એમને ટેકો આપ્યો.

આ અરસામાં મહાત્મા ગાંધીજી પૂના ગયા હતા અને કર્વે એમને મળ્યા હતા. કર્વે મુંબઈમાં ગાંધીજીને મળ્યાં, ત્યારે તેમણે કર્વેના આ વિચારને સંમતિ આપી હતી. ગાંધીજી માતૃભાષાના હિમાયતી હતા એટલે માતૃભાષા દ્વારા ઉચ્ચ કક્ષા સુધી કેળવણી આપવાની કર્વેની વિચારણા એમને ખૂબ ગમી ગઈ હતી.

પરંતુ એ જમાનામાં અંગ્રેજીનું ખૂબ મહત્ત્વ હતું, એને લક્ષમાં રાખીને કર્વેએ અંગ્રેજીને ફરજિયાત વિષય તરીકે રાખ્યો હતો. જ્યારે ગાંધીજી માનતા હતા કે, કેળવણીમાં અંગ્રેજી મરજિયાત વિષય જ હોઈ શકે. કર્વે એ વિચાર સાથે સંમત નહોતા. એટલે તેમણે ગાંધીજીને કહ્યું : ‘અંગ્રેજી મરજિયાત વિષય હોવો જોઈએ, એવો જો આપનો આગ્રહ રહેશે, તો આપની સહાનુભૂતિ વિના અમારી પ્રવૃત્તિ આગળ ચલાવવાનું અમારું દુર્ભાગ્ય લેખાશે!’

આ સાંભળીને ગાંધીજી થોડીવાર મૌન રહ્યા. પછી તેમણે કહ્યું : ‘કર્વે, તમે આવ્યા છો એટલે હું તમારી વાત મંજૂર રાખું છું; પણ મારો અભિપ્રાય તો દૃઢ છે.’

ગાંધીજીએ દર વર્ષે દસ રૂપિયા આપવાની તૈયારી બતાવી અને આ યોજનાને નૈતિક ટેકો આપ્યો.

## મહિલા વિદ્યાપીઠનું મંગલાચરણ

કર્વે દેશનાં મહત્ત્વનાં સ્થળોએ આ કામ અંગે ફરી આવ્યા. એટલા વખતમાં બારસો સભ્યો નોંધાઈ ગયા હતા. એમાંથી નિયામક સભાની ચૂંટણી થઈ. ડૉ. ભાંડારકર કુલપતિ તરીકે ચૂંટાયા અને ડૉ. પરાંજપે કુલનાયક બન્યા. ૧૯૧૬ની જૂનની ત્રીજી અને ચોથી તારીખે મહિલા વિદ્યાપીઠની નિયામક સભાની પહેલી બેઠક મળી. આ રીતે આપણા દેશમાં પહેલવહેલી મહિલા વિદ્યાપીઠની સ્થાપના થઈ.

મહિલા વિદ્યાપીઠનાં પ્રથમ ચાર વર્ષ પૂરાં થયાં, ત્યારે એની પાસે રૂ. ૨,૧૬,૦૪૧ નું ભંડોળ હતું. કર્વેના એ અથાક પરિશ્રમનું ફળ હતું. સામાન્યમાં સામાન્ય લોકો પાસેથી એકઠાં થયેલાં એ નાણાં હતાં.

શરૂઆતમાં તો કૉલેજમાં વિદ્યાર્થિનીઓની સંખ્યા ઘણી જ ઓછી હતી. સને ૧૯૧૯માં તેમાંથી એક સ્નાતિકા ઉત્તીર્ણ થઈ. ૧૯૨૦માં ત્રણ થઈ.

વિદ્યાપીઠની પદવીઓને સરકારની માન્યતા ન હતી, તેથી આમ થતું હતું. તેને માન્યતા મળે એવી કર્વેની લેશમાત્ર પણ ઇચ્છા નહોતી. એમને તો મહિલા વિદ્યાપીઠને સરકારી તંત્રના બંધનમાંથી મુક્ત રાખવી હતી. सा विद्या या विमुक्तये । એ મંત્રને વ્યવહારમાં ઉતારવો હતો.

મુશ્કેલીઓથી ભરપૂર આ પરિસ્થિતિમાં પણ કર્વે નિરાશ ન થયા. પરંતુ કલ્યાણકારી કામ કદી નિષ્ફળ જતું નથી, એ સત્યવચન પ્રમાણે વિદ્યાપીઠને અણધારી સહાય મળતી જ રહી.

૧૯૧૭ના માર્ચની ત્રીસમી તારીખે ડૉ. વિઠ્ઠલ રાઘોબા લેન્કે નામના સદ્‌ગૃહસ્થ આફ્રિકામાં અવસાન પામ્યા. તેમણે પોતાના વસિયતનામામાં ચાળીસ હજાર રૂપિયા મહિલા વિદ્યાપીઠને આપ્યા.

ઇંગ્લૅંડના જાણીતા પ્રગતિવાદી કાર્યકર અને ભારતના સન્મિત્ર સર વિલિયમ વેડરબર્નના અવસાન પ્રસંગે મહિલા વિદ્યાપીઠને એકસો પાઉંડ અને વિધવા આશ્રમને દોઢસો પાઉંડ મળ્યા.

ધીમે ધીમે મહિલા વિદ્યાપીઠની સુવાસ બધે ફેલાતી ગઈ અને એનું મહત્ત્વ જનસમાજને સમજાતું ગયું.

કર્વે સાઠ વર્ષના થઈ ગયા. મુંબઈ અને મહારાષ્ટ્રની સ્ત્રીઓ તરફથી એમને સાઠમી જન્મતિથિને અવસરે ૨,૫૦૦ રૂપિયાની થેલી અર્પણ કરવામાં આવી.

એવામાં બહુ મોટી સખાવત કરનાર શ્રીમંત આગળ આવ્યા. આવી શુભ પ્રવૃત્તિને પ્રભુના પણ આશીર્વાદ હોય, એમ જાણે પ્રભુએ કુબેર ભંડારીને જ મોકલી આપ્યા. સર વિઠ્ઠલદાસ દામોદર ઠાકરશી નામના મોટા શ્રીમંત સજ્જને મહિલા વિદ્યાપીઠને પંદર લાખ રૂપિયાની અતિઉદાર સખાવત કરી

એમની શરત અનુસાર સર વિઠ્ઠલદાસનાં માતુશ્રી નાથીબાઈ દામોદર ઠાકરશીને નામે મહિલા વિદ્યાપીઠનું નામ 'શ્રીમતી નાથીબાઈ દામોદર ઠાકરશી મહિલા વિદ્યાપીઠ' રાખવામાં આવ્યું. મહારાષ્ટ્ર અને ગુજરાતનાં બહેનો એનો પૂરેપૂરો લાભ લઈ શકે એ દૃષ્ટિએ મહિલા વિદ્યાપીઠનું મુખ્ય મથક પૂનાને બદલે મુંબઈ રાખવામાં આવ્યું.

મહિલા વિદ્યાપીઠ માટે કર્વેને એવી આત્મીયતા થઈ ગઈ હતી કે, તેમણે એનો ઉલ્લેખ કરતાં પોતાની આત્મકથામાં લખ્યું છે :

'જો પુનર્જન્મના ખ્યાલમાં કાંઈ પણ સત્ય હોય અને જો મૃત્યુ સમયે માણસના હૃદયમાં જે ભાવના ભરી હોય તેની અસર એ પુનર્જન્મના સ્વરૂપ ઉપર પડતી હોય, તો આ વિશ્વના નિયંતાને હું પ્રાર્થના કરું છું કે, આ જીવન દરમિયાન મેં જે લક્ષ્ય નજર સમક્ષ રાખીને સેવા કરી છે, એવી સેવા આ પછીના બધા જન્મમાં હું કરતો રહું અને મારી નિષ્ઠા જન્મે જન્મે વધતી રહે.'

## સેવાની ભાવભરી કદર

કર્વે હવે સિત્તેર વર્ષના થયા હતા. તેમણે એ સમય સુધીમાં દેશમાં બધે પરિભ્રમણ કર્યું હતું, પરંતુ તેઓ વિદેશમાં ગયા નહોતા. આટલી ઉંમરે હજી તેમનામાં યુવાનના જેવો સેવા કરવાનો ઉત્સાહ દેખાતો હતો. મહિલા વિદ્યાપીઠના દાન માટે તેઓ ઇંગ્લેંડ–યુરોપનો પ્રવાસ ખેડવા તૈયાર થયા. બધે એમને ભાવભર્યો આવકાર મળ્યો. ત્યાંથી તેઓ અમેરિકા પણ ગયા. ન્યૂયોર્કમાં વસતા હિંદીઓએ એમના સ્વાગતમાં બે હજાર ડૉલરની થેલી અર્પણ કરી.

પછી કર્વે જાપાન પણ ગયા. એમને પોતાને પ્રેરણા આપનારી જાપાનની મહિલા વિદ્યાપીઠનાં આંખ ભરીને દર્શન કરવાં હતાં. એ ઇચ્છા પણ અહીં આવતાં પૂર્ણ થઈ.

તેર મહિનાના પ્રવાસ પછી ૧૯૩૦માં મહર્ષિ કર્વે ભારતમાં પાછા ફર્યા. પ્રવાસ દરમિયાન રૂપિયા સત્તાવીસ હજારનો ફાળો થયો હતો. પ્રવાસનો કુલ ખર્ચ બાર હજાર આવ્યો હતો.

યુરોપ-અમેરિકાનો થાક જાણે એમને લાગ્યો જ નહિ હોય એમ તેમણે આફ્રિકા જવાનું વિચાર્યું. અને ૧૯૩૦ના ડિસેંબરની ૩૧મી તારીખે મહર્ષિજી આફ્રિકા જવા રવાના થયા. આ પ્રવાસ પંદર મહિનાનો હતો. તેમાં મહર્ષિ કર્વેને ચોત્રીસ હજાર રૂપિયા ફાળામાં મળ્યા. પ્રવાસખર્ચ માત્ર બે હજાર રૂપિયા જ થયો.

કર્વેનો કુટુંબ-પરિવાર પણ સુખી અને સારી સ્થિતિમાં હતો. એટલે આટલે વર્ષે પણ તેમને આ બાબતનો સંતોષ હતો. સૌથી મોટા પુત્ર રઘુનાથ ગણિતના પ્રાધ્યાપક હતા. બીજા પુત્ર શંકર પૂર્વ આફ્રિકામાં દાક્તર હતા. તેમનાં પત્ની ત્યાં એક કન્યાશાળાનાં માનદ આચાર્યા હતાં. ત્રીજા પુત્ર દિનકર જર્મનીની લિપ્ઝિક યુનિવર્સિટીના પી એચ. ડી. હતા અને ડેક્કન એજ્યુકેશન સોસાયટીમાં જોડાયા હતા. એમનાં પત્ની ઇરાવતી મહિલા વિદ્યાપીઠનાં મહામાત્ર હતાં. ચોથા પુત્ર ભાસ્કર હીંગણેની સંસ્થાના આજીવન સેવક તરીકે જોડાયા હતા. તેમનાં પત્ની કાવેરી ત્યાંની શાળામાં શિક્ષિકા તરીકે કામ કરતાં હતાં. મહર્ષિ કર્વેનાં ધર્મપત્ની આનંદીબાઈ અનાથ બાળકોની સારસંભાળ રાખતાં હતાં.

૧૯૪૨માં બનારસ હિંદુ યુનિવર્સિટીએ મહર્ષિ કર્વેને 'ડૉકટર ઑફ લેટર્સ'ની માનદ પદવી આપી.

૧૯૪૮માં મહર્ષિજીને ૯૦ વર્ષ પૂરાં થયાં. એ પ્રસંગે રાષ્ટ્રવ્યાપી ઉત્સવ થયો. મુંબઈમાં ઉજવાયેલા એ ઉત્સવના પ્રમુખસ્થાને રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદજી હતા. આ શુભ અવસરે મહર્ષિજીને એક લાખ રૂપિયાની થેલી અર્પણ કરવામાં આવી.

થોડા સમયથી મહર્ષિ કર્વેનાં ધર્મપત્ની આનંદીબાઈની તબિયત બગડતી જતી હતી બે વર્ષથી તેઓ અસ્વસ્થ હતાં. તેઓ હીંગણેમાં જ રહેતાં હતાં. છેવટે ૨૯ મી નવેમ્બર ૧૯૪૮ને રોજ તેમનું અવસાન થયું.

૧૯૫૧માં મહર્ષિજીને પૂના યુનિવર્સિટીએ ડી. લીટ. ની પદવી આપી. ૧૯૫૫માં મહિલા વિદ્યાપીઠે પણ એવી પદવી આપી. એ જ વર્ષે ભારત સરકારે એમને પદ્મવિભૂષણની પદવી આપી.

૧૯૫૭માં મુંબઈ યુનિવર્સિટીની શતાબ્દી ઊજવાઈ. તે સુઅવસરે દાદાભાઈ નવરોજી, સર સી. વી. રામન વગેરે મહાનુભાવોની માફક મહર્ષિ કર્વેને પણ 'ડૉકટર ઑફ લૉઝ'ની માનદ પદવી આપવામાં આવી. આ પદવી લેવા આટલી મોટી ઉંમરે પણ તેઓ જાતે જ ગયા હતા. એ પ્રસંગે મહર્ષિ કર્વેએ પોતાના પ્રવચનમાં કહ્યું હતું :

'૧૮૮૪માં મેં આ યુનિવર્સિટીની પદવી મેળવી, ત્યારે મેં એવી કોઈ કલ્પના કરી ન હતી કે દાદાભાઈ નવરોજી કે સી. વી. રામન જેવાઓની સાથે મારું નામ પણ મુકાય એવું માન મને આ યુનિવર્સિટી આપશે. વિધાતાએ મને દીર્ઘ આયુષ્ય આપ્યું છે અને ભારતની સ્ત્રીઓ માટે મેં જે કામ કર્યું છે, તેનો સમૃદ્ધ બદલો મને આપ્યો છે. સમાજે મારા તરફ જે પ્રેમ અને સહાનુભૂતિ દાખવ્યાં છે, તેના એક દૃષ્ટાંતરૂપ આજનો પ્રસંગ છે.'

સને ૧૯૫૮ના પ્રજાસત્તાક દિનની સન્માન નામાવલિમાં સૌથી પહેલું નામ મહર્ષિ કર્વેનું હતું. આપણા દેશનું સૌથી મોટું સન્માન તેઓશ્રીને આપવામાં આવ્યું. મહર્ષિજી 'ભારતરત્ન'થી વિભૂષિત થયા. વળી એમની શતાબ્દી નિમિત્તે બહાર પડેલી ટપાલટિકિટ જોવાનું સદ્‌ભાગ્ય પણ તેઓને જ આપણા દેશમાં પ્રથમ પ્રાપ્ત થયું છે.

ત્યાર પછી ચાર વર્ષ વહી ગયાં. મહર્ષિ કર્વે ૧૦૪ વર્ષનું અતિસમૃદ્ધ, શ્રેયસ્કર અને સમાજોપયોગી જીવન જીવીને નવમી નવેમ્બર ૧૯૬૨ના રોજ સ્વર્ગવાસી થયા. મૃત્યુ પણ કેવું શાંતિમય! વહેલી સવારે સાડાપાંચ વાગે ચા પીને આરામ કરવા સૂતા હતા. એ પછી એક કલાકમાં પોતાનો ભવ્ય વારસો દેશને સોંપીને પૂરી શાંતિથી તેઓશ્રીએ દેહત્યાગ કર્યો.

મહર્ષિજી ૧૦૪ વર્ષ જીવીને આપણા ઋષિમુનિઓએ ઉપનિષદ્‌માં જે આશીર્વચન ઉચ્ચાર્યું હતું એમ આચરી બતાવ્યું:

'कुर्वन्नेवेह कर्माणि
जिजीविषेत् शतं समाः।'

—સત્કર્મ કરતાં કરતાં સો વરસ જીવજો.

અને ખરેખર મહર્ષિ કર્વેએ એવું જીવન જીવી જાણ્યું. આવું સુદીર્ઘ અને કાર્યરત જીવવાની ચાવી તમારે જાણવી છે? તો સાંભળો:

એમનું જીવન ઘણું સાદું, શ્રમપરાયણ અને નિયમબદ્ધ હતું.

નાટક અને સંગીતનો એમને ખૂબ શોખ હતો, પરંતુ એમના જીવનમાં એમણે ફક્ત બે જ નાટકો જોયાં હતાં.

સિનેમા તો એમણે એક પણ જોઈ નથી.

ત્રણેક અંગ્રેજી અને ચારેક મરાઠી નવલકથાઓ એમણે વાંચી હતી.

હંમેશાં ઊંચા વિચારો સેવીને એને કાર્યમાં મૂકવાની ઝંખના સદા સેવી હતી.

મહર્ષિ કર્વેને શ્રદ્ધાંજલિ આપતાં તે વખતના વડાપ્રધાન શ્રી જવાહરલાલ નેહરુજીએ કહ્યું હતું :

'ડૉ. કર્વે હવે આપણી વચ્ચે નથી, તેથી સ્વાભાવિક રીતે જ આપણે શોક અનુભવીએ છીએ. એમનું જીવન અને એમનું મૃત્યુ આજના યુગને ગૌરવ આપનારાં છે. મહત્તાની કોઈ પણ વ્યાખ્યાને આધારે તે મહાન હતા. ભારત એમને માટે સદાય ગર્વ અનુભવશે. મનુષ્યમાં જો ખંત હોય અને દૃઢ નિશ્ચય હોય તો કેવી મહાન સિદ્ધિ પામી શકે તેનો જીવંત પદાર્થપાઠ પૂરું પાડતું ભારતના એ મહાન સુપુત્રનું જીવન હતું. તેમને હું અંજલિ આપું છું અને પ્રણામ કરું છું.'

આપણે પણ મહર્ષિ કર્વેને પ્રણામ કરીએ અને જીવનને સારી રીતે જીવી જાણવાની પ્રેરણા મેળવીએ.

## ૨. જમશેદજી તાતા

૧૮૬૩ની સાલ હતી. ઇંગ્લેંડના પ્રિન્સ ઑફ વેલ્સના લગ્ન–ઉત્સવના માનમાં મુંબઈના ઓવલ મેદાનમાં આતશબાજીનો કાર્યક્રમ ગોઠવ્યો હતો. એમાં ખાસ આમંત્રિતો માટે ખુરશીઓ અનામત રાખી હતી.

મુંબઈના પ્રતિષ્ઠિત વેપારી શેઠ પ્રેમચંદ રાયચંદ એક પારસી યુવાન સાથે સમારંભમાં ભાગ લેવા આવ્યા હતા. તેઓ પોતાને માટે અનામત રાખેલી ખુરશીઓ પર બેઠા.

થોડી વાર પછી કંઈક કામ અંગે પ્રેમચંદ રાયચંદ બહાર ગયા. એવામાં એક અંગ્રેજ અધિકારી ત્યાં દોડી આવ્યો. તે પોતાની ઓળખીતી અંગ્રેજ બાનુઓ માટે ખુરશી શોધવા નીકળ્યો હતો. ખાલી ખુરશી જોઈને તે એને ઉપાડવા લાગ્યો.

એટલે પેલા પારસી યુવાને એને અટકાવીને કહ્યું : 'આ ખુરશી પર એક ભાઈ બેઠા છે. તે કામ અંગે જરા બહાર ગયા છે. હમણાં તે આવશે. માટે આ ખુરશી અહીં રહેવા દો.'

એ સાંભળીને પેલો ગોરો ધૂંઆપૂંઆ થઈ ગયો. તેણે એ પારસી યુવાનને ધક્કો મારી દૂર ખસેડતાં કહ્યું : 'મને અટકાવનાર તમે કોણ? બાજુએ ખસી જાઓ!'

પરંતુ પારસી યુવાન આમ ડરી જાય એવા નહોતા. તેમણે એને પાછો અટકાવ્યો.

પેલો વધારે ઉશ્કેરાઈને બોલ્યો : 'હવે વધારે ડહાપણ કરવાનું છોડો, નહિ તો તમને હમણાં આખી રાત કસ્ટડીમાં ધકેલી દઈશ. હું કોણ છું એ જાણો છો?'

પારસી યુવાને મક્કમતાથી કહ્યું : 'ભલે તમે બહુ મોટા અધિકારી હશો, પણ આ રીતે કોઈની ખુરશી દમદાટી બતાવીને પડાવી લો એ કદી નહિ ચાલે. તમારે જે કરવું હોય તે કરો!'

આ ધમાલ જોઈને એક બીજો અંગ્રેજ અધિકારી ત્યાં દોડી આવ્યો. તેણે પેલા ગોરાને અટકાવીને કહ્યું : 'આ ગૃહસ્થ કોણ છે એ તમે જાણતા નથી. આપણે એમને આમંત્રણ આપીને બોલાવ્યા છે. મહેમાનની સાથે આ રીતે વર્તવું બરોબર નથી.'

આ સાંભળીને પેલો અંગ્રેજ જરા ઢીલો થઈ ગયો. તેણે પેલા પારસી યુવાનને કહ્યું : 'અચ્છા, તમે ઘેર જઈ શકો છો.'

પેલા યુવાને અધવચ્ચેથી ઊઠીને જવાની ચોખ્ખી ના પાડી અને કસ્ટડીમાં રાત રહેવાની તૈયારી બતાવી. જોકે એમને જામીન પર છોડાવી લાવવામાં આવ્યા.

આ પારસી યુવાન બીજા કોઈ નહિ, પણ આપણા દેશના ભવિષ્યના મહાન ઉદ્યોગપતિ અને દેશપ્રેમી જમશેદજી તાતા હતા!

તેઓ અપમાન સહન કરી લે એવા નહોતા. તેમણે એ અંગ્રેજને પોતાની ભૂલ બદલ માફી માગવા માટે કોર્ટમાં પગલાં ભરવાનું જાહેર કર્યું. પરંતુ બન્ને તરફના મિત્રોએ ઘરમેળે સમજૂતી કરાવી દીધી. પેલા ગોરાએ પોતાની બેઅદબી બદલ દિલગીરી જાહેર કરી.

આ અપમાનજનક બનાવની જમશેદજી તાતા પર ઊંડી અસર પડી તેમને થયું, જ્યાં સુધી આપણે પરાધીન છીએ, ત્યાં સુધી શાસનકર્તા તરફથી આવું અપમાન થયા વિના રહે નહિ. માટે આપણે એવું પ્રતિષ્ઠાભર્યું સ્થાન મેળવી લેવું જોઈએ કે જેથી આપણું કોઈ આ રીતે અપમાન કરવાની હિંમત ન કરે.

ઘણાં વર્ષો પછી આ દુઃખદ બનાવને યાદ કરી જમશેદજી તાતા કહેતા : 'જો કેટલાક અંગ્રેજ અધિકારીઓ આપણી સાથે ભલમનસાઈથી વર્ત્યા હોત, તો આપણી અને તેઓની વચ્ચે ભાઈચારો લાંબા કાળ સુધી જળવાઈ રહેત.'

આગળ જતાં જમશેદજી તાતા એવી ઉચ્ચ પ્રતિષ્ઠા પામ્યા કે ભલભલા અંગ્રેજ અધિકારીઓ—ગવર્નરો અને ગવર્નર-જનરલો પણ — તેમની સાથે માનપૂર્વક અને આદરભાવથી વર્તવા લાગ્યા હતા.

આવું પ્રતિષ્ઠાભર્યું સ્થાન જમશેદજી તાતાએ પોતાના અદમ્ય પુરુષાર્થથી કેવી રીતે પ્રાપ્ત કર્યું એ જાણવાથી આપણને પણ પ્રેરણા મળ્યા વિના રહે એમ નથી.

## જન્મ અને શિક્ષણ

પારસીઓ પોતાના ઇરાન દેશમાંથી ધર્મરક્ષાને માટે ગુજરાતના સંજાણ બંદરે આવીને વસ્યા, ત્યાર પછી ઘણાં કુટુંબો નવસારીમાં આવીને રહ્યાં હતાં. તાતા કુટુંબ એમાંનું એક હતું. એ કુટુંબ પારસી ધર્મગુરુનું—મોબેદનું હતું.

એ કુટુંબના નસરવાનજી તાતાનું વલણ જુદી જાતનું હતું. પોતાના વંશજોને અનુસરીને મોબેદ બનવાને બદલે તેમણે નવસારીના એક શરાફની પાસેથી એ ધંધાનું

થોડુંઘણું જ્ઞાન મેળવી લીધું. પછી તે મુંબઈ જઈને રહ્યા. શરૂમાં તેમણે એક શરાફ અને વેપારીને ત્યાં શિખાઉ તરીકે કામ કર્યું. થોડા વખતમાં તે એ ધંધા અંગે સારા માહિતગાર થયા.

આગળ જતાં નસરવાનજી તાતાએ કલ્યાણદાસ નામના શરાફ વેપારીની સાથે ભાગીદારીમાં વેપારી પેઢી શરૂ કરી અને વેપાર અર્થે જાપાન પણ જઈ આવ્યા. પહેલવહેલી વાર જાપાન જનારા પરદેશીઓમાં નસરવારજી તાતાની ગણના થાય છે.

નસરવાનજી પાંચ વર્ષના હતા ત્યારે તેમનાં લગ્ન થઈ ગયાં હતાં. તે સત્તર વર્ષની વયે પિતા બન્યા. તેમને એક જ પુત્ર હતો. પરંતુ એ પનોતો પુત્ર આખા કુળને ઉજાળનારો થયો. એ પુત્રનું નામ જમશેદજી.

જમશેદજી તાતાનો જન્મ ત્રીજી માર્ચ ૧૮૩૯ ને રોજ નવસારીમાં થયો હતો.

જમશેદજીના બાળપણ વિશે ખાસ માહિતી મળતી નથી. તેમણે નવસારીમાં પ્રાથમિક શિક્ષણ મેળવ્યું હતું. પારસી ધર્મશાસ્ત્રોનું અને પ્રાર્થનાઓનું શિક્ષણ પણ તેમને એ વયમાં આપવામાં આવ્યું હતું.

જમશેદજી તેર વર્ષનો થયો, ત્યારે તેને પિતાએ પોતાની પાસે મુંબઈ બોલાવી લીધો. શરૂમાં ત્યાંની ખાનગી પ્રાથમિક શાળામાં જમશેદજીને મૂકવામાં આવ્યો. અહીં તેણે વાચન, લેખન અને ગણિતનું જ્ઞાન મેળવ્યું.

ચૌદ વર્ષની વયે તેને એલ્ફિંસ્ટન ઇન્સ્ટિટ્યુટમાં ભણવા મૂકવામાં આવ્યો. ૧૮૫૬ના જાન્યુઆરી માસમાં તે એલ્ફિંસ્ટન કૉલેજમાં દાખલ થયા. કૉલેજમાં તેમને માફી મળી હતી, કારણ કે તે ભણવામાં હોશિયાર હતા.

કૉલેજમાં યુવાન જમશેદજી મહેનતુ અને અભ્યાસી વિદ્યાર્થી તરીકે જાણીતા થયા હતા. તે વાંચવામાં અને જુદા જુદા વિષયોના અભ્યાસમાં એટલા મગ્ન રહેતા કે તે કૉલેજમાં છે કે નહિ એની પણ કોઈને જાણ હતી નહિ. બીજા વિદ્યાર્થીઓ સાથે દોસ્તી કરવી, આમતેમ ફરવા જવું, ઠઠ્ઠામશ્કરી કરવી એ બધાંથી તે દૂર રહેતા. તે એવા વિદ્યાર્થીઓ સાથે જ હળતામળતા જેઓ એમની માફક અભ્યાસી હોય. એ રીતે જોતાં કૉલેજજીવનમાં તેમનું મિત્રમંડળ ખૂબ મર્યાદિત હતું.

કૉલેજ સહાધ્યાયીઓમાં રામકૃષ્ણ ભાંડારકર, દિનશા વાચ્છા જેવા હતા, જેઓ મોટપણે દેશમાં અગ્રગણ્ય નેતાઓ તરીકે જાણીતા થયા.

કૉલેજજીવન દરમિયાન જમશેદજીએ કેળવેલો વાચનનો શોખ જિંદગીભર કાયમ રહ્યો હતો. મોટપણે જ્યારે જ્યારે તેમને સમય મળતો, ત્યારે જુદા જુદા વિષયોને લગતાં પુસ્તકો, સામયિકો વગેરે તે વાંચતા જ હોય.

વાચનનો એમનો શોખ જિંદગીભર કાયમ રહ્યો હતો. રમતગમત અંગેનાં તેમણે ખૂબ પુસ્તકો વાંચ્યાં હતાં અને પારસી જીમખાના કલબમાં તે વડીલ જેવો રસ ધરાવતા હતા. એમને ઇતિહાસ વાંચવાનો પણ શોખ હતો. જાણીતાં માણસોનાં જીવનચરિત્રો અને સંસ્મરણો વાંચવાનું એમને ખૂબ ગમતું. સાથે સાથે એમની યાદશક્તિ પણ સતેજ હતી. વાંચેલું ઘણુંબધું એમને યાદ રહી જતું. તે માત્ર ગંભીર વિષયનાં જ પુસ્તકો વાંચતા એવું નથી. હાસ્યપ્રધાન સાહિત્ય પણ તે વાંચતા. ચાર્લ્સ ડિકન્સ, થેકરે, માર્ક ટ્વેન વગેરેનાં પણ પુસ્તકો તે રસથી વાંચતા. કવિતાનો પણ તેમને શોખ હતો. સારી લઢણથી કવિતાનું પઠન કરવાનું ગમતું. રાજકારણ, અધ્યાત્મ, ફિલસૂફી, વિજ્ઞાન વગેરે અંગેનાં પુસ્તકો પણ તે વાંચતા. બીજી તેમને એ ટેવ હતી કે પોતાના વાચનમાંથી ઉતારવા જેવું લાગે એની નોંધ પણ કરતા.

આ રીતે કૉલેજમાં અભ્યાસકાળ દરમિયાન તેમણે કેળવેલો વાચનશોખ એમના વિચારોને ઘડવામાં ઉપયોગી થઈ પડયો. એમની જિંદગીના છેલ્લા દિવસોની વાત લઈએ.

છેલ્લી માંદગી વખતે એક વાર સર જ્યોર્જ કિંગ નામના અનુભવી વનસ્પતિ-શાસ્ત્રી એમને મળવા આવ્યા. તે કલકત્તાના વનસ્પતિ ઉદ્યાનના મુખ્ય વ્યવસ્થાપક તરીકે ઘણાં વર્ષો રહ્યા હતા. જમશેદજી સાથે વનસ્પતિ અંગે વાત નીકળતાં જમશેદજીએ વનસ્પતિ વિશે એટલી બધી વાત કરી કે પેલા અંગ્રેજ વનસ્પતિશાસ્ત્રી તો તાજુબ થઈ ગયા ! પાછળથી સર જ્યોર્જ કિંગે જમશેદજીના મોટા દીકરા દોરાબજીને કહ્યું : 'તમારા પિતાજીનું વનસ્પતિશાસ્ત્ર અંગેનું અદ્ભુત જ્ઞાન જોઈને હું ખરેખર નવાઈ પામ્યો છું. એ વિષય તો મારા અનુભવના ક્ષેત્રનો છે. છતાં મારે કબૂલ કરવું પડે છે કે, ભલે હું વનસ્પતિશાસ્ત્રી છું, છતાં એમની પાસેથી મને આ વિષયમાં ઘણુંબધું નવું જાણવા મળ્યું.'

એક અમેરિકને પણ કહ્યું હતું : 'જમશેદજી તાતાનું જ્ઞાન જ્ઞાનગંગોત્રી જેવું વિશાળ છે.'

## ઘાતમાંથી આબાદ બચી ગયા !

જ્યારે જમશેદજી કૉલેજમાં ભણતા હતા, ત્યારે એક વાર તે જીવલેણ અકસ્માતમાંથી આબાદ ઊગરી ગયા હતા.

મુંબઈના કોટ વિસ્તારમાં જમશેદજી એમના પિતા નસરવાનજી સાથે રહેતા હતા. એ મકાનના ઉપરના ભાગમાં છેક છાપરાને અડીને નાનકડી મેડી જેવું હતું. જમશેદજી એનો અભ્યાસ-ખંડ તરીકે ઉપયોગ કરતા હતા. છાપરું એટલું

નીચું આવી જતું હતું કે, વરસાદના દિવસોમાં ધોધમાર વરસાદ પડતો હોય ત્યારે છાપરા પરનાં પતરાંનો અવાજ એટલો બધો થતો કે, પાસે બેસીને કોઈ વાત કરતું હોય એ પણ સંભળાતું નહિ!

એક વખત ભારે વાવાઝોડું થયું. પવનનું તોફાન એટલું જોરદાર હતું કે, મુંબઈના બંદર પર લાંગરેલાં જહાજો પણ લંગર તોડીને ક્યાં ને ક્યાં ધસડાઈને ડૂબી ગયાં.

તોફાનની ગંભીરતા જોઈને નસરવાનજી તરત જ મકાનની બહાર રસ્તા પર ચાલ્યા ગયા. આજુબાજુનાં મકાનનાં માણસો પણ ઘરબહાર નીકળી આવ્યાં.

પરંતુ તે વખતે જમશેદજી છાપરા નીચેની મેડીમાં વાંચતા બેઠા હતા. પિતા નસરવાનજી નીચેથી મોટેથી બૂમ પાડીને કહેવા લાગ્યા : 'દીકરા જમશેદ, જલદી નીચે ઊતરી જા!' લોકો પણ જમશેદજીને ઉપર રહી ગયેલા જોઈને ગભરાઈ ગયા અને એમને નીચે આવવા મોટેથી બૂમો પાડવા લાગ્યા.

અવાજ સાંભળીને જમશેદજી તરત જ ઝડપથી નીચે ઊતરી આવ્યા. નીચે ચિંતાતુર માણસોનું ટોળું ભેગું થઈ ગયુ હતું. મકાન ક્યારે પડી જાય એનો ભરોસો નહોતો. જો જમશેદજી વેળાસર બહાર નીકળી નહિ આવે, તો એમનો જાન જોખમમાં મુકાઈ જાય એવું હતું!

જમશેદજીને બહાર હેમખેમ નીકળી આવેલા જોઈને બધાંને હાશ વળી. ત્યાં તો જે ભાગમાં જમશેદજી અભ્યાસ કરતા હતા, એ ઉપરનો ભાગ છાપરા સહિત તૂટીને નીચે આવી પડયો!

## સંસારની જવાબદારી

૧૮૫૮ની સાલમાં જમશેદજીએ કૉલેજનું શિક્ષણ પૂરું કર્યું. વિદ્યાર્થીકાળ દરમિયાન જ તેમનાં લગ્ન પારસી ધર્મગુરુ ખુરશેદજી દાબુની દીકરી હીરાબાઈ સાથે થઈ ગયાં હતાં. હીરાબાઈ તેમનાથી પાંચ વર્ષ નાનાં હતાં.

આ રીતે જમશેદજીનો ગૃહસંસાર વિદ્યાર્થીકાળમાં શરૂ થઈ ગયો. તે વીસ વર્ષના થયા ત્યાં તો તેમના પ્રથમ પુત્ર દોરાબજીનો જન્મ થયો.

કૉલેજનું જીવન પૂરું કરીને જમશેદજી પિતાની સાથે ધંધામાં જોડાઈ ગયા. પિતાની દેખરેખ નીચે તેમણે બહુ થોડા સમયમાં ધંધાની જાણકારી મેળવી લીધી.

નસરવાનજી ચીન સાથે પણ વેપાર કરતા હતા. જમશેદજીએ થોડાક જ મહિનામાં ચીનની પેઢીનું કામકાજ સંભાળી લીધું.

પોતાના અનુભવ પરથી જમશેદજી એવા મત પર આવ્યા હતા કે, 'જો વ્યવસ્થિત રીતે થોડીઘણી પણ કેળવણી મેળવી હોય, તો કોઈ પણ ધંધામાં જાણકારી મેળવવામાં એ કેળવણી બહુ ઉપયોગી થઈ પડે છે.'

## વેપારમાં આગળ વધ્યા

૧૮૫૯ના ડિસેમ્બર માસમાં 'જમશેદજી ઍન્ડ અરદેશર' નામની નવી શાખા હોંગકોંગમાં શરૂ કરવામાં આવી. આમાં મુખ્ય ભાગીદારો તરીકે નસરવાનજી તાતા, શેઠ કલ્યાણદાસ અને શેઠ પ્રેમચંદ રાયચંદ હતા. પાછળથી બહુ જાણીતા અને પ્રતિષ્ઠિત થયેલા પ્રેમચંદ રાયચંદ તે વખતે નવાસવા જ વેપારમાં દાખલ થયા હતા.

આ શાખાનું કામકાજ જમશેદજી તાતાને સોંપવામાં આવ્યું હતું. આ પેઢી રૂ અને અફીણ ચીનને આપતી અને ત્યાંથી ચા, રેશમી કાપડ, કપૂર, તજ, તાંબું, પિત્તળ અને ચીની સોનું ખરીદતી હતી.

જમશેદજીને અફીણનો વેપાર કરવો પસંદ નહોતો. એટલે તેમણે એનો વેપાર કરવાનું છોડી દીધું અને બીજી વસ્તુઓનો વેપાર ચાલુ રાખ્યો.

આ જ અરસામાં અમેરિકામાં આંતરવિગ્રહ શરૂ થયો. ત્યાંના જાણીતા પ્રમુખ ઍબ્રાહમ લિંકને હબસી ગુલામોના વેપારને અમાનુષી ગણી એની સામે ભારે ઝુંબેશ ઉઠાવી. પરંતુ એ દેશના દક્ષિણ ભાગના લોકો ગુલામીપ્રથા ચાલુ રાખવા માગતા હતા. આ વિખવાદથી આંતરવિગ્રહ સળગી ઊઠયો.

હવે ઇંગ્લૅન્ડની કાપડની મિલોને અમેરિકા રૂ પૂરું પાડતું હતું. પરંતુ વિગ્રહને કારણે અમેરિકાથી રૂ આવતું બંધ પડ્યું. એટલે ઇંગ્લૅન્ડ હિંદમાંથી રૂ ખરીદવા લાગ્યું. તેથી હિંદના રૂનો ભાવ ખૂબ વધી ગયો. જમશેદજીએ પ્રેમચંદ રાયચંદની સાથે રૂના વેપારમાં ભાગીદારી કરી. તેઓ ઠીક ઠીક કમાયા.

પ્રેમચંદ રાયચંદની પેઢીએ આ અરસામાં લંડનમાં પોતાની શાખા ખોલી. એનું કામકાજ સંભાળવા જમશેદજી તાતાને મોકલ્યા.

એવામાં આંતરવિગ્રહ બંધ થયો અને રૂનો ભાવ એકદમ ગગડી જવાની તૈયારીમાં હતો. જમશેદજીને લંડન પહોંચતાં આ વાતની જાણ થઈ. એટલે તેમણે તરત જ મુંબઈની પેઢીને એની પાસે જેટલું રૂ હોય એટલું તરત જ વેચી દેવાની સૂચના આપી. પરંતુ હવે મોડું થઈ ગયું હતું. પ્રેમચંદ રાયચંદ એમની સૂચનાનો તત્કાળ અમલ કરી શકયા નહિ અને પેઢીને જબરી ખોટ સહન કરવી પડી.

જમશેદજીના પિતા નસરવાનજીને પણ આ મંદીએ અસર કરી. દેવામાંથી છૂટવા માટે તેમણે પોતાનું મુંબઈનું મકાન પણ વેચવું પડ્યું. આથી પિતા અને પુત્રને ફરીથી કમર કસવાનો વારો આવ્યો.

જમશેદજી તાતા મુશ્કેલીથી ડરે એવા ન હતા. તેમણે પોતાનું કામ ચાલુ રાખ્યું. એ અરસામાં આફ્રિકાના એબિસિનિયા રાજ્યના રાજા સાથે ઇંગ્લેંડને લડાઈમાં ઊતરવું પડ્યું. આ લડાઈમાં ઇંગ્લેંડે હિંદી સૈન્યને મોટી સંખ્યામાં મોકલ્યું. નસરવાનજી અને જમશેદજીએ બીજા વેપારીઓની સાથે મળીને આ હિંદી સૈન્યને જોઈતો સરસામાન અને ચીજવસ્તુઓ મોકલવાનો કોન્ટ્રાક્ટ લીધો.

બંને પિતા-પુત્રે આ કામગીરી ઇંગ્લેંડને પૂરેપૂરો સંતોષ થાય અને હિંદી સૈન્યને જરૂરિયાતની એકે એક વસ્તુ વખતસર મળી રહે એ રીતે ચીવટથી બજાવી. આ કોન્ટ્રાકટમાં સારો ફાયદો થયો અને કુટુંબ પાછું પગભર થઈ ગયું.

## ઇંગ્લેંડમાંથી હુન્નર શીખી લાવ્યા

જમશેદજી ઇંગ્લેંડમાં હતા, ત્યારે તે માન્ચેસ્ટર વારંવાર જતા. ત્યાંની મિલમાં જઈને સૂતર તથા કાપડ બનાવનારાં આધુનિક યંત્રોનો ઝીણવટથી અભ્યાસ કરતા.

જમશેદજી માત્ર વેપારી નહોતા, તે ખરી રીતે દેશપ્રેમી હતા. તેમને ઘણી વાર થતું કે, અંગ્રેજોએ આપણા દેશને જીતી લઈને આપણને પાયમાલ કરી નાખ્યા છે. આપણો દેશ પાછો સમૃદ્ધ શી રીતે થાય એવા પ્રયત્નો આપણે કરવા જોઈએ.

અંગ્રેજો આપણા દેશમાં આવ્યા એ પહેલાં આપણા દેશનું હાથવણાટનું કાપડ દુનિયામાં બધે પ્રખ્યાત હતું. એમાં ઢાકાનું મલમલ તો આપણા દેશનું ગૌરવ મનાતું. આખો તાકો વીંટીમાંથી પસાર થઈ જતો એ વાત લોકજીભે હજી પણ રમે છે.

પરંતુ અંગ્રેજોએ પોતાના ઇંગ્લેંડ દેશને સમૃદ્ધ કરવા, કાપડનો ઉદ્યોગ પોતાને હસ્તક રાખવા આપણી હાથવણાટની કુશળ કામગરીને જોરજુલમ અને અમાનુષી વર્તાવ કરીને મારી નાખી ! આપણા જ દેશમાંથી રૂ વગેરે કાચો માલ સસ્તા ભાવે ખરીદી લઈને એમાંથી કાપડ વગેરે બનાવીને આપણને એ માલ મોંઘા ભાવે વેચીને આપણા દેશનું અઢળક નાણું પોતાના દેશમાં અંગ્રેજો ઘસડી જતા હતા.

આ બધું જોઈને જમશેદજી તાતાને પણ થતું કે, આપણે પણ આવા ઉદ્યોગોને આપણા દેશમાં શા માટે નહિ વિકસાવીએ ? ત્યાંનાં આધુનિક યંત્રો વગેરે જોઈને તેમને લાગતું કે, જો પરદેશી કાપડ વગેરે માલની બરોબર બજારમાં

ઊભવું હોય, તો આપણે આવી આધુનિક યંત્રસામગ્રીનો ઉપયોગ કર્યા વિના ચાલે એમ નથી.

આમ તો મુંબઈ જેવાં મોટાં શહેરોમાં કાપડની મિલો શરૂ થઈ હતી. પરંતુ એમાં જૂની યંત્રસામગ્રી હોવાથી તેમ જ માન્ચેસ્ટરની મિલો જેવું ઉત્તમ પ્રકારનું સારું–રિફાઈંડ–કાપડ તૈયાર કરનારા તજ્જ્ઞો પણ ન હોવાને કારણે આપણું દેશી કાપડ બજારમાં ટકી શકતું નહોતું અને એનો ઉપાડ પણ એટલો થતો નહોતો.

જમશેદજીએ આ બધી બાબતોને લક્ષમાં રાખીને માંચેસ્ટરની મિલોનો ઝીણવટથી અભ્યાસ કર્યો. તેમને પણ થયું કે, આપણે આવી મિલ દેશમાં ઊભી કરવી જોઈએ.

## કાપડની મિલ શરૂ કરી

જમશેદજી ઇંગ્લેંડથી પાછા આવ્યા પછી તેમણે બેત્રણ ભાગીદારો સાથે મળીને મુંબઈમાં ચિંચપોકળી લત્તામાં એક જૂની મિલ ખરીદી. તેમાં યંત્રો વગેરે નાખીને તે મિલને સુધારી નાખી. એને ‘ એલેક્ઝાન્ડ્રા મિલ ’ એવું નવું નામ આપ્યું.

પરંતુ જમશેદજી તાતા વેપારમાં પડી ખૂબ શ્રીમંત બનવાની વૃત્તિવાળા ન હતા. તેમનામાં રહેલી દેશભાવના તો તેમને એવી પ્રેરણા આપતી હતી કે, મિલ ઊભી કરવી તે એવી કરવી કે પરદેશી કાપડને પણ ટક્કર મારે. એટલે તેમણે આ બાબતમાં ચિંતન કર્યા જ કર્યું. તેમને જણાયું કે, જ્યાં આસપાસ રૂ પેદા થતું હોય, રૂનું મોટું વેપાર–મથક હોય, એવા પ્રદેશમાં મિલ ચલાવવી જોઈએ. આમ વિચાર કરી જમશેદજીએ ત્રણ વર્ષ પછી એલેક્ઝાંડ્રા મિલ વેચી નાખી.

પછી જમશેદજી ઇંગ્લેંડની મિલોનો વધુ અભ્યાસ કરવા તથા ખાસ કરીને વધારેમાં વધારે આધુનિક યંત્રો અંગેની માહિતી મેળવવા માટે પાછા વિલાયત ગયા.

પછી ત્યાંથી પાછા ફરતી વખતે રૂ અંગે વધારે નક્કર માહિતી મેળવવા તે ઇજિપ્ત, સીરિયા, પેલેસ્ટાઈન, ટર્કી અને રશિયા જઈ આવ્યા

મુંબઈ આવીને જમશેદજી દેશના જુદા જુદા ભાગમાં ફરવા નીકળ્યા અને ક્યાં રૂ સારું પેદા થાય છે અને મિલ માટે રૂનું બજાર ક્યાં સુગમ છે એની તપાસ કરવા લાગ્યા.

## નવી મિલ ઊભી કરી

જમશેદજી તાતાને દેશમાં બધે ફરતાં ફરતાં નાગપુર પસંદ પડ્યું. તે હિંદની મધ્યમાં આવેલું છે અને આસપાસના રૂના પ્રદેશનું એ મુખ્ય વેપારી મથક પણ છે. એટલે ત્યાં જો મિલ હોય, તો રૂ મેળવવામાં સરળતા પડે.

જમશેદજી તાતાએ નાગપુરમાં ૧૮૭૭ માં ‘ એમ્પ્રેસ મિલ ’ શરૂ કરી. આ મિલમાં આધુનિક યંત્રસામગ્રી ગોઠવવામાં આવી. આગળ જતાં ૧૮૮૬માં અમદાવાદમાં ‘ એડવાન્સ મિલ ’ અને મુંબઈના કુરલા વિભાગમાં ‘ સ્વદેશી મિલ ’ શરૂ કરવામાં આવી.

મિલ-ઉદ્યોગ હાથ ધરવામાં જમશેદજીનો ખાસ ઉદ્દેશ આપણા દેશમાં સારામાં સારું કાપડ તૈયાર કરવાનો હતો. એ માટે સારું રૂ જોઈએ. આપણે ત્યાં રૂ પાકતું હતું ખરું, પણ એ રૂ ઇજિપ્તના રૂની તોલે આવે એવું નહોતું. એ ખાતર જ જમશેદજી ઇજિપ્ત જઈ આવ્યા હતા અને એવું રૂ આપણા દેશમાં ક્યાં ઉત્પન્ન કરી શકાય એની તે તપાસ કરતા હતા.

છેવટે એમને જણાયું કે, સારું રૂ ઉત્પન્ન કરવા માટે સિંધમાંનો પ્રદેશ અનુકૂળ છે ખરો. વળી સક્કર બૅરેજ બંધમાંથી એ માટે જોઈતું પાણી લઈ શકાય એમ હતું. એટલે જમશેદજીએ પોતાના ખર્ચે એ પ્રદેશમાં ઊંચું રૂ મેળવવા અખતરા કરવા માંડયા હતા.

ધીમે ધીમે આ મિલોમાં સારી જાતનું ઝીણું અને મુલાયમ કાપડ ઉત્પન્ન થવા લાગ્યું અને દેશપરદેશમાં એની માંગ વધવા લાગી. આ મિલોમાં થતાં ધોતિયાં વખણાવા લાગ્યાં અને થોડા વખતમાં તો ધોતિયાંનું બજાર આ મિલોએ કબજે કર્યું.

## બ્રિટિશ જહાજ કંપની સામે ટક્કર

બ્રિટિશ શાસનકર્તાઓએ આપણા દેશને મોટામાં મોટી હાનિ કરી હોય તો પોતાના માલને આપણા દેશમાં દાખલ કરવા માટે આપણા દેશના માલની હેરફેર રૂંધી નાખવા સારુ અપનાવેલી નીતિ હતી.

આપણા દેશમાં કંપની સરકારનું રાજ્ય સ્થપાયું ત્યારથી આપણા વેપાર-ઉદ્યોગની દુર્દશાનાં મંડાણ મંડાયાં ! ભારતના ભોગે ઇંગ્લેંડને ન્યાલ કરવાની કંપની સરકારની કૂટનીતિને લીધે ભારતનાં ખેતી, ઉદ્યોગ અને વેપાર પડી ભાંગ્યાં. ઢાકા, મુર્શિદાબાદ વગેરે સ્થળોની મલમલ તથા સુરતના રેશમની ઇંગ્લેંડના બજારોમાં ખૂબ માંગ રહેતી, તેથી ઇંગ્લેંડમાં તેની આયાત પર કાપ મૂકવા સરકારે તેના પર ૭૦ થી ૮૦ ટકા જેટલી જકાત નાખી ! એનાથી ઊલટું ઇંગ્લેંડનું કાપડ ભારતમાં આયાત કરવા પર ઘણી નજીવી જકાત લેવા માંડી.

પરિણામે ભારતનાં શહેરો ઢાકા, મુર્શિદાબાદ, સુરત વગેરેનો ધીકતો વેપાર પડી ભાંગ્યો અને ઇંગ્લેંડનાં શહેરો માન્ચેસ્ટર, લિવરપુલ વગેરે સમૃદ્ધ થવા લાગ્યાં.

જમશેદજી તાતાને પણ આવી કૂટનીતિની સામે ટક્કર ઝીલવી પડી હતી. એમની મિલોનો માલ દેશપરદેશ જતો હતો ખરો, પણ તેમાં મોટી અડચણ ઊભી થઈ. આ માલને બ્રિટિશ જહાજોમાં મોકલવો પડતો. પરંતુ એ જહાજો માલ ઉપર જે નૂર લેતાં એ ખૂબ વધારે હતું. જમશેદજીને આ અન્યાય ખૂચતો હતો.

આ પહેલાં પણ બીજા બધા વેપારીઓના બધી જાતના માલ પર આવું જ આકરું નૂર લેવાતું હતું. પરંતુ કોઈ વેપારી એની સામે વિરોધનો એક હરફ સુધ્ધાં ઉચ્ચારી શકતો ન હતો. જમશેદજી તાતા આમ છાનામાના બેસી રહે એવા નહોતા. જે કંપનીઓનાં જહાજો માલ લઈ જતાં હતાં, એના સંચાલકોને તે મળ્યા અને આ વાત તરફ તેમનું ધ્યાન ખેંચ્યું. પરંતુ અંદરખાનેથી બ્રિટિશ સરકારનો એ કંપનીઓને પૂરેપૂરો ટેકો અને સાથ હતો. એટલે એ સંચાલકોએ જમશેદજીની વાત તરફ આંખ આડા કાન કર્યા.

જમશેદજીને થયું, આ અન્યાય ચાલે છે એનું કારણ એ છે કે, આપણા જ દેશના વેપારીઓમાં સંગઠન નથી. જો બધા મળીને આ અન્યાય સામે વિરોધ દર્શાવે, તો જ કંઈ માર્ગ નીકળી શકે. એટલે તેમણે પોતાને ત્યાં બધા વેપારીઓને ભેગા કર્યા અને આ બધી વાત સમજાવી. અંગ્રેજી જહાજ કંપનીઓ જે લૂંટ ચલાવતી હતી એ તરફ તેઓનું ધ્યાન દોર્યું.

છેવટે સૌ વેપારીઓએ મળીને એવો નિર્ણય જાહેર કર્યો કે, જ્યાં સુધી આ અન્યાય દૂર નહિ થાય ત્યાં સુધી બ્રિટિશ જહાજોનો બહિષ્કાર કરવો.

જમશેદજીએ બધા વેપારીઓ સાથે મંત્રણા કરીને માલને લઈ જવા માટે જાપાનની સ્ટીમર રોકી. આ જોઈને બ્રિટિશ જહાજ કંપનીઓએ જાપાનની સ્ટીમરના ભાવ કરતાં ઓછા દરે માલ લઈ જવાનું શરૂ કર્યું. વેપારીઓ કંઈ જમશેદજીની માફક નિષ્ઠાવાળા ન હતા. તેઓ તો ફાયદો ક્યાં થાય છે એ જોનારા સામાન્ય વેપારીઓ હતા. એટલે તેઓ બધાએ જાપાનની સ્ટીમરને ના પાડી દીધી અને બ્રિટિશ જહાજોમાં માલ મોકલવા માંડ્યો.

પરંતુ અંગ્રેજો પણ પાકા વેપારીઓ હતા. અંગ્રેજી જહાજ કંપનીઓએ જાપાનની સ્ટીમર બંધ કરવા માટે જ આ યુક્તિ રચી હતી. જેવી એ સ્ટીમર બંધ થઈ કે તરત જ બ્રિટિશ કંપનીઓએ પહેલાંની માફક ભાવ વધારી દીધા !

બ્રિટિશરોની આવી ચાલબાજી જોઈને જમશેદજીને બહુ મનદુઃખ થયું. તે પોતાના નિર્ણયને વળગી રહ્યા. તેમણે જાપાની સ્ટીમરમાં જ માલ મોકલવાનું જારી રાખ્યું. આથી તેમને જબરી ખોટ ભોગવવી પડી. છતાં તેમણે નમતું નહિ જોખ્યું.

આ તેમ જ બીજી કેટલીય બાબતોમાં અંગ્રેજ શાસનકર્તા તરફથી આપણા દેશના વ્યાપારને રૂંધવાના અને પાયમાલ કરવાના થતા પ્રયાસોને જોઈને જમશેદજી તાતાને પણ થઈ આવ્યું કે, આ પરદેશી શાસનકર્તાઓ આપણા રક્ષક હોવાની ખોટી ડંફાસ જ મારે છે; ખરી રીતે તેઓ રક્ષકને બદલે ભક્ષક જ છે! પણ થાય શું? તે જમાનામાં હજી આપણામાં તીવ્રપણે રાષ્ટ્રીય અસ્મિતાનો વિકાસ થયો ન હતો. સમસ્ત પ્રજા અન્યાયનો પ્રતિકાર કરવાની તાકાત ગુમાવી બેઠી હતી.

એટલે જમશેદજી તાતા જેવા જાગ્રત અને ખમીરવંતા દેશપ્રેમીઓ અંદરને અંદર સમસમીને બેસી રહેતા અને પોતાનાથી થાય એ રીતે દેશના અભ્યુદય વિશે પ્રયત્ન કરતા રહેતા.

## મજદૂર કલ્યાણપ્રવૃત્તિ

જમશેદજી તાતા મિલો ચલાવીને કે સારામાં સારું કાપડ ઉત્પન્ન કરીને મોટા શ્રીમંત થઈને બેસી રહેત, તો તે આજે લોકહૃદયમાં સ્થાન પામ્યા છે એ પામી શક્યા ન હોત. જમશેદજી તો ઉદાર દિલના હતા. એમના વિચારો પણ ઉદાત્ત અને ઉમદા હતા.

જમશેદજી તાતા માનતા હતા કે, મિલના વિકાસનો મુખ્ય આધાર કામદારોનો સહકાર છે. એટલે તેમણે કામદારોની સુખાકારી જળવાય અને તેઓ આર્થિક ભીંસ અનુભવે નહિ, એવી કલ્યાણપ્રવૃત્તિઓ ઉપર પણ ખાસ લક્ષ આપ્યું હતું.

કામદારોને કાપડ, અનાજ, તેલ વગેરે જીવનજરૂરિયાતની ચીજો સસ્તા ભાવે અને કેટલીયવાર મૂળકિંમત કરતાં પણ ઓછા ભાવે ખોટ ખાઈને ઉધાર આપવામાં આવતી. કામદારો અને તેમનાં કુટુંબોને દાક્તરી સહાય મફત મળતી. સ્ત્રી–કામદારો માટે ઘોડિયાં–ઘર પણ ચાલુ કર્યું હતું. કામદારો માટે બપોરનું ભાથું લાવનાર છોકરાંઓ સારુ પ્રાથમિક શાળા પણ શરૂ કરી હતી. નાની ઉંમરની છોકરીઓને મિલમાં અડધો દિવસ કામ પર રાખવામાં આવતી, તેઓ માટે વાચન, લેખન અને ભરત–ગૂંથણના વર્ગો પણ ચલાવવામાં આવતા. મોટી ઉંમરનાં છોકરાંઓ માટે મિલના ખર્ચે શાળાઓ ચાલતી હતી. વળી સ્થાનિક શાળાઓને પણ મિલ તરફથી ફાળો આપવામાં આવતો.

ઘરડાં અને અશક્ત થઈ ગયેલાં મજદૂર સ્ત્રીપુરુષોને માટે પણ યોગ્ય જોગવાઈ કરવામાં આવતી. કરકસરને ખાસ ઉત્તેજન આપવામાં આવતું. એ માટે બચત યોજના પણ શરૂ કરી હતી. પ્રોવિડન્ટ ફંડ, ગ્રેજ્યુઇટી, પેન્શન ફંડ વગેરેની પણ જોગવાઈ હતી. કામદારોને અકસ્માત થાય એ વખતે પણ ખાસ રાહત

આપવામાં આવતી. સ્ત્રીઓને સુવાવડના દિવસોની ચાલુ પગારે રજા આપવામાં આવતી. વળી સુવાવડ ખાતાની પણ વ્યવસ્થા હતી. કામદારો અને કર્મચારીઓ માટે સગવડભર્યાં નિવાસસ્થાનો બાંધવામાં આવ્યાં હતાં.

આવી કેટલીક પ્રવૃત્તિઓ જમશેદજી તાતાના વખતમાં જ શરૂ થઈ હતી અને આજે તાતાનાં બધાં ઔદ્યોગિક ક્ષેત્રોમાં આ બધી પ્રવૃત્તિઓ ચાલે છે અને એમાં વધારો થતો જાય છે.

આ રીતે જ્યાં માલિકો અને વ્યવસ્થાપકો તરફથી આવી સવલતો આપવામાં આવતી હોય, ત્યાં કામદારો પણ ઉમંગથી મન દઈને કામ કર્યાં વિના રહે ખરા? આથી બંને પક્ષે લાભ થયા વિના રહે નહિ.

## મુંબઈના વિકાસમાં ફાળો

જમશેદજી તાતા મુંબઈ શહેરમાં પચાસેક વર્ષ રહ્યા. એટલે તેમને મુંબઈ માટે પોતાપણું લાગ્યા વિના ન જ રહે. તે જમાનાના શેઠ પ્રેમચંદ રાયચંદ, સાસુન કુટુંબ, કામા કુટુંબ, જીજીભાઈ કુટુંબ તેમ જ જમશેદજી તાતા વગેરે ધનકુબેરો પોતાની સમૃદ્ધિ માટે મુંબઈના ઋણી હતા. એટલે એ સૌએ મુક્ત મને મુંબઈના વિકાસમાં બહુ મોટો ફાળો આપ્યો છે.

જમશેદજીએ મુંબઈના વિકાસ માટે ઘણું ઘણું કર્યું છે. એમાં મુંબઈની સુવિખ્યાત 'તાજમહાલ હોટેલ' એમનો અગ્રગણ્ય ફાળો ગણાય છે.

જમશેદજી દેશપરદેશ બહુ ફર્યા હતા. ત્યાં રહેવા-જમવા વગેરે માટે ઘણી સારી સુવિધાઓ પૂરી પાડનારી ભવ્ય હોટેલો તેમણે જોઈ હતી. એટલે એમને મનમાં થતું કે મુંબઈ શહેરમાં પણ આવી એકાદ હોટેલ હોય તો સારું. વળી મુંબઈમાં આવતા પરદેશીઓ કેટલીય વાર જમશેદજી તાતા વગેરે આગળ ટકોર કરતા કે, 'તમારા મુંબઈ શહેરમાં અમને સગવડ મળી રહે એવી એક પણ સારી હોટેલ નથી એ કેવું કહેવાય?'

એટલે જમશેદજી તાતાએ ખાસ સાહસ ખેડીને તે જમાનામાં લાખો રૂપિયા ખરચીને અદ્યતન સુવિધાઓવાળી અને આપણી ભારતીય સ્થાપત્ય કળાનો નમૂનો પૂરો પાડે એવી ભવ્ય 'તાજમહાલ હોટેલ' મુંબઈના પૂર્વ કિનારે મુંબઈના બારા 'ધ ગેટ-વે ઑફ ઇન્ડિયા' આગળ ઊભી કરી. એ માટે તે પરદેશમાં પાછા ફરી આવ્યા હતા અને ત્યાંની મોટમોટી હોટેલોનો ખાસ અભ્યાસ કરીને શાનદાર હોટેલની યોજના તેમણે ઘડી હતી.

'તાજમહાલ હોટેલ' ખરેખર મુંબઈનું ઘરેણું ગણાવા લાગી. આજે પણ મુંબઈનાં જોવાલાયક સ્થળોમાં 'તાજમહાલ હોટેલ'ની ગણના થાય છે.

## જમશેદજી તાતા એટલે સાહસ!

જમશેદજી તાતા હતા મહાન સાહસવીર. એમના ફળદ્રુપ મગજમાં અવનવાં સાહસો જ રમ્યાં કરતાં હોય. એમની એક મહેચ્છા દેશની સાન બઢાવવાની હતી જ. એટલે પોતે ભલે પાયમાલ થઈ જાય કે મોટી ખોટમાં આવી પડે એની તેમને કદી પરવા કરી નથી. એક કામ પૂરું થાય કે થવા આવે, ત્યાં તો બીજું કામ શરૂ કર્યા વિના એમને ચેન પડતું નહિ.

ઉદ્યોગક્ષેત્રે આ મહાન પ્રયોગવીરનું જીવન એક રીતે ઋષિનું—આર્ષદ્રષ્ટાનું જીવન હતું. તે ખૂબ દૂરનું નિહાળી શકતા હતા. જમશેદજી તો ભારતના ઔદ્યોગિક યુગના ભવિષ્યવેત્તા જેવા જ હતા. એટલે જ ભવિષ્યમાં ભારત સ્વતંત્ર થાય તો એ દુનિયાના વિકસેલા દેશોની હરોળમાં ઊભી શકે એવી નક્કર ભૂમિકા તે રચી ગયા હતા. તેથી જ જમશેદજી તાતાનું નામ નવરાષ્ટ્રના મહાન ઘડવૈયાઓમાં ગૌરવભર્યા સ્થાને વિરાજે છે.

જમશેદજી તાતાને મિલ ઉદ્યોગ કરતાં કરતાં જણાયું કે, દેશનો ઔદ્યોગિક ક્ષેત્રે વિકાસ કરવો હોય, તો અદ્યતન યંત્રસામગ્રીની જરૂર ખરી: પણ સાથે સાથે લોખંડ અને પોલાદનીયે જોગવાઈ હોવી જોઈએ.

એટલે તેમણે આપણા દેશમાં લોખંડ વગેરે ઉપયોગી ધાતુઓ ક્યાંથી મળી શકે એમ છે એની શોધ કરવા માંડી. શોધ કરવાનું આ કામ તેમણે પોતાના મોટા દીકરા દોરાબજીને સોંપ્યું. એ માટે જેટલું ખર્ચ થાય એટલું કરવા જમશેદજી તૈયાર હતા. આ બાબતમાં તે યુરોપ–અમેરિકાના નિષ્ણાતોની પણ સલાહ લેતા હતા.

આપણા દેશમાં કેટલાક વખતથી વિદેશી ઉદ્યોગપતિઓ પણ આ અંગે શોધખોળ કરી રહ્યા હતા. દોરાબજી તાતા એક વખત મધ્ય પ્રાંતમાં આ વિશે તપાસ કરવા ગયા હતા. ત્યાંના અંગ્રેજ વડા અધિકારીને મળીને તે એમની સલાહ-સૂચના લેવા ગયા. પરંતુ મુલાકાતના સમયને હજી થોડી વાર હતી. એટલે તે ત્યાંના મ્યુઝિયમમાં ગયા.

મ્યુઝિયમમાં જોતાં જોતાં તેમની નજરે હિંદના મધ્ય પ્રાંતનો ભૂસ્તર–નકશો પડ્યો. એ નકશો જોતાં દુગ નામના જિલ્લાનો રંગ જોઈને દોરાબજીને લાગ્યું કે, એ જિલ્લાની જમીનના પેટાળમાં લોઢું મળે એવો સંભવ છે ખરો.

એટલે દોરાબજી કેટલાક ભૂસ્તરશાસ્ત્રીઓને લઈને કોઈને કહ્યા–મૂક્યા વિના ત્યાં પહોંચી ગયા. તપાસ કરતાં જણાયું કે, ત્યાંની પૃથ્વીના પેટાળમાં લોઢાનો મોટો ડુંગર પથરાયેલો છે! તેમને પણ એ જ જોઈતું હતું. નજીકમાં ઝરિયા

આવેલું છે ત્યાંથી કોલસો મળી શકે એમ હતું. પછી તો જમશેદજીએ એ માટે જોઈતાં નાણાં ભેગાં કર્યાં અને મધ્ય પ્રાંતના સાકૃચી નામના સ્થળે કામ શરૂ કરી દીધું. અવશ્ય એ કામ જમશેદજીના અવસાન પછી એમના પુત્રો અને સાથી કાર્યકરોએ ખૂબ જહેમત ઉઠાવીને પૂરું કર્યું. એ સ્થળે જમશેદપુરનું લોખંડ અને પોલાદનું ભવ્ય ઉદ્યોગનગર ઊભું થયું છે.

એ જ રીતે જમશેદજીને વિચાર આવ્યો હતો કે, મુંબઈના ઉદ્યોગોને વિકસાવવા હોય, તો વીજળીનો ઉપયોગ કર્યા વિના છૂટકો નથી. ત્યાંના ઉદ્યોગો કોલસા પર આધાર રાખતા હતા. તે જમાનામાં એ માટેનો કોલસો છેક ઇંગ્લેન્ડથી આવતો હતો. મધ્ય પ્રાંતમાં કોલસો નીકળવા માંડ્યો હતો ખરો. પરંતુ એ પણ એટલે દૂર મુંબઈ સુધી લાવવો તે સમયમાં ખૂબ મોંઘો પડતો હતો.

એટલે જમશેદજીએ મુંબઈ આસપાસના પ્રદેશનો અભ્યાસ કરવા માંડ્યો. તપાસ કરતાં તેમને જણાયું કે, પશ્ચિમઘાટમાં વરસાદ ખૂબ પડે છે. એના પાણીને નાથીને એમાંથી વિદ્યુતશક્તિ ઉત્પન્ન કરવામાં આવે, તો મુંબઈને એનો લાભ મળે.

જમશેદજીએ તરત જ એ દિશામાં ચક્રો ગતિમાન કરી દીધાં. પરંતુ તે એ કામ પૂરું થયેલું જોવા પામ્યા નહિ ! એમના પરિવારે એ કામ પૂરું કર્યું અને મુંબઈની રોનક બદલી નાખી આજનું મોટામોટા ઉદ્યોગથી ધમકતું, આંખને આંજી દે એવી રોશનીથી ઝળહળતું મુંબઈ જમશેદજીના પ્રયત્નને આભારી છે.

એવાં તો કેટકેટલાં સાહસો જમશેદજી તાતાએ કર્યાં, જેનો લાભ આજે આપણો આઝાદ ભારત દેશ ઉઠાવી રહ્યો છે.

## તાતાની ભવ્ય દેણ

જમશેદજી તાતાનું નામ વધારે ગૌરવશાળી કરનારું મહત્કાર્ય તો બેંગ્લોરની સંસ્થા 'ઇંડિયન ઇન્સ્ટિટ્યુટ ઑફ સાયન્સ' છે.

જમશેદજી તાતાને એ વાતની પ્રતીતિ થઈ હતી કે, દેશનો ઔદ્યોગિક અને શૈક્ષણિક ક્ષેત્રે વિકાસ કરવો હોય, તો આપણને વિજ્ઞાનની જુદી જુદી શાખાઓ અંગેના નિષ્ણાત વૈજ્ઞાનિકોની ખાસ જરૂર છે. એ માટે પરદેશમાં જઈને આપણા વિદ્યાર્થીઓ વિજ્ઞાનની જુદી જુદી શાખાઓનો વધુ અભ્યાસ કરે, એ જમશેદજી તાતાને પસંદ નહોતું. એ સારુ આપણા જ દેશમાં એવી વ્યવસ્થા શા માટે ઊભી ન કરવી જોઈએ ? એટલે તેમણે એવી સંસ્થા આપણા દેશમાં ઊભી કરવા માટે પ્રયત્નો શરૂ કર્યા.

આ વિશે યુરોપમાં કેવી જોગવાઈઓ છે અને ત્યાં કઈ પદ્ધતિએ વિજ્ઞાન-શિક્ષણ અપાય છે એનો ખાસ અભ્યાસ કરવા અને એને આધારે આપણા દેશ માટે કઈ પદ્ધતિ અનુકૂળ છે એ બાબતમાં ત્યાંના નિષ્ણાતોની સલાહસૂચના મેળવવા જમશેદજી તાતાએ પોતાના એક સાથી કાર્યકર બરજોરજી પાદશાહને યુરોપના પ્રવાસે મોકલ્યા.

પાદશાહ યુરોપથી આવ્યા પછી જમશેદજીએ એમનાં મંતવ્યો પર વિચાર કરીને બૅંગલોરમાં વિજ્ઞાન સંસ્થા સ્થાપવાનો નિર્ણય કર્યો. આ માટે મૈસૂર રાજ્યે પણ ઉદાર હાથે સહકાર આપ્યો.

પછી તો એ સંસ્થાનું બાંધકામ શરૂ કરવામાં આવ્યું. પરંતુ 'ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઑફ સાયન્સ'નું બાંધકામ પૂરું થયેલું અને એ સંસ્થાને કામ કરતી જોવાનું એ સંસ્થાના પ્રણેતા જમશેદજી તાતાના ભાગ્યમાં લખાયેલું નહોતું. તેઓ એ પહેલાં અવસાન પામ્યા. પરંતુ બીજાં કામોની માફક તાતા પરિવારે અને બીજા સાથી કાર્યકરોએ એ કામ પાર પાડ્યું. આજે એ સંસ્થા આપણા દેશને આશીર્વાદ-રૂપ થઈ પડી છે.

## કુટુંબ-વત્સલ જમશેદજી

જમશેદજી મોટામોટા કામમાં રોકાયેલા રહેતા, છતાં તેમનું કુટુંબજીવન એવું જ ઉષ્માભર્યું અને વાત્સલ્યપૂર્ણ હતું.

એમનાં ધર્મપત્ની હીરાબાઈ શાંત અને ધાર્મિક હતાં. જરથોસ્તી ધર્મનાં બધાં રીતરિવાજો અને નીતિનિયમોનું તે બરોબર પાલન કરતાં હતાં. ગરીબગુરબાંઓને દાનધર્માદા કરવામાં તેમનો હાથ છૂટો હતો. પોતાનાં સંતાનો અને સગાંવહાલાં તરફ પ્રેમાળ અને ઉદાર હતાં. પોતાના પતિની પ્રવૃત્તિઓ તે શાંતિથી નિહાળ્યાં કરતાં અને તેમના માર્ગમાં કદી દખલગીરી કરતાં નહિ. હીરાબાઈ સારી ગુણિયલ ગૃહિણીની માફક ઘરસંસાર સુખશાંતિથી ચલાવતાં હતાં.

જમશેદજી તાતાએ બે સુપુત્રો પણ એમના જેવા જ સાહસવીર અને પિતાને પગલે પગલે દેશની આબાદીને વધારે ઉજ્જવળ કરવા મથે એવા દેશને ચરણે ધર્યા હતા.

એમના મોટા પુત્ર દોરાબજીનો જન્મ ૧૮૫૯માં થયો હતો અને બીજા પુત્ર રતનજીનો જન્મ ૧૮૭૧માં થયો હતો. એમને એક વચેટ પુત્રી હતી જે ૧૮૭૧માં અવસાન પામી હતી.

જમશેદજી વત્સલ પિતા હતા. એમના પુત્રો સારી રીતે શિક્ષણ પામે, સંસ્કારી બને અને આગળ વધે એની સંભાળ રાખતા. તેમણે બંને પુત્રોને ઉચ્ચ

કેળવણી આપીને પોતાના વ્યવસાયમાં જોડી દીધા હતા. ધીમે ધીમે પુત્રોને જવાબ-દારીભર્યાં કામ સોંપીને તેમને તૈયાર કરવામાં જમશેદજીએ શિક્ષકની અદાથી કામ લીધું હતું.

જમશેદજી પુત્રોને ઘણી વાર કહેતા : 'તમે ભલે નવી નવી યોજનાઓ ઘડજો. પણ એટલું ખ્યાલમાં રાખજો કે, જે કામ હાથમાં લો એને બરોબર પાર પાડયા વિના રહેશો નહિ. જો તમારા મનમાં એ અંગે લેશમાત્ર પણ સગડગ હોય, તો એવું કોઈ નવું કામ નહિ ઉપાડશો તોયે ચાલશે. જે કામ હું પાછળ મૂકી જાઉં છું એને જાળવી રાખશો તોયે બસ છે.'

પરંતુ દોરાબજી અને રતનજી તાતા બંનેએ પિતાની માફક ઘણાં સાહસો સફળતાપૂર્વક ખેડયાં છે અને અઢળક ધન મોટમોટા ધર્માદા ફંડમાં આપીને પિતાના નામને વધારે દીપાવ્યું છે. આજે મુંબઈની કૅન્સર રોગ માટેની તાતા હૉસ્પિટલ એ તો તેઓની બહુ મોટી પુણ્ય ભેટ છે.

જમશેદજીએ પોતાના ભત્રીજા રતનજી ડી. તાતાને પણ પોતાની સાથે કામમાં જોડયા હતા. જે આગળ જતાં તાતા કુટુંબના એક નબીરા તરીકે જાણીતા થયા છે. આર ડી. તાતા તરીકે ઉદ્યોગ અને વ્યાપાર ક્ષેત્રે તે ખૂબ સફળ થયેલા છે.

જમશેદજી કુટુંબ–વત્સલ હતા. કુટુંબનાં અન્ય સગાંવહાલાં તરફ તે ધ્યાન આપતા અને સૌને સાચવતા. ઘરમાં પણ તેઓ 'બાપુજી' તરીકે સૌના આદરપાત્ર હતા. જમશેદજી બહુ ઓછાબોલા હતા. ઘરમાં પણ તે શાંતિથી રહેતા. અઢળક સંપત્તિના તે સ્વામી હતા. ઘર પણ સારું સજાવટવાળું હતું. પરંતુ પોતે સજ્જન પારસી ગૃહસ્થની માફક સાદગીથી રહેતા. સમય મળે ત્યારે ઘરમાં પણ તે કંઈ ને કંઈ વાંચતા બેઠા હોય. બહુ વહેલા ઊઠી જતા અને દરિયાકિનારે નિયમિત ફરવા જતા. ઘરમાં કોઈ માંદું પડે તો તે એની ચિંતા કરતા. એમ ઘરના તે વડલા-સમા હતા.

જમશેદજીમાં સફળ ઉદ્યોગપતિ તરીકેની એક શક્તિ એ હતી કે, તે પોતાના સાથી કર્મચારીઓની પસંદગી કરવામાં કુશળ હતા. સાથીઓને પણ કુટુંબના અદના માણસો હોય એમ રાખતા અને જવાબદારીભર્યાં મોટમોટાં કામ વિશ્વાસથી તેમને સોંપી દેતા. બેજનજી દાદાભાઈ મહેતા, બરજોરજી પાદશાહ, એ. જે. બિલિમોરિયા વગેરેએ પોતાને સોંપાયેલાં કામને પોતાનું જ ગણીને એને વિકસાવવામાં ઘણો મોટો ફાળો આપ્યો હતો.

## જમશેદજીનું ઉજ્જવળ જીવન

જમશેદજી તાતા સાધારણ સ્થિતિના કુટુંબમાં જન્મ્યા હતા. પરંતુ તેમણે ભગીરથ પુરુષાર્થ કરીને પોતાનું જીવન ઉજ્જવળ કર્યું છે. જમશેદજીની સફળતાનું મુખ્ય કારણ તેમનું નિર્મળ ચારિત્ર્ય હતું. તેમણે પોતાનાં સુકૃત્યોથી અને સચ્ચાઈથી જગતને બતાવી આપ્યું કે, ગમે તેવા પરાધીન દેશમાં પણ માણસ ધારે તો આત્મબળે પોતાનાં ભવ્ય સ્વપ્નાં સાકાર કરી શકે છે. એક સંસ્કૃત સુભાષિતમાં યોગ્ય જ કહ્યું છે : 'क्रियासिद्धिः सत्त्वे भवति, नोपकरणे ।' માણસમાં રહેલા સત્ત્વથી જ ક્રિયાસિદ્ધિ પ્રાપ્ત થાય છે, બાહ્ય સાધનો દ્વારા નહિ.

જમશેદજીના સમયમાં સંજોગો ઘણા પ્રતિકૂળ હતા. ૧૮૫૭ની ક્રાંતિ પણ એમના સમયમાં જ થઈ હતી. ભારતીય ક્રાંતિકારોને એમાં નિષ્ફળતા મળતાં અંગ્રેજ શાસકો વધારે કડક અને ઉદ્દંડ બન્યા હતા. દેશના વિકાસને કચડી નાખી દેશને કાયમને માટે પરાધીનતા અને કંગાલિયતમાં સબડતો રાખવાના જ પેંતરા તેઓ ગોઠવતા હતા.

એવા અંધકારમય સમયમાં જમશેદજી એકલા ટક્કર ઝીલીને પોતાની અડગતા અને નિર્ભયતાથી માર્ગ કાઢીને ભારતના અગ્રગણ્ય સપૂતોમાં સ્થાન પામ્યા હતા

જમશેદજી પ્રામાણિક, જાગ્રત, મક્કમ નિષ્ઠાવાળા અને પોતાની યોજનાઓને હિંમતપૂર્વક અને દૃઢતાથી પોતાની કલ્પના અનુસાર પાર પાડવાની ધગશવાળા હતા.

આટલી બધી સિદ્ધિ અને અઢળક સંપત્તિ એમને પ્રાપ્ત થઈ, છતાં તે નિરભિમાની જ રહ્યા. શાસનકર્તા અંગ્રેજો પણ પાછળથી એમનું હીર પારખી ગયા હતા અને તેમની સાથે મિત્રભાવે વર્તવા લાગ્યા હતા. તેઓ જમશેદજીને 'સર'નો ઇલકાબ આપવા માગતા હતા. પરંતુ જમશેદજીએ વિનયપૂર્વક ના પાડી દીધી હતી. તેઓ તો ભારતના એક અદના માનવી તરીકે જ રહેવા અને જીવવા માગતા હતા

જમશેદજી તાતાનું હૃદય કરુણાસભર હતું. ગરીબોને વેઠવી પડતી યાતનાઓની વાત કરતાં તેમની આંખ ભીની થઈ જતી. એમની અનુકંપાની વાત કરતાં મુંબઈના ચીફ જસ્ટીસ સર લૉરેન્સ જેન્કિન્સે એક વાર સભામાં કહ્યું હતું : 'મેં આપ સૌની આગળ શ્રી તાતાની ગરીબો પ્રત્યેની અનુકંપાની વાત કરી છે એ માત્ર ખાલી શબ્દો વાપરવા ખાતર વાપર્યાં નથી: એમનામાં એ અનુકંપા સહજ હતી.'

એટલે જ જમશેદજી તાતા ફંડફાળામાં છૂટે હાથે મોટી રકમ આપતા અથવા દયાધર્મનું કંઈ કામ કરતા તે વખતે એનો લાભ ફક્ત પોતાની પારસી કોમને જ

મળે એ જોવાને બદલે સમગ્ર માનવજાતને મળે એની ખાસ કાળજી રાખતા હતા. જે માણસને ખરેખર મદદની જરૂર હોય તે રહી ન જાય એ તે ખાસ જોતા.

## જમશેદજીની સ્વદેશપ્રીતિ

જમશેદજી તાતાએ ઔદ્યોગિક ક્ષેત્રે આટલાં બધાં સાહસો ખેડયાં એ પાછળ તેમણે કીર્તિ કે ધનસમૃદ્ધિની એષના કદી રાખી ન હતી. તેમણે નમ્રભાવે પોતાના પારસી વડાઓના વચનને જ જાણે સાર્થક કરવાને તેઓનું ઋણ ચૂકવવા જિંદગીભર પ્રયત્નો કર્યા હતા.

ઈરાનથી પોતાના ધર્મનું રક્ષણ કરવા ગુજરાતના સંજાણ બંદરે ઊતરી આવેલા ધર્મિષ્ઠ પારસીઓએ ત્યાંના રાણાને વચન આપ્યું હતું કે, 'અમે તો દૂધમાં જેમ સાકર ભળી જાય, તેમ તમારી પ્રજા સાથે ભળી જઈશું.' ત્યારથી પારસીઓ ભારતવાસી બની જઈને ભારતના હિત માટે સદા મથતા આવ્યા છે.

દાદાભાઈ નવરોજી, જમશેદજી તાતા, ફિરોઝશાહ મહેતા, પીટીટ કુટુંબ, જીજીભાઈ કુટુંબ, દિનશા વાચ્છા, કામા કુટુંબ વગેરે કેટલાય ઉમદા પારસી સજ્જનોએ આપણા દેશ માટે તન-મન-ધન સમર્પીને ઘણું ઘણું કર્યું છે. અને કવિશ્રી ખબરદારની માફક સાબિત કરી આપ્યું છે કે—

'અમે દેશી, દેશી, દેશી !
આ દિવ્ય અમારો દેશ !'

જમશેદજી તાતાને એક વાર એક જણે વિચાર્યા વગર કહ્યું : 'તમને ભારતીય કોંગ્રેસ સાથે કશી લેવાદેવા નથી. તમે કંઈ ઓછા ભારતવાસી છો કે તમને ભારતના હિત માટે આટલું બધું લાગે છે ?'

આ સાંભળીને જમશેદજી તાતા અકળાઈ જઈને બોલી ઊઠયા : 'જો હું ભારતવાસી નથી, તો કોણ છું ?' જમશેદજી પહેલા ભારતવાસી હતા, પછી પારસી. પારસી તરીકે પોતાને ઓળખાવીને સંકુચિત સીમામાં બંધાઈ રહે એવા તે ન હોતા. તેમના દિલમાં ભારત માટે પ્રીતિ હતી. પોતાની જન્મભૂમિ ભારત માટે ભક્તિભાવ હતો.

એટલે જ જમશેદજી તાતા ભલે જાહેરમાં હિંદની મુક્તિ માટે રાજકીય ક્ષેત્રે બહાર આવ્યા નથી, પણ હિંદને સ્વતંત્ર કરવા માટેના એકે એક પ્રયત્નમાં તેમનો અંતરથી સાથ હતો. તેથી જ કોંગ્રેસની પ્રવૃત્તિ પ્રત્યે પણ જમશેદજી સહકારની ભાવના સેવતા હતા.

મુંબઈના એતાજ બાદશાહનું બિરુદ પામેલા ફિરોઝશાહ મહેતાએ એટલે જ જમશેદજી તાતા વિશે યોગ્ય જ કહ્યું છે : 'સામાન્ય માન્યતા એવી છે કે જમશેદજી તાતાએ જાહેર જીવનમાં ભાગ લીધો નથી અને રાજકીય આંદોલનને સાથ આપ્યો નથી, એ ખરેખર ભૂલભરેલું છે. રાજકીય બાબતો અંગે એમના જેવા સ્પષ્ટ અને મક્કમ વિચારો ધરાવનાર ભાગ્યે જ કોઈ હશે. ભલે તેમણે જાહેરમાં ભાગ લીધો નથી કે ભાષણ આપ્યું નથી, પરંતુ તેમણે જિંદગીભર રાજકીય આંદોલનને મદદ કરી છે, માર્ગદર્શન આપ્યું છે અને સહકાર પણ આપ્યો છે. એની સાબિતી માટે એટલું કહેવું પૂરતું છે કે, જમશેદજી મુંબઈ ઈલાકાની અગ્રગણ્ય રાજકીય સંસ્થા 'બોમ્બે પ્રેસિડેન્સી એસોસિયેશન'ના સ્થાપક સભ્યોમાંના એક હતા.'

અને વાત પણ સાચી છે. જમશેદજી તાતા આ સંસ્થાને સમય અને સંપત્તિ મુક્ત મને આપતા રહ્યા હતા. આ સંસ્થા ખરી રીતે કૉંગ્રેસની જ સ્થાનિક શાખા હતી. ૧૮૮૩માં કૉંગ્રેસનો જન્મ થયો, ત્યારે જમશેદજી તાતા હાજર હતા અને પહેલાંથી જ કૉંગ્રેસના ધ્યેયો પ્રત્યે એમને સંપૂર્ણ સહાનુભૂતિ હતી.

મહાત્મા ગાંધીજીએ દારૂબંધી અંગે ઝુંબેશ ઉઠાવી હતી એ પહેલાં ઘણાં વર્ષ અગાઉ આ વિચાર જમશેદજી તાતાને પણ આવ્યો હતો. એમના મનમાં દેશના અભ્યુદય માટે ઘણા સુધારાઓ કરવાના વિચારો આવતા હતા, એમાં દારૂ-બંધી અંગેનો વિચાર મોખરે હતો.

જમશેદજી માનતા હતા કે, દેશને અને સમાજને પાયમાલ કરનાર દારૂ જ છે. જ્યાં સુધી એ સેતાનને આપણા દેશમાંથી અને સમાજના એકેએક થરમાંથી દેશવટો નહિ આપીએ, ત્યાં સુધી આપણો દેશ અને સમાજ સુખી અને સમૃદ્ધ નહિ થાય. આ વેળાએ પણ જમશેદજી ગરીબ અને અભણ વર્ગને જ ખ્યાલમાં રાખીને વિચારતા હતા. દારૂ આ ગરીબ અને અભણ કામદારો, મજૂરો વગેરેની જિંદગીનું સત્યાનાશ કરે છે એ વિચારથી તે થથરી ઊઠતા હતા અને તેમને થતું કે, દારૂબંધી વહેલામાં વહેલી તકે દાખલ કરવી જ જોઈએ.

એમના જીવનનો એ પ્રસંગ જમશેદજી દારૂને કેટલા તિરસ્કારતા હતા એ જાણવા પૂરતો થશે.

એક વાર જમશેદજી બીમાર પડ્યા. એટલે એમના દાક્તરે એમને દવા તરીકે થોડી બ્રાંડી-વિલાયતી દારૂ-આપી દીધી. એનાથી જમશેદજીની તબિયતમાં સુધારો જણાયો.

આ જોઈને દાક્તર ખુશ થતા બોલ્યા : 'જોયું ને, જમશેદજીને બ્રાંડી કેવી માફક આવે છે ? એના વિના ચાલે એમ નથી. જમશેદજીને અંદરખાનેથી બ્રાંડી ગમતી જ હશે.'

આ વાતની જમશેદજી તાતાને જાણ થતાં તે ગુસ્સામાં બોલી ઊઠ્યા : 'એ મૂરખ શું બકતો હતો ? શું તે એમ માને છે કે મને દારૂ પીવો ગમે છે ? હું તો દારૂને ઝેરની માફક ધિક્કારું છું. મારું જો ચાલે તો દારૂને દરિયામાં ફેંકી દઈ એને દેશમાંથી હંમેશને માટે દેશવટો આપી દઉં !'

## અંતિમ દિવસો

આમ, જમશેદજી તાતા પચાસ વર્ષના થયા ત્યાં સુધી રાતદિવસ કોઈ ને કોઈ પ્રવૃત્તિમાં રચ્યાપચ્યા રહ્યા હતા. દેશના વિકાસમાં ઉપકારક થનારી યોજનાઓને વિકસાવવામાં અને વધારવામાં તે હંમેશા ડૂબ્યા રહેતા. એ જ એમને માટે રસનો વિષય હતો. પોતાની ઑફિસમાં એક દિવસ પણ ગેરહાજર રહેવું એમને ભારે કંટાળાજનક લાગતું. રવિવાર તેમ જ બે–ચાર મોટા તહેવારો સિવાય જમશેદજી તાતાનું કામ ચાલતું જ હોય. પ્રવાસ સિવાય તે ભાગ્યે જ આરામ કરતા.

પરંતુ પચાસ વર્ષ પછી અવસ્થા વર્તાવા લાગી. છતાં એમની સારી તંદુરસ્તીને લીધે તથા શારીરિક સુદૃઢ બાંધાને લીધે તે પોતાનું કામ કર્યે જતા હતા. તેમને કોઈની, અરે પોતાનાં સ્વજનોની પણ, મદદ લેવાનું ગમતું નહિ. તે કહેતા, 'આવો ભવાડો મને ગમતો નથી ! જરા બીમાર પડ્યો, એટલે બધાં દોડાદોડી કરવા લાગી જાય એ સારું કહેવાય ? શરીર છે ને બગડે પણ ખરું; એમાં આવો બધો દેખાવ કરવાની શી જરૂર ?'

મોટી ઉંમર થતાં તેમના પગમાં પીડા થતી. તેથી તે પગથિયાં ચડી શકતા નહિ. મેડો ચડવાનો હોય તો એમના દીકરા કે બીજાં સ્વજનો એમને કહેતા : 'બાપુજી, તમે ખુરસીમાં બેસો. અમે તમને ઉપર ઊંચકી જઈશું.'

પણ જમશેદજી ચોખ્ખી ના પાડી દેતા અને ધીમે ધીમે, કોઈની પણ મદદ લીધા વિના ઉપર ચડી જતા.

૧૯૦૪ની શરૂઆતમાં એમની તબિયત વધારે બગડી. દાક્તરોએ ઉપચાર માટે એમને પરદેશ જવા સલાહ આપી. પરંતુ એ દિવસોમાં એમનાં ધર્મપત્ની હીરાબાઈની તબિયત પણ સારી રહેતી ન હતી. એટલે એમને મૂકીને જમશેદજી પરદેશ જવા તૈયાર ન થયા.

એવામાં હીરાબાઈની તબિયત સુધરી ગઈ. એટલે હીરાબાઈ વગેરેએ એમને ઉપચાર માટે જર્મની જવા રજા આપી. ના છૂટકે તે જવા નીકળ્યા.

જ્યારે જમશેદજીએ મુંબઈ છોડયું, ત્યારે હીરાબાઈની તબિયત સારી હતી. પરંતુ થોડા દિવસમાં જ તબિયતે ઊથલો ખાધો ! તેમને એકાએક લકવાનો હુમલો આવ્યો. અને હીરાબાઈનું અવસાન થયું !

આ દુઃખદ સમાચાર જમશેદજી તાતાને મોકલવામાં આવ્યા. આ દુઃખદ સમાચાર સાંભળીને જમશેદજી તાતા થોડા વખત માટે ઊંડા વિચારમાં ડૂબી ગયા. એમની બુદ્ધિ જાણે આ કારમા અને અણધાર્યા આઘાતથી બહેર મારી ગઈ.

થોડા દિવસ જમશેદજી ઊંડી નિરાશામાં ડૂબેલા બેસી રહેતા. કોઈ સાથે વાતચીત કરવાનું પણ તેમને મન થતું નહિ.

છેવટે થોડી કળ વળતાં તેમણે કુટુંબીજનો પર દિલાસાનો પત્ર લખ્યો અને તેમના પુત્ર રતનજીને લખી જણાવ્યું કે, હીરાબાઈની યાદગીરીમાં નવસારીમાં પ્રસૂતિગૃહ શરૂ કરવા ૩૫૦૦૦ રૂપિયા દાનમાં આપજો.

પરદેશમાં ઉપચારો ચાલુ હતા, છતાં જમશેદજીની તબિયત ધીમે ધીમે બગડતી ચાલી. છેવટે તેમને બેડનોહેમમાં વધુ ઉપચારાર્થે લઈ જવામાં આવ્યા. પરંતુ ત્યાં ૧૯મી મે ૧૯૦૪ને રોજ જમશેદજી તાતાએ દેહ છોડયો !

જમશેદજી તાતાના મૃતદેહને ઇંગ્લેન્ડ લઈ જવામાં આવ્યો. ત્યાં પારસી ધર્મ અનુસાર બધી ધર્મવિધિ કરવામાં આવી. પછી લંડનની બ્રુકવુડની સ્મશાન–ભૂમિમાં એમના મૃતદેહને દફનાવવામાં આવ્યો.

જમશેદજી તાતાના અવસાનના સમાચાર આપણા દેશમાં અને દુનિયાભરમાં પહોંચી જતાં સૌએ ઊંડું દુઃખ અનુભવ્યું.

આપણા દેશે તો મહાન દેશહિતચિંતક, આપણી માતૃભૂમિને નિષ્ઠાપૂર્વક ચાહનાર અને અજોડ ઉદ્યોગપતિ ગુમાવ્યા ! ગરીબોના અને કામદારોના તો આશ્રયદાતા જ જતા રહ્યા ! હિંદીઓ, અંગ્રેજો અને બીજા દેશોના મિત્રોએ એમને માટે આંસુ સાર્યાં.

આપણા દેશના આ મહાન સપૂત આજે પણ એમનાં મહાન સત્કૃત્યોથી આપણી વચ્ચે અમર થઈને વિરાજે છે. લોર્ડ સિડનહામે જમશેદજી તાતાને જે ભવ્ય અંજલિ આપી છે એ યાદ રાખીને આપણે પણ એવું ઉજ્જવળ જીવન જીવી જઈએ તો ઘણું !

'એમની પાસે અઢળક ધન આવ્યું, પરંતુ તેઓ પોતાના સ્વભાવ પ્રમાણે સાદા, ઉમદા ગૃહસ્થ તરીકે છેવટ પર્યંત રહ્યા. એમણે ઇલ્કાબની કે પ્રતિષ્ઠિત મોભાની ખેવના કદી કરી નથી. એવાં માનઅકરામથી જમશેદજી તાતા સદા દૂર જ રહેતા હતા. જે ભૂમિએ એમને જન્મ આપ્યો એ ભારતભૂમિને તેઓ અમાપ પ્રેમભક્તિથી જિંદગીભર ચાહતા રહ્યા.'

આપણો ભારતદેશ જમશેદજી તાતાનો સદાકાળ ઋણી રહેશે અને આપણા નવરાષ્ટ્રના એક મહાન ઘડવૈયા તરીકે એમને હમેશાં યાદ કરશે.

## ૩. વિઠ્ઠલભાઈ પટેલ

૧૯૨૫ની સાલ હતી. આપણા દેશમાં અંગ્રેજોનું શાસન હતું.

એક વાર એક અમેરિકન દંપતી પ્રવાસ કરતાં કરતાં દિલ્હીની વડી ધારાસભાનું સભાગૃહ જોવા આવ્યાં. એ લોકોએ એમને આપવામાં આવેલું પ્રવેશપત્ર વરંડામાં આંટા મારતા, ખાદીનાં કપડાં પહેરેલા એક ભાઈને બતાવ્યું અને વિનંતી કરી કે, અમને એસેમ્બ્લી હૉલ બતાવો.

પેલા ભાઈએ એ દંપતીને બધે ફરીને બધું બતાવ્યું અને પછી સ્પીકરની ઑફિસમાં લઈ જઈ બેસાડયાં, પાણી પાયું. પછી તેમણે કહ્યું : 'હજી ધારાસભા શરૂ થવાને વાર છે. તમે અહીં આરામથી બેસો. પછી તમે ધારાસભા શરૂ થાય ત્યારે હૉલમાં જજો.' એમ કહીને એ ભાઈ બહાર નીકળવા લાગ્યા.

પેલાં અમેરિકન દંપતીને થયું, આ સજ્જને આપણને બધે ફેરવીને બતાવ્યું, માટે બક્ષિસ તરીકે કંઈ આપવું જોઈએ.

એટલે અમેરિકન ભાઈએ એમને ઊભા રાખીને બક્ષિસ રૂપે પૈસા આપવા માંડયા.

પેલા ભાઈએ હસીને એ લેવાની સાભાર ના પાડી અને તે ઑફિસની બહાર નીકળી ગયા.

થોડી વાર પછી ધારાસભા શરૂ થઈ. દંપતી સભાગૃહમાં આમંત્રિતોની જગ્યાએ આવીને બેઠાં. થોડી વારમાં સ્પીકર આવ્યા અને ખુરશીમાં બેઠા.

સ્પીકરને જોઈને પેલાં અમેરિકન દંપતી છોભીલાં પડી ગયાં! તેમને થયું, 'અરે આ શી ગફલત થઈ ગઈ! આપણે તો માનવંતા સ્પીકર મહાશયને સામાન્ય માણસ માનીને બધે ફેરવ્યા! અરે, એટલું જ કર્યું હોત તો ઠીક હતું. પરંતુ આપણે તો એમને સામાન્ય આર્થિક સ્થિતિવાળા માનીને બક્ષિસ આપવાની મૂર્ખાઈ કરી બેઠાં! એ મહાશયે આપણા વિશે શું ધાર્યું હશે?' એમ તેઓ બંને પસ્તાવા લાગ્યાં.

બેઠક પૂરી થયા પછી તેઓ બંને સ્પીકરની ઑફિસમાં ગયાં અને ગેરસમજથી તેઓએ સ્પીકર મહાશયની બેઅદબી કરી બેઠાં હતાં એની તેઓ માફી માગવા લાગ્યાં

સ્પીકર હસતા હસતા બોલ્યા : 'એમાં જરાયે દુ:ખ લગાડશો મા. તમે પરદેશથી અમારે ત્યાં આવ્યાં છો, એટલે તમે અમારા મહેમાન કહેવાઓ. આટલું પણ હું તમારે માટે ન કરું; તો નગુણો કહેવાઉં.'

આ ભાઈ તે બીજા કોઈ નહિ, પણ બ્રિટિશ શાસન દરમિયાન પ્રથમ હિંદી સ્પીકરનું ગૌરવભર્યું સ્થાન પામનાર વિઠ્ઠલભાઈ પટેલ હતા !

નાનકડા ગામડા ગામમાં સામાન્ય ગણાતા ખેડૂતને ત્યાં જન્મીને સ્વપુરુષાર્થથી આટલી ઊંચી પદવીએ ચડનાર વિઠ્ઠલભાઈ પટેલનું વીરતાભર્યું જીવન આપણને પણ પોરો ચડાવે એવું છે.

## માતાપિતા

ગુજરાતમાં સુંદર ચરોતર પ્રદેશ આવેલો છે. એના મધ્ય ભાગમાં આવેલા આણંદ તાલુકાનું કરમસદ ગામ એ વિઠ્ઠલભાઈનું વતન. ખેતીબંધા પાટીદાર કુટુંબમાં એમનો જન્મ.

વિઠ્ઠલભાઈનો જન્મ ઈ. સ. ૧૮૭૩ના સપ્ટેમ્બરની ૨૭મી તારીખે એમના મોસાળ નડિયાદમાં થયો હતો.

વિઠ્ઠલભાઈના પિતાશ્રીનું નામ ઝવેરભાઈ. પિતાશ્રી બહુ સ્વતંત્ર મિજાજના અને કડક સ્વભાવના હતા. આમ તો તેમના ઘરની સ્થિતિ સાધારણ હતી, છતાં કોઈ પણ બાબતમાં કોઈથી દબાય તો શાના જ ? પ્રથમથી જ ધર્મપરાયણ વૃત્તિના અને સ્વામીનારાયણના પરમ ભક્ત હતા.

વિઠ્ઠલભાઈનાં માતુશ્રીનું નામ હતું લાડબાઈ. લાડબા નરમ અને સુશીલ સ્વભાવનાં હતાં. ઘર ચલાવવામાં બહુ પાવરધાં હતાં. ઘરની સ્થિતિ ગરીબ હતી, છતાં મહેમાન પરોણા સારી રીતે સાચવતાં. કોઈ સાથે તકરારમાં ઊતરવું એમના સ્વભાવમાં જ નહોતું. સેવાભાવી વૃત્તિનાં તે હતાં પાડોશીનું પણ કામ કરી છૂટે. વહુઓને બહુ સારી રીતે રાખતાં. બાળકોને બરોબર સાચવતાં.

વિઠ્ઠલભાઈને ચાર ભાઈઓ અને એક બહેન : સોમાભાઈ, નરસિંહભાઈ, વલ્લભભાઈ, કાશીભાઈ અને ડાહીબહેન.

વિઠ્ઠલભાઈ અને વલ્લભભાઈ એ બંને ભાઈઓની જોડીએ આપણા દેશની આઝાદીના ઇતિહાસમાં ગુજરાતને ગૌરવવંતું કરે એવો અમૂલ્ય ફાળો આપ્યો છે.

## વિદ્યાભ્યાસ

વિઠ્ઠલભાઈને પાંચ વર્ષની ઉંમરે કરમસદ ગામની ધૂળી નિશાળમાં દાખલ કરવામાં આવ્યો. ઝવેરબાપા સાધારણ સ્થિતિના હતા. પણ પોતાના દીકરાઓ ભણેગણે અને આગળ આવે એવી તેમને હોંશ હતી.

ગામઠી નિશાળ આમ તો હતી સાવ સામાન્ય. પરંતુ એમાં એક શિક્ષક નિષ્ઠાવાન હતા. એમના સહવાસમાં આવનારા વિદ્યાર્થીઓમાં તે ઉત્સાહ રેડતા અને સુસંસ્કારોનું સિંચન કરતા. બાળક વિઠ્ઠલભાઈ પર આ શિક્ષકની ઊંડી છાપ પડી અને મોટપણે પોતાનું કામકાજ નિષ્ઠાપૂર્વક અને ચીવટથી કરવાની પ્રેરણા તેમને અણજાણપણે મળી હતી.

એ ધૂળી શાળામાં પ્રાથમિક શિક્ષણ પૂરું કરીને વિઠ્ઠલભાઈ હાઈસ્કૂલના શિક્ષણ માટે નડિયાદ ગયો.—કારણ કે તે વખતે કરમસદમાં આગળ અભ્યાસ કરવાની સગવડ નહોતી. વિઠ્ઠલભાઈ નડિયાદમાં પોતાના મામા ડુંગરભાઈ જીજીભાઈ પટેલને ઘેર રહેતો હતો.

વિઠ્ઠલભાઈ નાનપણથી જ ભારે તોફાની અને ટીખળી સ્વભાવનો હતો. એટલે ઘણીવાર શિક્ષકો, વિદ્યાર્થીઓ અને આડોશીપાડોશીઓ એની ઝપટે ચડી જતા.

વિઠ્ઠલભાઈ આમ તો હતો બુદ્ધિશાળી, પરંતુ તેના તોફાની સ્વભાવને લીધે એની એ શક્તિ, હોંશિયારી અને બુદ્ધિમત્તા આવાં તોફાનો કરવામાં નાહક વેડફાઈ જતી.

આમ છતાં વિઠ્ઠલભાઈને શાળાના ચાલુ અભ્યાસ અંગેનું બહુ વાંચવાને બદલે બહારનું વાંચવાનો ભારે શોખ હતો. એમાંય મહાપુરુષોનાં જીવનચરિતો અને જીવનપ્રસંગો વાંચવાનું એને બહુ જ ગમતું. વિઠ્ઠલભાઈના જીવન–ઘડતરમાં આ વાચને ખૂબ મોટો ભાગ ભજવ્યો હતો. મોટપણે એમનામાં જે ઉચ્ચ ગુણો, ત્યાગભાવના, દેશપ્રેમ, નિઃસ્વાર્થતા, નિર્ભયતા, સ્પષ્ટવક્તાપણું વગેરે જોવા મળે છે એના પાયામાં આવા વાચને જ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.

બીજું, વિઠ્ઠલભાઈની યાદદાસ્ત અજબ હતી. એક વખત વાંચે તો એને બધું બરોબર યાદ રહી જતું.

એક વખત એવું બન્યું કે, હાઈસ્કૂલમાં એક શિક્ષકે એક કસોટી વેળાએ ઇંગ્લેન્ડના જાણીતા રાજપુરુષ થોમસ વુલ્ઝી વિશે પ્રશ્ન પૂછ્યો. વિઠ્ઠલભાઈએ વુલ્ઝીનું જીવનચરિત પોતાની મેળે વાંચ્યું હતું. એટલે તેણે આ પ્રશ્નનો જવાબ ચોપડીમાં હતો એ પ્રમાણે જ વિગતવાર આપ્યો.

શિક્ષકને એનો જવાબ વાંચતાં મનમાં શંકા આવી. વિઠ્ઠલભાઈ આમ તો તોફાની અને ઊંધુંચત્તું કરનારા તરીકે નામીચો હતો. એટલે આવા તોફાની વિદ્યાર્થીને આવો વિગતભર્યો જવાબ આપતાં ક્યાંથી આવડે ? જરૂર એણે મૂળ પુસ્તકમાંથી ઉતારો કર્યો હશે !

એટલે શિક્ષકે એના પર પુસ્તકમાંથી ચોરી કરવાનો આરોપ મૂક્યો. પણ સ્વમાની વિઠ્ઠલભાઈ એ શાનો કબૂલ કરે ? તેણે શાળાના આચાર્ય પાસે જઈને આ સામે પોતાનો વાંધો રજૂ કર્યો.

આચાર્ય સમજદાર હતા. તેઓ વિઠ્ઠલભાઈમાં રહેલી તેજસ્વી શક્તિ પામી ગયા હતા. એટલે તેણે કહ્યું : 'જો તેં આ સવાલનો જવાબ યાદશક્તિને જોરે જ આપ્યો હોય, તો તારી યાદશક્તિની કસોટી કરવા તને એક બીજો ફકરો વાંચવા આપું છું. પછી એનો તું કેવો જવાબ આપે છે એ હું જોઈશ.'

એમ કહીને આચાર્યે વિદ્યાર્થી વિઠ્ઠલભાઈને એક બહારનો ફકરો વાંચવા આપ્યો.

વિઠ્ઠલભાઈએ એ ફકરો ધ્યાનપૂર્વક વાંચી લીધો.

થોડી વાર પછી આચાર્યે એને એ ફકરો લખી જવા કહ્યું.

વિદ્યાર્થી વિઠ્ઠલભાઈએ એ ફકરો બરોબર લખી આપ્યો.

આચાર્ય અને બીજા શિક્ષકો વિઠ્ઠલભાઈની આવી અદ્‌ભુત યાદશક્તિ જોઈને ખૂબ નવાઈ પામ્યા. આચાર્યે તેને ધન્યવાદ આપતાં કહ્યું : 'જો તું તારી આ શક્તિનો ઉપયોગ અભ્યાસના વિષયોમાં વાપરે, તો તું જરૂર મૅટ્રિકની પરીક્ષામાં સારા નંબરે પાસ થયા વિના રહેશે નહિ.'

શિક્ષકોને વિઠ્ઠલભાઈની આ શક્તિનો પરિચય થતાં તેઓ પણ તેને સમજાવીને કહેતા : 'તારી સ્મરણશક્તિ ઘણી જ સારી છે. જો તું તારા અભ્યાસમાં એ શક્તિ લગાવે, તો તું જરૂર પહેલો આવે એમ છે.'

પરંતુ વિઠ્ઠલભાઈએ એ સારી શિખામણને ગણકારી નહિ. આખરે એને જ સહન કરવું પડ્યું !

વિઠ્ઠલભાઈ સને ૧૮૯૧માં સ્કૂલ ફાઈનલ અને મૅટ્રિકની પરીક્ષામાં બેઠો. પરંતુ એમાં તે નાપાસ થયો !

પોતાને માટે કૉલેજનાં બારણાં બંધ થયેલાં જોઈને તેમણે ડિસ્ટ્રિક્ટ પ્લીડરની પરીક્ષા આપવાનો વિચાર કર્યો. એ સારુ સ્કૂલ ફાઈનલની પરીક્ષા પાસ કરીને વિઠ્ઠલભાઈ મુંબઈની ગોખલે લો સ્કૂલમાં જોડાયા.

વિઠ્ઠલભાઈને વકીલ બનવાની ઉત્કટ ઝંખના જાગી હતી. તેથી તેમણે ડાહ્યા થઈને બરોબર ધ્યાન દઈને અભ્યાસ કરવા માંડયો. તોફાન, ટીખળ વગેરે શાંત થઈ ગયાં હતાં. પરિણામે તેમણે ૧૮૯૫ની સાલમાં ડિસ્ટ્રિક્ટ પ્લીડરની પરીક્ષા સારી રીતે પસાર કરી.

સાથે સાથે અહીં આપણે એક વાતનો ઉલ્લેખ કરી લઈએ. એ જમાનામાં છોકરાંઓનાં લગ્ન નાનાપણમાં જ કરી નાખવામાં આવતાં. એ રિવાજ પ્રમાણે વિઠ્ઠલભાઈનાં લગ્ન વિદ્યાકાળ દરમિયાન જ સોળ વર્ષની ઉંમરે ખેડા જિલ્લાના સોજિત્રા ગામમાં દિવાળીબાઈ નામની કન્યા સાથે થઈ ગયાં હતાં.

## ગોધરામાં વકીલાત

ડિસ્ટ્રિક્ટ પ્લીડરની પરીક્ષા પસાર કરીને વિઠ્ઠલભાઈએ પંચમહાલ જિલ્લાના મુખ્ય મથક ગોધરામાં વકીલાત શરૂ કરી.

સામાન્યપણે નવાસવા વકીલને વકીલાતનું કામ શરૂ કરતાં બહુ મુશ્કેલી નડતી હોય છે. ખાસ કમાણી પણ થતી હોતી નથી. લોકોમાં જાણીતા થતાં પણ ઘણીવાર લાગે છે. પરંતુ વિઠ્ઠલભાઈ તો ટૂંક સમયમાં જ બાહોશ વકીલ તરીકે ઝળકી ઊઠયા.

એનું મુખ્ય કારણ હતું વિઠ્ઠલભાઈની હૈયા–ઉકલત. વિઠ્ઠલભાઈ કાયદાઓનો ઝીણવટભર્યો અભ્યાસ કરતા. નાનામાં નાની વિગતોમાં ઊંડા ઊતરીને એના પક્ષના અને એની વિરુદ્ધના બધા મુદ્દાઓ તારવવાની એમનામાં ભારે આવડત હતી. સામા પક્ષના માણસોને અમુક અટપટા મુદ્દાઓની જાળમાં ગૂંચવી નાખી હાંફળા-ફાંફળા કરી મૂકવાના દાવપેચમાં પણ વિઠ્ઠલભાઈ ખૂબ પાવરધા હતા. આ તકનો લાભ ઉઠાવીને તે સામા પક્ષના કેસને નબળો પાડવા સપાટો લગાવતા અને પોતાના પક્ષને મજબૂત કરી દેતા.

એટલે ગોધરાના ભલભલા વકીલોને અને મૅજિસ્ટ્રેટોને કોઈ ને કોઈ રીતે છક્કડ ખવડાવી વિઠ્ઠલભાઈ હેરાનપરેશાન કરી મૂકતા. કેસ ચલાવતાં ચલાવતાં એવી ઠાવકાઈથી અને ચાલાકીથી ગૂંચવણ ઊભી કરી દેતા કે, કોઈને કાયદાની ગતાગમ જ ન પડે! એમની સામે કાચાપોચા વકીલનું તો કામ જ નહિ. એ બાપડો પહેલાંથી સમજીને એમની સામે ઊભા રહેવાની હિંમત જ ન કરે. માથાભારે અને તુમાખી અંગ્રેજ સરકારના વકીલો અને મૅજિસ્ટ્રેટોને પણ બરોબર સીધાદોર કરી મૂકતા, તેમની ઊંઘ જ ઉડાડી મૂકતા.

પરિણામે વિઠ્ઠલભાઈ લોકોમાં બાહોશ અને નીડર વકીલ તરીકે જોતજોતામાં જાણીતા થઈ ગયા. ખાસ કરીને ફોજદારી કેસમાં તે એક્કા ગણાવા લાગ્યા.

વિઠ્ઠલભાઈના હાથમાં આવેલો કોઈ જટિલ કેસ અથવા બીજા વકીલોએ એ બાબતમાં હાથ ધોઈ નાખ્યા હોય એવો કેસ પણ એમના હાથે જીત પામે જ અથવા એનો સારી રીતે નિકાલ આવી જ જાય, એવી શ્રદ્ધા એમની બાબતમાં બધે ઊભી થઈ હતી.

આમ, વિઠ્ઠલભાઈ વકીલાતના વ્યવસાયમાં ગોધરામાં બરોબર જામી ગયા હતા. પરંતુ એમણે પોતાનું કાર્યક્ષેત્ર બદલવાનું વિચાર્યું અને તે બોરસદ આવીને રહ્યા.

એ જ અરસામાં વલ્લભભાઈ પણ ડિસ્ટ્રિક્ટ પ્લીડરની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા અને તે ગોધરા આવીને વકીલાત કરવા લાગ્યા. વલ્લભભાઈ પણ વિઠ્ઠલભાઈથી કોઈ રીતે ઊતરે એવા ન હતા. એમણે મોટાભાઈની પ્રતિષ્ઠાને પોતાની આવડતથી વધારે દીપાવી.

## બોરસદમાં તરખાટ મચાવ્યો

વિઠ્ઠલભાઈને બોરસદમાં પોતાની પ્રતિષ્ઠા જમાવતાં બહુ વાર નહિ લાગી. ગોધરામાં કાબેલ અને નીડર વકીલ તરીકેની એમની ઝળકતી કારકિર્દીની વાતો એમના આવતાં પહેલાં જ બોરસદની આસપાસના વિસ્તારમાં ક્યારની ફેલાઈ ગઈ હતી.

વલ્લભભાઈ ગોધરામાં બે જ વર્ષ રહીને ૧૯૦૨ ની સાલમાં ગોધરા છોડીને બોરસદ આવી ગયા. બોરસદ આવવાનું મુખ્ય કારણ એ હતું કે, બોરસદના સ્થાનિક સરકારી અમલદારો સાથે વિઠ્ઠલભાઈને ભારે ખટપટ ઊભી થયેલી.

બોરસદના મુખ્ય અમલદારોમાં રેસિડેન્ટ ફર્સ્ટક્લાસ મૅજિસ્ટ્રેટ, મામલતદાર અને ફર્સ્ટક્લાસ જજ એટલા હતા. આ ત્રણે જણ વિઠ્ઠલભાઈ સાથે દુશ્મનાવટ રાખતા કારણ એ હતું કે, પહેલાંના સબ જજ ઉપર લાંચરુશવતો લીધા બાબત તપાસ કરવા માટે વિઠ્ઠલભાઈએ કમિશન નીમવાનો ખાસ આગ્રહ રાખ્યો હતો અને એ પ્રમાણે કરાવીને એની સામે કેસ ચલાવ્યો હતો. તેથી વિઠ્ઠલભાઈની વિરુદ્ધ કંઈ પણ બહાનું મળી જાય, તો આ અમલદારો વેર લેવા માગતા હતા.

બોરસદથી ઘણા વકીલોએ આ વાતની જાણ વલ્લભભાઈને કરી. એટલે મોટાભાઈને મદદરૂપ થવાય, એ હેતુથી તેમણે બોરસદ આવવાનું કર્યું.

બન્ને ભાઈઓએ અંદરોઅંદર વિચારણા કરી. એ મુજબ બોરસદમાં વલ્લભભાઈ જુદું મકાન રાખીને રહેવા લાગ્યા. એ બંનેએ ચાણક્યનીતિ પ્રમાણે બધું ગોઠવ્યું. બહારનો બધો દેખાવ અને વ્યવહાર બંને ભાઈઓ એવો રાખવા લાગ્યા કે, બધા સરકારી અમલદારો એમ માની બેઠા કે આ બે ભાઈઓને એકબીજા સાથે ઊભું બનતું નથી. કોઈ કોઈ કેસમાં તો બંને ભાઈઓ જાણી જોઈને સામસામા ઊભા રહેતા. તે વખતે લોકોને ખૂબ જ રસ પડતો.

વલ્લભભાઈ પાસેના એક કેસમાં મામલતદાર બરાબર ભેરવાયો હતો. રેસિડેન્ટ મૅજિસ્ટ્રેટ એ મામલતદારનો મિત્ર હતો. તેથી તેને બચાવવા મૅજિસ્ટ્રેટ ઇચ્છતો હતો. એટલે અમલદારોને વલ્લભભાઈને શરણે ગયા વિના છૂટકો નહોતો. પરંતુ વલ્લભભાઈએ એ લોકોને જાણી જોઈને જરાયે મચક આપી નહિ.

એટલે એ અમલદારોને વિઠ્ઠલભાઈની મદદ લીધા વિના છૂટકો નહોતો. એ લોકોએ માન્યું કે, આ બે ભાઈઓને એકબીજા સાથે બારમો ચંદ્રમા છે, એટલે તેઓ વિઠ્ઠલભાઈની મદદ લેવા ગયા.

વિઠ્ઠલભાઈએ આ તક ઝડપી લીધી. તેમણે આ લોકો વિશે ઘટતું કરવાની વલ્લભભાઈને ભલામણ કરી.

વલ્લભભાઈ પણ મોટાભાઈની મુરાદ પામી ગયા. પોતાને આંગણે આવા માથાભારે સરકારી અમલદારોને ધક્કા ખાતા જોઈને, તેમણે બરાબર સોટો ઉગામ્યો. વિઠ્ઠલભાઈની વિરુદ્ધ એ બધા અમલદારો જે ખટપટ અને કાવતરાં કરતા હતા, એ વલ્લભભાઈએ બધાની આગળ ખુલ્લાં કર્યાં અને વિઠ્ઠલભાઈનો વિરોધ ન કરવાનું બધા અમલદારોને સમજાવ્યું. આમ બંને વચ્ચે મિત્રાચારી કરાવી.

## 'વી. જે. પટેલ' નામે બાજી ફેરવી !

બંને પટેલબંધુઓ પોતાના વકીલાતના વ્યવસાયમાં સારા જામી ગયા હતા. પરંતુ વલ્લભભાઈના મગજમાં બીજા વિચારો ઘણા વખતથી ઘૂમ્યા કરતા હતા.

વકીલાતનું કામ કરતાં કરતાં બંને ભાઈઓને કડવો અનુભવ થયો કે, ભારે કેસોમાં જ્યાં અસીલ પૈસાપાત્ર હોય, ત્યાં તે વલ્લભભાઈ કે વિઠ્ઠલભાઈને વકીલ તરીકે રોકે ખરા. પરંતુ મનમાં જીતવાની શંકા કે અધીરાઈ રહે, તેથી અમદાવાદથી બૅરિસ્ટર લઈ આવે. બૅરિસ્ટરો વકીલ કરતાં ફી પણ વધારે લેતા.

બંને ભાઈઓ જોતા કે, કેસ ચલાવવાની આવડત હોશિયારીમાં તો આ બૅરિસ્ટરો પોતાની તોલે જરાયે આવે એવા નહોતા. છતાં પોતે સામાન્ય વકીલ

હોવાને કારણે આવા બૅરિસ્ટરોના મદદનીશ તરીકે એમને કોર્ટમાં બેસવું પડતું અને ફી પણ બૅરિસ્ટરોની સરખામણીમાં ઓછી મળતી.

આ બધું સ્વમાની પટેલ બંધુઓને માથાના ઘા જેવું આકરું લાગતું. બૅરિસ્ટર થવું હોય તો વિલાયત જવું પડે. ખેડૂત–કુટુંબના એ ઘરતીના છોરુ પાસે એટલા પૈસાની જોગવાઈ ક્યાંથી હોય? પોતે વકીલાતના ધંધામાં એટલી મૂડી એકઠી કરે, તો ભણવા જવાય. બૅરિસ્ટરી માટે ત્રણ વર્ષ પરદેશમાં રહેવું પડે. એ માટે કંઈ નાનીસૂની રકમ ન ચાલે!

બે ભાઈઓમાં વિઠ્ઠલભાઈનો હાથ વધારે છૂટો. એમની કમાણી સારી હતી. પણ વિઠ્ઠલભાઈ કોઈને મદદ કરવામાં, બક્ષિસ આપવામાં, મિત્રમંડળને જમાડવા–કરવામાં મોકળે હાથે પૈસા ખર્ચી નાખતા. એટલે એમની પાસે બચત જેવું રહેતું નહિ.

પરંતુ નાના ભાઈ વલ્લભભાઈ ગણતરીબાજ હતા. તેમણે થોડા થોડા કરી પૈસા ભેગા કરવા માંડ્યા. જોઈતી રકમ એકઠી થતાં તેમણે વિલાયત જવા માટે સ્ટીમર વગેરેની વ્યવસ્થા કરવા 'ટોમસ કૂક ઍન્ડ સન્સ કંપની' સાથે પત્રવ્યવહાર ચલાવ્યો.

આ બધી તૈયારીની વાત વલ્લભભાઈએ વિઠ્ઠલભાઈને કરી નહોતી.

પરંતુ એક નાનો અકસ્માત એવો બન્યો કે આખી બાજી ફેરવાઈ ગઈ!

એવું બન્યું કે, બધું નક્કી થયાનો છેલ્લો જે જવાબ આવ્યો તે 'વી. જે. પટેલ' ને નામે હતો.

હવે વિઠ્ઠલભાઈ અને વલ્લભભાઈ એ બંને ભાઈઓનું ટૂંકું નામ અંગ્રેજીમાં 'વી. જે. પટેલ' જ થાય.

એટલે વલ્લભભાઈ પરનો 'વી. જે. પટેલ' નામનો એ પત્ર અકસ્માત વિઠ્ઠલભાઈના હાથમાં આવ્યો! તેમણે એ પત્ર પોતાનો સમજીને ફોડીને વાંચ્યો!

પત્ર વાંચ્યા પછી વિઠ્ઠલભાઈએ વલ્લભભાઈને કહ્યું: 'હું તમારાથી મોટો છું. માટે મને પહેલાં વિલાયત જવા દો. મારા આવ્યા પછી તમને જવાની તક મળશે. પણ તમારા આવ્યા પછી મારાથી નહિ જવાય.'

મોટાભાઈની આ વાત વલ્લભભાઈએ રાજીખુશીથી તરત જ માન્ય રાખી, એટલું જ નહિ, પણ તેમનું વિલાયતનું ખર્ચ મોકલવાનું પણ માથે લીધું.

## વિલાયત જવા ઊપડયા

વિઠ્ઠલભાઈ વિલાયત જવા તૈયાર થયા ખરા. પરંતુ એમનાં ધર્મપત્ની દિવાળીબાની રજા લેવી નાનીસૂની વાત નહોતી. એમને જો આ વાતની ખબર પડે, તો ઘરમાં ભારે કંકાસ જ ઊભો થાય. માટે આ બાબતમાં કુનેહથી કામ લેવાનું તેમણે વિચાર્યું.

એક દિવસે વાતચીત કરતાં કરતાં પત્નીને ચીડવવાનું બહાનું શોધી કાઢીને વિઠ્ઠલભાઈએ દિવાળીબાને કહ્યું : 'જુઓ, તમે જો મને આમ પજવ્યા કરશો, તો હું વિલાયત જતો રહીશ, સમજ્યાં કે?'

દિવાળીબા તરત જ છણકો કરીને બોલી ઊઠયાં : 'તમને રોકે છે કોણ? કાલ જતા હો તો આજે જ જાઓ ને!'

વિઠ્ઠલભાઈને પણ એ જ જોઈતું હતું. આડકતરી રીતે પત્નીની પરવાનગી મળી ગયેલી માનીને વિઠ્ઠલભાઈએ છાનામાના વિલાયત જવાની તૈયારી કરવા માંડી. બંને ભાઈઓએ ઘરમાં કે બહાર કોઈને પણ આ વાતનો અણસારો સુધ્ધાં આવવા દીધો નહિ.

પછી મુંબઈ જવાને દિવસે પત્નીના હાથમાં થોડી રકમ મૂકીને વિઠ્ઠલભાઈએ કહ્યું : 'વકીલાતની ફીના આ રૂપિયા આવ્યા છે. એ તારી પાસે રહેવા દે. હું એક ખાસ કામ માટે મુંબઈ જાઉં છું. થોડા દિવસોમાં પાછો આવી જઈશ'

પછી બંને ભાઈઓ મુંબઈ ગયા. ત્યાંથી વિઠ્ઠલભાઈ વિલાયત જવા ઊપડી ગયા.

## વિલાયતમાં વિદ્યાભ્યાસ

વિઠ્ઠલભાઈ સને ૧૯૦૫માં ઇંગ્લેંડ ગયા અને ત્યાંની 'લિંકન્સ ઈન' માં બૅરિસ્ટરનો અભ્યાસ કરવા દાખલ થયા લંડનના કેન્સિંગ્ટન લત્તામાં તેમણે રહેવાનું રાખ્યું.

લંડનનો વૈભવવિલાસ ભોગવવા કે એશઆરામ કરવા માટે એમની પાસે સમય નહોતો. વળી આ બધું કરવા સારુ એમની પાસે પૈસા પણ નહોતા. પોતે વકીલાત કરીને થોડુંઘણું બચાવ્યું હતું તેમ જ વલ્લભભાઈએ પોતાના અભ્યાસ માટે કરકસર કરીને કાળજીપૂર્વક જે મૂડી એકઠી કરી હતી એટલા દ્રવ્ય ઉપર વિઠ્ઠલભાઈને પોતાનો નિર્વાહ અને અભ્યાસ ચલાવવાનો હતો.

તેથી વિઠ્ઠલભાઈએ મોજશોખ વગેરે બાબતો તરફ જરા પણ લક્ષ જવા દીધું નહોતું. બંને ભાઈઓએ પરિશ્રમ કરીને ભેગા કરેલા પૈસાનો કેવી રીતે

સમજપૂર્વક સદુપયોગ કરવો અને કરકસરથી બધું કેમ ગોઠવવું એની સૂઝ તેમનામાં હતી.

એ જમાનામાં બૅરિસ્ટર બનવું એ કંઈ બહુ અઘરું કામ નહોતું. કાયદાનાં થોડાંક પુસ્તકોનું ઉપરછલ્લું વાચન અને અમુક ભોજન-સમારંભોમાં હાજરી આપવાથી તથા 'ઍટિકેટ'માં ફક્કડરામ થઈને ફરવાથી બૅરિસ્ટર થઈ જવાતું હતું.

પરંતુ આ રીતે બૅરિસ્ટર થવું વિઠ્ઠલભાઈને ગમતું નહોતું. તેમણે બૅરિસ્ટર થવા માટેનાં પુસ્તકોનો બહુ ચીવટથી અને ઊંડાણથી અભ્યાસ કરવા માંડ્યો. અભ્યાસ કરવો એટલે ઘણા વખત સુધી પુસ્તકોમાં માથું ઘાલીને વાંચ વાંચ કર્યા કરવું એ વિઠ્ઠલભાઈને ગમતું નહોતું. નિયમિત સમયે વ્યવસ્થિત અભ્યાસ કરવો એ તેમની પદ્ધતિ હતી. અભ્યાસકાળ દરમિયાન કેવળ વિદ્યાપ્રાપ્તિને જ તેમણે ધ્યેય બનાવ્યું હતું. તે વખતની વિઠ્ઠલભાઈની અભ્યાસ કરવાની પદ્ધતિ, વિલક્ષણ બુદ્ધિમત્તા અને સાદગી જોઈને તેમના સહાધ્યાયીઓને ખૂબ આશ્ચર્ય થતું.

એ જમાનામાં આપણા દેશમાંથી ઘણું કરીને શ્રીમંતોના છોકરાઓ જ બૅરિસ્ટરી માટે ઇંગ્લેંડ જતા હતા ત્યાં જઈને કરકસરથી રહીને અભ્યાસ કરનારા હિંદી વિદ્યાર્થીઓ ઘણા જ ઓછા હતા. આવા વિદ્યાર્થીઓમાંના એક વિઠ્ઠલભાઈ હતા.

બીજા ઘણા ખરા વિદ્યાર્થીઓની માફક મોજમજા કરવાની વિઠ્ઠલભાઈની વૃત્તિ નહોતી. સાદી રહેણીકરણી, સાદો પોશાક અને નિયમિત ખાવુંપીવું એટલી વાતથી તેમને સમાધાન મળી રહેતું. વિલાયત આવવાનો મુખ્ય હેતુ તેમણે પોતાની નજર સામે રાખ્યો હતો. તે એ કે બૅરિસ્ટર થવું. તેથી બૅરિસ્ટર માટેની પરીક્ષાનો ઉત્તમ રીતે અભ્યાસ કરવો અને તેમાં અડચણરૂપ થાય એવી બધી બાબતોથી સાવધપણે દૂર રહેવું, એ રીતે તેમણે પોતાનો જીવનવ્યવહાર ગોઠવ્યો હતો.

સાધારણ રીતે ત્રણ વર્ષે બૅરિસ્ટર થવાય. પણ જો કોઈ વિદ્યાર્થી છ સત્ર પૂરેપૂરાં ભરે, તો દોઢ વર્ષ પછી એને પરીક્ષા આપવી હોય તો આપી શકે. એમાં ઑનર્સમાં પાસ થાય તો છ માસની માફી મળે. વિઠ્ઠલભાઈએ એ રીતે પરીક્ષા આપી. એમાં તે પહેલા વર્ગ ઑનર્સમાં પ્રથમ નંબરે પાસ થયા. એ માટે તેમને પચાસ પાઉન્ડનું ઇનામ મળ્યું. અને છ માસની માફી મળી. આમ તેમણે ગૌરવ-ભેર અઢી વર્ષમાં બૅરિસ્ટરની પરીક્ષા પસાર કરી.

આ અભ્યાસ દરમિયાન એક બીજી પણ બાબત એમના વિશે નોંધવા જેવી છે.

વિઠ્ઠલભાઈએ અહીં ફક્ત કાયદાનાં પુસ્તકો જ વાંચ્યાં નહોતાં. દુનિયાના મુખ્ય મુખ્ય દેશોની રાજ્યવ્યવસ્થા અંગેનાં ઘણાં બધાં પુસ્તકો તેમણે વાંચ્યાં હતાં.

ખાસ કરીને બ્રિટિશ રાજ્યવહીવટ ઉપરનાં પુષ્કળ પુસ્તકો વાંચીને એનો ઊંડો અભ્યાસ કર્યો હતો.

વિઠ્ઠલભાઈ લંડનમાં વિદ્યાભ્યાસ અર્થે રહ્યા હતા. એ દરમિયાન હિંદના દાદા દાદાભાઈ નવરોજીના પરિચયમાં તે આવ્યા હતા. એ પરિચય તેમને આગળ જતાં લાભદાયી નીવડ્યો.

દાદાભાઈએ પરદેશમાં અભ્યાસ કરતા ભારતીય યુવાનોને સફળતા માટે પ્રેરક મંત્ર આપ્યો હતો : 'આંદોલન, આંદોલન, વધુ ને વધુ આંદોલન !' (એજિટેશન, એજિટેશન ઍન્ડ સ્ટિલ મૅાર એજિટેશન !)

વિઠ્ઠલભાઈના જીવનઘડતરમાં આ મંત્ર–બીજે ઊંડા ઊતરીને એમના જીવનને રાજકીય ઝોક આપવામાં ઘણો મહત્ત્વનો ફાળો આપ્યો હતો. તે વખતે તો વિઠ્ઠલભાઈને પોતે રાજકારણમાં સક્રિયપણે ઝંપલાવશે અને એમાં જ જીવનને સંપૂર્ણપણે હોમી દેશે એનો લેશમાત્ર પણ અણસાર નહોતો. એટલે તે વખતે આ પ્રેરક મંત્રે અણજાણપણે એમના પર પોતાની પકડ જમાવી દીધી હતી.

બૅરિસ્ટરી પરીક્ષાના પરિણામ બાદ, પદવીદાન સમારંભ પૂરો થયા પછી તરત જ વિઠ્ઠલભાઈએ દેશમાં આવવાની તૈયારી કરવા માંડી. ફરીવાર યુરોપ અવાય કે ન અવાય, માટે લાવને યુરોપમાં જોવા લાયક સ્થળો એ થોડું ફરી લઉં, એવો વિચાર પણ તેમણે કર્યો નહિ. અને સ્ટીમરનું નક્કી થતાં વિઠ્ઠલભાઈએ ઇંગ્લેંડનો કિનારો છોડયો. ૧૯૦૮ ની મધ્યમાં વિઠ્ઠલભાઈ ઉજ્જવળ સફળતા સાથે સ્વદેશ પાછા ફર્યા.

## સાંસારિક આફતના વમળમાં

વિઠ્ઠલભાઈએ વિલાયતથી બૅરિસ્ટર થઈને દેશમાં આવ્યા પછી પોતાનું કાર્યક્ષેત્ર બદલ્યું. તેમણે મુંબઈની હાઇકોર્ટમાં બૅરિસ્ટરી કરવા માંડી.

ત્યાં તો થોડા દિવસોમાં વલ્લભભાઈનાં ધર્મપત્ની ઝવેરબાને આંતરડાનો વ્યાધિ લાગુ પડયો. એટલે વિઠ્ઠલભાઈ એમને ઉપચારાર્થે મુંબઈ લઈ આવ્યા. હૉસ્પિટલમાં ઑપરેશન સફળ રીતે કરવામાં આવ્યું. પણ બીજે દિવસે તબિયતે ઊથલો માર્યો. અને ઝવેરબા ૧૯૦૯ ના પહેલા માસમાં અવસાન પામ્યાં !

થોડા દિવસો પસાર થયા, ત્યાં તો બીજી અણધારી આફત આવી પડી ! દિવાળીબા ખૂબ માંદાં પડી ગયાં. વલ્લભભાઈ એમને બોરસદ લઈ ગયા. પરંતુ ૧૯૧૦ ના આરંભમાં દિવાળીબા પણ અવસાન પામ્યાં !

દિવાળીબાનો સ્વભાવ તેજ અને આપમતિયો હતો. તેથી એમના ઘરસંસારમાં અવારનવાર ઘર્ષણ થયા જ કરતું હતું. પરંતુ વિઠ્ઠલભાઈ એ બધું શાંતિથી, ધીરજથી અને નિરપેક્ષભાવે સહન કરતા હતા. દિવાળીબા સાથેનો તેમનો ઘરસંસાર ઘણાં વર્ષો સુધી ચાલ્યો હતો. એટલે આવું હોવા છતાં એમના પ્રત્યે વિઠ્ઠલભાઈનો દિલમાં ઊંડો સદ્ભાવ જ હતો.

દિવાળીબાને એક દીકરી હતી ખરી. પણ તે નાનપણમાં જ ગુજરી ગઈ હતી. વિઠ્ઠલભાઈ વિધુર થયા ત્યારે તેમની ઉંમર સાડત્રીસ વરસની જ હતી. તે જમાનામાં પાટીદાર કોમમાં બે ત્રણ પત્ની કરવાનો રિવાજ હતો. વળી વિધુર થાય, એટલે છોકરીઓનાં માગાં આવીને ઊભાં જ હોય. એમાં પણ વિઠ્ઠલભાઈ જેવા બૅરિસ્ટર થયેલા અને પ્રતિષ્ઠિત પુરુષ માટે પડાપડી જ થાય. પરંતુ વિઠ્ઠલભાઈએ ફરી પરણવાનો વિચાર જ ન કર્યો. મિત્રો તેમ જ સગાંસંબંધીઓએ ખૂબ સમજાવ્યાં, પણ વિઠ્ઠલભાઈએ કોઈને મચક આપી નહિ.

## ગામડાંની દુર્દશાનો અનુભવ

આ અરસામાં વિઠ્ઠલભાઈ ગંભીર માંદગીમાં પટકાઈ પડયા ! સારવાર માટે તેમને આણંદના જાણીતા મિશન દવાખાનાના સેવાભાવી ડૉ. મમફોર્ડની સારવાર હેઠળ રાખવા પડયા. ત્યાં સાજા થતાં આણંદમાં આરામ લેવા તે રોકાયા.

આ રોકાણ દરમિયાન વિઠ્ઠલભાઈ ખેડા જિલ્લાના ખેડૂતોની અને ગ્રામજનોની સાચી સ્થિતિ અને સમસ્યાઓથી માહિતગાર થયા.

આ દિવસોમાં તેમણે ગામડાંની બેહાલ અને કફોડી સ્થિતિનો પ્રત્યક્ષ અનુભવ થયો. ગ્રામજનોની દાદફરિયાદ કોઈ સાંભળતું નહોતું. સાવ નજીવા કામ માટે પણ તેઓને ખૂબ હાડમારી વેઠવી પડતી હતી. સરકારી જોહુકમી અને મિજાજના ગ્રામજનો બાપડા ભોગ બનતા હતા ! અભણ ગરીબ ભોળા ખેડૂતો, ગ્રામજનો વગેરેની દશા આથી ખરેખર દયાજનક થઈ પડી હતી.

વળી સરકારી ચપરાસીથી માંડીને મોટામાં મોટા અમલદારો પણ ટાઢ, તાપ અને વરસાદ ખમીને, ખૂબ પરિશ્રમ કરીને ખેડૂતો થોડુંઘણું પકવે એમાંથી પણ ભૂખાળવા વરુઓની માફક ભાગ પડાવવા તૂટી પડતા; અને એ બધા સરકારી નોકરોને રાજી રાખવા બાપડા ખેડૂતોને કંઈ ને કંઈ ધરવું જ પડે.

## મામલતદારને પાઠ ભણાવ્યો

આ જ અરસામાં વિઠ્ઠલભાઈએ પોતાનો પરચો બતાવ્યો. આણંદમાં વિઠ્ઠલભાઈનું આરામસ્થાન તાલુકાના મામલતદારના ઘરની જોડાજોડ જ હતું.

તે દિવસોમાં મામલતદાર તાલુકાનો હાકેમ ગણાતો. ભલભલા આગેવાનો, શ્રીમંતો, વકીલો એમને રાજી રાખવા તક શોધ્યા જ કરતા. મામલતદાર પાસે મહેસૂલ ઉપરાંત ન્યાયની સત્તા પણ હતી. એટલે સૌ કોઈ એમની ખુશામત કરવામાંથી ઊંચા આવતા નહિ.

વિઠ્ઠલભાઈ સવારે નાહીધોઈને પરવારી ઘરના આંગણામાં ખુરશી પર આરામથી બેસતા. ત્યાં બેઠા બેઠા મામલતદારના ઘરમાં થતી હિલચાલ અને અવરજવર બારીકાઈથી નિહાળ્યા કરે. વિઠ્ઠલભાઈ એટલી નિરાંતે આસન જમાવીને બેસતા કે કોઈને અણસાર સુધ્ધાં ન આવે કે, ભાઈસાહેબ એ બધી પ્રવૃત્તિઓ ઉપર બેઠા બેઠા કરડી નજર રાખી રહ્યા છે!

વિઠ્ઠલભાઈ જોતા કે, દરરોજ કેટલાય ખેડૂતો ને ગામલોકો આ હાકેમને ખુશ રાખવા અનાજપાણી, શાકભાજી, કેરી વગેરે ફળફળાદિ વગેરે લઈ આવતા અને એમના ઘરમાં ઠાલવી જતા!

આ બધું જોઈને વિઠ્ઠલભાઈને મનમાં કંઈ ને કંઈ થઈ જતું. આવા ભૂખાળવા હાકેમની ભૂખને ડામવા તે પેરવી શોધવા લાગ્યા. વળી એમને એમ પણ થયું; 'આ તો હું નજરોનજર જોઉં છું. એ રીતે ગામડાંની ગરીબ પ્રજાને અને ખેડૂતોને આવા અમલદારો ફોલી જ ખાતા હશે!'

એક દિવસ મામલતદાર કોઈ કામ અંગે પ્રવાસે બહારગામ ગયા હતા.

વિઠ્ઠલભાઈએ આ સોનેરી તક ઝડપી લીધી. તે દિવસે જે કોઈ માણસ મામલતદારને ત્યાં અનાજ વગેરે આપવા આવે, તેને વિઠ્ઠલભાઈ ઠાવકું મોં રાખીને કહેતા: 'અહીં બધું મૂકી જાઓ. સાંજે સાહેબ આવશે ત્યારે પહોંચાડી દઈશ'

એવું કહી કહીને વિઠ્ઠલભાઈએ બધી ભેટસોગાદો ભેગી કરી.

સાંજે પેલા હાકેમ સાહેબ ઘેર પધાર્યા. એટલે વિઠ્ઠલભાઈએ મોટું પોટલું બાંધીને ભેગી થયેલી ચીજવસ્તુઓ એમની આગળ ધરીને કહ્યું:

'આપની રોજિંદી જરૂરિયાત કેટલી? અને ગરીબ બાપડાં પ્રજાજનો પાસેથી આટલી બધી વસ્તુઓ સ્વીકારીને આપ કરશો શું? આપને સરકારી તિજોરીમાંથી મળતો પગાર શું ઓછો પડે છે? સરકારે આપને આ રીતે વસ્તુઓ પોતાને માટે લેવાની પરવાનગી આપી છે ખરી?'

આવા આવા તાતાં તીરના જેવા સવાલો ઉપરાછાપરી પૂછીને વિઠ્ઠલભાઈએ એવો સપાટો ચલાવ્યો કે એ ભાઈસાહેબની બોલતી જ બંધ થઈ ગઈ! એ દિવસથી આવું મફતનું ભેગું કરવાની એ ખો જ ભૂલી ગયા!

## જાહેર સેવાકાર્યમાં ઝંપલાવ્યું

આ બધું જોઈને વિઠ્ઠલભાઈને થયું કે, માંદગીને લીધે અહીં રહેવાનું થયું એ સારું જ થયું. તો જ હું આ બધું નજરોનજર જોઈ શક્યો. એટલે ખેડૂતના દીકરા વિઠ્ઠલભાઈને લાગ્યું કે, પોતાનું ખરું કામ તો આ ગરીબ બાપડા ખેડૂતો અને ગ્રામજનોની વચ્ચે છે.

આ વિશે ઊંડો વિચાર કરતાં વિઠ્ઠલભાઈ એવા મત પર આવ્યા કે, આ સૌનો ઉપાય છે પ્રાંતિક ધારાસભામાં દાખલ થવું અને ધારાસભા મારફતે અનેક સુધારાઓ માટે પ્રયત્ન કરવો. આમ કરવું હોય તો બૅરિસ્ટરનો ધંધો છોડવો પડે અને પૂરો સમય જાહેર પ્રવૃત્તિ માટે આપવો રહ્યો.

આમ પણ વિધુર થવાથી અને ભારે માંદગીમાંથી હેમખેમ ઊઠ્યા પછી વિઠ્ઠલભાઈનું મન વિરક્ત થતું જતું હતું. એટલે છેવટે તેમણે નિર્ણય કર્યો કે, વકીલના ધંધાનો ત્યાગ કરવો અને જાહેર સેવાપ્રવૃત્તિમાં ઝંપલાવવું.

આવો નિર્ણય તો કર્યો, પણ જીવનનિર્વાહનું શું ? આ અંગે તેમણે વલ્લભભાઈ આગળ વાત મૂકી.

વલ્લભભાઈ તો મોટાભાઈને ગમે તે ભોગે સહાયરૂપ થવામાં પોતાની જીવનની ધન્યતા માનતા હતા. વિઠ્ઠલભાઈ જાહેર સેવાના નિઃસ્વાર્થ કામમાં જોડાવા ઇચ્છતા હોય, તો વલ્લભભાઈ એમાં મદદ કરવાની ના પાડે ખરા ?

વલ્લભભાઈએ રાજીખુશીથી વિઠ્ઠલભાઈનો આર્થિક ભાર ઉપાડી લઈ એમને નિશ્ચિંત કર્યા.

## ધારાસભાને ધ્રૂજાવી

એ જમાનામાં પ્રાંતિક ધારાસભામાં પ્રવેશ મેળવવો સહેલી વાત નહોતી. સામાન્ય સ્થિતિના સ્વતંત્ર વિચારકને માટે ઘણું અઘરું કામ હતું. તાલુકદારો, ગરાસદારો, જાગીરદારો, મૂડીપતિઓ તથા સરકારીતંત્રના લાગતાવળગતાઓનું જ જોર હતું.

પરંતુ વિઠ્ઠલભાઈ કોઈ પણ હિસાબે ધારાસભામાં પ્રવેશ પામ્યા ખરા.

મુંબઈ ઇલાકાની ધારાસભાનું સ્થળ મુંબઈ હતું. અને ૧૯૧૩ના જાનેવારીની છઠ્ઠી તારીખે મુંબઈ ધારાસભાના સભ્ય તરીકે વિઠ્ઠલભાઈનો સોગંદવિધિ થયો.

વિઠ્ઠલભાઈના વખતમાં મુંબઈના બેતાજ બાદશાહ ગણાતા સર ફિરોઝશાહ મહેતા, સર રઘુનાથ રાવ પરાંજપે, સર ચીમનલાલ સેતલવાડ, ઇબ્રાહીમ રહીમતુલ્લા, ગોકુળદાસ કહાનદાસ પારેખ જેવા મોટા ધુરંધરો મુંબઈ ધારાસભામાં હતા.

ધારાસભ્યનું કામ વિઠ્ઠલભાઈ માટે સાવ નવુંસવું હતું. તેથી તેમણે શરૂઆતમાં ધારાસભાની કાર્યવાહી અને તેની રીતરસમો કેવી છે, કઈ રીતે પ્રશ્નો પૂછવા, ઠરાવોની કેવી રીતે રજૂઆત કરવી, કોઈ ઠરાવ પર સુધારો કેવી રીતે મૂકવો વગેરે બાબતોનો ઊંડાણથી અભ્યાસ કરવા માંડયો.

વિઠ્ઠલભાઈ સચિવાલયની લાઇબ્રેરીમાં કે 'બોમ્બે પ્રેસિડેન્સી એસોસિયેશન'ની લાઇબ્રેરીમાં સવારે જઈને બેસતા અને આ બધી બાબતોને લગતાં પુસ્તકો તેમ જ પાછલા અહેવાલો વગેરેનું ચીવટપૂર્વક અધ્યયન કરવામાં આઠ આઠ કલાક ગાળતા.

આમ, પૂરેપૂરી માહિતી મેળવ્યા પછી વિઠ્ઠલભાઈએ પોતાનું પાણી બરોબર બતાવ્યું અને ધારાસભાને ગજાવવાનું શરૂ કરી દીધું.

વિઠ્ઠલભાઈ કોઈ પણ સવાલનો ઊંડો અભ્યાસ કર્યા વિના, એ માટે સંપૂર્ણ પૂર્વતૈયારી કર્યા વિના એ બાબત અંગે એક હરફ સુધ્ધાં ઉચ્ચારતા નહિ. એમની આ સ્વભાવગત ખાસિયતને લીધે જ એમના મુદ્દાઓમાં, એમની દલીલોમાં વજૂદ જણાતું અને તે ધારેલું પરિણામ લાવવામાં સફળ થતા.

વિઠ્ઠલભાઈ ઘણા બધા સુધારાઓ દાખલ કરીને બાહોશ ધારાસભ્ય તરીકે ઝળકી ઊઠયા અને સૌના દિલમાં વસી ગયા.

પરંતુ સરકાર પક્ષે ઊલટું હતું. ધારાસભામાં સરકારને સવાલો પૂછવાનો ઇજારો જાણે વિઠ્ઠલભાઈનો જ. એમની ધારાસભ્ય તરીકેની કારકિર્દી દરમિયાન સૌથી વધારે પ્રશ્નો એમણે જ પૂછ્યા હતા. અને સરકારને જરાયે અજુગતું પગલું ભરતાં સાવધ કરી મૂકી હતી. સરકારને પણ હંમેશાં દહેશત રહેતી કે, વિઠ્ઠલભાઈ કઈ ઘડીએ સવાલ ઊભો કરી વાંધો રજૂ કરશે! એટલે સરકારને વિઠ્ઠલભાઈ કણાની માફક ખૂંચતા હતા.

એટલે જ વિઠ્ઠલભાઈ જ્યારે દિલ્હીની વડી ધારાસભામાં જવા તૈયાર થયા, ત્યારે ગૃહમંત્રીએ ધારાસભામાં નિવેદન રજૂ કરતાં કહ્યું હતું :

'માનનીય શ્રી વિઠ્ઠલભાઈ હવે ઉપલી ધારાસભામાં જાય છે. એટલે પ્રશ્નો અને ઠરાવોનો તથા સુધારાનો જે ધોધમારો આ સભાગૃહ પર છેલ્લી ઘડી સુધી ચાલતો હતો તેમાંથી કાઉન્સિલ રાહત અનુભવશે.'

## મુંબઈના મેયર બન્યા

આગળ જતાં વિઠ્ઠલભાઈ મુંબઈના મેયરનું માનવંતું સ્થાન પણ પામ્યા.

વિઠ્ઠલભાઈ મુંબઈના મેયર તો બન્યા, પણ તે શોભાના ગાંઠિયા જેવા મેયર બનવા માગતા નહોતા.

એમની પહેલાંના મેયરોનું કામ ઘેર મોકલાતા કાગળો પર સહી કરી આપવાનું હતું. અને મ્યુનિસિપલ કમિશનર પોતાને યોગ્ય લાગે એવો કારભાર ચલાવતા.

પરંતુ વિઠ્ઠલભાઈએ આખી પ્રથા બદલી નાખી. મ્યુનિસિપાલિટીનો મેયર કેટલો કર્તવ્યનિષ્ઠ અને જવાબદારીના ભાનવાળો હોવો જોઈએ, એ પ્રથમ વિઠ્ઠલભાઈએ આચરી બતાવ્યું. મેયરનું પદ માત્ર માન સન્માનનું જ નહિ, પણ કર્તવ્ય બજાવવાનું સ્થાન છે, લોકસેવા એ જ એનું ધ્યેય છે, આ બધું વિઠ્ઠલભાઈએ પોતાના દાખલા પરથી સાબિત કરી બતાવ્યું.

હમણાં સુધી એવું ચાલતું આવ્યું હતું કે, જ્યારે મ્યુનિસિપાલિટીની કાઉન્સિલની સભા હોય તે જ વેળાએ મેયર સામાન્યપણે હાજર રહેતા. બાકી બીજી બધી વખતે સરકારે નીમેલા મ્યુનિસિપલ કમિશનર જ બધું કામકાજ સંભાળતા.

આવું હોય ત્યાં મ્યુનિસિપાલિટીનું કામ લોકોના વિચારને અને હિતને લક્ષમાં રાખીને કઈ રીતે ચાલતું હશે એની માત્ર કલ્પના જ કરવી રહી! કારણ કે મેયરની ગેરહાજરીમાં તો આ કમિશનર સર્વસત્તાધીશ તરીકે જ વર્તતો હતો! અને આવો મેયર ભલે સભામાં હાજર થતો હોય તોયે, મ્યુનિસિપાલિટીના રોજબરોજના કામકાજથી વાકેફ ન હોવાને કારણે, ભલે મેયર લોકનિયુક્ત હોય છતાં સરકાર-નિયુક્ત કમિશનર જ આખી સભાનો દોરીસંચાર કરતો હોય છે અને મેયરને માર્ગદર્શન આપતો હોય છે.

વિઠ્ઠલભાઈએ આ સ્થિતિ એકદમ પલટી નાખી.

મેયરને કશો પગાર મળતો હોતો નથી. પરંતુ તે જનતાનો સેવક છે એટલે તેણે મ્યુનિસિપાલિટીના બીજા બધા કર્મચારીઓની માફક કામ કરવું રહ્યું.

આ વાત સિદ્ધ કરવા માટે મેયર થયા એ પ્રથમ દિવસથી જ વિઠ્ઠલભાઈ સવારે ૧૧ થી સાંજે ૬ વાગ્યા સુધી મ્યુનિસિપાલિટીમાં બીજા કર્મચારીઓની માફક હાજર રહીને કામ કરવા લાગ્યા.

પહેલે દિવસે ૧૧ વાગે મેયર વિઠ્ઠલભાઈ મ્યુનિસિપાલિટીમાં આવ્યા. તે સીધા કમિશનરની ઑફિસમાં ગયા અને તેમણે કમિશનરને પૂછ્યું: 'મારી ઑફિસ ક્યાં છે?'

ત્યારે કમિશનર મિ. ક્લેટન બોલ્યા: 'મેયર માટે એવી કોઈ અલગ ઑફિસની વ્યવસ્થા હમણાં સુધી કરેલી નથી.'

વિઠ્ઠલભાઈએ નવાઈ પામતાં કહ્યું : ‘આ તો ભારે નવાઈની વાત છે! મારે આજે ને આજે ઑફિસ જેવું જોઈશે.’

એમ કહીને કૉર્પોરેશનના સભાખંડમાં જ કમિશનર પાસે એક પડદો એક ખૂણામાં બાંધી આપવાની વ્યવસ્થા કરી અને ત્યાં વિઠ્ઠલભાઈએ પોતાની ઑફિસ ઊભી કરી!

કમિશનર આ બધું એક જ ઝપાટે થઈ ગયેલું જોઈને ડઘાઈ જ ગયા. કારણ કે પહેલે જ દિવસે કમિશનરની ઑફિસમાં જવું, એમનું કામકાજ જોવું, પોતાની સ્વતંત્ર ઑફિસ ઊભી કરવી અને સાંજે છ વાગ્યા સુધી ત્યાં બેસી રહેવું— આ સઘળું બીજા કોઈ પણ મેયરે કદી કર્યું નહોતું!

વિઠ્ઠલભાઈએ એ કરી બતાવ્યું. પોતાના કામકાજ પર દેખરેખ રાખનાર પોતાના કરતાં બીજો પણ અધિકારી છે, એની કલ્પના આજ સુધી યુરોપિયન કમિશનરે કદી કરી સુધ્ધાં નહોતી. આનું પ્રત્યક્ષ દર્શન વિઠ્ઠલભાઈએ એમને કરાવ્યું.

હવે જૂનો જમાનો વહી ગયો અને નવો જમાનો, નવો કારભાર શરૂ થયો, એમ પટાવાળાથી માંડીને કમિશનર સુધીના સૌને લાગવા માંડ્યું. હમણાં સુધી તો મેયર અમુક પ્રસંગે જ હાજર રહેતા. એટલે એમને માટે ઑફિસ વગેરેની વ્યવસ્થા કરવા જેવું હતું જ નહિ. વિઠ્ઠલભાઈ કોઈ અજબ ખોપરીના મેયર આવ્યા એમ બધાને લાગ્યું.

સાથે સાથે એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે, વિઠ્ઠલભાઈએ પોતાના મેયર પદની મોટાઈ માટે કશું કર્યું નહોતું. તેમણે અલગ ઑફિસ માગી ખરી, પરંતુ એ માટે હૉલના એક ખૂણામાં પડદો બાંધીને જ ઊભી કરી હતી.

પરંતુ વિઠ્ઠલભાઈ પ્રત્યે આપણને માન ઊપજે એવી વાત તો આ છે : જ્યારે વિઠ્ઠલભાઈએ મેયરપદ છોડ્યું અને સામાન્ય સભાસદ તરીકે રહ્યા, ત્યારે તેમણે મેયર માટે સ્વતંત્ર ઑફિસ હોવી જોઈએ, એ માટે પૂરતું ફર્નિચર હોવું જોઈએ, પટાવાળા વગેરે કર્મચારીઓ અલગ હોવા જોઈએ અને આવવા જવાની સુવિધા જાળવવા સ્વતંત્ર મોટર પણ હોવી જોઈએ એવો ઠરાવ કાઉન્સિલમાં રજૂ કર્યો અને પસાર પણ કરાવ્યો.

આ બધી વ્યવસ્થા પોતાની કારકિર્દી દરમિયાન પણ વિઠ્ઠલભાઈ ઊભી કરી શક્યા હોત. પરંતુ એવી કોઈ સગવડ તેમણે પોતાને માટે માગી નહિ. આમાં તેમની વિનયશીલતા, વિવેક અને ત્યાગભાવના નજરે પડ્યા વિના રહેતાં નથી.

## વડી ધારાસભાના સ્પીકર

વિઠ્ઠલભાઈએ વડી ધારાસભાના સ્પીકર તરીકે પણ ત્યાં બરોબર સાફસૂફી કરી.

વિઠ્ઠલભાઈ ૧૯૨૪ની સાલમાં દિલ્હીની વડી ધારાસભામાં ચૂંટાયા. ત્યાર પછી ૧૯૨૫ માં તે વડી ધારાસભાના પ્રથમ હિંદી અધ્યક્ષ – સ્પીકર તરીકે ચૂંટાઈ આવ્યા.

વિઠ્ઠલભાઈને વડી ધારાસભાના અધ્યક્ષની ખુરશી મળી ખરી. પરંતુ એમના જેવા સ્વમાનપ્રિય માટે એ કાંટાળો તાજ હતો પરંતુ વિઠ્ઠલભાઈએ ધીરજ, સ્વસ્થતા, નિર્ભયતા, કુનેહ અને જાગ્રતતા જાળવીને પોતાનો પ્રભાવ પાડયો અને માથાભારે આપખુદ સરકારીતંત્રને ખળભળાવી મૂકયું. મનમાં એકેએક સરકારી અધિકારી એમનાથી ડરવા લાગ્યા. વિઠ્ઠલભાઈ કયારે પાણીમાંથી પોરા કાઢશે એની સૌને ફડક રહ્યા કરતી

વિઠ્ઠલભાઈ વડી ધારાસભાના સ્પીકર તરીકે ચૂંટાયા. ધારાસભામાં આવવાનો અને સ્પીકર યા અધ્યક્ષની ખુરશી પર બેસવાનો પહેલો દિવસ હતો.

બધા ધારાસભ્યો વિઠ્ઠલભાઈ કયા પોશાકમાં ધારાસભામાં દાખલ થશે એની જાતજાતની કલ્પના કરતા અને એ જોવાની ઉત્સુકતાથી રાહ જોઈ રહ્યા હતા.

વિઠ્ઠલભાઈ હમેશ મુજબ પોતાનો પાટીદાર પદ્ધતિનો ખાદીનો પોશાક પહેરીને આવશે? અથવા એવો પોશાક છોડીને અંગ્રેજી ઢબનાં કોટ–પાટલૂન પહેરીને પધારશે? અધ્યક્ષનો વિલાયતી કાપડનો ઝભ્ભો અને વીગ પહેરીને આવશે?

પરંતુ આ પ્રથમ હિંદી અધ્યક્ષે શું પહેર્યું હતું? ખાદીનો હમેશનો પોશાક, ધોતિયું અને કાળા રંગનો રેશમી ખાદીનો ઝભ્ભો!

અને એ ઝભ્ભો પણ કોણે બનાવ્યો હતો? હિંદની બુલબુલ તરીકે જાણીતાં કવયિત્રી અને દેશનેતા સરોજિનીદેવી નાયડુએ પોતાની કાળી રેશમી ખાદીની સાડીમાંથી પોતે એ ઝભ્ભો રાતોરાત સીવ્યો હતો.

વિઠ્ઠલભાઈએ પોશાક ખાદીનો પહેર્યો ખરો, પરંતુ માથે વીગ મૂકયા વિના ચાલે એમ નહોતું. તેથી તેમણે નાઇલાજે તે સ્વીકારી લીધી ખરી. પરંતુ એમના મનમાં બીજો વિચાર ચાલ્યા કરતો હતો.

અને એક દિવસ તેમણે એ વિચારને અમલમાં મૂકયો ત્યારે જ તે જંપ્યા. સ્પીકર સાહેબે એક દિવસ ગાંધીટોપી પહેરીને ધારાસભાના અધ્યક્ષની ખુરશી પર આસન જમાવ્યું!

એ જમાનામાં એવો રિવાજ હતો કે, વડી ધારાસભા શરૂ થાય, ત્યારે સામાન્ય રીતે વાઇસરોય સભાગૃહને સંબોધન કરે.

પરંતુ સંબોધન પ્રસંગનો શાહી ઠાઠ, દમામ અને દબદબો એવો રહેતો કે, સ્વતંત્ર વિચારના રાજકીય નેતાઓને એ ખૂબ જ ખૂંચતો. વાઇસરોય પોતાના દરબારી પોશાકમાં સભાગૃહમાં પ્રવેશે, ત્યારે એમનો ઝૂલતો, નીચે જમીન પર ઢસડાતો ઝભ્ભો હિંદમાંનાં નાનાંમોટાં દેશી રાજ્યોના રાજા–મહારાજાઓ ઊંચકવા માટે પડાપડી કરવા લાગતા. એને તેઓ માન સમજતા. વળી કારોબારીના સભ્યો કેડે તલવાર ખોસતા અને રાજાશાહી પોશાક પહેરતા.

આ પ્રસંગે વાઇસરોય જ્યારે સભાગૃહમાં પ્રવેશે, ત્યારે સ્પીકરે પોતાની ખુરશી ખાલી કરવી પડે અને નીચે બધા સભ્યોની સાથે એમને અલગ ખુરશી બેસવા માટે આપવામાં આવતી. પછી સ્પીકરની ખુરશીમાં બેસીને વાઇસરોય પ્રવચન આપતા.

આવી માનહાનિ વિઠ્ઠલભાઈ જેવા સ્વાભિમાની અને દેશપ્રેમી માણસ ક્યાંથી સહન કરે ? સ્પીકર વિઠ્ઠલભાઈએ તો વાતવાતમાં વાઇસરોયને કાને વાત પહોંચે એ રીતે મમરો મૂકી દીધો : 'વાઇસરોય સભાગૃહમાં પ્રવચન કરવા આવશે, ત્યારે હું મારી ખુરશીમાં જ બેસીશ અને વાઇસરોયે સ્પીકરની ચેમ્બરમાંથી જ ધારાસભામાં પ્રવેશ કરવો પડશે, શાહી દબદબામાં નહિ.'

વિઠ્ઠલભાઈની ચમકાવનારી આ વાત સરકારી વર્તુળોમાં જોતજોતામાં ફેલાઈ ગઈ. બધા ગભરાટમાં પડી ગયા. વાઇસરોયની સર્વોપરી સત્તા ઉપર આ તો મોટી તરાપ કહેવાય. આ બધા સરકારી મહાશયો સ્પીકરની ધારાસભાગૃહ પરની સંપૂર્ણ સત્તાનો સ્વીકાર કરવા તૈયાર નહોતા. સાથે સાથે તેઓ વિઠ્ઠલભાઈના કડક સ્વભાવથી પણ પરિચિત હતા. હવે શું થાય ? વિઠ્ઠલભાઈને કોણ સમજાવે ? બિલાડીને ગળે ઘંટ કોણ બાંધે ?

એ લોકોએ ખેડા જિલ્લાના એક માજી કલેક્ટર અને તે વખતના મધ્યસ્થ સરકારના એક ઉચ્ચ અમલદારને વિઠ્ઠલભાઈ પાસે એમને મનાવવા મોકલ્યા.

એ બંનેએ વિઠ્ઠલભાઈને વિનવણી કરતાં કહ્યું, 'આટલો એક વખત આ આગ્રહ છોડી દો તો સારું. હમેશના રિવાજ મુજબ ભલે આ વખતે શાહી ઠાઠ-માઠથી વાઇસરોયનું આગમન થાય. એ પછી બીજી વાર આ બાબત અંગે આપના સૂચન પ્રમાણે ગોઠવવા વિચારીશું. વાઈસરોય પોતે પણ આ અંગે સહમત થયા છે અને આપની ઇચ્છા મુજબ આ પદ્ધતિમાં ફેરફાર કરવા તૈયાર છે.'

વિઠ્ઠલભાઈ નોકરશાહીની આવી ટાળવાની નીતિ વિશે સુપરિચિત હતા. તે જાણતા હતા કે, એક વાર જો ઢીલું છોડીએ તો પછી આ લોકો માથે ચડી બેસે એવા છે. એટલે એમણે નમતું આપવાની ચોખ્ખી ના પાડી દીધી.

છેવટે વાઇસરૉયને જ નમતું જોખવું પડ્યું. વાઇસરૉયને હમેશનો દોરદમામ તજીને ધારાસભાગૃહમાં સ્પીકરની ચેમ્બરમાંથી પ્રવેશવું પડ્યું. સ્પીકર વિઠ્ઠલભાઈ પોતાની ખુરશીમાં જ બેઠા. વાઇસરૉય માટે બાજુમાં ખુરશી ગોઠવી.

## રાષ્ટ્રીય કૉંગ્રેસને સહકાર

વિઠ્ઠલભાઈ જેવા વિચક્ષણ પુરુષ આપણા દેશને સ્વતંત્ર કરવા માટે સ્થપાયેલી કૉંગ્રેસના કામકાજથી અલગ શી રીતે રહી શકે ? વિઠ્ઠલભાઈ ૧૯૧૫માં કૉંગ્રેસમાં જોડાયા. આમ, તેમની રાજકીય કારકિર્દીનો પ્રારંભ થયો.

પછી તો વિઠ્ઠલભાઈએ આપણી સત્યાગ્રહની એકેએક ચળવળમાં સીધી યા આડકતરી રીતે ભાગ લીધો હતો. એમના નાના ભાઈ વલ્લભભાઈ પણ સત્યાગ્રહની લડતમાં જોડાયા અને મહાત્મા ગાંધીજીના ખાસ સાથી જેવા બની ગયા હતા. સરદાર વલ્લભભાઈ તો ગાંધીજીને ગુરુ જ માનતા હતા.

વિઠ્ઠલભાઈ આગળ જતાં દેશસેવાનાં ઘણાં કાર્યોમાં રસ લેવા લાગ્યા. લોકો પણ તેમની કાર્યશક્તિ, વિદ્વત્તા અને દેશપ્રેમથી જાણીતા થઈ ગયા હતા. કૉંગ્રેસને પણ તેમની શક્તિઓનો પરિચય થવા લાગ્યો હતો.

થોડા વખત પછી વિઠ્ઠલભાઈ રાષ્ટ્રીય કૉંગ્રેસના મંત્રી થયા. આગળ જતાં ૧૯૧૯ની સાલમાં ઇંગ્લૅંડની પાર્લામેન્ટમાં હિંદ અંગેના સરકારી સુધારાઓ બાબત ચર્ચા કરવા વિઠ્ઠલભાઈને વિલાયત જવું પડ્યું, તે વખતે લોકમાન્ય ટિળક મહારાજ પણ ત્યાં હતા. તેમણે સૌની આગળ વિઠ્ઠલભાઈની કામગીરી અંગે વાત કરતાં કહ્યું હતું :

'વિલાયતનું પ્રતિનિધમંડળ સફળ થયું હોય તો તે વિઠ્ઠલભાઈને જ પ્રતાપે.'

આમ વિઠ્ઠલભાઈ છેવટ સુધી આપણા દેશની લડતમાં એક અગ્રગણ્ય નેતા તરીકે ઝઝૂમ્યા હતા.

## મહાત્મા ગાંધીજીના પ્રશંસક

વિઠ્ઠલભાઈ ૧૯૧૫ની સાલમાં કૉંગ્રેસમાં જોડાયા ખરા. પણ તેમને જોવા મળ્યું કે, દેશના વિનીત સેવકો મોળા અને કાચા છે. હજી કોઈ પાસે દેશને સાચા માર્ગે દોરી શકાય એવી દૃષ્ટિ નથી. ત્યાં તો વિઠ્ઠલભાઈ મહાત્મા ગાંધીજીના પરિચયમાં આવ્યા. તેમને લાગ્યું કે, આ સાચા નાડપારખુ છે. એમના હાથમાં દેશની નાડ આવી ગઈ છે. એટલે સહજ રીતે વિઠ્ઠલભાઈ ગાંધીજીની સાથે સાચી નિષ્ઠાથી જોડાયા.

જોકે, ગાંધીજીના કેટલાક વિચારો સાથે વિઠ્ઠલભાઈ સંમત નહોતા. પરંતુ કામ કરવાનો પ્રસંગ આવતો, ત્યારે વિઠ્ઠલભાઈ ગાંધીજીને પડખે આવીને ઊભા રહેતા. વિઠ્ઠલભાઈ ઘણી વાર કહેતા : 'અમુક બાબતમાં તો ગાંધીજીના વિચાર પ્રમાણે ચાલવામાં જ સાર છે.'

ગાંધીજી માટે વિઠ્ઠલભાઈના દિલમાં કેવી ઉચ્ચ ભાવના હતી એનો ખ્યાલ આ પ્રસંગ પરથી સહેજે આવશે :

વિઠ્ઠલભાઈ મધ્યસ્થ ધારાસભાના સ્પીકરપદે નિમાયા પછી ગુજરાતમાં આવ્યા હતા.

નડિયાદમાં એમનો સત્કાર સમારંભ યોજવામાં આવ્યો હતો. સંતરામ મંદિરના ચોગાનમાં મોટો ભોજન સમારંભ પણ ગોઠવ્યો હતો.

જમતાં જમતાં વિઠ્ઠલભાઈની બાજુમાં બેઠેલા ચીમનભાઈ અમીન અને વિઠ્ઠલભાઈના પરમ મિત્ર ભાઈલાલભાઈ વિઠ્ઠલભાઈ સાથે અલક-મલકની વાતો કરતા હતા.

ભાઈલાલભાઈએ વાતો કરતાં કરતાં વિઠ્ઠલભાઈને પૂછ્યું :

'વિઠ્ઠલભાઈ, તમે આ પૂજ્ય ડોસા ગાંધીજીની પાછળ કેમ પડયા છો ? અને એમની સાથે શું કામ અમસ્તા અમસ્તા ઝઘડો છો ?'

વિઠ્ઠલભાઈ ઊંડાણથી બોલતા હોય એમ બોલ્યા :

'જો ભાઈલાલ, આ દુનિયામાં હું કોઈનેય નમતો હોઉં, તો એ ડોસાને. આ ડોસાને ધારાસભામાં જવું નથી અને હું જવાના વિચારનો છું. મને સ્પીકર તરીકે પગારના માસિક ચાર હજાર રૂપિયા મળે છે. એમાંથી મારો બધો ખર્ચ કાઢીને બાકીના ૧,૬૨૫ રૂપિયા દર મહિને એ ડોસાને મોકલી દઉં છું. મારો તો વિચાર દર મહિને વધારે મોકલવાનો છે. પરંતુ મારે ત્યાં ખૂબ મહેમાનોની અવર-જવર રહે છે, એટલે મારો ખર્ચ વધારે આવે છે.

'આખરે એ ડોસો જ મુખ્ય છે. હું તો એનો માર્ગ ચોખ્ખો કરવાનો જ પ્રયત્ન કરું છું. સ્વરાજ તો એ ડોસાને માર્ગે જ મળવાનું છે.'

એટલે ભાઈલાલભાઈએ હસતાં હસતાં કહ્યું :

'ત્યારે એમ જ કહોને કે, તમને હરાવવા માટે જ તમે એમને પૈસા મોકલો છો !'

વિઠ્ઠલભાઈ પણ હસતાં હસતાં બોલ્યા :

'ભાઈલાલ, એ ડોસાથી તો હારવામાં પણ આનંદ જ છે. એ ડોસો જ મારો શિરતાજ છે.'

## સ્પીકર પદને તિલાંજલિ આપી

ગાંધીજીએ ૧૯૩૦માં ઐતિહાસિક દાંડીકૂચ આદરી. પાંચમી એપ્રિલને દિવસે દાંડીના સમુદ્ર કિનારે ગાંધીજીએ નમકની ચપટી ભરી મીઠાના કાયદાનો ભંગ કર્યો. પછી તો દેશના ખૂણે ખૂણે નવયુવાનો અને વૃદ્ધોએ, પુરુષો અને સ્ત્રીઓએ આ મીઠાના કાયદાનો સામૂહિક ભંગ કર્યો. ભારે નિર્દય લાઠીમાર અને ત્રાસદાયક જેલ-યાત્રાને સૌએ હસતે મોઢે વધાવી લીધાં.

ગાંધીજીની પણ કરાડી મુકામે મધરાતે ધરપકડ કરવામાં આવી. અંગ્રેજ સરકારે એમને અચોક્કસ મુદત માટે જેલમાં પૂરી દીધા. ગાંધીજીએ જતાં જતાં દેશને હાકલ કરી :

'સૌ સરકારી નોકરીઓ છોડી દઈ દેશની વહારે ધાઓ.'

ઘણા લોકોએ દેશભરમાં ગાંધીજીની હાકલ ઝીલી. ફટોફટ રાજીનામાં મુકાવા લાગ્યાં. ઘણા એ જોવા પણ ઉત્સુક હતા કે, વિઠ્ઠલભાઈ સ્પીકર પદને છોડવા તૈયાર થશે કે કેમ ?

પરંતુ વિઠ્ઠલભાઈ કાચી માટીના નહોતા. આમ વીરની હાક બધે ગાજી રહી હોય, ત્યારે વિઠ્ઠલભાઈ છાનામાના બેસી રહે ખરા કે ? એમણે તરત જ નિવેદન બહાર પાડયું :

'મને હવે પ્રતીતિ થાય છે કે, ભારતના કલ્યાણનો એકમાત્ર માર્ગ પરદેશી ધૂંસરીમાંથી મુક્ત થવું તે છે. એનાં ગરીબાઈ, રોગ, અજ્ઞાન વગેરે સર્વ ત્રિદોષોના મૂળમાં બ્રિટિશ રાજ્યની ચૂસણનીતિ છે. એટલે મને લાગે છે કે, મારું સ્થાન મારા દેશબાંધવોની સાથે છે.'

પછી વિઠ્ઠલભાઈએ વડી ધારાસભાના સ્પીકર પદનું રાજીનામું આપીને જનતાની પડખે જઈને ઊભા રહ્યા.

## સરકારે આપેલું નજરાણું !

વિઠ્ઠલભાઈ સ્પીકર પદનું રાજીનામું આપીને '૩૦ની સાલમાં છૂટા થયા પછી તે દેશસેવક તરીકે કૉંગ્રેસના સૈનિક બની સ્વાતંત્ર્યસંગ્રામમાં સામેલ થયા.

ત્યાં તો પેશાવરમાં અંગ્રેજ સરકારે ભારે અત્યાચાર વર્તાવ્યો. એની તપાસ કરવા કોંગ્રેસે એક કમિટી રચી. એના અધ્યક્ષ તરીકે વિઠ્ઠલભાઈને નીમ્યા. એટલે તે કમિટીના બીજા સભ્યો સાથે પેશાવર જવા ઊપડી ગયા.

પરંતુ સરકારે આખા પેશાવર પ્રાંતની પ્રવેશબંધીનો હુકમ કાઢ્યો. વિઠ્ઠલભાઈની આ કમિટીની તપાસમાં બને એટલાં વિઘ્નો ઊભાં કરી એ લોકોને સત્ય હકીકતોની જાણ ન થાય એવી પેરવી કરી.

પરંતુ વિઠ્ઠલભાઈ આમ નાસીપાસ થાય એવા નહોતા. તેમણે પેશાવર પ્રાંતની બહાર રહીને કમકમાટી ઊપજે એવી હકીકતો ભેગી કરીને રિપોર્ટ તૈયાર કર્યો.

પછી ૨૭મી ઑગસ્ટ ૧૯૩૦ને રોજ કૉંગ્રેસ વર્કિંગ કમિટીની એક બેઠક આ રિપોર્ટ પર વિચારણા કરવા માટે દિલ્હીમાં બોલાવવામાં આવી. પરંતુ સરકારે આ બેઠક ભરવાની પરવાનગી આપી નહિ.

વિઠ્ઠલભાઈ અને બીજા સભ્યોએ આ હુકમનો અનાદર કર્યો અને તેઓ બધા દિલ્હીમાં એકઠા થયા. એટલે સરકારે બધા સભ્યોની ધરપકડ કરી.

વિઠ્ઠલભાઈને ૭ માસની સખત કેદની સજા કરવામાં આવી. તેમનો રિપોર્ટ પણ જપ્ત કરવામાં આવ્યો.

એમના પર થયેલા કેસની સુનાવણી એમણે સાંભળી, ત્યારે વિઠ્ઠલભાઈએ કહ્યું :

'ઇંગ્લૅન્ડની આમસભાનો સ્પીકર જ્યારે નિવૃત્ત થાય છે, ત્યારે તેને ઉમરાવ પદ અને પેન્શન મળે છે. મને પણ સ્પીકર પદના રાજીનામા પછી સખત મજૂરીની સજા રૂપે નજરાણું અને પેન્શન મળ્યા છે!'

## માંદગીમાં પણ જંપ્યા નહિ

વિઠ્ઠલભાઈને અંબાલાની જેલમાં પૂરવામાં આવ્યા. પરંતુ આટલાં વર્ષો સતત કામગીરી, દોડધામ, દેશના ભાવિ માટેની તાલાવેલી, ચિંતામાં પસાર થયેલાં હોવાથી એમની તબિયત લથડવા લાગી હતી. એમાં પંજાબની જેલનાં વિષમ હવાપાણી અને આરોગ્યને હાનિ કરે એવા ખોરાકે ઉમેરો કર્યો!

જેલમાં એમની તબિયત લથડતી ચાલી. એટલે તેમને છેક કોઇમ્બતુરની જેલમાં ખસેડવામાં આવ્યા. પરંતુ ત્યાં પણ તબિયતમાં કશો સુધારો થવાને બદલે બગાડો જ થવા લાગ્યો. તેમનાં આંતરડાં બરોબર કામ કરતાં ન હતાં. ખાધેલું પચતું નહિ અને ઊલટી દ્વારા નીકળી જતું!

છેવટે જેલની હૉસ્પિટલમાં શસ્ત્રક્રિયા કરવામાં આવી. પરંતુ ઑપરેશન દરમિયાન વિઠ્ઠલભાઈ ઑપરેશન-ટેબલ પરથી બેભાન અવસ્થામાં નીચે ગબડી પડ્યા! કેસ વધારે બગડ્યો!

એટલે સરકારે ગભરાઈને વિઠ્ઠલભાઈને છોડી મૂક્યા. મુંબઈના નિષ્ણાત તબીબોએ એમની તબિયતને બરોબર તપાસીને જણાવ્યું કે, એમને આ કટોકટી-માંથી ઉગારવા હોય તો વિયેનામાં નિષ્ણાત સર્જનોને હાથે શસ્ત્રક્રિયા કરાવવી જોઈએ. એટલે યુરોપમાં આવેલા સ્વિટ્ઝરલૅન્ડના મુખ્ય શહેર વિયેનામાં વિઠ્ઠલભાઈને લઈ જવામાં આવ્યા.

ત્યાં સર્જનોએ કાળજીપૂર્વક શસ્ત્રક્રિયા કરી. તેમણે આરામ પણ લીધો. એમની તબિયત સુધરવા લાગી.

પરંતુ આ સમય દરમિયાન દેશમાં એક પછી એક બનાવો બનતા ગયા. સરકારે પણ દમનનો કોરડો સખતાઈથી વીંઝવા માંડ્યો. લાઠીમાર, જેલ, ગોળીબાર, વટહુકમોની ઝડી વરસવા લાગી. પણ ગાંધીજીની રાહબરી નીચે ભારતની જનતાએ જરાયે મચક ન આપી. આખરે બીજી ગોળમેજી પરિષદમાં હાજરી આપવા ગાંધીજીને આખરે આમંત્રણ આપ્યું.

માંદગીની પથારીએથી આ બધા બનાવોથી વિઠ્ઠલભાઈ વાકેફગાર રહેતા હતા. ગાંધીજીને બીજી ગોળમેજી પરિષદમાં હાજરી આપવા બોલાવવામાં આવ્યા, એ સમાચાર તેમણે સાંભળ્યા. આવી વેળાએ વિઠ્ઠલભાઈ પથારીમાં શાના પડી રહે? તે પણ ઇંગ્લેન્ડ ગયા અને ગાંધીજીને સલાહસૂચના આપવા લાગ્યા.

છેવટે મંત્રણા પડી ભાંગી અને ગાંધીજી ખાલી હાથે હિંદ પાછા ફર્યા. વિઠ્ઠલભાઈ પણ એમની સાથે હિંદ આવ્યા.

દેશમાં આવીને ગાંધીજીએ પાછી લડત શરૂ કરી. એટલે સરકારે તેમને તથા બીજા નેતાઓને પકડી જેલમાં પૂરી દીધા. વિઠ્ઠલભાઈને પણ જેલવાસ મળ્યો.

પરંતુ જેલમાં એમની પાછી તબિયત બગડી. સરકારે એમની ગંભીર તબિયત જોઈને એમને છોડી મૂક્યા. વિઠ્ઠલભાઈને ઑપરેશન માટે પાછા વિયેના જવું પડ્યું.

પરંતુ ત્યાં તબિયત જરા સુધરતાં વિઠ્ઠલભાઈ પાછા દેશના જાગ્રત પ્રહરી તરીકે સાબદા થઈ ગયા અને ઇંગ્લેંડ, આયર્લેંડ, અમેરિકા વગેરે દેશોમાં હિંદની વકીલાત કરવા અને અંગ્રેજી સત્તા આપણા દેશના વિકાસને કેવી અવરોધક બની ગઈ છે એ દર્શાવવા ઘૂમવા લાગ્યા.

પરંતુ શરીર આખરે શરીર જ છે. એ ક્યાં સુધી ઘસારો સહન કરી શકે ? એટલે એમાં બગાડ વધવા માંડ્યો. પરંતુ વિઠ્ઠલભાઈને એની પરવા નહોતી.

પરદેશમાં રહીને પણ ભારત દેશની તે સતત ચિંતા કર્યા કરતા. મિત્રો પર પત્રો લખી પોતાના દિલની હૈયાવરાળ તે ઠલાવતા. અહીં એક પત્ર પૂરતો ગણાશે. તેમણે પોતાના પરમ મિત્ર મહેશ્વરીજીને પત્ર લખતાં જણાવ્યું :

'મારી તબીયત પૂરેપૂરી સુધરી નથી. મને તો આપણા દેશમાં કંઈ દેશ-સેવાનું કામ કરવાનું મન થાય છે. મારી તબિયતનું આમ ક્યાં સુધી ચાલ્યા કરશે એની દાક્તરોને પણ કશી સમજ પડતી નથી !

'આજકાલ આપણા દેશ સમક્ષ તદ્દન નવો અને પાણીદાર કાર્યક્રમ મૂકવો ખૂબ જરૂરનો છે. એવો કાર્યક્રમ મારી પાસે હાલ તૈયાર જ છે. પરંતુ એ બધું મારી તબિયત કેવી રહે છે એ પર અવલંબે છે...'

ઘણા મિત્રો અને હિતેચ્છુઓ એમની આવી સાવ કથળી ગયેલી તબિયત જોઈને કહેતા : 'વિઠ્ઠલભાઈ, આમ બધે દોડધામ કરવાનું છોડી દો. તબિયત સારી હશે તો બધું થઈ શકશે. માટે આ બધી ચિંતા છોડી દઈને અહીં વિયેનામાં આરામથી રહી તબિયતને સુધારવા તરફ જ ધ્યાન આપો.'

પરંતુ સદા કાર્યરત અને દેશહિતચિંતક જીવને શાંતિથી દેહરખા બનીને પડી રહેવાનું ક્યાંથી ગમે ? વિઠ્ઠલભાઈ હસતા હસતા કહેતા :

'હું જ્યારે મરીશ ત્યારે જ આરામ મળશે. જીવતો છું ત્યાં સુધી આપણી માતૃભૂમિની સેવામાં એક એક ક્ષણ વાપરવી એ મારું પવિત્ર કર્તવ્ય છે.'

અને ખરેખર, વિઠ્ઠલભાઈ છેલ્લી ઘડી સુધી દેશના કોઈ ને કોઈ કામમાં લાગેલા જ રહ્યા.

## અંતિમ વિદાય

પરંતુ આ બધી દોડધામ, ચિંતા એમનું ખખડી ગયેલું શરીર ક્યાં સુધી સહન કરી શકે ? આખરે શરીરે પણ વિશ્રાંતિ અર્થે પથારીમાં લંબાવ્યું. એમ જીવન-મરણ વચ્ચે ઝોલા ખાતું એમનું જીવન છેવટે બાવીસમી ઑક્ટોબર ૧૯૩૩ને રોજ સમાપ્ત થઈ ગયું.

છેવટની ઘડીએ સુભાષચંદ્ર બોઝ એમની નજીક જ હતા. વિઠ્ઠલભાઈ દેશહિતને માટે ઉદાર હાથે પોતાની બધી મિલકત—પોતાનું સર્વસ્વ દેશને અર્પણ કરતા

ગયા. આમ તેમણે દેશને ચરણે પોતાનું તન, મન અને ધન સાચા અર્થમાં ધરી દીધું.

વિઠ્ઠલભાઈના અવસાનના દુઃખદ સમાચાર હિંદભરમાં વાયુવેગે ફેલાઈ ગયા. સૌ શોકસાગરમાં ડૂબી ગયા.

તા. ૯–૧૧–'૩૩ ના રોજ વિઠ્ઠલભાઈનો મૃતદેહ વિયેનાથી મુંબઈ લાવવામાં આવ્યો. મુંબઈમાં એમને અગ્નિદાહ આપવાનાં આવ્યો.

આમ, સામાન્ય ખેડૂતને ત્યાં જન્મી, આપબળે બૅરિસ્ટર સુધીનો અભ્યાસ માનભેર પૂરો કરી, મુંબઈની કાઉન્સિલના સભ્ય બની, મુંબઈના મેયર થઈ, વડી ધારાસભાના પ્રથમ હિંદી સ્પીકર બની અને અંગ્રેજ સરકારની વર્ષો સુધી ઊંઘ હરામ કરનાર તથા વારે ઘડીએ ઝઝૂમનાર વીર વિઠ્ઠલભાઈ પટેલે આપણી વચ્ચેથી હમેશને માટે વિદાય લીધી. પરંતુ દેશભક્તોમાં તેમણે અમર સ્થાન મેળવ્યું છે. એમનું સ્મરણ કરતાં આજે પણ તેમના છેલ્લા શબ્દો ગુંજી ઊઠે છે :

'મારા દેશબાંધવોને અને દુનિયામાંના મારા બધા મિત્રોને મારા પ્રણામ ! શુભેચ્છા ! હિંદને વહેલામાં વહેલી તકે સ્વતંત્રતા મળો એવી પરમેશ્વરને મારા અંતકાળ પહેલાં પ્રાર્થના કરું છું.'

મહાત્મા ગાંધીજીએ પણ આવા દેશપ્રેમી અને આઝાદીને માટે સદા ઝઝૂમનારા અને ઝંખનારા વિઠ્ઠલભાઈ પટેલને ભાવભરી અંજલિ આપતાં યોગ્ય જ કહ્યું છે :

'વિઠ્ઠલભાઈના અવસાનથી ભારતવર્ષે એક મહાન વીર સપૂતને ગુમાવ્યો. વિઠ્ઠલભાઈના અવસાનથી આપણામાંનો એક અત્યંત સામર્થ્યસંપન્ન અને કાર્યરત એવો મુત્સદ્દી જતો રહ્યો. તેમનો સ્વાર્થત્યાગ અને હાથમાં લીધેલા કેવાય વિકટ કામને પાર પાડવાની ચીવટ એ બાબતની જેટલી પ્રશંસા કરીએ એટલી ઓછી જ પડે એમ છે.'

આપણા દેશના આ વીર સપૂતને આપણાં ભાવભર્યાં વંદન હો !

## ૪. લાલબહાદુર શાસ્ત્રી

'મારું એ સદ્ભાગ્ય છે કે, માત્ર સરકારમાં જ નહિ, પણ કૉંગ્રેસમાં મને એમના જેવો સાથી અને મિત્ર મળ્યો છે. તેઓ ઉચ્ચ વ્યક્તિત્વવાળા, વફાદાર, ધ્યેયને વરેલા, સજાગ આત્માવાળા અને સખત પરિશ્રમી છે. કોઈ પણ કાર્યમાં એમનાથી વધારે સારો સાથી કે મિત્ર મેળવવાની કોઈ આશા ન રાખે. તેઓ જાગૃત આત્મા હોવાથી જ એમને સોંપાયેલા કાર્યમાં સહેજ પણ ખામી આવતાં તેઓ અત્યંત દુઃખ પામે છે. મને એમના માટે અત્યંત આદર છે...'

આ શબ્દો આપણા આઝાદ દેશના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નેહરુજીના છે. વડાપ્રધાનશ્રીએ લોકસભામાં આ ઉદ્ગારો પોતાના પ્રધાનમંડળના એક નિષ્ઠાવાન સાથીને સંબોધીને ઉચ્ચાર્યા હતા.

એ સાથી કોણ એ તમે જાણો છો ?

એ હતા લાલબહાદુર શાસ્ત્રીજી.

જવાહરલાલ નેહરુના પ્રધાનમંડળમાં શાસ્ત્રીજીને રેલવે અને વાહનવ્યવહાર પ્રધાન તરીકે લેવામાં આવ્યા.

એ દિવસોમાં ઉપરાછાપરી રેલવે અકસ્માતો થવા લાગ્યા. એનાથી રેલવેપ્રધાન શાસ્ત્રીજી ખૂબ દુઃખી થયા. તેમણે પોતાનું રાજીનામું મૂકી દીધું. પણ નેહરુજીએ એનો અસ્વીકાર કર્યો.

પછી દક્ષિણ ભારતના અરિયાલુર સ્થળે કારમો રેલવે અકસ્માત થયો ! એકસો ને ચૌદ માણસોની જાનહાનિ થઈ.

રેલવેપ્રધાન શાસ્ત્રીજીએ એમાં કોઈ રેલવે કર્મચારીનો દોષ ન જોતાં પોતાનો દોષ જોયો. તેમણે ફરી રાજીનામું આપી દીધું.

જવાહરલાલજી આવા નિષ્ઠાવાન અને નિઃસ્પૃહ સાથીને શાના જવા દે ? તેમણે શાસ્ત્રીજીને સમજાવવા પ્રયત્ન કર્યો પરંતુ શાસ્ત્રીજી મક્કમ હતા. નેહરુજીએ નાછૂટકે રાજીનામાનો સ્વીકાર કર્યો અને ઉપર પ્રમાણે એમની કાર્યશક્તિની પ્રશંસા કરી.

પરંતુ લાલબહાદુર તો ખરેખર આપણા ભારત દેશના પ્યારા લાલ જ હતા. એમનામાં કર્તવ્યભાન અજબ હતું. રાજીનામું આપ્યા પછીનું એમનું વર્તન તો જરા જુઓ ! તમારા મુખમાંથી પણ પ્રશંસાના ઉદ્ગારો નીકળ્યા વિના નહિ રહે

રાજીનામું આપીને, સાપ જેમ કાંચળી ઉતારે એમ, શાસ્ત્રીજી લોકસભામાંથી બહાર નીકળ્યા.

બહાર રેલવેપ્રધાનની મોટર ઊભી હતી. ડ્રાઈવરે શાસ્ત્રીજીને જોઈને મોટરનું બારણું ઉઘાડ્યું.

પણ આ શું ? શાસ્ત્રીજી તો મોટરમાં બેસવાને બદલે ચાલતા ચાલતા બહાર રસ્તા ભણી જવા લાગ્યા !

ડ્રાઈવરે 'સાહેબ, સાહેબ !' એમ બૂમો પાડી મોટરમાં બેસવા જણાવ્યું.

પરંતુ શાસ્ત્રીજીએ મીઠું સ્મિત ફરકાવી માથું હલાવીને ના પાડી. જાણે કહેતા હોય, 'હું હવે કયાં રેલવેપ્રધાન છું ? મારાથી એ મોટરમાં ન બેસાય !'

શાસ્ત્રીજી બસ-સ્ટૉપ પર જઈને લાઈનમાં ઊભા રહ્યા. બસમાં બેસીને ઘેર ગયા.

અને ઘેર જઈને શાસ્ત્રીજીએ પોતાનાં ધર્મપત્નીને શું કહ્યું ? તેમણે સહજ ભાવે લલિતાદેવીજીને કહ્યું :

'સાંભળો છો કે ? આજથી હવે બે શાક બંધ; એક જ શાક બનાવજો.'

એક સન્મિત્રે શાસ્ત્રીજીના આ પગલાથી નારાજ થઈને કહ્યું : 'શાસ્ત્રીજી, તમે પણ ખરા છો ! અકસ્માત થયો એમાં ભૂલ કોઈ રેલવે કર્મચારીની હતી, અને તમે જાણી જોઈને શા માટે તમારા માથા પર અપરાધનો ટોપલો ઓઢી લીધો ? તમે તો જાતે જ તમારી જાતને ડિસમિસ કરી નાખી !'

શાસ્ત્રીજી મીઠું હસતા હસતા કહે : 'વાહ ! તમે આ ડિસમિસ શબ્દ બરોબર વાપર્યો ! ખરેખર મેં મારી જાતને ડિસમિસ કરી. મને એવું લાગે છે કે, મારા કાર્યમાં કશી ખામી હોય, તો જ આવું બને. મને મહાત્મા ગાંધીજીની એક વાત યાદ આવે છે.'

મિત્રે કુતૂહલતાથી પૂછ્યું : 'કઈ વાત ?'

શાસ્ત્રીજી બોલ્યા :

'ગાંધીજીએ એક વાર કહ્યું હતું કે, પ્રધાનોએ ખુરશીને પકડીને બેસવું નહિ જોઈએ. પરંતુ એવી હળવાશથી બેસવું ઘટે કે એના પરથી ઊઠતાં સહેજે અચકાવું નહિ પડે.

'વળી ભૂલ કોઈ કરતું અને ગાંધીજી દંડ ભોગવતા ! તો તમે જ કહો, મેં નવું શું કર્યું ? આ તો એ રાહબરે બતાવેલા માર્ગ પર જ હું ચાલ્યો છું.'

આ રીતે ગીતાજીમાં કહ્યું છે એમ, 'દુઃખે ઉદ્વેગ ના ચિત્તે, સુખોની ઝંખના ગઈ' એ લક્ષણને પોતાના જીવનમાં મૂર્તિમંત કરનાર સ્થિતપ્રજ્ઞ જેવા શાસ્ત્રીજીનું જીવન આપણને ખરેખર પ્રેરક થઈ પડે એવું છે.

## સપરમે દિવસે જન્મ

લાલબહાદુર શાસ્ત્રીજીનો જન્મ ઈ. સ. ૧૯૦૪ની બીજી ઑક્ટોબરના યાદગાર દિને થયો હતો. મહાત્મા ગાંધીજીનો જન્મદિન બીજી ઑક્ટોબર જ છે. એટલે ગાંધીજીના એક ભેખધારી નિષ્ઠાવાન અનુયાયીએ પણ જાણે એ જ દિવસ જન્મ લેવા પસંદ કર્યો.

એમનું જન્મસ્થળ મોગલસરાઈ છે. એ બનારસથી સાતેક માઈલ દૂર રેલવેનું એક મુખ્ય મથક છે.

લાલબહાદુર જ્ઞાતિએ કાયસ્થ. તેમની અટક હતી શ્રીવાસ્તવ. પરંતુ લાલબહાદુર પહેલાંથી જ્ઞાતિના વાડામાં બંધાવા માગતા નહોતા. એટલે તેમણે પોતાની અટક મોટપણે રાખી 'શાસ્ત્રી'. પણ એ કંઈ આમ જ રાખી નથી. કાશી વિદ્યાપીઠમાં અભ્યાસ કરીને તેમણે 'શાસ્ત્રી'ની ઉપાધિ મેળવી હતી. એટલે તેમણે કુટુંબમાં ચાલતી આવતી 'શ્રીવાસ્તવ' અટક રાખવાને બદલે 'શાસ્ત્રી' અટક રાખી.

એમનો જન્મ એક ગરીબ ઘરમાં થયો હતો. પિતાશ્રી શારદાપ્રસાદજી શિક્ષક હતા. પાછળથી અલ્લાહાબાદમાં મહેસૂલી ખાતામાં કારકુન તરીકે નોકરી કરતા હતા.

લાલબહાદુર એકના એક પુત્ર હતા. એમને બે બહેનો હતી. સૌ લાલબહાદુરને બહુ ચાહે. ઘરમાં એમનું હુલામણું નામ હતું 'નન્હે'. બધાં એમને 'લાલ' પણ કહે.

## આંખનું રતન ખોવાયું !

કાશી જેવું પવિત્ર તીર્થધામ અને ગંગાજી જેવાં પાવનકારી નદીમાતા, પછી પૂછવું જ શું ? ત્યાં પર્વે પર્વે મેળો ભરાય. મેળામાં એવી ભારે ભીડ કે ન પૂછો વાત! ધક્કંધક્કા એવા થાય કે ભલભલા ક્યાં ને ક્યાં ફેંકાઈ જાય. નાનાં બાળકોને સાચવવાં બહુ ભારે !

પરંતુ શ્રદ્ધાળુ માણસો એવી મુશ્કેલીથી શાનાં હારે? આવા પવિત્ર મેળાના પ્રસંગે ગંગામૈયામાં સ્નાન કરવાનું પુણ્ય કોણ જતું કરે ? ધાર્યું ધણીનું જ થાય, એવી આસ્થાથી આવી ભયંકર ભીડમાં પણ સ્ત્રીઓ પોતાનાં બાળકો લઈને જાય જ.

એક વખત માતા રામદુલારી દેવી ત્રણેક મહિનાના લાલને લઈને મેળામાં ગયેલાં. ભીડ તો કહે મારું કામ! એવામાં માતાને જોરથી ધક્કો વાગ્યો. માતા નીચે ગબડી પડ્યાં ! હાથમાંથી લાલ પણ ઊછળીને ક્યાંય દૂર ફેંકાઈ ગયો !

માતા ગાભરાં ગાભરાં બેઠાં થઈ ગયાં. આમતેમ જુએ, પણ લાલ દેખાય નહિ! તે તો 'લાલ! મારો લાલ!' કરતાં જોરજોરથી રડવા લાગ્યાં.

માણસો ભેગાં થઈ ગયાં. આમતેમ તપાસ કરી, પણ લાલનો પત્તો લાગ્યો નહિ. લોકો માતાને પોલીસ ચોકી પર લઈ ગયાં પોલીસે તપાસ આદરી

હવે બન્યું એવું કે, લાલ માતાના હાથમાંથી છટકીને પડયો ભરવાડના ટોપલામાં! ભરવાડને મન એમ કે ગંગામૈયાએ જ એને બાળક આપ્યું. તે નજીકમાં જ રહેતો હતો. ભરવાડ અને ભરવાડણ બાળકને જોઈને ઘેલાં ઘેલાં થઈ ગયાં.

પરંતુ પોલીસની તપાસ સફળ થઈ. માતાને આંખનું રતન પાછું મળ્યું. માતા બાળકને પામીને ખૂબ ખૂબ આનંદ પામ્યાં. માતાએ પ્રભુનો ખૂબ આભાર માન્યો.

## કુટુંબ પર આફત!

લાલ દોઢેક વર્ષનો થયો, ત્યાં તો કુટુંબ પર આફતનું ઘેરું વાદળ ચડી આવ્યું! પિતા શારદાપ્રસાદજી માંદગીમાં પટકાઈ પડયા અને સૌને રડતાં મૂકીને આ દુનિયા છોડીને ચાલ્યા ગયા!

રામદુલારીદેવી વિધવા થયાં! તે વખતે તેમની ઉંમર આશરે એકવીસ વર્ષની હતી. નાનાં બાળકોને ઉછેરવાનો ભાર એમના પર આવી પડયો.

રામદુલારીદેવીના પિતા હજારીમલ પોતાની મોટામાં મોટી દીકરીની વહારે દોડી આવ્યા. નાની ઉંમરે દીકરી વિધવા થઈ, એટલે તે બહુ દુઃખી થયા. તે દીકરીને બાળકો સાથે પોતાને ઘેર તેડી આવ્યા.

દાદા હજારીમલને લાલ ખૂબ વહાલો હતો. દાદાનું કુટુંબ ખૂબ મોટું. સૌ વડલા જેવા દાદાની શીળી છાયામાં મોટાં થતાં હતાં. દાદા બાળકોને સંભાળે, રમાડે અને સારા સંસ્કાર આપે. નિશાળમાં પણ મોકલે. બાળકો બરોબર અભ્યાસ કરે છે કે નહિ એની પણ તે કાળજી રાખે.

લાલ દાદાની છત્રછાયામાં ભણવા લાગ્યો. તે નાનપણથી જ ભણવામાં હોંશિયાર હતો.

## ખરાબ સંગતનું ફળ

લાલ શાળામાં ભણતો હતો, ત્યારે એક દિવસ તે પાંચ–છ વિદ્યાર્થીઓ સાથે નિશાળેથી આવતો હતો. ઝાડ પર મજાનાં જમરૂખ લટકતાં હતાં.

એની પણ લાલ કાળજી રાખતો. પોતાનાં પુસ્તકોને એક નાનકડી પેટીમાં વ્યવસ્થિત રાખતો.

લાલ કપડાં પણ જાતે ધોતો અને ગડી વાળીને બરોબર એની જગ્યાએ મૂકતો. એનાં કપડાં ભલે સાદાં અને ઓછાં હતાં, પણ તે હમેશાં સ્વચ્છ રહેતાં. ફાટી જાય તો આળસ કર્યા વિના તે તરત જ જાતે સાંધી લેતો.

## ગરીબીની શરમ કેવી ?

લાલ પિતા વગરનો હતો. પિતા હોય તો છૂટથી પૈસા પણ મગાય; પરંતુ લાલ એને જે કાંઈ પૈસા મળતા તે બહુ જ કરકસરથી વાપરતો. પૈસાની જરૂર પડે તો તે કોઈની આગળ હાથ લંબાવતો નહિ. જાતમહેનત કરીને કે વસ્તુ વિના ચલાવી લઈને તે રહેતો. ગરીબ છતાં તે સ્વમાની હતો.

લાલનો વિદ્યાકાળ ગરીબીમાં પસાર થયો હતો. એટલે તેને કેટલીક વસ્તુ વિના ચલાવી લેવાની સહજ ટેવ પડી ગઈ હતી. કેટલાંય વર્ષો સુધી લાલે જોડા વિના ચલાવ્યું હતું. ઉનાળામાં તો પગે ફોલ્લા પડી જતા.

એક દિવસ એની બહેન સુંદરીદેવી આ જોઈને આંખમાં આંસુ લાવીને બોલી : 'મોટાભાઈ, તમે આવું શું કામ દુઃખ વેઠો છો ? જોડા ખરીદી લોને ! આ રીતે તમે ઉઘાડા પગે શાળાએ જાઓ છો, એ જોઈને ઘણાને એમ જ લાગતું હશે કે આપણે ઘણાં ગરીબ છીએ !'

લાલ એ સાંભળીને હસતો હસતો કહે : 'બહેન, હું જોડા નહિ પહેરું, તો લોકો મને ગરીબ સમજશે, એમાં શરમાવા જેવું છે શું ? મારાં બહેન, ખરી રીતે આપણે ગરીબ જ છીએ. ગરીબીની વળી શરમ કેવી ? ગરીબી સારી વસ્તુ છે એનો આપણે સ્વીકાર કરવો જ જોઈએ. આપણે ગરીબી વેઠી હોય, તો બીજાં બાપડાં ગરીબો કેવી મુશ્કેલીમાં દહાડા વિતાવતાં હશે, એનો જાતઅનુભવથી થોડોઘણો પણ ખ્યાલ આવી શકે. બહેન, ખરી રીતે આપણે કંઈક સારી સ્થિતિમાં છીએ. આપણા દેશમાં એવાં કેટલાંય માણસો છે જેમને ખાવા રોટલો નથી મળતો, પહેરવા કપડાં નથી અને રહેવા ઝૂંપડું સુદ્ધાં નથી !'

બહેન મોટાભાઈની વાત સાંભળીને ઊંડા વિચારમાં ડૂબી ગઈ.

## એક દુહાની અસર

લાલ હોશિયાર વિદ્યાર્થી હતો. તેથી તેને શાળામાં માફી મળી હતી. મિત્રો એને પોતાનાં પાઠ્યપુસ્તકો વાંચવા આપતા. લાલ એ પુસ્તકોને જતનથી વાપરતો અને જેવાં હતાં તેવાં પાછાં આપી દેતો.

શાળાના અભ્યાસ ઉપરાંત લાલને ઇતરવાચન કરવાનો પણ ભારે શોખ હતો. તેણે ઉપલબ્ધ એવાં ઘણાં પુસ્તકો વાંચી નાખ્યાં હતાં.

નાનકસાહેબના એક દુહાએ એમનાં જીવન પર ઊંડી અસર પાડી હતી. એ દુહો છે :

'नानक नन्हे थई रहो जैसी नन्ही दूब ।
और रूख सुख जायेगी, दूब खूब की खूब ॥

'ગુરુ નાનક કહે છે કે, ધરોની માફક નાના થઈને રહેજો. તાપને લીધે કે પાણીના અભાવે બીજી બધી વનસ્પતિ સુકાઈ જશે, પણ ધરો તો એવી ને એવી જ રહેશે.'

ઘેર સૌ લાલને 'નન્હે' પણ કહેતાં. એની ઊંચાઈ પણ બહુ ઓછી. એટલે આ દુહામાં આવતો 'નન્હે' શબ્દ જાણે પોતાને જ સંબોધીને વાપર્યો હોય, એમ લાલને લાગતું. એટલે આ દુહો લાલનો જીવનમંત્ર બની ગયો. શાસ્ત્રીજીના જીવનમાં મોટપણે જે વિનમ્રતા અને સરળતા જોવા મળે છે, એનું બીજ નાનપણમાં જ રોપાયું હતું.

લાલ 'નન્હે' તે કેવા એના બેએક પ્રસંગો જોઈએ.

એક વાર કૉંગ્રેસ કમિટીની બેઠક મળી હતી. એ સભાના પ્રમુખ લાલબહાદુર શાસ્ત્રીજી હતા. એક મોટા હૉલમાં સભા ભરાઈ હતી. પ્રમુખને બેસવા માટે ઊંચા આસને ગાદીતકિયા ગોઠવ્યા હતા.

એવામાં જવાહરલાલજી સભામાં પધાર્યા. લાલબહાદુર વગેરે સામા ગયા અને નેહરુજીને આવકારવા લાગ્યા. પછી લાલબહાદુરે જવાહરને ઉપરની બેઠક પર બેસવા કહ્યું, જેથી બધા લોકો એમને જોઈ અને સાંભળી શકે.

જવાહરે શાસ્ત્રીજી તરફ જોઈને હસતાં હસતાં કહ્યું : 'ઉપર તો તમારે બેસવાની જરૂર છે. માટે તમે જ બેસો. જેથી તમને બધા જોઈ શકે.'

બધાએ નેહરુજીની ગમ્મત પકડી પાડી. તેઓ બધા ખડખડાટ હસી પડયા. શાસ્ત્રીજી પણ સૌ સાથે જોરથી હસવા લાગ્યા.

શાસ્ત્રીજી વડાપ્રધાન હતા ત્યારની આ વાત છે. એક વાર શાસ્ત્રીજીને બાળકોની એક સભામાં પ્રમુખ તરીકે બોલાવ્યા હતા. બધાંને એમ કે વડાપ્રધાન બાળકો આગળ ગંભીર વાતો કરશે.

પરંતુ વડાપ્રધાન શાસ્ત્રીજી તો મીઠું હસતા હસતા બોલ્યા : 'પ્યારાં બાળકો, બાળકોની આ સભામાં તમે મને શા માટે બોલાવ્યો છે એ હું બરોબર સમજું છું. જુઓને, તમે બધાં નાનાં નાનાં, અને મારું કદ પણ તમારા જેવું જ નાનું !'

અને બધાં ભૂલકાંઓ તાળીઓ પાડતાં ખડખડાટ હસી પડયાં. આખો સભાખંડ ગાજી ઊઠયો.

શાસ્ત્રીજી ૧૯૬૩ માં રાજકોટ પધાર્યા હતા. એમનો પરિચય આપતાં ત્યાંના એક કાર્યકરે કહ્યું : 'શાસ્ત્રીજી તો અજાતશત્રુ છે. એમનો કોઈ શત્રુ નથી.'

આ સાંભળીને શાસ્ત્રીજી ઊભા થઈને હસતા હસતા બોલ્યા : 'અરે ભાઈ, એમાં મારી કોઈ મોટી ગુણવત્તા રહી નથી. હું રહ્યો સાવ નાનકડો આદમી! મારા જેવા નાના માણસને શત્રુ રાખવા પોસાય જ શી રીતે?'

એ સાંભળીને સભામાં ભેગાં થયેલાં બધાં ખડખડાટ હસી પડયાં.

## નાના છતાં નીડર

લાલ શાળામાં ભણતો હતો, ત્યારે એક વાર ગંગાજીને સામે કાંઠે મેળો ભરાયો હતો. બધાં માણસો હોડીમાં બેસીને ઉમંગભેર સામે પાર જતાં હતાં.

લાલ નદીકિનારે એક બાજુએ ઉદાસ જેવો બેઠો હતો. તેને પણ મેળામાં જવું હતું. પરંતુ હોડીવાળાને ભાડાના પૈસા આપવા પડેને? એની પાસે તો કાણી કોડી પણ નહોતી!

એવામાં તેના દોસ્તદારો આવી પહોંચ્યા. તે બોલ્યા : 'અરે લાલ, તું કેમ અહીં સૂનમૂન થઈને બેઠો છે? કંઈ થયું-બયું તો નથી ને?'

લાલ કહે : 'મારે મેળામાં આવવું છે. પણ મારી પાસે હોડીમાં બેસવા પૈસા નથી. એટલે અહીં બેઠો છું.'

દોસ્તદારોએ કહ્યું : 'અલ્યા, એમાં શું થઈ ગયું? તું તો બટુકજી છે. હોડીના ખૂણામાં છાનોમાનો બેસી જજે ને! હોડીવાળાને ખબર પણ નહિ પડે'

લાલ બોલી ઊઠયો : 'ના, ભાઈ, ના! મારાથી એવું નહિ થાય!'

એક જણે કહ્યું : 'નન્હા, ચાલ, હોડીમાં બેસી જા. પૈસા હું આપીશ.'

લાલ બોલ્યો : 'આભાર!' એમ કહીને તે ત્યાં જ બેસી રહ્યો.

બધા લોકો હોડીમાં બેસીને ગંગાપાર ચાલ્યા ગયા.

લાલ કિનારે એકલો રહી ગયો. તેણે કપડાં ઉતાર્યાં એની પોટલી બનાવીને પોતાની પીઠ પર એને બરોબર બાંધી દીધી. પછી ગંગામૈયાને પ્રણામ કરીને તે પાણીમાં કૂદી પડયો. જોતજોતામાં તરતો તરતો તે સામે કિનારે પહોંચી ગયો.

આમ નાનકડા લાલે કોઈની આગળ હાથ લંબાવવાને બદલે તરીને ગંગાપાર જઈ મેળાની મોજ માણી.

નન્હે લાલમાં કેવો બળવાન આત્મા રહેલો હતો, એનો ખ્યાલ લાલના ઉદ્‌ગારો પરથી સહેજે આવી શકશે.

લોકસભામાં શાસ્ત્રીજીએ કહ્યું હતું :

'મારું કદ નાનું છે અને હું તીખી ભાષા બોલતો નથી. એટલે લોકો કદાચ એમ માનતા હશે કે હું મક્કમ થઈ શકતો નથી. પણ એ વાત સાચી નથી. મારું શરીર ભલે બહુ મજબૂત નથી, પણ મારું મન એવું નબળું નથી.'

અમેરિકન એલચી પ્રાધ્યાપક ગાલબ્રેથે શાસ્ત્રીજી વિશે યથાર્થ જ કહ્યું છે :

'સૂર્ય જેમ તેની સપાટી કરતાં તેના કેન્દ્ર ભાગે વધુ ઉષ્ણ છે, તેમ શ્રી. શાસ્ત્રી સામાન્ય રૂપમાં દેખાય છે તેના હિસાબે અતિશય બળવાન આત્મા ધરાવે છે. તેઓ દરેક પ્રશ્નને ખૂબ ધ્યાનપૂર્વક સાંભળે છે. પછી નીડરતાથી ચોક્કસ નિર્ણય લે છે અને એક વખત લીધેલા નિર્ણયને અડગતાથી વળગી રહે છે.'

## દેશભક્તિનો તણખો

હરિશ્ચંદ્ર હાઈસ્કૂલમાં શિક્ષક નિષ્કામેશ્વરજીએ વિદ્યાર્થીઓમાં દેશભક્તિનાં બીજ રોપ્યાં હતાં. લાલ પણ એ રંગે રંગાયો હતો. એવામાં ૧૯૧૫ ની સાલમાં મહાત્મા ગાંધીજી બનારસ પધાર્યા.

બનારસમાં હિંદુ વિશ્વવિદ્યાલયનો શિલારોપણ વિધિનો પ્રસંગ હતો. પંડિત મદનમોહન માલવિયજીએ મોટમોટા રાજા–મહારાજાઓને, શ્રીમંતોને નિમંત્ર્યા હતા. રાજાઓ તો આંખને આંજી નાખે એવા ભભકાદાર પોશાકમાં સજ્જ થઈને કીમતી આભૂષણો પહેરીને આવ્યા હતા.

એ સૌમાં ગાંધીજી જુદા તરી આવતા હતા. સાવ સાદો પોશાક. મુખ પર અભિમાનનો એક છાંટો પણ નહિ. ગાંધીજી બોલવા ઊભા થયા. ભાષા પણ આડંબર વિનાની, સીધી અને સરળ.

વિદ્યાર્થી લાલ તો ગાંધીજીની નીડર છતાં વિવેકપૂર્ણ વાણી સાંભળીને મુગ્ધ બની ગયો. તેને પણ મનમાં થઈ આવ્યું કે, હું પણ ગાંધીજી જેવું સાદું અને નીડર જીવન જીવીશ.

થોડા વખત પછી લોકમાન્ય ટિળક મહારાજ બનારસ પધાર્યા. લાલ ત્યાં પહોંચી ગયો. એમનાં તીખાં અને આગ ઝરતાં ભાષણો સાંભળીને લાલનું ઠંડું લોહી પણ ઊકળી ઊઠ્યું.

ગાંધીજીની પ્રેમભરી શાંત વાણીએ અને લોકમાન્યની તણખા ઝરતી વીર ગર્જનાએ લાલના જીવનમાં નવું જોમ પૂર્યું.

## લાલે શાળાનો બહિષ્કાર કર્યો

આગળ જતાં ૧૯૨૦ની સાલમાં મહાત્મા ગાંધીજીએ અંગ્રેજ સરકારની દમનનીતિ સામે અસહકારની લડત આદરી. આખા દેશને આદેશ આપ્યો : પરદેશી માલનો બહિષ્કાર કરો; સરકારી ઑફિસો અને અદાલતોનો બહિષ્કાર કરો; સરકારી શાળા–કૉલેજોનો બહિષ્કાર કરો.

એ અરસામાં ગાંધીજી પાછા બનારસ આવ્યા. લાલ તે વખતે મૅટ્રિકમાં હતો. તે પણ ગાંધીજીનું ભાષણ સાંભળવા ગયો. તેના કાનમાં ગાંધીજીના શબ્દો ગુંજવા લાગ્યા : ‘ સરકારી શાળાનો વિદ્યાર્થીઓ બહિષ્કાર કરે ! ’

ઠેર ઠેર શાળા–કૉલેજોમાંથી વિદ્યાર્થીઓ બહાર નીકળવા લાગ્યા. લાલથી રહેવાયું નહિ. તે પણ પોતાના વર્ગશિક્ષક આગળ જઈને કહેવા લાગ્યો : ‘ મારે હવે ભણવું નથી. ગાંધીજીનો આદેશ છે, દેશ માટે બધા બહાર પડો. ગુરુજી, મને રજા આપો. ’

શિક્ષક બેનીપ્રસાદ ગુપ્તજી સમજુ હતા. લાલ જેવો હોશિયાર વિદ્યાર્થી છેક આરે આવેલી મૅટ્રિકની પરીક્ષા આપવાનો ઇન્કાર કરે એ એમને ઠીક ન લાગ્યું. તે એને સમજાવતાં બોલ્યા : ‘ જો લાલ, તારો વિચાર આવકારપાત્ર છે. પરંતુ મૅટ્રિકની પરીક્ષાને હવે બે જ મહિના બાકી રહ્યા છે. અમને ખાતરી છે કે તું એમાં સારા નંબરે સફળ થશે. તને આગળ ભણવા માટે શિષ્યવૃત્તિ પણ મળે એમ છે. તારા ઘરની સ્થિતિ પણ સારી નથી. તારી બાનો તું જ એકમાત્ર આધાર છે. વળી તારી ઉંમર પણ વધારે ન કહેવાય. માટે આવું ઉતાવળિયું પગલું ભરવાની શી જરૂર ? ’

પરંતુ લાલનો નિર્ણય મક્કમ હતો. તેણે આખરે શાળા છોડી. માતા દુઃખી થયાં. તેમણે તો મોટી મોટી આશાઓ સેવી હતી. લાલ મૅટ્રિક થશે, નોકરી કરશે અને કમાતો–ધમાતો થશે; દુ:ખના દહાડા પૂરા થશે. પણ લાલે તો બધી આશાઓ પર પાણી ફેરવી દીધું ! માસાજી પણ નારાજ થયા.

માતા છેવટે માની ગયાં. લાલને તેમણે આશીર્વાદ આપ્યા. લાલે આનંદભેર લડતમાં ઝંપલાવ્યું.

## કાશી વિદ્યાપીઠમાં

અસહકારની લડત સામે અંગ્રેજ સરકારે કડક હાથે પગલાં ભર્યાં. ગાંધીજી વગેરે દેશનેતાઓને જેલમાં પૂરી દીધા. લાલને પણ પકડવામાં આવ્યા. પણ વયે નાના, કદે નાના લાલને છોડી મૂકવામાં આવ્યા!

લડત બંધ થઈ હવે શું કરવું? નવરા બેસીને કરવું પણ શું? લાલે કાશી વિદ્યાપીઠમાં દાખલ થવાનો વિચાર કર્યો.

'કાશી વિદ્યાપીઠ' એ દેશભક્તો દ્વારા ચાલતી રાષ્ટ્રીય વિદ્યાપીઠ હતી. જેમ ગુજરાતમાં મહાત્મા ગાંધીજીએ 'ગૂજરાત વિદ્યાપીઠ' શરૂ કરી હતી, એમ ઉત્તર પ્રદેશમાં 'કાશી વિદ્યાપીઠ' ચાલતી હતી. એના આચાર્ય હતા પ્રખર પંડિતવર્ય ડૉ. ભગવાનદાસ, આચાર્ય કૃપલાની, આચાર્ય નરેન્દ્રદેવ જેવા વિદ્વાનો અને દેશભક્તો અધ્યાપકો તરીકે હતા. વિદ્યાર્થીઓ પણ ગાંધીજીની હાકલને માન આપી સરકારી શાળા–કૉલેજોને તિલાંજલિ આપનાર દેશપ્રેમીઓ હતા.

લાલબહાદુર પણ કાશી વિદ્યાપીઠમાં દાખલ થયા. વિદ્યાપીઠ એમના ઘરથી સાતેક માઈલ દૂર હતી. લાલબહાદુર સવાર–સાંજ ચાલતા જા–આવ કરે.

આ વિદ્યાપીઠમાં લાલબહાદુર મૅટ્રિક થયા. પછી ચાર વર્ષ ઉચ્ચ શિક્ષણનો અભ્યાસ કરી દર્શનશાસ્ત્રમાં પારંગત થયા. તેમને 'શાસ્ત્રી'ની ઉપાધિ મળી. પછી તો એમની અટક જ 'શાસ્ત્રી' બની ગઈ.

વિદ્યાપીઠ–જીવન દરમિયાન ત્યાંના આચાર્ય ડૉ. ભગવાનદાસજીના સહવાસની લાલબહાદુરના જીવન પર બહુ ઊંડી અસર પડી. ડૉ. ભગવાનદાસનું જીવન ચારિત્ર્યશીલ હતું. એમની સાદાઈ એમના સ્વચ્છ હૃદયનું પ્રતિબિંબ હતી. સાદું જીવન અને ઉચ્ચ વિચાર એ આદર્શનું ભગવાનદાસજી મૂર્તિમંત સ્વરૂપ હતા.

શાસ્ત્રીજીના જીવનને ઘડવામાં ભગવાનદાસજી પણ ગુરુતુલ્ય સ્થાને વિરાજે છે. શાસ્ત્રીજીના જીવનમાં દેખાતી સાદાઈ, દિલની સ્વચ્છતા અને સચ્ચાઈ, નિર્દંભ વર્તન અને વિનમ્રતા એ સદ્‌ગુણોની અભિવૃદ્ધિ કરવામાં ભગવાનદાસજીના આદર્શ જીવને સારો એવો ભાગ ભજવ્યો છે.

## દેશસેવાના કામમાં

પંજાબકેસરી લાલા લજપતરાયે 'ભારતીય લોકસેવક સમાજ' જેવી સંસ્થા સ્થાપી હતી. જેમ મહારાષ્ટ્રમાં પૂના શહેરમાં ગોપાળકૃષ્ણ ગોખલેજીએ 'ભારત સેવક સમાજ'—'સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા સોસાયટી' સ્થાપી હતી, તેમ લાલાજીનું એ

મંડળ પણ દુષ્કાળ, અતિવૃષ્ટિ, ગંદકી, અસ્પૃશ્યતા વગેરે સામે સેવાભાવે ઝુંબેશ ચલાવતું હતું.

શાસ્ત્રીજીને પણ મહાત્મા ગાંધીજીનાં રચનાત્મક સેવાકાર્યો કરવાનું ગમતું. તેમણે અસ્પૃશ્યતાનિવારણ અને સફાઈકામ કરવા પણ માંડયું હતું.

શાસ્ત્રીજીની નિષ્ઠા અને ધગશ લાલાજીના ધ્યાન પર ચડયા વિના રહી નહિ. લાલાજીએ એમને લોકસેવક મંડળમાં સમાવી દીધા.

પછી તો શાસ્ત્રીજી ગાંધીજીના સત્યાગ્રહ આંદોલનમાં ભાગ લેવા લાગ્યા. તેમણે ઈ. સ. ૧૯૩૦ થી ૧૯૪૫ સુધી કુલ સાત વાર જેલયાત્રા ભોગવી હતી એમાં નવ વરસ પસાર કર્યાં હતાં.

જેલજીવનમાં શાસ્ત્રીજીએ પોતાના ઉમદા અને વિનયશીલ સ્વભાવનો સારો પરિચય કરાવ્યો હતો. જેલમાં ઘણી વાર સારા સારા માણસો પણ સામાન્ય જેવી વસ્તુ માટે વલખાં મારતા કે ઝઘડતા જોવા મળતા. પરંતુ શાસ્ત્રીજીએ ગરીબાઈમાં અને ખૂબ મુશ્કેલીમાં પોતાના જીવનનું એવું ઘડતર કર્યું હતું કે, એમને તો જેલમાં મુશ્કેલી જેવું કશું લાગતું જ નહિ. તે ખૂબ સ્વસ્થ રહેતા. એમના શિસ્તબદ્ધ જીવનની છાપ જેલ–અધિકારીઓ પર સારી પડી હતી. અહીં એક–બે પ્રસંગો જોઈએ.

ઉત્તર પ્રદેશના ઉન્નાવ જિલ્લાની એક જેલમાં સત્યાગ્રહી કેદી ધાંધલ મચાવતા હતા. કેટલાક કેદીઓ સાચી દેશભાવનાથી પ્રેરાઈને જેલમાં આવતા નહોતા. એટલે ખાવાની બાબતમાં, કપડાંની બાબતમાં અને બીજી નાની નાની ક્ષુલ્લક બાબતોમાં તેઓ અંદરોઅંદર ઝઘડતા અને જેલ–કર્મચારીઓને પણ પજવતા. કોઈ મુખ્ય નેતા જેવું દોરનાર નહિ.. તેથી દરેક જણ મન ફાવે તેમ વર્તતા.

એવામાં શાસ્ત્રીજીને એ જેલમાં ખસેડવામાં આવ્યા. બધા કેદીઓને જાણ થઈ કે, આપણા કોઈ મોટા નેતા જેલમાં આવે છે. એટલે બધા કેદીઓ પોતાના મોટા નેતાને આવકારવા તૈયાર થયા ત્યાં તો શાસ્ત્રીજીને જોઈને તેઓ હતાશ થઈ ગયા. આવા નાનકડા સાદા માણસ આપણા નેતા તરીકે આપણી દાદ–ફરિયાદ અંગે જેલ–અધિકારી સાથે શું ઝઘડી શકવાના ?

શાસ્ત્રીજી તો માનતા હતા કે, બોલવા કરતાં કરવું ભલું. એટલે બધા રાજદ્વારી કેદીઓને કશી શિખામણ આપવાને બદલે તેમણે પહેલે દિવસથી પોતાનું કામ જાતે જ કરવા માંડયું.

જેલમાં કેદીઓનાં કપડાં ધોબી ધૂએ, જ્યારે શાસ્ત્રીજી તો નાહીને નીકળે ત્યારે પોતાનાં કપડાં જાતે જ ધોઈને બહાર નીકળે. પોતે ખાવાની બાબતમાં પણ ઝઘડો નહિ કરે. ઊલટું તે પોતાના ભાગમાંથી બીજા કેદીઓને આપી દે.

આ જોઈને બધા કેદીઓને નવાઈ લાગી. તેમને થયું, ‘આ નેતા તો અજબ છે! કપડાં જાતે ધૂએ, ખાવા માટે ઝઘડે નહિ, જેલના એકાએક નિયમનું બરાબર પાલન કરે, જેલના કર્મચારીઓ સાથે પણ પ્રેમથી વર્તે!’ ધીમે ધીમે બધા શાસ્ત્રીજીના સરળ અને પ્રેમાળ વર્તનથી એમના તરફ આકર્ષાવા લાગ્યા.

એક દિવસ જેલમાં ધમાલ મચી ગઈ. કેદીઓએ હોહા કરી મૂકી. બધા ભોજન વેળાએ થાળી પછાડીને ઊભા થઈ ગયા. વાત એમ હતી કે, કેટલાય દિવસથી કેદીઓને બહુ ખરાબ ખોરાક આપવામાં આવતો હતો. આખરે કેદીઓ જીવ ઉપર આવી ગયા. બધાએ મળીને ભૂખ-હડતાલ પર ઊતરવાનું નક્કી કર્યું.

આ વાતની શાસ્ત્રીજીને ખબર પડી. તેમણે કેદીઓને સમજાવીને કહ્યું: ‘ભાઈઓ, એકદમ હડતાલ પર ઊતરવું ઠીક નહિ. ગાંધીજીના સત્યાગ્રહની આ રીત નથી. પહેલાં જેલ-અધિકારી સાથે આ બાબતમાં વાટાઘાટ કરીએ. જો તે ન માને અને આપણને સંતોષ થાય એ રીતનો એનો નિકાલ ન આવે, પછી આપણે આવું કોઈ પગલું ભરીએ એ યોગ્ય ગણાય.’

કેદીઓને શાસ્ત્રીજીની સલાહ બરાબર લાગી. એટલે શાસ્ત્રીજીએ જેલ-અધિકારીને બોલાવ્યા.

થોડી વારમાં એક અંગ્રેજ જેલ-અધિકારી રૂઆબભેર ત્યાં આવ્યો. તે ઊંચો અને કદાવર હતો. વામનજી જેવા શાસ્ત્રીજીએ એમને પ્રેમથી નમસ્કાર કરી આવકાર્યા.

ગોરા અધિકારીના મનમાં એમ કે, હું ત્યાં જઈશ, એટલે બધા કેદીઓ ધાંધલ મચાવી દેશે. એટલે પછી હું એમની સાથે કડક હાથે કામ લઈને બધાને એવો પાઠ શીખવીશ કે આવી ધમાલ કરવાની ખો જ ભૂલી જાય. એમના નેતાને તો બરાબર ધમકાવી કાઢીશ.

પરંતુ આ નેતા તો પ્રેમથી નમસ્કાર કરી આવકાર આપે છે! ગોરો નરમ પડયો. શાસ્ત્રીજીએ એને પોતાની પાસે બેસાડીને કેદીઓની મુશ્કેલી પ્રેમથી અને શાંતિથી સમજાવી.

ગોરો અધિકારી શાસ્ત્રીના સભ્ય અને નિખાલસ વર્તનથી ખુશ થયો. એ તેમનો મિત્ર બની ગયો. તેણે સારા ખોરાકની વ્યવસ્થા કરી આપવાનું કબૂલ્યું. અને બીજા દિવસથી કેદીઓને સારો ખોરાક મળવા લાગ્યો.

નૈની જેલમાં શાસ્ત્રીજી હતા, ત્યારે તેમણે અનાજ લાવવાની, સાફ કરવાની અને રસોઈ બનાવવાની વ્યવસ્થા ઉપાડી લીધી હતી. એ માટે તેમણે કેદીઓના વારા બાંધી આપ્યા હતા. પોતે પણ વારા પ્રમાણે સૌ કેદીઓની સાથે એ કામ કરતા.

જેલમાં એવો રિવાજ હતો કે, બે કેદીઓ વચ્ચે ધાસતેલનો એક દીવો આપવામાં આવતો. બે કેદીઓ એનો વારાફરતી ઉપયોગ કરતા. પરંતુ શાસ્ત્રીજીએ તો એ દીવો પોતાના સાથી–કેદીને આપી દીધો અને પોતે એરંડિયાનો દીવો કરી વાંચતા

જેલ પણ એમને વિદ્યાપીઠ જ બની ગઈ હતી. જેલમાં તેમણે મોટમોટા વિચારકો, ફિલસૂફો, ક્રાંતિકારોનાં પુસ્તકોનો અભ્યાસ કર્યો. ગાંધીજી, ગુરુદેવ રવીન્દ્રનાથ ઠાકુર, ટૉલ્સ્ટૉયનાં પુસ્તકોનું પણ ઊંડાણથી અધ્યયન કર્યું.

## ધર્મસંકટમાં ધૈર્ય જાળવ્યું

૧૯૪૧ની સાલમાં શાસ્ત્રીજી નૈની જેલમાં હતા, ત્યારે તેમના પર ધર્મસંકટ આવી પડ્યું. તેમની દોઢ વર્ષની દીકરી પુષ્પા ખૂબ બીમાર પડી ગઈ. શાસ્ત્રીજીને એ સમાચાર પહોંચાડવામાં આવ્યા. તેમણે સ્વસ્થતા જાળવી રાખી. બહાર જવાય એમ હતું નહિ. એટલે બીજું થાય પણ શું ? પ્રભુને પ્રાર્થના કર્યા સિવાય બીજો માર્ગ ન હતો.

પરંતુ શાસ્ત્રીજીના કેટલાક મિત્રો એમને પેરોલ પર છોડવા માટે જેલના અધિકારીઓને મળ્યા. શાસ્ત્રીજીના સારા વર્તન અને સ્વભાવથી અધિકારીઓ એમના પર ખુશ હતા. તેઓ શાસ્ત્રીજીને પેરોલ પર છોડવા તૈયાર થયા.

હવે પેરોલ પર છૂટવા માટે કેદીએ અમુક શરતો માન્ય કરવી પડે છે. એમાં એક નિયમ એવો છે કે, રાજદ્વારી કેદી જેટલો વખત પેરોલ પર બહાર રહે, તેટલો વખત તેણે દેશની કોઈ પણ રાજકીય પ્રવૃત્તિમાં ભાગ લેવો નહિ.

મિત્રો શાસ્ત્રીજી પાસે જઈને પેરોલ માટેના શરતપત્ર પર તેમને સહી કરવા કહેવા લાગ્યા. શાસ્ત્રીજીએ પેલો નિયમ વાંચીને કહ્યું : ‘માફ કરજો. મારાથી સહી ન થાય !’

મિત્રો નવાઈ પામીને બોલ્યા : ‘શાસ્ત્રીજી તમને સહી કરવામાં શો વાંધો છે ? જેલના અધિકારીઓ તમને પેરોલ પર છોડવા તૈયાર છે.’

શાસ્ત્રીજીએ પેલા નિયમ તરફ તેમનું ધ્યાન ખેંચીને કહ્યું : ‘મારાથી આ નિયમનું પાલન ન થઈ શકે. જો સહી કરું તો મારું ગૌરવ હણાય એમ છે. સ્વમાનને ભોગે મારે છૂટવું નથી. ઈશ્વરની જે ઇચ્છા હશે એમ થશે.’

મિત્રો કહે : ‘પણ શાસ્ત્રીજી, એ નિયમ તમને બાધક નીવડે એમ નથી. તમે બહાર આવીને રાજકીય પ્રવૃત્તિમાં ઓછો ભાગ લેવાના છો ? તમે તો તમારી બીમાર દીકરીને માટે બહાર આવો છો.’

શાસ્ત્રીજીએ કહ્યું : 'મિત્રો, તમારી વાત સાચી છે. પણ આપણાથી એ રીતે સહી ન થાય. બિનશરતે સરકાર છોડવા ઇચ્છતી હોય તો ભલે.'

મિત્રોના પ્રયત્નથી સરકારે શાસ્ત્રીજીને બિનશરતે પંદર દિવસ પેરોલ પર જવા દીધા.

પરંતુ શાસ્ત્રીજી ઘેર પહોંચે ત્યાં તો બાળકી પ્રભુના ધામમાં પહોંચી ગઈ હતી ! શાસ્ત્રીજીએ શાંતિથી દીકરીની અંતિમક્રિયા પતાવી.

પછી ઘેર આવી શાસ્ત્રીજી કોઈને મળ્યા-કર્યા વિના તરત જ જેલ જવા તૈયારી કરવા લાગ્યા.

આ જોઈને બધાં સગાંવહાલાં અને મિત્રો નવાઈ પામ્યાં. તેઓ બોલી ઊઠયાં : 'અરે, જવાની આટલી બધી ઉતાવળ શી છે ? તમને પંદર દિવસ પેરોલ ઉપર છોડયા છે. માટે એટલા દિવસ અહીં નિરાંતે શાંતિથી રહો.'

શાસ્ત્રીજી એ સાંભળીને કહે : 'મને સરકારે દીકરીની માંદગી માટે છોડયો છે. દીકરી તો હવે ભગવાનને ઘેર ગઈ. પછી મારાથી બહાર શી રીતે નિષ્કારણ રહેવાય ? નિયમ એટલે નિયમ. એમાં આપણી મરજી મુજબ બાંધછોડ નહિ થાય.'

એમ કહીને શાસ્ત્રીજી જેલમાં જવા નીકળી પડયા અને નૈની જેલમાં પાછા દાખલ થઈ ગયા.

એક વર્ષ બાદ બીજો એવો જ ધર્મસંકટનો પ્રસંગ ઊભો થયો.

શાસ્ત્રીજીના ચાર વર્ષના પુત્રને ટાઇફોઇડ થયો હતો. દવાદારૂ ચાલુ હતાં, પણ તાવ મચક આપતો નહોતો.

મિત્રોએ ફરીથી શાસ્ત્રીજીને પેરોલ ઉપર કશી શરત વિના છૂટા કરવા જેલ-અધિકારીઓને વિનંતી કરી. સરકારે બિનશરતે શાસ્ત્રીજીને એક અઠવાડિયા માટે છૂટા કર્યા.

શાસ્ત્રીજી ઘેર આવી પુત્રની સેવામાં લાગી ગયા. શાસ્ત્રીજી આવ્યા, એટલે એમનાં ધર્મપત્ની લલિતાદેવીને ખૂબ રાહત થઈ. ઘરની આર્થિક સ્થિતિ પણ ખૂબ નબળી હતી. કમાનાર શાસ્ત્રીજી જ જેલમાં, એટલે ખાવાપીવાની ખૂબ મુશ્કેલી પડતી. લલિતાદેવી બહુ ત્રેવડથી ઘરકારભાર ચલાવતાં. પણ બાળકોની એક પછી એક માંદગી આવતાં તે લાચાર બની જતાં.

જોતજોતામાં અઠવાડિયું પૂરું થઈ ગયું. પણ પુત્રની તબિયતમાં કશો ફેરફાર ન થયો. તાવ બરોબર ચડેલો હતો. આવી ગંભીર માંદગીમાં પુત્રને છોડીને જવાનું પ્રેમાળ પિતાને કયાંથી ગમે ? પણ જેલમાં પાછા ગયા વિના બીજો આરો ન હતો.

ઘરનાં માણસોએ કહ્યું : 'થોડા વધુ દિવસની મુદત માંગો.' બીમાર પુત્ર પણ કહેવા લાગ્યો : 'બાપુજી, મને છોડીને જશો નહિ.'

પરંતુ શાસ્ત્રીજી મન મજબૂત કરીને બાળકને ભગવાનને ભરોસે છોડીને જેલમાં હાજર થવા ચાલ્યા ગયા.

પ્રભુકૃપાથી થોડા દિવસમાં પુત્ર સાજો થઈ ગયો. એ સમાચાર મળતાં શાસ્ત્રીજીએ પ્રભુનો પાડ માન્યો.

છેવટે આઝાદી સંગ્રામનો પણ અંત આવ્યો. દેશ આઝાદ થયો અને આપણા દેશમાં આપણું રાજ્ય સ્થપાયું.

## ઉત્તર પ્રદેશના પ્રધાનમંડળમાં

૧૯૪૭ ની સાલમાં ઉત્તર પ્રદેશમાં પંડિત ગોવિંદ વલ્લભ પંતના પ્રધાન-મંડળમાં લાલબહાદુર શાસ્ત્રીજીને પોલીસ અને વાહનવ્યવહાર ખાતાના પ્રધાન તરીકે લેવામાં આવ્યા.

શાસ્ત્રીજીએ મહેનત ઉઠાવીને પોલીસદળની કાર્યક્ષમતા વધારી અને પહેલાં અંગ્રેજી શાસન વખતે પોલીસ તરફ લોકો નફરતની કે ભયની દૃષ્ટિથી જોતા હતા, પરંતુ શાસ્ત્રીજીએ લોકોમાં પણ પોલીસ વિશે સારી લાગણી પેદા કરી. પોલીસ આપણા જ દેશબંધુઓ છે, માટે એમના તરફ પરાયા માણસોની માફક વર્તવું ન જોઈએ. પોલીસ તો કાયદો અને વ્યવસ્થા જાળવવામાં મદદકર્તા છે. માટે એમની સાથે આપણે સહકારથી વર્તવું જોઈએ. એવા એવા વિચારો શાસ્ત્રીજીએ લોકો આગળ મૂક્યા.

વાહનવ્યવહારની બાબતમાં પણ શાસ્ત્રીજીએ રાજ્યની માલિકીની અને રાજ્ય દ્વારા સંચાલિત બસવ્યવસ્થા દાખલ કરી. એથી લોકોની હાડમારી ઓછી થઈ.

## પોલીસ પ્રધાન પોલીસ ચોકીએ!

એક દિવસે વહેલી સવારે શાસ્ત્રીજી મોટરમાં બેસીને ક્યાંક જતા હતા. રસ્તામાં એમની મોટરને અકસ્માત નડ્યો

શાસ્ત્રીજીએ મોટરને અકસ્માતને સ્થળે ઊભી રખાવી અને તે પગે ચાલતા ચાલતા નજીકની પોલીસ ચોકીએ રિપોર્ટ નોંધાવવા ગયા.

ફોજદાર હાજર નહોતો. હવાલદાર આરામથી લાંબો થઈને સૂતો હતો.

શાસ્ત્રીજીએ ધીમેથી હવાલદારને જગાડ્યો અને કહ્યું : 'ભાઈ, મારી મોટરને અકસ્માત થયો છે. જરા રિપોર્ટ લખી લોને!'

વહેલી સવારની મીઠી નીંદરમાંથી આમ જાગવું પડ્યું. એટલે હવાલદાર બબડવા લાગ્યો : 'લોકો પણ ખરા છે ! જંપીને સૂતા નથી અને બીજાને સૂવા દેતા નથી ! અમે માણસ છીએ કે ઢોર ? અમારે પણ આરામ જોઈએ કે નહિ ?'

શાસ્ત્રીજીએ કહ્યું : 'તમને આમ જગાડવા પડયા એ માટે હું દિલગીર છું. પણ મારે વહેલા આગળ જવું છે. એટલે તમે મારો રિપોર્ટ જરા જલદી નોંધી લો તો મહેરબાની !'

આ સાંભળીને પેલો હવાલદાર વધારે ચિડાઈને બોલ્યો : 'તમારે ઉતાવળ હોય તો અમારે શું ? જરા ચાપાણી તો પીવા દો ! પછી લખાય છે. બેસો થોડી વાર બાજુએ.'

શાસ્ત્રીજીએ કહ્યું : 'અરે ભલા ભાઈ, આમાં તમને બહુ વખત નહિ લાગે. વળી મને મોડું થાય છે. માટે આટલું કામ પહેલાં પતાવો તો સારું.'

હવે હવાલદારનો મિજાજ છટક્યો. તે તોછડાઈથી બોલ્યો : 'તમે કંઈ મને પગાર-બગાર આપતા નથી. હું કંઈ તમારો નોકર નથી. તમે તો જાણે પોલીસ ખાતાના મોટા ઉપરી હો એમ વાતો કરો છો ! અહીં એક બાજુએ છાનામાના બેસો. મારી ફુરસદે હું રિપોર્ટ લખીશ.'

એટલે શાસ્ત્રીજી એક બાજુએ બાંકડા પર બેસી ગયા.

થોડી વાર પછી ફોજદાર સાહેબ આવી પહોંચ્યા. જુએ છે તો પોલીસ ખાતાના પ્રધાનશ્રી એક બાજુએ બેઠા છે !

ફોજદારને તો પરસેવો પરસેવો થઈ ગયો. તેણે શાસ્ત્રીજીને અદબથી સલામ કરી કહ્યું : 'સાહેબ, આપ અત્યારમાં અહીં ક્યાંથી ? કંઈ હુકમસેવા મારે લાયક ?'

શાસ્ત્રીજીએ હસતાં હસતાં કહ્યું : 'કાંઈ નહિ. મારી મોટરને અકસ્માત થયો છે. એટલે અહીં હવાલદાર પાસે રિપોર્ટ લખાવવા આવ્યો છું. હવાલદારે મને કહ્યું કે, એમનું પ્રાતઃકર્મ પૂરું થઈ જાય પછી તે રિપોર્ટ લખશે. એટલે હું અહીં નિરાંતે બેઠો છું.'

હવે પેલા હવાલદારની શી સ્થિતિ થઈ હશે એ તો તમે જ કલ્પી લો. કાપે તો લોહી નહિ નીકળે એવી દશા તેની થઈ ગઈ. તે બાપડો ધ્રૂજતો ધ્રૂજતો શાસ્ત્રીજીને પગે પડી માફી માગવા લાગ્યો.

પરંતુ પોલીસ ખાતાના પ્રધાનજી તો જાણે કશું બન્યું જ નહિ હોય એમ રિપોર્ટ લખાવીને ત્યાંથી શાંતિથી ચાલ્યા ગયા !

## આપણને એ ન શોભે !

શાસ્ત્રીજી પોલીસ અને વાહનવ્યવહાર ખાતાના પ્રધાન હતા, ત્યારનો એક બીજો પ્રસંગ પણ શાસ્ત્રીજીની ઉચ્ચ જીવનદૃષ્ટિનું પ્રેરક ઉદાહરણ પૂરું પાડે છે.

એક દિવસ શાસ્ત્રીજી પોતાનું કામકાજ પતાવીને ઘેર આવ્યા. જુએ છે તો ઘરનાં બધાં બાળકો આનંદમાં હતાં.

શાસ્ત્રીજીને જોઈને બાળકો એમને વીંટળાઈ વળ્યાં અને ખુશખબર કહેવા લાગ્યાં કે, એમના નિવાસસ્થાનમાં ઠંડા પાણી માટે કૂલર મૂકવાની વ્યવસ્થા થાય છે.

શાસ્ત્રીજીએ જોયું કે, જાહેર બાંધકામ ખાતાના માણસો એ કામ કરી રહ્યા છે.

એ જોઈને તે ગંભીર બની ગયા અને બાળકોને સમજાવતાં બોલ્યા : 'આપણે ત્યાં કૂલર ન શોભે ! આવતી કાલે હું પ્રધાન ન હોઉં અને અલાહાબાદના આપણા જૂના મકાનમાં જઈને આપણને રહેવું પડે. આવી આદત ખોટી. આપણા દેશમાં લાખો માણસો ધૂપ–તાપ સહન કરે, અને આપણે આમ સાહ્યબીમાં રહીએ એ સારું ન કહેવાય.'

પછી શાસ્ત્રીજીએ તરત જ એ ખાતાના અધિકારીને ફોન કર્યો અને જણાવ્યું કે, એમના નિવાસસ્થાનમાં કૂલરની કોઈ જરૂર નથી.

## રેલવેપ્રધાનની કામગીરી

આગળ જતાં શાસ્ત્રીજી કેન્દ્રમાં રેલવેપ્રધાન બન્યા. રેલવેમાં આપણા સામાન્ય લોકોને પડતી હાડમારીનો કોને ખ્યાલ ન હોય ? મહાત્મા ગાંધીજીએ એ ત્રાસ જોઈને પોતે ત્રીજા વર્ગમાં મુસાફરી કરવાનું રાખ્યું હતું.

શાસ્ત્રીજીએ પણ ત્રીજા વર્ગની અગવડો દૂર કરવા બનતા પ્રયાસો કર્યા. ત્રીજા વર્ગના ડબામાં પંખા મુકાવ્યા. ત્રીજા વર્ગના મુસાફરોને ગાડીની 'ડાઈનિંગ કાર'માં જમવાની સગવડ આપી. સૂવાના પાટિયાની અને 'રિઝર્વ' બેઠકોની જોગવાઈ કરી આપી. ગાડીની ઝડપ વધારી. આવા આવા અનેક સુધારાઓ તેમણે દાખલ કર્યા.

રેલવે પ્રધાન પ્રવાસે નીકળે ત્યારે એમનો પોતાનો ખાસ ડબો હોય. આ ડબામાં બધી સગવડ હોય. આને 'સલૂન' કહેવાય. રેલવેપ્રધાનનું સલૂન પૂરી ઠાઠમાઠવાળું હોય.

પરંતુ શાસ્ત્રીજીએ એવું ભભકાદાર સલૂન છોડી દીધું. તે હમેશાં બીજા વર્ગના ડબામાં થોડો ફેરફાર કરીને એમાં જ મુસાફરી કરતા. વળી આવા પ્રધાનો

પ્રવાસ દરમિયાન સરકીટ હાઉસમાં ઊતરે. અહીં પણ તેમની બધી સગવડો સચવાતી હોય પરંતુ શાસ્ત્રીજી એવી સગવડો લેતા નહિ તે તો રેલવેના ડબામાં રહેવાનું પસંદ કરતા. ત્યાં જ આરામ કરતા, ત્યાં જ સૌને મળતા અને ત્યાં જ કામકાજ કરતા. રેલવેપ્રધાન તો રેલવેના ડબામાં જ હોયને !

તે વખતમાં રેલવે અકસ્માતો ઘણા થતા. બે બહુ મોટા અકસ્માતો થયા અને શાસ્ત્રીજીએ આ મુદ્દા પર રાજીનામું આપી દીધું એ આપણે જોઈ ગયા છીએ.

## દેશના વડાપ્રધાનનું ગૌરવ પામ્યા

ત્યાર બાદ શાસ્ત્રીજી ૧૯૫૭માં કેન્દ્રના વાણિજ્ય અને ઉદ્યોગ ખાતાના પ્રધાન બન્યા. એમના સમયમાં ભિલાઈ, રૂરકેલા અને દુર્ગાપુરનાં મોટાં જંગી પોલાદ કારખાનાંઓની સ્થાપના થઈ.

પછી ૧૯૬૧ માં કેન્દ્રના ગૃહપ્રધાન પંડિત ગોવિંદ વલ્લભ પંતનું અવસાન થયું. એટલે નેહરુજીએ શાસ્ત્રીજીને ગૃહપ્રધાન બનાવ્યા.

એ સમયમાં કોંગ્રેસને લાગ્યું કે, સ્વરાજ મળ્યા પછી ઘણાખરા દેશનેતાઓ પ્રધાનમંડળમાં દાખલ થઈ ગયા. તેથી કોંગ્રેસનો આમપ્રજા સાથેનો સંબંધ શિથિલ થઈ ગયો હતો. માટે નેહરુજી વગેરેએ મળીને એ અંગે વિચારણા કરી. કામરાજ યોજનાનો ઉદ્ભવ થયો. કેટલાક મુખ્ય માણસોને પ્રધાન મંડળમાંથી છૂટા થઈ આમજનતામાં કામ કરવાનું જણાવવામાં આવ્યું. શાસ્ત્રીજીને પણ આ યોજના પસંદ પડી અને તે પોતે જ સ્વેચ્છાએ રાજીનામું આપીને છૂટા થયા.

પરંતુ એવામાં વડાપ્રધાન જવાહરલાલ નેહરુનું સ્વાસ્થ્ય સારું રહેતું નહોતું. એટલે તેમણે શાસ્ત્રીજીને પાછા પોતાના પ્રધાનમંડળમાં લીધા અને તેમને દફતર વિનાના પ્રધાન બનાવ્યા.

સોગંદવિધિ થઈ ગયા પછી શાસ્ત્રીજી જવાહરલાલ નેહરુ પાસે જઈને પૂછવા લાગ્યા : 'હવે મારે શું કામ કરવાનું છે, એ કહો.'

જવાહરલાલ નેહરુએ એમના ખભા પર પ્રેમથી હાથ મૂકીને કહ્યું :

'મારું કામ તમારે કરવાનું છે.'

અને ખરેખર શાસ્ત્રીજીને શિરે વડાપ્રધાનનું કામ સંભાળવાની મોટી જવાબદારી આવી પડી.

નેહરુજીની તબિયત દિનપ્રતિદિન બગડતી ચાલી. દેશમાં બધે પ્રશ્નો ઊઠવા લાગ્યો :

'નેહરુ પછી કોણ ?'

આખરે આપણા લાડીલા જવાહરલાલજીનું તા. ૨૭ મી મે ૧૯૬૪ના રોજ અવસાન થયું. અને એ સ્થાને કોંગ્રેસે લાલબહાદુર શાસ્ત્રીજીને બેસાડયા.

## 'જય જવાન, જય કિસાન'

શાસ્ત્રીજીએ વડાપ્રધાનની જવાબદારી સ્વીકારી ખરી, પણ એમને શિરે બહુ મોટું કામ આવી પડયું.

પાકિસ્તાન આપણા દેશ પર ચડાઈ કરવા ઊંચુંનીચું થતું હતું. અને ૫ મી ઑગસ્ટ ૧૯૬૫ને રોજ પાકિસ્તાને કાશ્મીર પર ચડાઈ કરી. કચ્છ વિસ્તારમાં પણ તેણે પગપેસારો કર્યો.

શાસ્ત્રીજીએ હવે 'વામન સ્વરૂપ' ધારણ કર્યું. વામનમાંથી તે વિરાટ બની ગયા. તેમણે પાકિસ્તાનને ચોખ્ખું સંભળાવી દીધું : 'અમારા દેશનો કોઈ પણ ભાગ જો બળથી મેળવવાનો પાકિસ્તાનનો ઇરાદો હશે, તો એણે એક વાર વિચાર કરી લેવો પડશે. મારે ચોખ્ખેચોખ્ખું કહેવું જોઈએ કે બળનો સામનો બળથી થશે. અમારા ઉપર કરાયેલા આક્રમણને કયારેય સફળ થવા દેવામાં આવશે નહિ.'

આ જ અરસામાં આપણો દેશ અન્નતંગી પણ અનુભવતો હતો. તેમણે આપણા ખેડૂતવર્ગને હાકલ કરી કે જો દેશને બીજા દેશો પર અન્નની બાબતમાં આધાર રાખવો પડતો હોય, તો આપણા જેવા સુવિશાળ ખેતીપ્રધાન દેશને માટે એ શરમજનક છે. માટે આપણે ખંતથી અને મહેનતથી વધુ અનાજ ઉત્પાદન કરવા લાગી જવું જોઈએ.

આમ, દેશના યુવાનોને બહારના આક્રમણથી દેશનું રક્ષણ કરવા હાકલ કરી અને દેશના ખેડૂતવર્ગને વધુ ઉત્પાદન કરવા પ્રેરણા આપી. તેમણે બધે ધ્યેયમંત્ર ગુંજતો કર્યો :

'જય જવાન, જય કિસાન !'

લોકો ઉત્સાહમાં આવી ગયા. આપણા લશ્કરી બળે પણ પોતાનું હીર બતાવ્યું. અને પાકિસ્તાનને પીછેહઠ કરવી પડી. આપણા સૈન્યે પાકિસ્તાની શસ્ત્રસરંજામની ભારે ખુવારી કરી નાખી.

લોકો આનંદમાં આવી જઈ વડાપ્રધાનને વધાવવા લાગ્યા. લોકો ઉત્સાહમાં આવી જઈ જોરશોરથી બોલવા લાગ્યા :

'જય જવાન, જય કિસાન !'

## આનંદ શોકમાં પલટાઈ ગયા !

પાકિસ્તાનના પરાજયથી આપણા દેશમાં આનંદ આનંદ છવાઈ ગયો. બહુ ઓછા સમયમાં શાસ્ત્રીજી લોકહૃદયમાં સ્થાન પામી ગયા.

પરંતુ શાસ્ત્રીજી તો હતા શાંતિચાહક. એમને પોતાના પડોશી દેશને પરાસ્ત કરી દેશને માથે શત્રુનો ભય હંમેશને માટે ઝઝૂમતો રાખવો ગમતો ન હતો. બૌદ્ધગ્રંથ 'ધમ્મપદ'માં કહ્યું છે ને—

**' नहि वेरेन वेरानि संमन्तीध कुदाचनं !**
**अवेरेन च संमन्ति अेस धम्मो सनंतनो ! '**

—આ જગતમાં કદાપિ વેરથી વેર શમતું નથી, અવેરથી–પ્રેમથી જ વેર શમે છે : આ સનાતન ધર્મ છે.

એટલે શાસ્ત્રીજીએ પણ ભારત–પાકિસ્તાન વચ્ચે ભાઈચારો વધે એવી શાંતિ યોજના ઘડી કાઢી. રશિયાના વડાપ્રધાન કોસીજીન વચ્ચે મધ્યસ્થી તરીકે રહેવા તૈયાર થયા. કોસીજીને આ અર્થે પાકિસ્તાનના વડાપ્રધાન અયુબખાન અને ભારતના વડાપ્રધાન શાસ્ત્રીજીને તાશ્કંદ બોલાવ્યા.

ત્રણે જણાએ બેત્રણ દિવસ મોડે સુધી વાટાઘાટ કરીને તાશ્કંદ કરાર ઘડી કાઢયો. ૧૦ મી જાન્યુઆરી ૧૯૬૬ ની રાતે કરાર પર સહી કરવામાં આવી અને બંને દેશોના વડાપ્રધાનો પ્રેમથી હાથ મિલાવી સૂવા માટે છૂટા પડયા.

શાસ્ત્રીજી પણ નિરાંતે સૂવા પથારીમાં પડયા. પરંતુ પ્રભુએ તો બીજું જ નિર્માણ કર્યું હતું !

મધરાતને સમયે શાસ્ત્રીજીને હૃદયરોગનો હુમલો થયો ! રશિયાના ખૂબ નિષ્ણાત દાક્તરો દોડી આવ્યા. કોસીજીન પણ પોતાને ઘેર આવેલા મોંઘેરા મહેમાનની આવી ચિંતાજનક સ્થિતિ જોઈને શોકમગ્ન અને ચિંતાતુર બની ગયા. અયુબખાન પણ પોતાના મિત્રસમા શાસ્ત્રીજીની ચિંતામાં ડૂબી ગયા.

પરંતુ કોઈની મહેનત કામિયાબ ન નીવડી. શાસ્ત્રીજીએ ' હે રામ ! ' કહીને છેલ્લા શ્વાસ લીધા ! તેઓ ચિરનિદ્રામાં પોઢી ગયા.

આ દુઃખદ સમાચાર આખી દુનિયામાં ઝડપભેર પ્રસરી ગયા. ભારતની જનતા તો આ કારમા દુઃખદ સમાચાર સાંભળીને થોડી વાર તો દિગ્મૂઢ બની ગઈ. શાસ્ત્રીજીના કુટુંબ પર તો જબરી આફત ઊતરી પડી. ઘરનો મોભ જ તૂટી પડયો !

શાસ્ત્રીજીના મૃતદેહને આપણા દેશમાં લાવવામાં આવ્યો.

તા. ૧૦ મીને રાતે મંત્રણા પૂરી થયા પછી શાસ્ત્રીજીએ તાશ્કંદથી દિલ્હી પોતાનાં ધર્મપત્ની લલિતાદેવી અને પુત્ર હરિકૃષ્ણ સાથે ટેલિફોન પર વાતચીત કરીને કહ્યું હતું : 'અહીં બધું શાંતિથી પતી ગયું છે. પરમ દિવસે દિલ્હી આવી પહોંચીશ.'

શાસ્ત્રીજીએ ગૃહપ્રધાન ગુલઝારીલાલ નંદાજીને પણ ફોન કરીને જણાવ્યું હતું : 'હું આવતી કાલે સવારે અહીંથી નીકળીશ. પરમ દિવસે દિલ્હી આવીશ.'

આ સમાચાર મળતાં ભારતવાસીઓ પોતાના વહાલા વડાપ્રધાનને વધાવવા અને શાસ્ત્રીજીનાં નેવું વર્ષનાં વયોવૃદ્ધ માતા, ધર્મપત્ની લલિતાદેવી તેમ જ સંતાનો વગેરે સ્વજનો પણ એમનું ઉમળકાથી સ્વાગત કરવા પરમદિવસની રાહ જોતાં હતાં. ત્યાં તો આવા દુઃખદ સમાચાર મળ્યા !

હા. શાસ્ત્રીજી સ્વદેશ આવ્યા ખરા. પણ એ તો શાસ્ત્રીજીનો મૃતદેહ આવ્યો ! બધાં રડી પડયાં !

અઢાર માસની વડાપ્રધાન તરીકેની ટૂંકી કારકિર્દીમાં શાસ્ત્રીજીએ એવી કામગીરી બજાવી કે તેઓ સૌના લોકહૃદયમાં હંમેશને માટે અમર બની ગયા.

આજે પણ ભારતની જનતા એમને યાદ કરે છે અને એમની સાદાઈ, નમ્રતા, ઋજુતા, પ્રેમાળપણું વગેરેનું ભાવભીનું સ્મરણ કરીને કહે છે :

'આવા વડાપ્રધાન મળવા દુર્લભ છે !'

## ૫. શ્રીરામકૃષ્ણ પરમહંસ

એક વાર એક ભક્તે પૂછ્યું : 'ઠાકુર, સંસારમાં કેવી રીતે રહેવું ?'

ઠાકુર બાળક જેવા મુગ્ધ ભાવે બોલ્યા :

'ભાઈ, બધાં કામ કરવાં, પણ મન ઈશ્વરમાં રાખવું. સ્ત્રી, પુત્ર, માબાપ, બધાંની સાથે રહેવું અને તેમની સેવા કરવી: જાણે કે એ બધાં પોતાનાં ખૂબ અંગત માણસો છે. પણ મનમાં બરોબર સમજવું કે, એમાંથી કોઈ આપણું નથી.

'મોટા માણસના ઘરની ઘરવાળી શેઠનું બધું કામ કરે, પણ તેનું મન હોય ગામડામાં પોતાને ઘેર. વળી, તે શેઠનાં છોકરાંઓને પોતાનાં છોકરાંની માફક મોટાં કરે, 'મારો રામ,' 'મારો હરિ' કહીને બોલાવે; પણ મનમાં સારી રીતે સમજે કે એમાંથી મારું કોઈ નથી.

'કાચબી પાણીમાં તર્યા કરતી હોય, પણ તેનું મન ક્યાં હોય તે ખબર છે? કાંઠા પર, જ્યાં તેનાં ઈંડાં પડયાં હોય ત્યાં.

'સંસારનું બધું કામ કરવું, પણ મન ઈશ્વરમાં પરોવી રાખવું. ઈશ્વરભક્તિ પ્રાપ્ત કર્યા વિના જો સંસાર ચલાવો તો ઊલટા વધુ સપડાઓ. સંકટ, શોક, તાપ એ બધાંથી હેરાનપરેશાન થઈ જાઓ. અને સંસારના વિષયોનું ચિંતન જેમ જેમ વધુ કરો, તેમ તેમ આસક્તિ વધે

'હાથે તેલ લગાડીને પછી ફણસ ચીરવું જોઈએ. નહિતર તેનું દૂધ ચોંટી જાય. ઈશ્વરભક્તિરૂપી તેલ ચોપડીને સંસારનાં કામમાં હાથ લગાડવો જોઈએ.

'પણ આ ભક્તિ પ્રાપ્ત કરવી હોય, તો એકાંત હોવું જોઈએ. માખણ કાઢવું હોય, તો એકાંત સ્થાનમાં દહીં જમાવવું જોઈએ. દહીંને હલાવહલાવ કરીએ, તો દહીં જામે નહિ. ત્યાર પછી એકાંતમાં બેસી, બધાં કામ છોડી, દહીંને વલોવવું જોઈએ. તો જ માખણ નીકળે.

'વળી જુઓ, એ જ મન દ્વારા એકાંતમાં ઈશ્વરચિંતન કરવાથી જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ મળે. પણ સંસારમાં મનને પડયું રાખવાથી તે નીચે ઊતરી જાય. સંસારમાં કેવળ કામિની-કાંચનના જ વિચાર આવે.

'સંસાર જાણે કે પાણી અને મન જાણે કે દૂધ. દૂધને જો પાણીમાં નાખો, તો દૂધ પાણી મળીને એક થઈ જાય, ચોખ્ખું દૂધ મળે નહિ પણ દૂધનું દહીં

જમાવી, તેમાંથી માખણ કાઢીને જો પાણીમાં રાખીએ, તો તે તરે. એટલા માટે એકાંતમાં સાધના કરીને પ્રથમ જ્ઞાનભક્તિરૂપી માખણ કાઢી લો. એ માખણ સંસાર-જળમાં રાખી મૂકો, તો તે એમાં ભળી ન જાય, તર્યા કરે.

'સાથે સાથે વિચાર કરવાની બહુ જરૂર છે. કામ–કાંચન અનિત્ય, ઈશ્વર જ એક માત્ર નિત્ય વસ્તુ. રૂપિયાથી શું મળે? રોટલાદાળ, કપડાં, રહેવાની જગ્યા, એટલું જ. એથી ભગવાન ન મળે. એટલે રૂપિયા જીવનનું ધ્યેય થઈ શકે નહિ. આનું નામ વિચાર. સમજો છો?'

આ કોની વચ્ચે સંવાદ થયો છે એ જાણો છો? એક છે એમ. એ. થયેલા માસ્તર મહાશય અને બીજા છે શાળાએ ભણવા ન ગયેલા એવા ગામનો ગામડિયો માણસ. પરંતુ એ ગામડિયો માણસ કેવો છે? એની પાસે મોટમોટા વકીલો, વિદ્વાનો, ડાક્તરો, વિચારકો અને સુધારકો આવીને એનાં ચરણ આગળ બેસવામાં ધન્યતા માણે. નરેન્દ્ર જેવો તેજસ્વી ક્રોલેજિયન પણ એને ગુરુ તરીકે સ્વીકારે અને એ પારસમણિના સ્પર્શે નરેન્દ્ર 'સ્વામી વિવેકાનંદ' બની જગવિખ્યાત થયા.

એ ગામડિયો તે કોણ? તે છે શ્રીરામકૃષ્ણ પરમહંસ. એમનું જીવન અને એમનો ઉપદેશ આપણા જીવનને ઉચ્ચ અને ઉજ્જવળ બનાવે એવાં છે.

## ધર્મપરાયણ માતાપિતાની જીવનનિષ્ઠા

બંગાળામાં હુગલી જિલ્લો છે. એમાં દેરે નામનું નાનકડું ગામ. એ ગામમાં શ્રીરામકૃષ્ણના વડવાઓ રહેતા હતા. એ બ્રાહ્મણકુટુંબ ઈશ્વરપરાયણ હતું. અનેક પેઢીઓથી એ ગામમાં વસેલા આ કુટુંબની પ્રામાણિકતા, પવિત્રતા અને સરળતાને લીધે ત્યાંનાં ગ્રામજનોમાં એનું ખૂબ માન હતું.

આ ચટ્ટોપાધ્યાય કુટુંબમાં સને ૧૭૭૫ના અરસામાં ખુદીરામનો જન્મ થયો. ખુદીરામ શ્રીરામકૃષ્ણના પિતા હતા. માતુશ્રીનું નામ હતું ચંદ્રામણિદેવી.

ખુદીરામ પ્રેમાળ, ભક્તિશીલ, પ્રામાણિક અને ન્યાયપ્રિય હતા. માતા ચંદ્રામણિ પતિપરાયણ, અત્યંત સરળ, મધુર સ્વભાવનાં અને ઈશ્વરનિષ્ઠ હતાં. એમને ત્યાંથી કોઈ પણ માણસ નિરાશ થઈને પાછું ફરતું નહિ. બન્નેને ભલે ભૂખ્યા રહેવું પડે, પણ બારણે આવેલા અતિથિને જમાડ્યા વિના તેઓ કદી જવા દેતાં નહિ. આમ, આ કુટુંબનું ધર્મમય જીવન શાંતિ અને સરળતાથી ચાલતું હતું.

પરંતુ સને ૧૮૧૪માં આ કુટુંબ પર એકાએક આફત આવી પડી! ગામમાં આનંદરાય નામનો જમીનદાર. તે ભારે જુલમી હતો. બધા ગ્રામજનો એનાથી

કરતા. તેણે એક માણસ ઉપર ખોટો આરોપ મૂકી તેની સામે ફરિયાદ નોંધાવી. જમીનદારે ખુદીરામને એ માણસની સામે સાક્ષી તરીકે ઊભા રહેવા કહ્યું.

ખુદીરામ જાણતા હતા કે, એ માણસની સામે ખોટી ફરિયાદ છે. ખુદીરામ પોતાના અંતરાત્માને કદી છેતરતા નહોતા. એટલે તે જમીનદારનો કોપ વહોરી લેવા તૈયાર હતા. તેમણે ખોટી સાક્ષી પૂરવાની ચોખ્ખી ના પાડી દીધી.

જમીનદાર રોષે ભરાયો. તેણે ખુદીરામ પર પણ ખોટો આરોપ ચડાવ્યો. કાવાદાવા કરીને તેણે ખુદીરામનાં ઘરબાર ખૂંચવી લીધાં !

આવા વિકટ પ્રસંગે પણ ખુદીરામે પોતાના કુળદેવતા શ્રીરામચંદ્રજી ઉપરની પોતાની શ્રદ્ધા ગુમાવી નહિ. પ્રભુની જેવી ઇચ્છા, એમ તેમણે માન્યું. પોતાનાં પત્ની, દશ વર્ષનો પુત્ર રામકુમાર અને ચાર વર્ષની પુત્રી સાથે તેમણે દેરેગામ છોડયું !

આ સમાચાર તેમના મિત્ર સુખલાલ ગોસ્વામીને મળ્યા. તે કામારપુકુર નામના ગામમાં રહેતા હતા. તેમણે ખુદીરામને કામારપુકુર આવીને રહેવા આગ્રહભરી વિનંતી કરી.

સુખલાલ ગોસ્વામી એ ગામના જમીનદાર હતા. એ દયાળુ અને ભાવનાશાળી હતા. તેમણે ખુદીરામને પોતાના વિશાળ મકાનનો થોડો ભાગ રહેવા કાઢી આપ્યો. સારામાં સારી જમીન પણ તેમના નિભાવ અર્થે આપી.

ખુદીરામના સદ્દગુણોએ કામારપુકુરમાં પણ સૌનું ધ્યાન ખેંચ્યું. પોતાના જીવનમાં બનેલા દુઃખદ પ્રસંગથી એમનું મન વધારે ઈશ્વર ભણી વળ્યું. ઘણોખરો વખત તે શ્રીરામચંદ્રજીની પૂજામાં જ પસાર કરતા. વળી એ ગામ પાસેથી જ જગન્નાથપુરી જવાનો રસ્તો પસાર થતો હતો. એટલે જાત્રાએ જનાર સાધુસંતોની અવરજવર એ ગામમાં સતત રહેતી. ઘરની સ્થિતિ હવે પહેલાં જેવી નહોતી, છતાં પણ આ પતિપત્ની સાધુસંતોનો ભાવભર્યો સત્કાર કરતાં અને તેમને જમાડતાં.

૧૮૨૬માં તેમને ત્યાં બીજા પુત્રનો જન્મ થયો. એનું નામ પાડયું રામેશ્વર.

## જન્મકાળના દિવ્ય સંકેત

રામેશ્વરના જન્મ પછી લગભગ અગિયારેક વરસે ખુદીરામ તીર્થયાત્રાએ નીકળ્યા. ગયાધામમાં પિતૃઓનું તેમણે શ્રાદ્ધ કર્યું. પછી ગદાધર શ્રીવિષ્ણુને ચરણ-કમળે પિંડ અર્પણ કર્યાં.

અહીં એક રાતે તેમને અદ્દભુત સ્વપ્ન આવ્યું. એમાં જ્યોતિર્મય ઘનશ્યામ શરીરધારી દિવ્ય પુરુષે દર્શન આપી જણાવ્યું : 'હું તમારે ત્યાં જન્મ ધરીશ.'

આ બાજુ ચંદ્રાદેવીને પણ દિવ્ય સ્વપ્નો આવવા લાગ્યાં. પોતાનામાં દિવ્ય જ્યોતિ પ્રવેશ કરતી એમણે અનુભવી.

ખુદીરામ જાત્રાએથી ઘેર આવ્યા. એટલે ચંદ્રાદેવીએ પોતાના અનુભવોની વાત કરી. ખુદીરામે પણ સ્વપ્નની વાત કહી સંભળાવી. બંનેને ખાતરી થઈ કે, જરૂર આપણે ત્યાં દિવ્ય પુરુષનો જન્મ થશે.

અને એ ધન્ય દિવસ ઊગ્યો. વિક્રમ સંવત ૧૮૯૨ની ફાગણ સુદ બીજ, ઈ. સ. ૧૮૩૬ના ફેબ્રુઆરીની ૧૭મી તારીખ અને બુધવારને રોજ સુપુત્રનો જન્મ થયો.

બાળકનું જન્મનક્ષત્ર જોતાં જ્યોતિષશાસ્ત્ર પરથી એમ જાણવા મળ્યું કે, આવી વ્યક્તિ ધર્મજ્ઞ અને માનનીય થાય અને સર્વદા પુણ્યકર્મનું સતત અનુષ્ઠાન કર્યા કરે. ઘણા શિષ્યોથી વીંટળાયેલી રહીને એ દેવમંદિરે વાસ કરે અને નવીન સંપ્રદાય પ્રવર્તાવીને નારાયણના અંશભૂત મહાપુરુષ તરીકે જગતમાં પ્રસિદ્ધિ પામીને દુનિયામાં સર્વ સ્થળે પૂજાય.'

બાળકનું રાશિ પ્રમાણેનું નામ તો શંભુચંદ્ર પડ્યું. પરંતુ ગયાજીમાં થયેલા પેલા અદ્દ્ભુત અનુભવની સ્મૃતિ રૂપે ખુદીરામે બાળકનું નામ રાખ્યું 'ગદાધર'. બધા એને વહાલથી 'ગદાઈ' કહેતા.

આ જ બાળક આગળ જતાં શ્રીરામકૃષ્ણ પરમહંસ તરીકે બધે જાણીતા થયા.

## ગદાધરનો બાલ્યકાળ

બાળક ગદાધર ખૂબ સુંદર અને આકર્ષક હતો. જે કોઈ એને એક વાર જોતું તે વારંવાર જોવાની ઇચ્છા કરતું. આડોશપાડોશની સ્ત્રીઓ તો ગદાઈને તેડતાં ધરાતી જ નહિ.

ગદાઈ મોટો થતો ગયો, તેમ તેમ તેની અસામાન્ય બુદ્ધિ અને પ્રતિભાનો પરિચય ઘરનાં માણસોને અને આસપાસના લોકોને મળવા લાગ્યો. પાંચમા વરસમાં તે પ્રવેશ્યો, એટલે તેને ગામની નિશાળે મૂકવામાં આવ્યો. થોડા વખતમાં જ ગદાધર સાધારણ વાંચતાંલખતાં શીખી ગયો. પરંતુ આંકના પાડા ગોખવાનું એને જરાય ગમતું નહિ. મોટપણે શ્રીરામકૃષ્ણ પોતાના શિષ્યોને કહેતા : 'આંકના પાડા ગોખતાં મારું માથું ભમતું !'

બીજી બાજુ ગામના કુંભારો તથા મૂર્તિકારોને ત્યાં જઈ તેમને મૂર્તિ બનાવતા તથા વાસણો પર ચિત્રકામ કરતા જોયા કરતો. તે લોકોને પૂછી પૂછીને

પોતાને ઘેર જઈને પોતે એ પ્રમાણે કરતો. તેની સર્જનશક્તિ અદ્ભુત રીતે ખીલવા લાગી. ગામમાં કપડાં પર રંગબેરંગી ભાત ચીતરનારા રંગરેજો પાસે જઈને ચિત્રો પાડતાં ગદાઈ શીખવા લાગ્યો.

કામારપુકુર ગામમાં ક્યાંય પણ કથા–પુરાણ કે રામલીલા કરનારા કે કીર્તનકારો આવીને કથા શરૂ કરે, ત્યાં ગદાધર પોતાના બાળગોઠિયાઓ સાથે હાજર જ હોય. અહીં તે સંગીત, જુદા જુદા પાત્રોના બોલવાના પાઠની રીતો તથા ગીતો અને આખ્યાનો બરાબર ધ્યાન દઈને લક્ષમાં રાખતો. પછી ઘેર અથવા મિત્રમંડળીમાં તે આબેહૂબ ભજવી બતાવતો. તેમાં પણ સ્ત્રીપુરુષોની વિચિત્ર ખાસિયતો દર્શાવનારા હાવભાવોની નકલ જ્યારે ગદાઈ કરતો, ત્યારે તો મોટાં માણસો પણ હસીહસીને બેવડ વળી જતાં.

પોતાનાં માતાપિતા ઘરમાં જે દેવપૂજા કરતાં એની અસર પણ ગદાધર પર ઊંડી પડી હતી. તેને પણ પૂજાપાઠ વગેરે ક્રિયા કરવાનું બહુ ગમતું.

વળી માતાપિતા આગંતુકો તેમ જ પડોશનાં નરનારીઓ સાથે સહાનુભૂતિ–ભર્યો વર્તાવ રાખતાં હતાં. આ બધી બાબતોને આખી જિંદગીભર યાદ રાખીને શ્રીરામકૃષ્ણે કૃતજ્ઞતાપૂર્ણ હૃદયે ઋણ સ્વીકાર્યું છે. તેઓ દક્ષિણેશ્વરમાં પોતાના શિષ્યોને અહોભાવથી કહેતા :

'મારી માતા સરળતાની મૂર્તિ હતાં. દુનિયાદારીની કાંઈ પણ કળાબિકળ તેમને આવડતી નહિ. રૂપિયા કે પૈસા ગણતાં તે જાણતાં નહિ. ઘરની વાત કોની પાસે કહેવાય અથવા કઈ વાત ન કહેવાય એ પણ તે સમજતાં નહિ. પોતાના મનની વાત ગમે તેને મોઢે તે કહી દેતાં. આથી લોકો તેને 'ભોટ' કહેતાં. મારી માને સૌ કોઈને ખાવા દેવાનું બહુ જ ગમતું.

'મારા બાપુજી પૂજાપાઠ, જપ અને ધ્યાનમાં દિવસનો મોટો ભાગ ગાળતા. દરરોજ સંધ્યા વખતે ' आयाहि वरदे देवि ' એ મંત્ર બોલીને ગાયત્રીનું આવાહન કરતાં કરતાં તેમની છાતી ફૂલવા લાગતી અને લાલ થઈ જતી. વળી જ્યારે પૂજામાં રોકાયેલા ન હોય, ત્યારે પણ શ્રીરઘુવીરને પહેરાવવા માટે તેઓ સોયદોરો અને ફૂલો લઈને માળા ગૂંથતા. ગામના લોકો તેમના પ્રત્યે એક ઋષિ જેવું સન્માન તથા ભક્તિભાવ બતાવતા.'

પાંચ–છ વર્ષના ગદાઈના સ્વભાવની મધુરતા વય વધવાની સાથે વધતી ગઈ. જે કોઈના પરિચયમાં તે આવતો તેને પ્રિય થઈ પડતો. પડોશમાં રહેતા લોકોના ઘરની સ્ત્રીઓ પોતાને ત્યાં કંઇ પણ સારું ખાવાનું બનાવતી, ત્યારે તેમાંથી થોડુંક ગમે તેમ કરીને પણ ગદાધરને માટે પહોંચાડી આવતી.

આ જ વયમાં ગદાઈને ઘણીવાર ભાવસમાધિ પણ થઈ જતી. જ્યારે તેનું મન કોઈ પણ બાબતમાં તન્મય બની જતું, ત્યારે ગદાઈને પોતાના શરીરનો ખ્યાલ જ રહેતો નહિ.

ગામ બહારની હરિયાળી જમીનનો વિશાળ ગાલીચા જેવો કુદરતી દેખાવ, ત્યાં વહેતી નદીનો ખળખળ અવાજ કરતો મંજુલ સ્વર, આસપાસનાં વૃક્ષો પર વાસ કરતાં પંખીઓનો કલકલ અવાજ અને એ સૌની ઉપર આસમાની આકાશમાં રૂના પોલ જેવાં ઢગલે ઢગલા રંગબેરંગી વાદળાંઓની ચિત્તાકર્ષક શોભા વગેરે દશ્યો કે વસ્તુઓનાં રહસ્યમય ચિત્રો જ્યારે ગદાઈના ચિત્ત પર સૌન્દર્યનો પ્રભાવ પાડતાં અને તેના ચિત્તને અંદર ખેંચી રાખતાં, ત્યારે ત્યારે બાળક ગદાઈ દેહભાન વીસરી જઈને અંતરના કોઈ અગમ્ય ઊંડા ભાવ–પ્રદેશમાં ખોવાઈ જતો.

ગદાધર સાતેક વર્ષનો હતો, ત્યારે તેના પિતાનું અવસાન થયું ! એટલે કુટુંબનો બધો ભાર મોટાભાઈ રામકુમાર પર આવી પડ્યો.

## નાના બાળકનું સત્ય–પાલન

ગદાધર દસ વરસનો થયો, એટલે મોટાભાઈ રામકુમારે તેને જનોઈ આપવા વિચાર્યું. એ અંગેની તૈયારી પણ કરવા માંડી.

એ લોકોની પડોશમાં ધનીબાઈ નામે લુહારણ રહેતી હતી. ધનીબાઈને ત્યાં ગદાધર નાનપણથી જ દિવસમાં અનેકવાર જતો. ગદાધરના જન્મ વખતે બધી સારવાર ધનીબાઈએ કરેલી. તેથી તેને ગદાઈ પર પોતાના પેટના દીકરા જેટલું વહાલ હતું. વળી ધનીબાઈને કંઈ સંતાન ન હતું. એ કારણે પણ તેને ગદાઈ પર સહજ રીતે ઘણું જ હેત ઊભરાતું.

જનોઈની વાત ચાલતી હતી, એ અરસામાં એક દિવસ નાનો ગદાઈ ધનીબાઈને ત્યાં ગયો. વાત પરથી વાત નીકળતાં તે બોલ્યો : 'મને હવે જનોઈ આપવી છે, એમ બા અને મોટાભાઈ વાતો કરે છે.'

ધનીબાઈએ એ સાંભળીને સહજ રીતે પૂછ્યું : 'ગદાઈ બેટા, તારી બા કોણ ?'

ગદાઈએ જવાબ આપ્યો : 'મારાં બા ચંદ્રામા.'

ધનીએ પૂછ્યું : 'તારી ધરમની બા કોણ ?'

ગદાધરે તરત જ જવાબ આપ્યો : 'તમે.'

ધનીએ આનંદમાં આવી જઈ પૂછ્યું : 'સાચું કહે છે કે અલ્યા ગદાઈ બેટા ?'

ગદાઈએ બાલસહજ સરળતાથી કહ્યું : 'હા, બા, હા. બ્રાહ્મણના છોકરાથી જૂઠું બોલાય ?'

ધનીએ તેને વહાલથી ખેંચીને પોતાના ખોળામાં બેસાડી દીધો અને મીઠાશથી પૂછ્યું : 'બેટા ગદાઈ, તારી આ ગરીબ બાનું કહેવું તું કરીશ ?'

ગદાઈ કહે : 'એમાં શું ? જરૂર કરીશ, બા. તમારું કહેવું ન કરું એવું કોઈ દિવસ બને ખરું ?'

એટલે ધનીએ પોતાની ઇચ્છા એની આગળ જણાવતાં કહ્યું : 'દીકરા ગદાઈ, સાંભળ. તારી પાસે હું એક વચન માગું છું. તને જનોઈ દેવાય ત્યારે તારે બટુક તરીકેની પહેલી ભિક્ષા 'મા, ભિક્ષા આપો !' એમ કહીને મારી પાસેથી લેવી. સમજ્યો કે ?'

ગદાધરે મક્કમતાથી કહ્યું : 'બસ, એટલું જ ને! ભલે, બા ! જનોઈ લીધા પછીની પહેલામાં પહેલી ભિક્ષા તમારી પાસેથી જ લઈશ.'

ધનીના આનંદનો પાર ન રહ્યો. તેણે તે દિવસથી જ પોતાની શક્તિ પ્રમાણે પૈસાનો તથા વસ્તુઓનો સંગ્રહ કરવા માંડયો. તે એ પ્રસંગની આતુરતાથી રાહ જોવા લાગી.

જનોઈનો પ્રસંગ નજીક આવતો હતો. એક દિવસ એ અંગેની તૈયારીની વાતચીત ઘરમાં થતી હતી, ત્યારે બાળક ગદાધરે સહજ ભાવે માતા ચંદ્રામા અને મોટાભાઈને કહ્યું : 'જનોઈ અપાયા પછીની પહેલી ભિક્ષા હું ધનીમા પાસેથી લેવાનો છું.'

એટલે મોટાભાઈ બોલી ઊઠયા : 'એ વળી શું ? તને કંઈ ભાન-બાન છે ખરું ! બ્રાહ્મણનો દીકરો કદી લુહારણને ત્યાંથી પહેલી ભિક્ષા લે ખરો કે ? આવું કદી થાય ? આપણું કુળ લાજી મરે !'

નાના ગદાઈએ દૃઢતાથી કહ્યું : 'પણ મોટાભાઈ, મેં ધનીમાને વચન આપ્યું છે કે હું પહેલી ભિક્ષા તમારી પાસેથી લઈશ.'

જનોઈની વિધિ કરાવનાર શુકલજી પણ ત્યાં હાજર હતા. તેમણે કહ્યું : 'એવા વચનને મહત્ત્વ આપવાની કશી જરૂર નથી કુળનો આચાર પહેલો કે આવું વચન પહેલું ? તું કહે છે એવું કદાપિ થઈ શકે એમ નથી એ શાસ્ત્રવિરુદ્ધ છે.'

પરંતુ નાનકડો ગદાઈ ચળે એવો ન હતો. તેણે મક્કમપણે કહ્યું : 'તો પછી મારે જનોઈ જ નથી લેવી ! હું આપેલું વચન નહિ પાળું, તો હું જૂઠાબોલો ઠરું. જૂઠો માણસ જનોઈ ધારણ કરવાનો અધિકારી કદી ન બની શકે !'

માતા અને મોટાભાઈ વિમાસણમાં પડી ગયાં! રામકુમાર તો અકળાઈને બોલી ઊઠ્યો : 'માંડી વાળો આ બધી તૈયારી! આવો અધર્મ આપણા કુળમાં ન થવા દેવાય.'

આ વાતની કુટુંબના હિતેચ્છુ જમીનદાર લાહાબાબુને જાણ થઈ. તેમણે સૌને બોલાવીને સમજાવી કહ્યું :

'જુઓ રામકુમાર! આવી રીતે ભિક્ષા લેવાનો રિવાજ તમારા કુળમાં પહેલાં નહિ હોય એ વાત સાચી. પણ બીજા બ્રાહ્મણ-કુળોમાં આવું બનતું મેં જોયું છે. તેથી એ કારણે તમારી નિંદા થવાનો કશો ભય નથી. વળી, એ બાળકના સંતોષનો તથા તેના સત્યના પાલનથી તેની જળવાઈ રહેતી નિષ્ઠાનો વિચાર કરતાં એમ કરવામાં કશો દોષ નથી.'

લાહાબાબુ જેવા વડીલની સલાહ રામકુમારે માન્ય રાખી.

અને નાના ગદાઈએ વિધિપૂર્વક જનોઈ ધારણ કરીને ધર્મમાતા ધનીબાઈ પાસે જઈને કહ્યું :

'ॐ भवति भिक्षां देहि।'

ધનીમાએ આનંદભેર ગદાઈ દીકરાને ભિક્ષા આપી. તેને પોતાનું જીવતર સાર્થક થયેલું લાગ્યું.

## એવું ભણતર મને ન ખપે!

આગળ જતાં રામકુમારને લાગ્યું કે, કામારપુકુર જેવા ગામડા ગામમાં પડી રહેવાથી બહોળા કુટુંબના ગુજરાનનો સંભવ ઓછો છે. તેથી તે કલકત્તા ગયો. ત્યાં ઝામાપુકુર લત્તામાં તેણે એક પાઠશાળા ખોલી. સાથોસાથ આસપાસનાં કેટલાંક ઘરોમાં દેવપૂજાનું કામ પણ કરવા લાગ્યો. કામારપુકુરના ઘરનો વ્યવહાર વચેટ ભાઈ રામેશ્વર સંભાળવા લાગ્યો.

નાનો ગદાઈ આમ તો નિશાળે જતો હતો ખરો, પરંતુ તેનું ચિત્ત ભણતરમાં ચોંટતું નહોતું. તેને તો કથાકીર્તન સાંભળવાં, દેવદેવીઓની માટીની મૂર્તિઓ બનાવવી, પૂજા કરવી વગેરે વધારે ગમતું. વળી જગન્નાથપુરીની યાત્રાએ જતા સાધુસંતો ગામની ધર્મશાળામાં વિસામો લેવા ઊતરતા. ગદાઈને તેઓની સેવા-ચાકરી કરવાનું, તેઓને જોઈતું-મૂકતું હોય એ લાવી આપવાનું, પાણી ભરી લાવવાનું તથા તેઓની જ્ઞાનવાર્તા સાંભળવાનું ખૂબ ગમતું.

બીજી બાજુ પોતાના કુટુંબની કથળતી જતી સ્થિતિની અસર પણ ઊર્મિશીલ અને વિરક્ત હૃદયના ગદાઈ પર પડયા વિના શાની રહે? દુન્યવી સુખોપભોગની

ક્ષણિકતા તેણે જોઈ. આ બધી સાંસારિક જંજાળથી અલિપ્ત રહેવા ગદાધરે પોતાનું જીવન ધ્યાન–ચિંતન, સત્સંગ અને ઈશ્વરસ્તવનમાં ગાળવાનો નિશ્ચય કર્યો. જોકે પોતાની વૃદ્ધ માતાને ઘરકામમાં તે સારી પેઠે મદદ કરતો હતો.

રામકુમારનું કામ કલકત્તામાં સારું જામતું હતું. એકલે હાથે તેનાથી પહોંચી શકાય એમ નહોતું. હવે રામકુમાર એક વાર ઘેર આવ્યો, ત્યારે તેણે જોયું કે, ગદાધરને નિશાળમાં ભણવાનું ગમતું નથી. એટલે તેને તે કલકત્તા લઈ ગયો. પોતાની પાસે રહીને તે શાસ્ત્રો વગેરેનો અભ્યાસ કરી શકશે એમ તેણે માન્યું હતું.

પરંતુ રામકુમારે જોયું કે, ગદાઈને આ રીતે શાસ્ત્રો ભણવામાં પણ રસ પડતો નહોતો. પરંતુ કોઈ કોઈ વાર તેને બદલે ગદાઈને યજમાન કુટુંબોમાં પૂજાપાઠ અને દેવસેવા કરવા જવાનું થતું, ત્યારે તે એવા કામમાં ખૂબ રસ લેતો હતો.

આ જોઈને મોટાભાઈ રામકુમારને થયું કે, ગદાઈ અભણ રહેશે તો તે મોટપણે પોતાનો ઘરસંસાર શી રીતે ચલાવી શકશે ? આમ વિચાર કરીને એક દિવસ તેણે ગદાધરને કહ્યું : 'ગદાઈ, તું ભણીશ નહિ તો આગળ ઉપર વહેવાર કેમ કરીને ચાલશે ?'

ગદાઈનું ચિત્ત નાનપણથી જ દુન્યવી બાબતો તરફ ઉદાસીન હતું. તેને તો ઈશ્વરપરાયણ જીવન જીવવું હતું. ગદાઈએ આટલી નાની ઉંમરમાં જ જોયું હતું કે, ભણીભણીને મોટા પંડિત થયેલા લોકો સાંસારિક સુખોપભોગ મેળવવા ફાંફાં મારતા હતા અને એ મેળવવામાં જ સાર્થકતા માનતા હતા !

એટલે ઘણી વાર ગદાઈને મનમાં પ્રશ્નો થતા કે, 'આવું ભણતર ભણવાથી મને પવિત્રતા, ભક્તિ અને ઈશ્વરની પ્રાપ્તિ થશે ખરી ? આ શિક્ષણ મને ઈશ્વરમય અને ન્યાયપરાયણ જીવન ગાળવાનું બળ આપશે ? એથી હું ઈશ્વરનાં દર્શન કરવા અને અજ્ઞાનમય, ઇન્દ્રિયલોલુપ જીવનમાંથી મુક્તિ મેળવવા શક્તિમાન બનીશ ખરો ? પ્રભુમય જીવન બનાવવામાં, આ શિક્ષણ ઉપયોગી થશે ખરું ?' આવા આવા કેટલાય પ્રશ્નો બાળયોગીસમા ગદાઈના મનમાં ઊઠતા અને તેનો જવાબ નકારમાં જ મળતો !

એટલે ગદાઈને થતું કે, 'તો પછી જે ભણતર મને ઈશ્વરનું દર્શન કરાવવામાં અને સંસારને તરી જવામાં મદદ ન કરે એવું ભણતર ભણીને હું શું કરું ?'

આવા વિચારો સેવતા ગદાધરે મોટાભાઈને સ્પષ્ટ કહી દીધું :

'મોટાભાઈ, લોટદાળનાં સીધાં બાંધવાનું ભણતર ભણવાથી શું વળશે? મારે તો એવી વિદ્યા ભણવી છે કે જે પ્રાપ્ત કરવાથી ઈશ્વરનાં દર્શન કરીને સંસારમાં મનુષ્ય ધન્ય થઈ જાય!'

આ સાંભળીને રામકુમાર છક થઈ ગયા! તેમણે પોતાની વાત પડતી મૂકી.

મોટપણે શ્રીરામકૃષ્ણે પોતાના એક અનુભવની વાત કહી છે:

એક વાર શ્રીરામકૃષ્ણને સ્વપ્નું આવ્યું. સ્વપ્નમાં કાલીમાતાએ દર્શન આપ્યાં. માતાજીએ કહ્યું: 'માગ, માગ, માગે તે આપું.'

શ્રીરામકૃષ્ણે કહ્યું: 'મા, મને વિદ્યા આપો.'

દેવીએ ખૂણામાં પડેલો કચરાનો ઢગલો બતાવ્યો અને કહ્યું: 'આમાંથી જોઈએ એટલી વિદ્યા લઈ લે!'

શ્રીરામકૃષ્ણ સમજી ગયા. બે હાથ જોડી તેમણે માને કહ્યું: 'મા, મારે આવી વિદ્યા ન ખપે!'

તેઓ કહેતા: ઈશ્વર પ્રત્યે ભક્તિ જ માણસને તારે. બધી વિદ્યા તો અવિદ્યા છે. માણસને અભિમાની કરી મૂકે છે, બંધનકર્તા થઈ પડે છે.

## રાણી રાસમણિની નિષ્ઠા ફળી

ગદાધર સત્તર વર્ષની વયે કલકત્તા આવ્યો. એ દરમિયાન એક બનાવ બન્યો, જે ગદાધરના ભાવિ જીવન સાથે સંકળાયેલો હતો.

કલકત્તામાં જાનબજાર નામનો લત્તો છે. ત્યાં રાણી રાસમણિ નામે ધનાઢય વિધવા બાઈ રહેતાં હતાં. તેમણે દાનધર્મનાં અનેક કામ કરી ખૂબ કીર્તિ મેળવી હતી. તેમના જમાઈનું નામ મથુરબાબુ. તે રાણી રાસમણિની જમીનદારીનો વહીવટ સંભાળતા હતા.

રાણી રાસમણિ શ્રીકાલી માતાનાં પરમ ભક્ત હતાં. તેમને ઘણા વખતથી કાશી જઈને કાશીવિશ્વનાથ અને અન્નપૂર્ણા માતાનાં દર્શન કરવાની અને ખૂબ ધામધૂમથી પૂજાવિધિ કરવાની તીવ્ર ઇચ્છા થતી હતી.

એટલે તે એક વાર ત્યાં જવા તૈયાર થયાં. કાશી યાત્રાએ જવાની આગલી રાતે રાણી રાસમણિ કલકત્તાથી નીકળી દક્ષિણેશ્વર આવ્યાં. રાતે ગંગાતીરે વહાણ ઉપર જ રહ્યાં.

રાતે સ્વપ્નમાં કાલીમાતાએ રાણીને આદેશ આપ્યો:

'કાશી જવાની જરૂર નથી. ગંગાતીરે રમણીય સ્થળે મારી મૂર્તિની પ્રતિષ્ઠા કરી મંદિર બંધાવો અને પૂજા તથા ભોગની વ્યવસ્થા કરો. હું એ મૂર્તિમાં પ્રગટ થઈને તમારી પાસેથી હંમેશાં પૂજા ગ્રહણ કરીશ.'

રાણી રાસમણિએ દેવીનો આદેશ માન્ય રાખ્યો. તેમણે જાત્રાએ જવાનું બંધ રાખ્યું. ઈ. સ. ૧૮૪૧માં ગંગાને તીરે દક્ષિણેશ્વર મુકામે સાઠ વીઘાં જમીન વેચાતી લઈ તેના ઉપર નવ ચૂડાથી શોભીતું વિશાળ કાલી મંદિર, બાર શિવમંદિરો, રાધાકાંતનું મંદિર વગેરે દેવાલયો બંધાવ્યાં.

દક્ષિણેશ્વર કલકત્તાથી ઉત્તરે ચાર માઈલ પર આવેલું છે. સને ૧૮૫૫માં બાંધકામ પૂરું થયું અને એ વર્ષની ૩૧મી મેને રોજ મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા કરવાનું નક્કી થયું.

પરંતુ અણધારી મુશ્કેલી ઊભી થઈ. રાણી રાસમણિ જાતે શૂદ્ર હતાં. એટલે એમના મંદિરમાં પૂજા કરવા કે ત્યાં પ્રસાદ લેવા કોઈ બ્રાહ્મણ તૈયાર થયો નહિ! ચારે કોરના મોટમોટા પંડિતોની સલાહ માગી. પરંતુ એ લોકોએ પણ કશો સમાધાનકારક સીધો જવાબ આપ્યો નહિ!

રાણી ખૂબ વિમાસણમાં પડી ગયાં. પરંતુ રામકુમારે આ મડાગાંઠ ઉકેલવા આગળ આવી રસ્તો બતાવ્યો. તેણે સૂચવ્યું કે, જો રાણી એ મંદિર કોઈ બ્રાહ્મણને દાનમાં આપી દે, તો એ મંદિરમાં પૂજા કરવામાં કે એનો પ્રસાદ લેવામાં કોઈ બ્રાહ્મણને શાસ્ત્ર દૃષ્ટિએ કશો બાધ આવે એમ નથી.

આ ઉકેલ જોકે શાસ્ત્રસંમત હતો, છતાં ઘણા રૂઢિચુસ્ત પંડિતોએ એ સામે વિરોધ દર્શાવ્યો. પરંતુ રામકુમાર પોતાના મતને હિંમતપૂર્વક વળગી રહ્યો. એટલે રાણીએ એ પ્રમાણે મંદિરને યોગ્ય બ્રાહ્મણને દાનમાં આપી દીધું.

પરંતુ ત્યાં તો બીજો અંતરાય ઊભો થયો! શૂદ્ર સ્ત્રીએ બંધાવેલા મંદિરમાં પૂજારી બને એવો કર્મકાંડી બ્રાહ્મણ મેળવવાનું કાર્ય વિકટ હતું. રાણી રાસમણિ અને મથુરબાબુએ આ કામ રામકુમારને કરવા વિનંતી કરી. તેણે હા પાડી. એટલે મંદિર-પ્રતિષ્ઠાનો મહોત્સવ ખૂબ ધામધૂમથી ઊજવવામાં આવ્યો.

પ્રતિષ્ઠાપન-વિધિ પછી રામકુમાર દક્ષિણેશ્વર આવીને રહ્યો. ગદાધર પણ એની સાથે આવ્યો.

## દક્ષિણેશ્વરમાં શ્રીરામકૃષ્ણ

આ નવું સ્થળ ગદાધરને સર્વ રીતે અનુકૂળ લાગવા માંડ્યું. પવિત્ર એકાંત સ્થાન, વડીલ બંધુ રામકુમારની પ્રેમભરી સંભાળ, રાણી રાસમણિ અને મથુરબાબુનું

ભાવભર્યું વર્તન, જગદંબા અહીં હજરાહજૂર છે એવી અચલ શ્રદ્ધા તથા કલકલ નાદે વહેતી પતિતપાવની ગંગામૈયા : આ બધું આ સ્થળ પ્રતિ પ્રીતિ વધારી રહ્યું.

આગળ જતાં ગદાધરને પણ કાલીમંદિરના પૂજારીનું કામ સોંપવામાં આવ્યું.

હવે ગદાધરના જીવનનો એક નવો અને અતિમહત્ત્વનો તબક્કો શરૂ થાય છે. હવે આપણે ગદાધરનો શ્રીરામકૃષ્ણ તરીકે ઉલ્લેખ કરીશું.

ભક્ત અને ભગવતીના સુભગ મિલન માટેની એક નક્કર ભૂમિકાનો પ્રારંભ અહીંથી થાય છે. જગદંબાને ચરણે બેસીને આતુર સાધક શ્રીરામકૃષ્ણે પોતાનું ભક્તિ–તરબોળ હૈયું ઠાલવવા માંડયું.

આ નવા પૂજારીનો પૂજાવિધિ અસામાન્ય પ્રકારનો છે, એ તો મથુરબાબુને તરત જ સમજાઈ ગયું. મૂર્તિમાં સ્વયં કાલીમાતા વિરાજેલાં છે એવી ઉત્કટ ભાવનાથી પૂજા કરવા શ્રીરામકૃષ્ણ મૂર્તિ સમક્ષ બેસતા, ત્યારે બાહ્ય જગતની એમને તદ્દન વિસ્મૃતિ થઈ જતી.

## રાણીના જમાઈનો પગ ભાંગે તો ?

દક્ષિણેશ્વરમાં રાધાકાંતનું પણ મંદિર આવેલું. એક વાર શ્રાવણ વદ આઠમ એટલે કે જન્માષ્ટમીને પવિત્ર દિવસે શ્રી કૃષ્ણ ભગવાનનો જન્મોત્સવ વગેરે વિધિ સારી રીતે પૂરો થઈ ગયો હતો. બીજે દિવસે નવમીનો નંદોત્સવ હતો.

તે દિવસે બપોરે શ્રીરાધાગોવિંદની ખાસ પૂજાવિધિ થઈ રહ્યા પછી, એ મંદિરનો પૂજારી શ્રીરાધા અને શ્રીગોવિંદની મૂર્તિઓને પોઢાડવા બાજુના ખંડમાં જતો હતો. એવામાં તે અચાનક લપસી પડયો! એના હાથમાંથી શ્રીકૃષ્ણની મૂર્તિ પડી ગઈ અને મૂર્તિનો પગ ભાંગી ગયો! મૂર્તિ ખંડિત થઈ ગઈ!

આ જોઈને રાણી રાસમણિ બહુ દુઃખી થઈ ગયાં. મથુરબાબુએ પંડિતોને બોલાવી સલાહ લીધી.

પંડિતોએ નિર્ણય આપ્યો કે, એ મૂર્તિ ખંડિત થઈ ગઈ છે. એટલે ખંડિત મૂર્તિની પૂજા કરવી એ શાસ્ત્રવિરુદ્ધ છે. માટે રાણીએ એ મૂર્તિને ગંગાજીમાં પધરાવી દેવી અને એની જગ્યાએ બીજી નવી મૂર્તિની પ્રતિષ્ઠા કરવી.

એ નિર્ણયને માન આપીને રાસમણિએ નવી મૂર્તિ તૈયાર કરવાનો હુકમ તો કર્યો. પરંતુ જે મૂર્તિની એ પહેલેથી પૂજા કરતાં આવ્યાં હતાં એને ગંગાજીમાં પધરાવી દેવાનું એમને મન ન થયું.

રાણી રાસમણિના મનની આવી સ્થિતિ જોઈને મથુરબાબુએ થોડા વખતથી કાલીમંદિરના પૂજારી તરીકે રહેલા શ્રીરામકૃષ્ણનો અભિપ્રાય લેવા રાણીને સૂચવ્યું.

એટલે રાણી રાસમણિએ શ્રીરામકૃષ્ણને બધી વાત કરી અને સલાહ માગી.

વાત સાંભળીને શ્રીરામકૃષ્ણ ઈશ્વરીય ભાવની અવસ્થામાં આવી જઈ બોલી ઊઠ્યા :

'રાણીના જમાઈનો પગ ભાંગી જાય, તો એ તેને સ્થાને બીજો જમાઈ લાવે કે ? એ પોતાના જમાઈની સારવાર કરાવે કે નહિ ? તો પછી આ બાબતમાં પણ એવું શા માટે ન કરવું ? એટલે આ મૂર્તિની મરામત કરાવો અને પહેલાંની પેઠે એની જ પૂજા ચાલુ રાખો.'

શ્રીરામકૃષ્ણનો નિર્ણય ચમકાવે એવો હતો. પંડિતો પણ સાંભળીને વિચારમાં પડી ગયા. અંતઃકરણના ઊંડાણમાંથી સ્ફુરેલા નિર્ણયની બાબતમાં એ લોકો પાસે કશો ઉત્તર ન હતો. પંડિતો નિરુત્તર બન્યા.

રાણીના આનંદનો પાર ન રહ્યો. એ ખંડિત મૂર્તિની મરામત કરવાનું કામ પણ તેમણે શ્રીરામકૃષ્ણને જ સોંપ્યું. નાનપણથી મૂર્તિ બનાવવાનું કામ શ્રીરામકૃષ્ણ કરતા આવ્યા હતા. એટલે તેમણે એ ભાંગેલો પગ એવી કુશળતાથી સાંધી આપ્યો કે, ઝીણવટથી જોનારને પણ એ સાંધો નજરે ન પડે. આજે પણ એ મૂર્તિની પૂજા ચાલુ રહી છે.

## મા જગદંબાએ દર્શન આપ્યાં

થોડા વખત પછી શ્રીરામકૃષ્ણને માથે કૌટુંબિક આફત આવી પડી. પિતાના અવસાન પછી ઘરનો ઘણોખરો ભાર મોટાભાઈ રામકુમાર જ વહેતા હતા. શ્રીરામકૃષ્ણની સંભાળ પણ તે લેતા હતા. દક્ષિણેશ્વરમાં પણ રામકુમાર એમની બરોબર કાળજી લેતા અને એમની ઘણી અવ્યવહારુ રીતરસમો ચલાવી લેતા અને એમના આવા વર્તનને ગાંડપણમાં ખપાવી દુન્યવી લોકો એમની ઠઠ્ઠામશ્કરી ન કરે એની તકેદારી રાખતા હતા.

પરંતુ રામકુમાર ટૂંકી માંદગીમાં સપડાઈ પડ્યા અને થોડા વખતમાં એમનું દુઃખદ અવસાન થયું. માતા પણ ઘરના મોભ જેવા મોટા દીકરાને ગુમાવતાં ખૂબ દુઃખી થયાં.

વડીલબંધુના અચાનક અવસાનથી યુવાન વયના શ્રીરામકૃષ્ણનું મન ખૂબ વ્યથિત થઈ ગયું. જગતની અસારતાના વિચારોમાં મગ્ન રહેતું મન વધુ ચિંતનશીલ બન્યું. એમને પ્રતીતિ થઈ કે, ઈશ્વરના સાક્ષાત્કાર સિવાય દુઃખો અને અનિષ્ટોનો અંત આવી શકે નહિ. એટલે ઈશ્વરદર્શન માટે એમનો તલસાટ વધુ ઉત્કટ બન્યો.

શ્રીરામકૃષ્ણની આવી મનોદશામાં ભવતારિણી કાલીમાતાની પૂજા એમને માટે સાચા અર્થમાં 'ભવતારિણી' બની. કારણ કે શ્રીજગદંબાની એ મૂર્તિને શ્રીરામકૃષ્ણ જડ પાષાણરૂપે નહિ, પણ સાક્ષાત્ હાજરાહજૂર જગદંબા રૂપે જ જોતા.

શ્રીરામકૃષ્ણ રાતે દક્ષિણેશ્વરની નજીક પંચવટી નામે ઓળખાતા એકાંત સ્થળમાં સાધના કરવા એકલા જતા. આમ, તેમની તીવ્રતા વધતી જ ગઈ. આ દિવસોમાં શ્રીરામકૃષ્ણનાં ફોઈની દીકરીનો દીકરો હૃદયરામ એમની ખૂબ સંભાળ લેતો.

છેવટે શ્રીરામકૃષ્ણની ઝંખના ફળી. મા જગદંબાએ એમને દર્શન આપ્યાં. પછી તો શ્રીરાકૃષ્ણની ભાવાવસ્થા દિનપ્રતિદિન વધતી જ ગઈ.

## શ્રીરામકૃષ્ણનાં લગ્ન

આ બાજુ કામારપુકુરમાં માતા ચંદ્રાદેવીને એવા સમાચાર મળવા લાગ્યા કે, તેમનો વહાલો પુત્ર ગદાઈ પૂજા કરવાનું બાજુએ મૂકીને ગાંડા જેવો બની ગયો છે! સ્વાભાવિક રીતે જ સ્નેહાળ માતાને પોતાના દીકરા વિશે મનમાં ચિંતા પેઠી. એટલે તેમણે ગદાધરને કામારપુકુર આવવા લખ્યું. તેથી શ્રીરામકૃષ્ણ હૃદયરામ સાથે કામારપુકુર આવ્યા.

શ્રીરામકૃષ્ણની આવી ભાવમય સ્થિતિ જોઈને ચંદ્રામાને થયું કે, ગદાઈને પરણાવી દેવામાં આવે તો એનું મગજ ઠેકાણે આવે અને ભરણપોષણની જવાબદારી માથે પડતાં તે સ્થિર જીવન ગાળવા માંડશે. એટલે એ લોકોએ છાની રીતે કન્યાની શોધ કરવા માંડી. પણ ક્યાંય મેળ બેઠો નહિ!

આ વાતની કોણ જાણે કેમ શ્રીરામકૃષ્ણને ખબર પડી ગઈ. પરંતુ આવા સંસારી બંધનમાં જકડાવા પ્રત્યે અણગમો દાખવવાને બદલે બાળકના જેવા ઉમળકાથી અને સરળતાથી શ્રીરામકૃષ્ણ પોતાનાં માતુશ્રી અને ભાઈને કહેવા લાગ્યા :

'જયરામવાટીમાં રામચંદ્ર મુખરજીને ત્યાં જઈને જુઓને! લગ્નની કન્યા ત્યાં નક્કી કરેલી જ છે.'

આ સૂચન સાંભળીને માતાને ખૂબ નવાઈ લાગી! છતાં તેમણે જયરામવાટી તપાસ કરવા રામેશ્વરને મોકલ્યો. જઈને જોયું તો કન્યા બહુ નાની વયની હતી! હવે શું થાય?

પરંતુ વાતચીત કરતાં લગ્નનું ગોઠવાઈ ગયું. અને ઈ. સ. ૧૮૫૯ના મે માસમાં લગ્ન થઈ ગયાં. લગ્ન વખતે શ્રીરામકૃષ્ણની ઉંમર ચોવીસ વર્ષની હતી. અને શારદામણિદેવીની ઉંમર હતી છ વર્ષની!

શારદામણિદેવી આગળ જતાં 'શ્રીમાતાજી'ને નામે ઓળખાયાં.

## શ્રીરામકૃષ્ણ અને શ્રીશારદામણિમા

આગળ જતાં શ્રીરામકૃષ્ણ પરમહંસની સ્થિતિ પામ્યા હતા, એની વાતચીત કરીએ એ પહેલાં શ્રીરામકૃષ્ણ અને શ્રીશારદામણિદેવીના સહજીવનની કેટલીક પ્રેરક અને પાવનકારી વાતો જોઈએ.

એક વાર શ્રીરામકૃષ્ણ સૂતા હતા અને શારદામણિદેવી એમના પગ દાબતાં હતાં. પગ દાબતાં દાબતાં તેમણે શ્રીરામકૃષ્ણદેવને પૂછ્યું : 'આપ મારે વિશે શું ધારો છો ?'

શ્રીરામકૃષ્ણ સહજ ભાવે બોલ્યા :

'જે માતા સામે મંદિરમાં બિરાજે છે અને જેનું પૂજન થાય છે, તે જ માતાએ આ દેહને જન્મ આપ્યો છે; અને તે જ માતા આ પળે મારા પગ દાબી રહી છે. ખરેખર, હું તમને હંમેશાં કલ્યાણમયી શ્રીજગદંબાની જીવંત પ્રતિમારૂપે જોઉં છું.'

એ સાંભળીને શારદાદેવીના મનમાંથી એક મોટી શંકાનું નિવારણ થઈ ગયું. તેમની ખાતરી થઈ ગઈ કે, 'આ પુરુષ દેખાવ પૂરતો જ મનુષ્ય છે. એ સામાન્ય માનવી નથી, પણ કામગંધરહિત અસામાન્ય દેવતા છે.' એ સાથે જ શારદાદેવીમાં શ્રીરામકૃષ્ણ વિશેની સાંસારિક પતિભાવનાને સ્થાને ઇષ્ટદેવની ભાવના અને ગુરુની ભાવના પ્રતિષ્ઠિત થઈ.

એક વખતે શારદાદેવીના મનની સ્થિતિ જાણવા માટે શ્રીરામકૃષ્ણે તેમને એકાંતમાં પૂછ્યું : 'બોલો, તમે શું કહો છો ? તમારી ઇચ્છા સંસાર કરવાની અને મને તેમાં બાંધવાની-ખેંચવાની છે ? તો તમારો અધિકાર છે.'

શારદામાએ લગારે ખમચાયા વિના જવાબ આપ્યો :

'ના, હું તમને સંસારમાં ખેંચવા નથી આવી. હું તમારા ઇષ્ટપ્રાપ્તિના માર્ગમાં સહાય કરવા આવી છું. માત્ર, મને તમારી સેવાનો અધિકાર આપો એટલી મારી માગણી છે.'

એ સાંભળીને શ્રીરામકૃષ્ણ મનમાં પ્રસન્ન થયા. પાછળથી આ પ્રસંગનું સ્મરણ કરીને શારદામાનાં વખાણ કરતા પરમહંસ બોલ્યા હતા : 'એ જો એટલી ઉચ્ચ, પવિત્ર અને સંયમી ન હોત, તો સંયમનો બંધ તૂટી જઈને મારામાં દેહબુદ્ધિ ન આવત એ કોણે કહી શકે ?'

આમ તો શ્રીરામકૃષ્ણ વીતરાગ અવસ્થામાં હતા, છતાં શારદામાના જીવન-ઘડતરમાં પણ એટલું જ ધ્યાન આપતા હતા. એમના ઘડતરમાં વ્યવહારની ઝીણી

ઝીણી બાબતમાં કેવી શિખામણ આપતા એ જાણીને આપણને ભારે આશ્ચર્ય થાય છે. એ ઉપદેશ આપણને જીવનનો સામાન્ય વ્યવહાર ચલાવવામાં પ્રેરક થઈ પડે એવો છે.

એક બાજુથી ઠાકુરે માતાજીની સમક્ષ પોતાનો ત્યાગથી ઉન્નત બનેલો જીવન-આદર્શ ધર્યો અને ઉચ્ચ આધ્યાત્મિક જીવન જીવવા માટે કેવી રીતે ચારિત્ર્ય ઘડવું જોઈએ એ શીખવ્યું; તેમ જ બીજી બાજુ સર્વ પ્રકારના રોજિંદા ગૃહજીવનની કેળવણી આપવાની ખાસ કાળજી રાખી.

દેવ-પૂજા, બ્રાહ્મણો તથા અતિથિઓની સેવા, વડીલો પ્રત્યે આદરભાવ, નાનાંઓ પ્રત્યે સ્નેહ, કુટુંબીઓની સેવામાં આત્મસમર્પણ કરવા પણ તત્પર રહેવું વગેરે બાબતોની ઠાકુરે તાલીમ આપી.

જ્યારે, જ્યાં, જેની સાથે કેવું વર્તન રાખવું, તેની સ્થળ, કાળ અને પાત્ર અનુસાર વર્તવાની નીતિ પર આધાર રાખીને લોકવ્યહાર શીખવ્યો. પરિવારના દરેકની રુચિ, સ્વભાવ અને જરૂરિયાત પ્રમાણે તેમની સાથે લેવડદેવડ શીખવી.

હોડીમાં કે ગાડીમાં જતી વખતે પોતાની વસ્તુઓ બાબતમાં સાવચેતી રાખવી, દીવાની વાટ કેવી રીતે સંકોરવી, સળગેલી દીવાસળીની સળીને ખાલી બાકસમાં એકઠી કરવી જેથી એ ફરી વાર કશું સળગાવવા માટે ઉપયોગમાં આવે, કચરો કાઢી રહ્યા પછી સાવરણી જ્યાં ત્યાં ન ફેંકતાં તેને યોગ્ય સ્થાને મૂકવી, શાક-ફળ સમારી રહ્યા પછી છાલ-છોતરાં વગેરે ફેંકી ન દેતાં ગાયને નાખવાં, કંજૂસ તેમ જ ઉડાઉ એમાંથી એકેય ન બનતાં કરકસરપૂર્વક જ્યાં જેટલી વસ્તુની કે પૈસાની જરૂર હોય તેટલાનો જ ઉપયોગ કરવો, બહાર જતી વખતે ઘરને તાળું મારીને પાછું એ ચી જોઈને બરોબર દેવાયું છે કે નહિ એની ખાતરી કરવી, દેવદર્શને ખાલી હાથે ન જવું, સાધુબાવાઓનાં સ્થાનોમાં એકલા ન જવું.

છેલ્લે એક પ્રસંગ જોઈએ. એક દિવસે દક્ષિણેશ્વરમાં રાતને વખતે શ્રીરામકૃષ્ણનું ખાવાનું થાળીમાં મૂકીને શારદામા તેમના ઓરડામાં મૂકવા આવ્યાં.

શ્રીરામકૃષ્ણનું એ બાજુ ધ્યાન નહોતું. એટલે તેમણે જાણ્યું કે તેમની ભત્રીજી આવી હશે. તેથી ઠાકુર બોલ્યા : 'કમાડ વાસતી જજે.'

શારદામાએ કહ્યું 'સારું.'

શારદામાનો અવાજ કાને પડતાં જ શ્રીરામકૃષ્ણ સંકોચ પામીને બોલ્યા 'અરે, તમે છો ? મેં જાણ્યું કે લક્ષ્મી છે. તમે મનમાં કંઈ લાવશો મા, હો !'

અજાણ્યે 'વાસતી જજે' બોલાઈ જવાયું તેમાંય ઠાકુરને આટલો સંકોચ ! આવી હતી એમની પત્ની-સન્માનની ભાવના !

## શ્રીરામકૃષ્ણનો સાધનાકાળ

કામારપુકુરથી દક્ષિણેશ્વર આવ્યા પછી થોડા દિવસો બાદ ત્યાં ‘ ભૈરવી ’ બ્રાહ્મણી નામની એક સાધ્વી બાઈ આવી. શ્રીરામકૃષ્ણે એમની પાસેથી તંત્રશાસ્ત્રનું જ્ઞાન મેળવ્યું અને એ અંગેની સાધના પણ કરી.

થોડા વખત બાદ તોતાપુરીજી નામના સાધુ પાસેથી શ્રીરામકૃષ્ણે વેદાંતના જુદા જુદા સિદ્ધાંતોનો અભ્યાસ કર્યો.

એ જ રીતે ઇસ્લામ ધર્મ, ખ્રિસ્તી ધર્મ, બૌદ્ધ ધર્મ, જૈન ધર્મ વગેરેનો ઠાકુરે પ્રત્યક્ષ પરિચય કર્યો.

આ રીતે ઘણાં વર્ષોની સાધના પછી શ્રીરામકૃષ્ણ પરમહંસની સ્થિતિને પામ્યા અને એમની સુવાસ જેમ જેમ ફેલાતી ગઈ તેમ તેમ સાધકો, જિજ્ઞાસુઓ, ભક્તો, પંડિતો વગેરે એમનો સમાગમ કરવા આવવા લાગ્યા. પરમહંસ પણ બાળકના જેવી સરળતાથી સામાન્ય ઉદાહરણો આપીને અધ્યાત્મની ગહન વાતોને, ગાંધીજી કહેતા એમ, ‘સામાન્ય અભણ ખેડૂત કે કોશિયો પણ સમજી શકે’ એ રીતે નિરૂપવા લાગ્યા.

## ધર્મોનો વિતંડાવાદ

વિવિધ ધર્મોના પરિચય પછી શ્રીરામકૃષ્ણ પરમહંસને જે સત્ય લાધ્યું એ તેઓ પોતાના શિષ્યો આગળ આ રીતે સરળ ભાષામાં રજૂ કરતા :

‘ ઈશ્વરની ઉપાસનાના અનેક માર્ગો છે. નદીમાં ઊતરવા માટે જેમ અનેક ઓવારા હોય છે, તે જ રીતે આનંદના સાગર સમાન પરમાત્માની પાસે પહોંચવા માટે પણ અનેક ઓવારા છે. એમાંના કોઈ પણ એક ઓવારાથી ઊતરીને આપણે આરામથી એ સાગરમાં નાહી શકીએ છીએ

‘ શુદ્ધ ભક્તિથી પાળેલો કોઈ પણ ધર્મ આપણને પરમાત્મા પાસે પહોંચાડી શકે છે. દાદરથી અથવા વાંસની નિસરણીથી કે દોરડાની મદદથી પણ માળ પર ચડી શકાય છે. માર્ગો ભિન્ન ભિન્ન પ્રકારના હોવા છતાંયે આપણે ધારેલે મુકામે પહોંચીએ જ છીએ.

‘ અલગ અલગ જેટલા ધર્મો છે તે બધા પરમાત્મા પાસે પહોંચવાના માર્ગો જ છે. એથી સૌ પોતપોતાના ધર્મ પ્રમાણે ઈશ્વરની ઉપાસના કરે. ખ્રિસ્તીઓ ખ્રિસ્તી ધર્મની રીતે, મુસલમાનો ઇસ્લામની રીતે અને હિંદુઓ હિંદુ ધર્મશાસ્ત્રો પ્રમાણે ઈશ્વરની ઉપાસના કરે એમાં જ સૌનું ભલું છે. સાચા ભક્તો બીજા ધર્મ-વાળાઓનો કદી અનાદર કરતા નથી.

'બે છોકરાઓ કાચંડાના રંગની ચર્ચા કરવા લાગ્યા. એકે કહ્યું : "બરાબર જો તો ખરો, એ તો લાલ કાચંડો છે. તું આંધળાની જેમ બકે છે. એ પીળો ક્યાં છે?"

'બીજા છોકરાએ જવાબ આપ્યો : "જા જા, પાગલ! આંધળો તો તું છે. સાફ સાફ દેખાય છે કે એ એકદમ પીળો છે."

'ચર્ચા ઝઘડાનું રૂપ ધારણ કરવા લાગી. એટલામાં એક ડોશી આવી. તેણે ઝઘડાનું કારણ પૂછ્યું અને એ તેને કહેવામાં આવ્યું, ત્યારે તે ખૂબ હસી. ડોશીએ બંને છોકરાઓને સમજાવ્યું કે, એક જ કાચંડો અનેક રંગોવાળો દેખાય છે—કોઈ વાર લાલ, કોઈ વાર પીળો અને કોઈ વાર બીજા જ રંગનો. એના રંગનો નિર્ણય કરવા માટે લડવું એ ગાંડપણ છે.'

'એ જ રીતે ભક્તજનો પરમાત્માને જુદે જુદે રૂપે જુએ છે, ભગવાનનું સાચું સ્વરૂપ વિતંડાવાદીઓને કદી દેખાઈ શકતું નથી. અહંકાર અને દંભને વશ થઈને તેઓ વ્યર્થ ચર્ચાઓમાં વખત વિતાવે છે.'

'ચાર આંધળા ભિખારીઓ ભીખ માગવાને ગયા. રસ્તામાં એક હાથી ઊભો હતો. બધા આંધળાઓએ તેના પર હાથ ફેરવ્યો. મહાવત મશ્કરો હતો. તેણે આંધળાઓને પૂછ્યું, "કહો જોઈએ, હાથી કેવો છે?"

'પહેલો આંધળો, જે હાથીના પગ પર હાથ ફેરવતો હતો, તેણે કહ્યું, "આ જાનવર એક મોટા થાંભલા જેવું લાગે છે."

'હાથીની સૂંઢ પર હાથ ફેરવતા બીજા આંધળાએ કહ્યું, "અરે જા, એનો દેખાવ ઝાડની ડાળી જેવો હોવો જોઈએ."

'ત્રીજો કહે, "મને તો એ એક મોટા પીપ જેવો લાગે છે." તેણે હાથીના પેટ પર હાથ મૂક્યો હતો.

'હાથીના કાનને અડીને ચોથા આંધળાએ કહ્યું, "તમારા ત્રણેની વાત ખોટી છે! મને તો લાગે છે કે, હાથીનો દેખાવ સૂપડા જેવો છે."

'આપણે જો ભગવાનના સ્વરૂપની બાબતમાં વ્યર્થ ચર્ચા કરીએ અને લડવાને તૈયાર થઈ જઈએ, તો બિલકુલ આંધળા જ બની જઈએ છીએ!'

## તોતાપુરીજીનો ઉપદેશ

શ્રીરામકૃષ્ણના ગુરુ તોતાપુરીજી રમતારામ હતા. એમની સંપત્તિમાં માત્ર પિત્તળનો લોટો, ચીપિયો, મૃગચર્મ અને લોકલજ્જા માટે ઓઢવાની ચાદર એટલી જ વસ્તુઓ હતી. આટલી જ સામગ્રી લઈને તે બધે વિચરતા.

તોતાપુરીજી પોતાના જળપાત્ર પિત્તળના લોટાને દરરોજ ખૂબ માંજીને ચકચકિત રાખતા. એને સાફ કર્યા વિના તેમને ચેન ન પડે.

વળી તોતાપુરીજી દરરોજ નિયમિત રીતે ધ્યાનમાં બેસતા હતા.

આ જોઈને એક દિવસ શ્રીરામકૃષ્ણે તેમને કહ્યું : 'આપ તો બ્રહ્મજ્ઞાન પામી ચૂકેલા છો, તો પછી ધ્યાનમાં નિયમિત બેસવાની બાબતમાં આટલો બધો આગ્રહ શા માટે રાખો છો?'

પોતાના જળપાત્ર તરફ આંગળી ચીંધીને શાંતિથી તોતાપુરીજીએ ઉત્તર આપ્યો :

'જુઓ, આ કેવું ઝગારા મારે છે? હું એને દરરોજ સાફ ન કરું તો એ કાળું પડી ન જાય? માણસના મનનું પણ એવું જ છે. માણસ દરરોજ મનને ધ્યાનભજનથી શુદ્ધ ન રાખે, તો એ મલિન થઈ જાય. માટે માણસે નિયમિત ધ્યાનભજન કરવાની ટેવ રાખવી જોઈએ.'

તોતાપુરીજીનો આ ઉપદેશ ખ્યાલમાં રાખીને ઠાકુર પણ પોતાના શિષ્યોને નિયમિત ધ્યાનભજન કરવા માટે ઘણી વાર ઉપદેશ આપીને કહેતા :

'જીવનસાધનામાં ચિત્તશુદ્ધિ એ મહત્ત્વની બાબત છે. એનો ઉપાય છે ધ્યાનભજન.'

## રાણીને પણ જાગ્રત કરી

શ્રીરામકૃષ્ણ પરમહંસ દક્ષિણેશ્વરમાં હતા, ત્યારની આ વાત છે. એક દિવસ રાણી રાસમણિ ગંગાસ્નાન કરીને દક્ષિણેશ્વરના મંદિરમાં આવ્યાં અને ઠાકુરને કંઈક ભજન ગાવાનું કહ્યું. રાણી આવી રીતે કોઈ કોઈ વાર ભજન સાંભળવા બેસતાં હતાં.

શ્રીરામકૃષ્ણના મધુર અને ભક્તિભાવભર્યા કંઠે ભજન શરૂ થતાં મંદિરમાં એક પ્રકારનું દિવ્ય વાતાવરણ ખડું થઈ ગયું.

થોડીવાર પછી ગાતાં ગાતાં ઠાકુરે જોયું કે, રાણીનું ધ્યાન ભજનમાં ન હતું! એટલે ઠાકુરે 'અહીં પણ એ જ ચિંતા કે?' એમ કહીને રાણીને એક લપડાક મારી દીધી!

આ જોઈને મંદિરના બધા કર્મચારીઓ ખળભળી ઊઠયા તેમને થયું, 'મંદિરના સર્વ કર્તાહર્તા જેવાં રાણીસાહેબનું આવું તે અપમાન થાય? આ શો ગજબ! ઠાકુરનું આવી બન્યું!'

રાણી પણ ભોંઠાં પડી ગયાં. પણ તેમને તરત જ પ્રતીતિ થઈ ગઈ કે, ઠાકુરની ટકોર ખોટી નહોતી. કારણ કે ભજન ચાલતું હતું, ત્યારે રાણીના મનમાં પોતાના એક અગત્યના મુકદ્દમાના વિચારો ચાલી રહ્યા હતા. ભજનમાં તેમનું જરાયે ધ્યાન ચોંટેલું નહોતું. રાણીને નવાઈ લાગી કે, શ્રીરામકૃષ્ણને આ વાતની શી રીતે ખબર પડી ગઈ?

રાણીએ બધા કર્મચારીઓને તાકીદ આપી કે, ઠાકુરને આ બાબત અંગે કશી કનડગત કરવી નહિ. પછી તે શાંતિથી ત્યાંથી ચાલ્યાં ગયાં.

## રૂપિયા માટી, માટી રૂપિયા

સાધનાકાળના સમયમાં શ્રીરામકૃષ્ણે દ્રવ્ય પરની આસક્તિ દૂર કરવાની સાધના પણ કરી હતી. ઠાકુર ગંગાતટે બેસતા અને એક હાથમાં માટી અને બીજા હાથમાં થોડા રૂપિયા રાખતા. પછી એ બંને વસ્તુઓની સામસામી અદલાબદલી કરી મનમાં એની સરખામણી કરતા બોલતા :

'પૈસાથી બહુ બહુ તો જીવનમાં થોડો એશઆરામ મળે અને ક્વચિત્ દાન કરવાની સગવડ રહે. પરંતુ એ કંઈ ઈશ્વરદર્શન કરાવી શકે નહિ. જીવનમાં પ્રાપ્ત કરવા જેવી વસ્તુ ઈશ્વરદર્શન છે. એટલે પૈસાની કિંમત માટીથી લેશમાત્ર વિશેષ નથી.'

આ વિચાર પોતાના મન પર ખૂબ ઠસાવીને ઠાકુર 'રૂપિયો માટી, માટી રૂપિયો!' એમ વારંવાર બોલતા અને રૂપિયા તથા માટીને ગંગામાં ફેંકી દેતા.

એક વખતની વાત છે. દક્ષિણેશ્વરમાં શ્રીરાધાકાંતના મંદિરની દેવમૂર્તિઓના કેટલાક કીમતી અલંકારો ચોરાઈ ગયા.

આ વાતની મથુરબાબુને જાણ થઈ. તે દોડતા દોડતા મંદિરે આવ્યા. આવા ભારે અમૂલ્ય અલંકારો ચોરાઈ ગયા એનું દુઃખ એમને ખૂબ હતું. તે દેવમૂર્તિઓ ભણી જોઈને વ્યથિત બની બોલી ઊઠયા : 'અરે પ્રભુ! તમારા પોતાના અલંકારોનું પણ ચોરથી રક્ષણ કરવાની તમારામાં શક્તિ નથી!'

એ વખતે શ્રીરામકૃષ્ણ ત્યાં આવી પહોંચ્યા. મથુરબાબુના આ શબ્દો સાંભળીને શ્રીરામકૃષ્ણે તરત જ ટકોર કરતાં કહ્યું :

'તમે કેવી બેહૂદી વાત કરો છો! ધનની અધિષ્ઠાત્રી લક્ષ્મીજી પણ જેમની દાસી છે તે પ્રભુને તમે જેને કીમતી ઝવેરાત કહો છો તેવાં માટીનાં ઢેફાંઓની થોડી જ પડી હોય? તમારે મન એ બધું ભલે કીમતી હોય, એમને મન નહિ.'

એ સાંભળીને મથુરબાબુનો સંશય તરત જ દૂર થઈ ગયો. દુન્યવી વૈભવની પ્રભુના વિપુલ વૈભવ આગળ કશી ગણના નથી, એનો તેમને ખ્યાલ આવ્યો.

આગળ જતાં શ્રીરામકૃષ્ણની એવી સ્થિતિ થઈ કે, તેઓ કાંચન કે પૈસાનો સ્પર્શ પણ જીરવી શકતા નહિ. આ બાબતમાં ભારે કસોટી તો એમના પરમ શિષ્ય નરેન્દ્ર—સ્વામી વિવેકાનંદે એક વાર આબાદ કરી હતી!

ઠાકુર પોતાના શિષ્યોને ઘણીવાર કહેતા :

'પૈસાની લેવડદેવડ કરનારાઓ જે રીતે સિક્કાની કસોટી કરે, એ રીતે મારી કસોટી કરજો. મારી પૂરેપૂરી કસોટી કર્યા વિના તમારે મારો સ્વીકાર કદી કરવો નહિ.'

નરેન્દ્રને એક દિવસ ગુરુની કસોટી કરવાનું મન થયું. નરેદ્રે જાણ્યું હતું કે, ઠાકુર પૈસાનો કે કાંચનનો સ્પર્શ પણ જીરવી શકતા નથી. એટલે એમને થયું, 'લાવ, જોઉં તો ખરો, આ વાત સાચી છે?'

એક દિવસ ઠાકુર કલકત્તા ગયા હતા. એ દરમિયાન નરેન્દ્ર એકલા દક્ષિણેશ્વર આવી પહોંચ્યા. ઠાકુરના ઓરડામાં કોઇ નહોતું, એટલે નરેન્દ્રે ઠાકુરના કાંચન–ત્યાગની કસોટી કરવા માટે એમની પથારી નીચે એક રૂપિયો સંતાડી દીધો!

થોડા જ વખતમાં શ્રીરામકૃષ્ણ પાછા ફર્યા અને પોતાની પથારી ઉપર બેઠા. પથારીને સહેજ સ્પર્શ થતાં જ વીંછીના ડંખ જેવી વેદના થઈ આવતાં ઠાકુર સફાળા એકદમ ઊભા થઈ ગયા!

નરેન્દ્ર દૂર બેસીને આ બધું જોયા કરતા હતા.

એક સેવકે પથારીની તપાસ કરી. તેણે ઓછાડ ખસેડયો કે તરત જ રૂપિયો ખણણણ કરતો ભોંય ઉપર પડયો

આ જોઈને કશું બોલ્યા વગર નરેન્દ્ર ઓરડામાંથી બહાર નીકળી ગયા. એમના મનનું સમાધાન થઈ ગયું. આ વાત સ્વામી વિવેકાનંદે પોતે જ પાછળથી સૌને કહી હતી.

## ભક્તો અને શિષ્યમંડળ

શ્રીરામકૃષ્ણ પરમહંસના સાધનાપૂત આત્માની સુવાસ જેમ જેમ આસપાસ ફેલાતી ગઈ, તેમ તેમ તમામ વર્ગોના લોકોને એમના પ્રતિ આકર્ષણ થવા લાગ્યું. એમાં મોટમોટા પંડિતો, વિદ્વાનો, દાક્તરો, વકીલો, પ્રોફેસરો, શિક્ષકો, સાહિત્યકારો, ભક્તો, જિજ્ઞાસુઓ અને અનેક આશાભર્યાં યુવાનોનો સમાવેશ થાય છે.

બ્રાહ્મ સમાજના પ્રખ્યાત અગ્રણી શ્રી કેશવચંદ્ર સેન, નાગ મહાશય, સુરેન્દ્રનાથ મિત્ર, રામચંદ્રદત્ત વગેરે ઘણા મહાનુભાવો પરમહંસના ઉપદેશથી આકર્ષાયા હતા.

સૌ ભણેલાગણેલા લોકો પોતાના મગજમાં જુદાં જુદાં થોકબંધ થોથાંઓ વાંચીને એવા તો ગૂંચવાડામાં અટવાઈ પડયા હતા કે, શું સાચું અને શું ખોટું એનો વિવેક કરવામાં તેઓની મતિ મૂંઝાઈ ગઈ હતી! એ સૌ પરમહંસનો ઉપદેશ સાંભળીને શાંતિ અને સમાધાન પામવા લાગ્યા.

ખરેખર, પરમહંસનો ઉપદેશ ઉપનિષદોની કોટીમાં આવી શકે એવો છે. પ્રાચીન કાળના ઋષિમુનિઓ જેવા જ આ તપસ્વી મહાત્મા આપણા યુગમાં પેદા થયા. એમણે પોતે કોઈ પુસ્તક નથી લખ્યું કે ભાષણો નથી આપ્યાં. શુદ્ધ સંન્યાસીજીવન ગાળીને તેઓ દુનિયામાંથી વિદાય થયા.

ભણેલાગણેલા લોકોને સુંદરમાં સુંદર લેખ લખવામાં કશી મુશ્કેલી નથી નડતી, પણ એવાં લખાણો ઘણુંખરું પ્રતિભારહિત હોય છે. પરમહંસે જે રીતે પોતાનામાં પરમાત્માનો અનુભવ કર્યો, એ જ રીતે વસ્તુમાત્રમાં પણ પરમાત્માનો તેમણે સાક્ષાત્કાર કર્યો. તેઓ ઘણા મોટા જ્ઞાની હતા. આવા જ્ઞાનીઓ દુનિયામાં કોક કોક વાર જ જન્મે છે.

એટલે જ સરળ મનના પરમહંસ મોટમોટા વિદ્વાનો, પંડિતો અને વિચારકોને બાળક જેવું હાસ્ય ફરકાવતા, એ સૌ થોથાંપંડિતોને કહેતા :

'પીવા માટે આપણે તળાવમાંથી ઘડામાં પાણી ભરીએ છીએ. પાણીને વધારે હલાવ્યા વિના ધીરેથી ભરી લઈએ, તો ઘડામાં સ્વચ્છ પાણી આવશે; બહુ હલાવી એકે સપાટે પાણી ભરીએ, તો કાદવવાળું પાણી આવશે. ભિન્ન ભિન્ન પ્રકારના ગ્રંથો વાંચીને, વિવિધ પ્રકારની વાતો સાંભળીને આપણે આપણી બુદ્ધિને કલુષિત અને શંકાશીલ ન કરવી જોઈએ. મન પવિત્ર રાખીને અવિચળ ભક્તિ, ધ્યાન તથા ઉપાસના ધીરે ધીરે પણ કરતા જઈએ, તો આપણે યોગ્ય માર્ગ પર ચાલી શકીએ. તળાવની પેઠે આપણી બુદ્ધિ પણ વધારે પડતી ન ચલાવવાથી જ સ્વચ્છ રહે છે, નહિ તો, બુદ્ધિને ડહોળી નાખીશું તો, કીચડ જેવી જ થઈ જાય છે.

'ગામમાંથી કોઈ શહેરમાં આવે છે. શહેરમાં પહોંચીને પોતાનો સરસામાન કોઈક સુરક્ષિત જગ્યાએ મૂકીને તે ફરવા નીકળે છે. આખો દિવસ ફરી ફરીને રાતે નિયત સ્થળે પહોંચી જાય છે અને નિશ્ચિંત બનીને સૂઈ જાય છે. શરૂઆતમાં જ જો તેણે આરામની જગ્યા ખોળી લીધી ન હોત, તો રાતે થાકયાપાકયા પાછા ફર્યા પછી તેને ઘણી જ તકલીફ પડત. સંસારના કલેશોથી થાકેલા મનનો આશરો પરમાત્મા છે. એ સ્થાન પોતાને માટે ખોળી રાખો, નહિ તો લટકતા રહેશો. સંસારના સુખભોગનો સમય પૂરો થતાં અંધકાર છવાઈ જશે. એ વખતે તમારે આશ્રયસ્થાનની જરૂર પડશે.

'ઈશ્વરનો સાક્ષાત્કાર કરવા ઇચ્છતા હો તો ભક્તિ અને આતુરતા રાખો. જીવાત્મા અને પરમાત્માનાં તત્ત્વોની ચર્ચામાત્રથી ભગવાનને નહિ જોઈ શકો. બાળક લાંબા વખતથી વિખૂટી પડેલી માતાની ગોદમાં જવાને માટે જેટલી આતુરતાથી ઝંખે છે તેટલી જ આતુરતાથી ભગવાનને મેળવવાની ઇચ્છા સેવતા રહો.'

## નરેન્દ્રમાંથી વિવેકાનંદ

નવલોહિયા યુવાનોના જીવનમાં પણ ઈશ્વર વિશે જાતજાતના તર્કવિતર્ક ઊઠતા હોય છે. તેઓ બધા વિજ્ઞાનનું ઓઠું લઈને દલીલો કરે છે કે, 'જો ઈશ્વર હોય તો તે દેખાતો કેમ નથી ? અમે તો વિજ્ઞાનના જમાનામાં જીવીએ છીએ.

ઈશ્વર હોય તો કોઈને દેખાવો તો જોઈએ ને? જો મોટમોટા તપસ્વીઓ, વિદ્વાનો, જ્ઞાનીઓને એ ન દેખાતો હોય, તો પછી જે 'નથી' એને 'છે' માનીને ચાલવું એ ખોટી ઘેલછા જ છે.'

એટલે જ તરવરતો જુવાન નરેન્દ્ર જે જે મહાનુભાવોને મળતો, ત્યારે સવાલ પૂછતો: 'મહાશય, આપે ઈશ્વરને જોયો છે?' પરંતુ એમના મનનું સમાધાન થાય એવો જવાબ કોઈએ આપ્યો નહોતો. નરેન્દ્રે શ્રીરામકૃષ્ણ પરમહંસને પણ પ્રથમ મુલાકાતે પૂછ્યું:

'મહાશય, આપે ઇશ્વિરને જોયો છે?'

બાળકના જેવું મુક્ત હાસ્ય ફરકાવતા શ્રીરામકૃષ્ણ પરમહંસ બોલ્યા:

'હા, જોયો છે. તમને સૌને જોઉં છું, તમારી સૌની સાથે જેમ વાતચીત કરું છું, એ રીતે ઇશ્વિરને જોઈ શકાય અને વાત કરી શકાય. પરંતુ એ પ્રમાણે કરવા કોણ માગે છે? માણસો સ્ત્રી, છોકરાં અને પૈસાને માટે ખોબો ખોબો ભરીને આંસુ સારે છે. પરંતુ ઈશ્વર મળ્યો નહિ માટે એ પ્રમાણે કોણ કરે છે? ઈશ્વરપ્રાપ્તિ નથી થઈ એ સારુ વ્યાકુળ બનીને જો કોઈ તેને પોકારે તો ઈશ્વર જરૂર તેને દર્શન આપે જ આપે.'

સાચા અંતરના આ શબ્દો હતા. તેથી નરેન્દ્રને એમાં શ્રદ્ધા બેસી ગઈ. નરેનને પોતાના પ્રશ્નનો પહેલવહેલી વાર સાચો અને સચ્ચાઈના રણકાવાળો જવાબ મળ્યો. નરેનને થયું, 'જે સાચા ગુરુની શોધમાં હું બધે ભટકતો હતો તે આજે મને મળી ગયા.' એ પારસમણિના સ્પર્શે જ નરેનમાંથી સ્વામી વિવેકાનંદ થયા.

## માનવસેવા એ પ્રભુસેવા

નરેન ઉપરાંત લાટુ, શશીભૂષણ, કાલિપ્રસાદ, તારક, રાખાલ વગેરે અનેક યુવાનો તેમના પ્રત્યે અનન્ય ગુરુભાવ રાખતા થયા અને આગળ જતાં સૌ શિષ્યોએ સંન્યાસ લઈને 'શ્રીરામકૃષ્ણ મિશન'નું સેવામય, સાધનામય અને લોકોપયોગી કાર્ય હાથ ધર્યું હતું.

આ સેવામાર્ગનો આદેશ શ્રીરામકૃષ્ણ પરમહંસે જ એમના વહાલા શિષ્ય નરેનને આપ્યો હતો. એ પુણ્ય પ્રસંગે આપણને પણ પ્રેરણા આપે એવો છે. એક દિવસે નરેન ખૂબ જ અધીરા બની જઈને ઠાકુરને વિનંતિ કરવા લાગ્યા.:

'ઠાકુર, મને નિર્વિકલ્પ સમાધિ આપો.'

ઠાકુર એ સાંભળીને બોલી ઊઠયા:

'ધિક્ છે, શરમ છે તને! તું પોતે જ એક મહાપાત્ર છે. તને આમ બોલવું છાજે ખરું? મેં તો ધાર્યું હતું કે તું એક મહા વટવૃક્ષ જેવો હોવાથી સંસારથી કંટાળેલા અસંખ્ય જીવોને આશ્રય આપવા ઇચ્છીશ. પરંતુ એને બદલે તું તો તારા જ સુખમાં—સમાધિમાં પડી રહેવા માગે છે! દીકરા, ભૂલેચૂકે પણ હવે કોઈ વાર આવી ઇચ્છા કરીશ નહિ પરમાત્મા-દર્શન કરીને એક વાર કૃતકૃત્ય અવશ્ય થા. પરંતુ તે પછીને માટે આવા સ્વાર્થી—એકમાર્ગી આદર્શથી તું કેવી રીતે સંતુષ્ટ થવાનો છે?

'હજુ તારે માનવજાતની સેવા કરવાની છે. માનવજાતની સેવા એ તારું મિશન હજો. એ તારું ધ્યેય હજો. કારણ કે માનવસેવા એ પ્રભુસેવા છે.'

એ બધા યુવાન શિષ્યોમાં નરેન આગળ જતાં સ્વામી વિવેકાનંદ તરીકે જગ-વિખ્યાત બન્યા.

શ્રીરામકૃષ્ણના જીવનપ્રેરક ઉપદેશોને એમના એક પરમ ભક્ત શિષ્ય શ્રી મહેન્દ્રનાથ ગુપ્ત 'એમ.' – 'M'ને નામે જાણીતા થયા છે, તેમણે 'શ્રીરામકૃષ્ણ કથામૃત' નામે ગ્રંથસ્થ કર્યાં છે. એમાં આ ભક્તિશીલ વિદ્વાન ભક્તે સૌ ભક્તમંડળ સાથે થયેલા વાર્તાલાપો ઉતારેલા છે.

શ્રીરામકૃષ્ણની ભક્તમંડળીમાં અનેક સ્ત્રી-ભક્તોનો પણ સમાવેશ થાય છે. શારદામણિમા પણ એમનાં શિષ્યા જેવાં જ બની ગયાં હતાં.

## દક્ષિણેશ્વરથી વિદાય

શ્રીરામકૃષ્ણ પરમહંસનું ભક્તવૃંદ આમ વધ્યે જતું હતું. યાત્રાળુઓ, ભક્તો, પંડિતો, ધાર્મિક તથા જાતજાતના અને ભાતભાતના જિજ્ઞાસુઓ આસપાસના પ્રદેશોમાંથી ત્યાં આવવા લાગ્યા. દક્ષિણેશ્વરના આ પરમહંસ પાસે હરહંમેશ ભીડ રહેતી. ઠાકુર પોતાની મીઠીમધુરી ગામડિયા બોલીમાં ઉપદેશ આપતાં થાકતા નહિ. આમ, ગંગામૈયાના પાવનકારી તીરે અધ્યાત્મમાર્ગની પુનિત જ્ઞાનગંગા વહી રહી હતી.

ઈ સ ૧૮૮૫નું વર્ષ. એ વરસે ગ્રીષ્મઋતુમાં અસહ્ય ગરમી પડી. ઠાકુરને ઉકળાટમાં જરા આરામ લાગે એ માટે શિષ્યો ખૂબ બરફ લાવતા. ઠાકુર પણ નાના બાળકની પેઠે બરફ ખાઈને બહુ આનંદિત થતા.

પરંતુ વધારે પડતા બરફના સેવનથી ઠાકુરને ગળામાં પીડા થવા લાગી શરૂમાં તો કોઈએ એ દર્દને ગંભીર ગણ્યું નહિ. પરંતુ એકાદ માસ વીતી ગયો છતાં દર્દ મટ્યું નહિ. એટલે શિષ્યો ચિંતામાં પડી ગયા. ગળાના નિષ્ણાત દાક્તર બોલાવી લાવ્યા. દાક્તરે વધારે બોલવાની મનાઈ કરી. પણ ઠાકુર આ વાત શાના માને? તેઓ તો દીનદુઃખી, સંસારથી ત્રાસેલા, હારેલા, થાકેલા, મૂંઝાતા લોકોને આશ્વાસન મળે એ માટે ઉપદેશ આપતા જ રહ્યા.

આમ ને આમ ત્રણ માસ વીતી ગયા. દર્દ હઠીલું બનતું ગયું. એમના ગળાના વ્યાધિએ હવે કૅન્સરનું રૂપ પકડ્યું હતું ! એટલે સૌ શિષ્યોએ ઠાકુરને કલકત્તા લઈ જવાનું ગોઠવ્યું. દક્ષિણેશ્વરની એ ભૂમિ પર પોતાનાં કાયમી સંસ્મરણો મૂકીને શ્રીરામકૃષ્ણ પરમહંસ સને ૧૮૮૫ના ઑક્ટોબર માસના આરંભમાં ઉપચારાર્થે કલકત્તા જવા તૈયાર થયા.

## મહાસમાધિ

કલકત્તામાં ઠાકુરને એક અઠવાડિયું બલરામ બોઝને ત્યાં રાખવામાં આવ્યા. પછી શ્યામપુકુરમાં એક સારું મકાન ભાડે રાખ્યું અને તેમને સૌથી પ્રખ્યાત હોમિયોપથી ડૉક્ટર મહેન્દ્રલાલ સરકારની સારવાર નીચે મૂકવામાં આવ્યા.

મા શારદામણિદેવી પણ પતિની એકનિષ્ઠાથી સેવા કરવા મંડી પડ્યાં. નરેન વગેરે શિષ્યો પણ બધું છોડીને ગુરુદેવની સેવાચાકરીમાં લાગી ગયા. પરંતુ ગુરુદેવે તો ચિરવિદાય લેવાની જ તૈયારી કરવા માંડી હતી.

આખરે ઠાકુરને વધારે સગવડ અને શાંતિ મળે એ માટે કાશીપુરના ઉદ્યાનમાં લઈ જવામાં આવ્યા.

ડિસેંબર માસ ચાલતો હતો. એક દિવસ સાંજે ઠાકુરે મહેન્દ્રને કહ્યું : ' મારું ઉપદેશકાર્ય લગભગ પૂરું થયું છે. હવે હું વધુ વખત લોકોને ઉપદેશ આપી શકું એમ નથી. આખા જગતને હું ઈશ્વરરૂપે જ જોઉં છું, એટલે ઘણીવાર મને થાય છે કે ઉપદેશ કોને આપવો ? '

ઠાકુરનો વ્યાધિ ધીમે ધીમે વધી રહ્યો હતો. ઈ. સ. ૧૮૮૬ના ઑગસ્ટ માસનું બીજું અઠવાડિયું બેઠું. મહાસમાધિને ત્રણચાર દિવસ બાકી રહ્યા હશે, ત્યારે શ્રીરામકૃષ્ણ પરમહંસે નરેનને પાસે બોલાવ્યો.

તેના તરફ સ્થિર દૃષ્ટિ કરીને ઠાકુર ઊંડી સમાધિમાં ઊતરી ગયા. નરેનને લાગ્યું કે, વીજળીના જેવો કોઈ સૂક્ષ્મ પ્રવાહ પોતાના શરીરમાં પ્રવેશી રહ્યો છે !

પછી શ્રીરામકૃષ્ણદેવે કહ્યું : 'નરેન ! આજે મેં મારું સર્વસ્વ તને આપી દીધું છે હું સાવ અકિંચન બની ગયો છું. આજે મેં તને જે આપ્યું છે તેનાથી તું જગતમાં મહાન કાર્યો કરી શકીશ.'

આમ, ગુરુ શિષ્યમાં સમાઈ ગયા. નરેન ધન્ય ધન્ય થઈ ગયો.

સને ૧૮૮૬ની ૧૫ની ઑગસ્ટનો દિવસ ઊગ્યો. શ્રીરામકૃષ્ણદેવની પીડાનો પાર નહોતો ! ડૉક્ટરે હાથ ખંખેર્યા. સાંજ ઢળતી હતી. ઠાકુર એકાએક સમાધિસ્થ થઈ ગયા. મધ્યરાત્રિ પછી તેઓ ભાનમાં આવ્યા.

ઠાકુરે કશી અડચણ વગર રાબ પીધી. પછી ત્રણવાર 'કાલી ! કાલી ! કાલી !' એમ સ્પષ્ટ ઉચ્ચાર કરીને પથારીમાં સૂતા.

અને પછી રાતે એક ઉપર બે મિનિટે ઠાકુરના દેહમાંથી એક કંપારી પસાર થઈ ગઈ. આંખો નાકના ટેરવા પર ઠરી રહી. મુખ પર દિવ્ય સ્મિત રમી રહ્યું. અને શ્રીરામકૃષ્ણ પરમહંસ મહાસમાધિમાં લીન થઈ ગયા.

આમ, સને ૧૮૮૬ની ૧૬મી ઑગસ્ટ, સોમવારે વહેલી પરોઢે શ્રીરામકૃષ્ણદેવના જીવન પર આખરી પડદો પડી ગયો.

સરિતા સાગરમાં સમાઈ ગઈ.

ઓગણીસમી સદીની એક મહાન આધ્યાત્મિક વિભૂતિએ પોતાની જીવનલીલા સંકેલી લીધી.

ઠાકુરના પોતાના શ્રદ્ધાપૂર્ણ શબ્દોમાં કહીએ તો, તેઓ 'એક ઓરડામાંથી બીજા ઓરડામાં' ચાલ્યા ગયા.

સાંજે પાંચ વાગ્યે કાશીપુરની સ્મશાનભૂમિમાં શ્રીરામકૃષ્ણના દેહને શિષ્યો લઈ ગયા. ભજન ચાલુ હતાં. સૌનાં નેત્રો આંસુભર્યાં હતાં. બે કલાકમાં શ્રીરામકૃષ્ણ પરમહંસનો ભૌતિક દેહ અગ્નિમાં ભળી ગયો.

શિષ્યોએ 'જય રામકૃષ્ણ'ના બુલંદ અવાજે આકાશને ગજાવી મૂક્યું.

આ અવસરે શ્રીરામકૃષ્ણ પરમહંસના મહાન પ્રિય શિષ્ય સ્વામી વિવેકાનંદે આગળ જતાં ભાવનીતરતી વાણીમાં ગુરુદેવને જે ભવ્ય અંજલિ આપી હતી એના શબ્દો કાનમાં ગૂંજી ઊઠે છે :

'મન, વચન કે કર્મથી જો હું કંઈ સિદ્ધ કરી શક્યો હોઉં કે આ જગતમાં કોઈને પણ સહાયરૂપ થઈ પડે એવો એક શબ્દ પણ મારા મુખમાંથી બહાર પડ્યો હોય, તો એ બધા માટે હું કશો દાવો કરતો નથી; એ બધાનો યશ શ્રીરામકૃષ્ણદેવને છે. પરંતુ જો મારા મુખમાંથી કોઈ કટુ વાણી બહાર પડી હોય, જો મારામાં કોઈ દ્વેષવૃત્તિનું દર્શન થયું હોય, તો એ બધું મારું પોતાનું છે, એમનું નહિ. મારામાં જે ક્ષતિ હોય તે મારી છે; અને જે કંઈ પ્રાણપદ, શુદ્ધ અને પવિત્ર હોય તેની પાછળ શ્રીરામકૃષ્ણદેવની પ્રેરણા, શ્રીરામકૃષ્ણદેવની વાણી અને શ્રીરામકૃષ્ણદેવનું વ્યક્તિત્વ રહેલાં છે. મિત્રો ! એ પુરુષને જગતે હજી હવે ઓળખવાના છે.'

કોટિ કોટિ વંદન હો શ્રીરામકૃષ્ણ પરમહંસના અમર આત્માને !